# જૈનધર્મનો સરલ પરિચય



લેખકઃ પૂ. પં. ભાનુવિજયજી ગણિવર્ય.

# જૈનધર્મનો સરળ પરિચય

(ભાગ-૧)

લેખક :
સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર
પૂ. પંન્યાસ શ્રી ભાનુવિજયજી ગણિવર

પ્રકાશક :
ચતુરદાસ ચીમનલાલ
મંત્રી
દિગ્દર્શન સાહિત્ય સમિતિ
કાળુશીની પોળ, અમદાવાદ-૧

પ્રથમ આવૃત્તિ
વિ. સં. ૨૦૧૮
નકલ ૨૦૦૦

દ્વિતીય આવૃત્તિ
વિ. સં. ૨૦૨૩
નકલ ૨૦૦૦

કિંમત રૂા. ૧-૫૦

**પ્રાપ્તિસ્થાન :-**

(૧) પ્રકાશ ટી. ડીપો
કાળુપુર પોસ્ટ ઓફિસ સામે,
કાળુપુર, **અમદાવાદ-૧**

(૨) ચતુરદાસ ચીમનલાલ
કાળુશીની પોળ, અમદાવાદ

(૩) બાબુલાલ પુનમચંદ
પટેલ બિલ્ડીંગ,
ઊંઝા ફાર્મસી સામે.
**ઊંઝા** (ઉ. ગુ.)

(૪) જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા
૩૫૫, કાલબાદેવી,
મુંબઈ-૨

: મુદ્રકો :
**પેજ ૧ થી ૧૨૦**
નયન પ્રિન્ટિંગ પ્રેસ,
ગાંધીરોડ, અમદાવાદ-૧.
**પેજ ૧૨૧ થી સંપૂર્ણ**
મંગલ મુદ્રણાલય,
રતનપોળ, અમદાવાદ-૧

# પ્રકાશકીય-નિવેદન

જીવનમાં સ્વચ્છ અને સ્વસ્થ બુદ્ધિ તથા આધ્યાત્મિક પ્રવૃત્તિ ઉપર સ્વપરના કલ્યાણનો અને જીવનની સફળતાનો આધાર છે. મહાન પુણ્યોદયે જૈનકુળમાં જન્મ પામ્યા છતાં હાઇસ્કૂલ-કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓને માટે ભાગે મહા-પવિત્ર ધાર્મિક આધ્યાત્મિક શિક્ષણ ન મળવાને લીધે આજે પીરસાતા ભૌતિકવાદી જ્ઞાન, વિજ્ઞાન અને કેળવણી બુદ્ધિને તૃષ્ણા-અહંત્વ-અસંતોષ-વિષયવિલાસ અને તામસ ભાવોથી રંગાયેલા રાખે છે. પછી એમ વિકૃત બનેલા માનસથી પ્રવૃત્તિ કેઈ પાપભરી રહ્યા કરે એમાં નવાઈ નથી. ધર્મી માતા-પિતાને આ દૃશ્ય જોઈ ભારે ક્ષોભ અને કરુણા ઉપજે છે એ જાણવા સાંભળવા મળે છે. નવી પ્રજાને માટે કોઇ વ્યવસ્થિત યોજના વિના એમાંથી નીપજનાર ભાવી જૈનસંઘ કેવો બને એની કલ્પના પણ હૃદયને ક્ષુબ્ધ કરી દે છે. એવા જડ વિજ્ઞાન ભૌતિક વાતાવરણ અને વિલાસી જીવનની વિષમયતાના નિવા-રણાર્થે તત્ત્વજ્ઞાન અને સન્માર્ગ-સેવનની જરૂર છે. આમાં તત્ત્વજ્ઞાન પણ અંતરાત્મામાં પરિણમન પામે એવું તત્ત્વ-પરિણતિરૂપ પ્રાપ્ત કરવું એ કોઈપણ મોક્ષદૃષ્ટિ ભવ્યાત્મા માટે અતિ આવશ્યક છે.

તત્ત્વપરિણતિ માટે તત્ત્વોનો બોધ, ચિન્તન અને એને આત્મામાં ભાવિત કરવાની જરૂર રહે છે. તે માટે તત્ત્વોને સમજવા ગુરુગમ તથા પાઠ્ય પુસ્તકાદિની સાધન-સામગ્રી એક જરૂરી અંગ છે.

તત્ત્વો પણ વીતરાગ સર્વજ્ઞ ભગવાને જ કહેલાં યથાર્થ હોઈ શકે. મહાપુરુષોએ એ તત્ત્વોનો વિસ્તાર વિશાળ આગમ શાસ્ત્રોમાં આલેખ્યો છે, અને બાળજીવોના લાભ માટે નાના પ્રકરણ–ગ્રન્થોદ્વારા પણ પ્રકાશિત કર્યા છે. પ્રસ્તુત ગ્રન્થોમાં એ તત્ત્વોના નિરૂપણાર્થે સરળ ગુજરાતી ભાષા અને અલગ અલગ વિભાગ–પૃથ્થક્કરણાદિ યોજીને એવી રીતે દોહન રૂપે ૩૮ પ્રકરણો રજૂ કરવામાં આવ્યા છે કે જિજ્ઞાસુને પૂર્વમહર્ષિઓના કથેલા તત્ત્વોનું સહેલાઈથી જ્ઞાન થઈ શકે, ચિન્તન ભાવન દ્વારા તત્ત્વપરિણતિ પ્રગટી શકે.

જૈનશાસનના અતિગંભીર રહસ્યગર્ભિત તત્ત્વોનું સરળ અને સંક્ષેપમાં અભ્યાસાર્થી માટે ગાઈડ સમાન ઉપયોગી પુસ્તકની આવશ્યકતા ઘણા સમયથી હતી. આ આશાની યત્કિંચિત્ સફળતા વિ. સં ૨૦૧૮માં સાંપડી હતી.

પરમપૂજ્ય પરમોપકારી સિદ્ધાન્તમહોદધિ કર્મસાહિત્યનિષ્ણાત આચાર્ય ભગવંત **શ્રીમદ્ વિજયપ્રેમસૂરીશ્વરજી** મહારાજશ્રીના વિદ્વાન શિષ્યરત્ન પૂ. **પંન્યાસપ્રવર શ્રી ભાનુવિજયજી** ગણિવર કે જેઓશ્રીએ પૂજ્યપાદ ગુરુદેવશ્રીની અનુપમ કૃપાતલે અપૂર્વ શાસ્ત્રજ્ઞાન, જુદા જુદા દર્શન, તથા ન્યાયશાસ્ત્રનો ઊંડો અભ્યાસ, બહોળું વાંચન અને તલસ્પર્શી અનુભવજ્ઞાન પ્રાપ્ત કર્યું છે,એ એમાંથી મનોવૈજ્ઞાનિક રસમય પ્રેરક–બોધક શૈલીએ વ્યાખ્યાન, વાચન અને ગ્રંથસર્જનદ્વારા શ્રુતજ્ઞાન પીરસી રહ્યા છે; કેમકે શ્રી સંઘને વીતરાગ–શાસનનો અપૂર્વ શ્રુતજ્ઞાનનો વારસો મળતો રહે અને જૈનત્વના સંસ્કાર દૃઢ–

દૃઢતમ બનતા રહે એવી દીલની અપૂર્વ શાસનરક્ષાની ભાવના તથા ભારે ધગશ એઓશ્રી સેવી રહ્યા છે. વર્ધમાન આયંબિલ તપની કઠોર તપશ્ચર્યા સાથે અપ્રમત્તપણે ૧૭–૧૮ કલાકનો પરિશ્રમ સેવી અનેક જવાબદારીઓ વચ્ચે પાલીતાણા, અંધેરી, નાસિક અહમદનગર, વઢવાણ, પાલણપુર, અમદાવાદ, શિવગંજ વિગેરે સ્થળોએ પૂ. પંન્યાસજી મ૦ શ્રીએ તત્ત્વજ્ઞાનની અનેક વાચનાઓ શ્રાવકવર્ગને આપી હતી. જેમાં બાળકો–યુવકો–પ્રૌઢ તથા વિદ્વાનોએ સારો લાભ ઉઠાવેલો તથા તેની નોંધો પણ લખાઈ હતી. જુદી જુદી તત્ત્વજ્ઞાનની વાચનાઓનું સંક્ષેપમાં પાઠચપુસ્તક તરીકે એકીકરણ કરી અભ્યાસોપયોગી પુસ્તક બને તેની ઘણી જરૂરીયાત અને માંગણી રહેતી. પિંડવાના ઉત્સાહી યુવક વિદ્યાર્થીઓને જૈન-તત્ત્વજ્ઞાનના અમૂલ્યવારસાનો રસાસ્વાદ પ્રાપ્ત થતાં અંદર–અંદર ૮૦૦–૯૦૦ નકલો નોંધી લઈ હિન્દી '**જૈન ધર્મ કા સરળ પરિચય**' પુસ્તક શીઘ્ર તૈયાર કરવા નમ્ર વિનંતી થતાં પૂ. પંન્યાસજી મહારાજશ્રીએ પ્રકાશનની સુલભતા દેખીને અનેક પ્રવૃત્તિ વચ્ચે પણ પુસ્તકનું મેટર તૈયાર કર્યું, અને હિન્દીમાં છપાયું. પછી એના ગુજરાતી અનુવાદનું આ 'જૈન ધર્મનો સરળ પરિચય ભાગ–૧' નું પુસ્તક વિ. સં ૨૦૧૮માં પહેલી આવૃત્તિ તરીકે પ્રસિદ્ધ થયું, અને વિ. સં. ૨૦૨૦ માં ભાગ–૨ જો પ્રસિદ્ધ કરાયો હતો. પાંચ વરસ ગ્રીષ્માવકાશ અને દિવાળી રજાઓની જૈન ધાર્મિક શિક્ષણ–સંસ્કરણ શિબિરોમાં આ પાઠ્ય પુસ્તક ઉપરથી અધ્યયન કરાવવામાં આવ્યું. ૨૦૦૦ નકલ ખપી જવાથી ભાગ–પહેલાની હવે આ બીજી

આવૃત્તિ સુધારા વધારા સાથે પ્રકાશિત કરતાં અમને આનંદ થાય છે.

**ગ્રંથના વિષયો:**–આ પુસ્તકમાં મુખ્ય ૪ વિભાગમાં ૩૮ પ્રકરણો વહેંચી દેવામાં આવ્યા છે. તેમાં પ્રથમ જૈન તત્ત્વજ્ઞાનમાં ૧ થી ૧૬ પ્રકરણો છે. જેમાં જગતની ઓળખ, ધર્મની જરૂર, ધર્મની પરીક્ષા, આત્માની સાબિતી, આત્માનો ઉત્થાનક્રમ, જૈન ધર્મની સર્વોપરિતા, ઈશ્વરઅકર્તા, જીવ-અજીવાદિ મોક્ષપર્યન્ત નવ તત્ત્વ, વિશ્વ–વિશ્વસંચાલન, કર્મ-સિદ્ધાન્ત, ૮ કર્મપ્રકૃતિઓ, પુદ્ગલવર્ગણા, આશ્રવ, ૮ કરણ, પુણ્ય–પાપ પ્રકૃતિઓ વગેરે આપવામાં આવ્યા છે. ● બીજા મોક્ષમાર્ગ વિભાગમાં મોક્ષ પ્રાપ્તિનો ક્રમ, માર્ગાનુસારી જીવનથી માંડી ૬૭ ગુણ સહિત સમ્યગ્દર્શનની સમજૂતિ, ૧૮ થી ૨૦ પ્રકરણમાં કરાઈ છે. ● ત્રીજા આચાર વિભાગમાં શ્રાવકના આચાર, અનુષ્ઠાન અને વ્રતો, દિનચર્યા, પચ્ચક્ખાણ–૧૪ નિયમ, અભક્ષ્ય–અનંતકાય, જિનભક્તિ, ગુરુવંદન, પર્વો અને આરાધના, ચાતુર્માસિક, વાર્ષિક, જન્મકર્તવ્યો તથા સાધુધર્મ–સાધ્વાચાર, સંવર, નિર્જરાદિ પ્રકરણ ૨૧ થી ૩૨ સુધીમાં વર્ણવાયા છે. ● ચોથા દ્રવ્યાનુયોગ વિભાગમાં સત્પદ આદિ પ્રરૂપણા, આત્માનો વિકાસક્રમ ૧૪ ગુણસ્થાનક, પ્રમાણો અને જૈન શાસ્ત્રોનો વિભાગ, નય–નિક્ષેપ–અનેકાન્તવાદ–સપ્તભંગી અનુયોગાદિનું પ્રકરણ ૩૩ થી ૩૮માં સંક્ષિપ્તરૂપે વિવેચન કરવામાં આવ્યું છે.

**ગ્રન્થની ઉપયોગિતા**–સંગ્રહ કરેલ વિષયો પરથી

સમજાશે કે આ પુસ્તક નવી જૈન પ્રજા, બુઝર્ગ જૈનો તથા જૈનેતરો વગેરે માટે ઘણું ઉપયોગી છે, કેમકે આજના કહેવાતા શિક્ષણમાંથી આર્યપ્રજાના પ્રાણભૂત ધર્મતત્ત્વનાં શિક્ષણને રુખસદ મળી છે; ને તેથી પ્રજા વિનાશકારી જડવાદ અને વિલાસવાદ તરફ ઘસડાઈ રહી છે! આવા અવસરે ધર્મ-તત્ત્વનું અને આર્ય સંસ્કૃતિનું જ્ઞાન આપી પ્રજાને સચેતન કરવાની અત્યંત આવશ્યકતા છે. પાઠશાળાઓમાં ૨–૩ વર્ષનો કોર્સ બાંધી આ પુસ્તક ભણાવી શકાય. બુઝર્ગ જૈનો પણ આ પુસ્તકના ઊંડા અભ્યાસથી પોતાના ધર્મસંબંધી સારો બોધ મેળવી શકશે. આજે કેટલાક જૈનેતર ભાઈઓ પણ જૈનધર્મ સમજવા આતુર હોય છે, અગર તત્ત્વના જિજ્ઞાસુ હોય છે; એમને પ્રસ્તુત પુસ્તકથી જૈનધર્મના વિવિધ અંગો સરળભાષામાં ટૂંકા વાંચને સમજવા માટે આ પુસ્તક આપી શકાય એવું છે. ગુરુગમ દ્વારા ઊંડા અભ્યાસથી સારામાં સારો બોધ મળી શકશે.

**આ પુસ્તક ભણવાના લાભમાં:**–પહેલો તો લાભ એ, કે જૈનધર્મમાં બતાવવામાં આવેલા તત્ત્વો કેટકેટલા અર્થ-ગંભીર અતુલ અને અસાધારણ છે, અને એની પોતાની કેવી આગવી વિશેષતા દર્શાવે છે, એનો ખ્યાલ આવશે. તથા માનવજીવનની ઈતિકર્તવ્યતાનું ભાન થશે. બીજું આર્યસં-સ્કૃતિ, જૈનધર્મ અને એના શાસન સ્થાપક તીર્થંકર ભગવાન પ્રત્યે અનહદ માન ઉપજશે. વળી તે જીવનને ઉત્તમ રીતે જીવવામાં અતિ ઉપયોગી નીવડશે. સાથે એ પણ સમજાશે કે ભૌતિક વિજ્ઞાન કરતાં આધ્યાત્મિક–વિજ્ઞાન કેટકેટલું ચઢિ-

યાતું અને જીવનમાં સાચી શાંતિ, સ્ફુર્તિ તથા આબાદી આપનારૂં, ભવ્યતત્ત્વદષ્ટિદાયી છે.....વગેરે.

ગુરુગમ દ્વારા આ દોહનગ્રન્થનું અધ્યયન અતીવ લાભદાયી નીવડશે. ગુરુગમની જરૂર એટલા માટે છે કે એમાં કેટલાંય સ્થાને ટૂંકા વાક્યોમાં પ્રશ્નો ઉત્તરો સમાયેલા છે, વિસ્તૃત વિવેચનના સંક્ષેપ રહેલા છે, અને અનેક પદાર્થોના સૂચન પડેલા છે. ટૂંકમાં તત્ત્વચિંતન અને સન્માર્ગ-સાધના માટે આમાંથી બહોળા પદાર્થો મળી શકશે.

**અભ્યાસપદ્ધતિઃ**-પ્રકરણનો અંશ વાંચી, સંક્ષેપ મુદ્દાઓમાં ધારણા કરી પુસ્તક જોયા વિના મોંઢેથી બોલીને તે પદાર્થોનું પુનઃ અવધારણ કરવું. પછી આગળ બીજો નવો અંશ વાચી પદાર્થોના મુદ્દાઓની કડી જોડતા રહેવું. શિક્ષકે બાળકોને ત્યાં ને ત્યાં પદાર્થો તૈયાર કરાવવા માટે એક સરળ ઉપાય એ છે કે શિક્ષકે ચારેક પદાર્થો સમજાવી વારાફરતી વિદ્યાર્થીઓને ક્રમે-અક્રમે તે પદાર્થોને પૂછીને ઘુંટાવવા અને મુદ્દાઓનું સંકલન કરી ધારણા કરાવવી અને પુનઃ પુનઃ સમજાવી-ઘુંટાવી તૈયાર કરાવવા. છેવટે પ્રકરણના અંતે આખા પ્રકરણનો ઉપસંહાર કરવો. બીજે દિવસે નવા અધ્યયન પૂર્વે ટૂંકમાં એકાદ વાર આવૃત્તિ રીવીઝન કરાવી આગળ વધવું. આ રીતે બાળકોને વિષય સરળ, સંગીન અને રસપ્રદ બનશે.

આધુનિક માનસ ધરાવતા કોલેજિયન-હાઈસ્કૂલના વિદ્યાર્થીઓમાં ધાર્મિક સંસ્કાર-સિંચન તેમજ ચારિત્ર-ઘડતર માટે અમારી આગ્રહભરી વિનંતિથી અમૂલ્ય સમયનો ભોગ

આપી અવિરત શ્રમથી વિદ્વદ્વર્ય પૂજ્ય પંન્યાસજી મહારાજ શ્રી ભાનુવિજયજી ગણિવરે પ્રસ્તુત 'જૈન ધર્મનો સરળ પરિચય ભાગ-૧' ગ્રંથ દ્વિતીય આવૃત્તિ માટે ક્યાંક ક્યાંક વિશેષતા કરી આપવા મહાન અનુગ્રહ કર્યો છે.

આ પુસ્તકનાં ઝડપી પ્રકાશનોને માટે એનાં પ્રેસ મૂફો તપાસવાં વગેરેમાં **પૂ. મુનિરાજ શ્રી પદ્મસેનવિજયજી મહારાજે** ઘણો શ્રમ ઉઠાવી કાર્યને સુંદર બનાવ્યું છે. આ સર્વે ઉપકારીઓનો તથા આ પુસ્તકની શ્રુતભક્તિમાં રાજનગર ધા. શિબિર સમિતિના મંત્રી ભાઈશ્રી ચંદ્રકાન્ત સી. મશરૂવાળાના પ્રયત્નથી શેઠશ્રી જીવનલાલ પરતાપશી દ્વારા શાંતિદાસ ખેતસીભાઈ ટ્રસ્ટ તરફથી પ્રાથમિક સહાય મળી છે. તેમનો આભાર વ્યક્ત કરવામાં આવે છે.

મુદ્રણમાં રહી ગયેલી અશુદ્ધિ શુદ્ધિપત્રક પરથી વાચકવર્ગ સુધારી લેવા અનુગ્રહ કરશે.

વિ. સં. ૨૦૨૩
મા. વદ ૧૦
પોષદશમી

શા. ચતુરદાસ ચીમનલાલ

# જૈન ધર્મની પ્રાચીનતાના પુરાવા અને વિદ્વાનોના અભિપ્રાય

જૈન ધર્મ બીજા સર્વ ધર્મો કરતાં પ્રાચીન છે આ વાત બેદ–પુરાણ–ઉપનિષદ્ અને ભારતીય તથા પાશ્ચાત્ય વિદ્વાનોના મંતવ્યોથી સત્ય સાબિત થઈ ચુકી છે. 'જૈન ધર્મ અને તેની પ્રાચીનતા' નામના પુસ્તકની પ્રસ્તાવનામાં પં. શ્રી અંબાલાલ લખે છે કે,—

"બૌદ્ધધર્મ તો દેખીતી રીતે અઢી હજાર વર્ષો પહેલાં જ પ્રગટ થયો છે; એટલું જ નહિ, ભગવાન બુદ્ધે જૈન મુનિ બનીને જૈન સિદ્ધાંતોનો અનુભવ કર્યો હતો. જૈન સિદ્ધાંતોમાં બતાવેલી તપસ્યાની પરાકાષ્ઠામાંથી કંટાળીને જ તેમણે મધ્યમમાર્ગ પ્રચલિત કર્યો, તે જ બૌદ્ધધર્મરૂપે પ્રચલિત થયો એ હકીકત ઐતિહાસિક છે.

હિંદુ ધર્મના મુખ્ય એવા વેદ ગ્રંથોની ભાષા અને અર્થ હજીય ગૂઢ છે. ટીકાકારો ઘણી વખત પોતાને મનફાવતા અર્થો કરે છે; છતાં એમાં કેટલાંક સ્પષ્ટ નામો એવાં છે, કે જે જૈનધર્મના તીર્થંકરોના નામનું સૂચન કરે છે. એ જ પરંપરા 'શ્રીમદ્ ભાગવત'માં સ્પષ્ટ રૂપે દેખા દે છે. શ્રીમદ્ ભાગવતકારે શ્રી ઋષભદેવનું ચરિત્ર ઘણું સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે, અને એવા મહાપુરુષને હિંદુધર્મના ૨૪ અવતારોમાં પણ સ્થાન આપ્યું છે. આ ઉપરથી જૈનધર્મની

*પ્રાચીન પરંપરાનો સ્પષ્ટ ખ્યાલ આવે છે.*

ભગવાન મહાવીરના ૧૧ ગણધરો અને તે પછીના ધુરંધર જૈનાચાર્યો થયા છે તે મોટા ભાગે વૈદિક શાસ્ત્રોના વિદ્વાન બ્રાહ્મણો જ હતા, જેમણે પોતાના જ્ઞાનની અપૂર્ણતાથી અસંતુષ્ટ થઈને જૈન ધર્મની દીક્ષા અંગીકાર કરી હતી. આ હકીકત જૈનધર્મ પ્રતિ ગમે તેની શ્રદ્ધા દૃઢ કરે એવી છે.

આ પુસ્તકમાં જૈન ધર્મની પ્રાચીનતા પુરવાર કરવાનો પ્રયત્ન કરાયો છે, અને એ માટે પાશ્ચાત્ય તેમજ પૌરસ્ત્ય વિદ્વાનોના અભિપ્રાયોનો સંગ્રહ કરવાનાં આવ્યો છે. અભિપ્રાય આપનારા વિદ્વાનો સામાન્ય કોટિના નથી, અનેક દર્શનોના તુલનાત્મક અધ્યયન કર્યાં પછી જ આ અભિપ્રાયો ઉચ્ચારાયેલા હોય એમ લાગ્યા વિના રહેતું નથી.”

એ જ જૈન ધર્મ અને એની પ્રાચીનતા નામના પુસ્તકમાં તેના વિદ્વાન લેખક–સંપાદક પં. શ્રી સુશીલવિજયજી ગણિવર્ય (હાલ આ. શ્રી વિજયસુશીલસૂરિજી) લખે છે કે:—

‘જગતમાં અનેક ધર્મો પ્રચલિત છેં; તેમાં જૈનધર્મનું સ્થાન અનોખું છે. તેની પ્રાચીનતા–સનાતનતા અનાદિની છેં. સંસાર જેમ અનાદિ અનંત છે તેમ જૈનધર્મ પણ અનાદિ અનંત છે.

જગતના વિવિધ ધર્મો તે તે મુખ્ય વ્યક્તિના નામથી જગ જાહેર થયેલા છે. બૌદ્ધધર્મ ગૌતમબુદ્ધ નામની વ્યક્તિથી, ખ્રીસ્તીધર્મ ઇસુ ખ્રિસ્ત નામની વ્યક્તિથી, શૈવધર્મ શિવ નામની વ્યક્તિથી, વૈષ્ણવધર્મ વિષ્ણુ નામની વ્યક્તિથી, મ્હોમેડન ધર્મ

મહમદ પેગમ્બર નામની વ્યક્તિથી, એમ અનેક ધર્મો તે તે વિશિષ્ટ વ્યક્તિના નામથી પ્રસિદ્ધિને પામેલા છે. પરંતુ એમ જૈનધર્મ ઋષભ નામની વ્યક્તિ, પાર્શ્વનામની વ્યક્તિ કે મહાવીર નામની વ્યક્તિથી ઋષભધર્મ, પાર્શ્વધર્મ કે મહાવીર ધર્મ તરીકે પ્રસિદ્ધિ પામેલો નથી.

વસ્તુતઃ જૈનધર્મ એ ગુણનિષ્પન્ન નામ છે. રાગ-દ્વેષ વગેરે આભ્યંતર શત્રુઓને જીતે તે 'જિન' કહેવાય. જિનવડે કહેલો હોય તે જૈન કહેવાય, અને જૈન એવો જે ધર્મ તે જૈનધર્મ........

આર્હત દર્શન અથવા દર્શન કહો, સ્યાદ્વાદ અનેકાન્ત દર્શન કહો, વીતરાગ દર્શન કે જૈન દર્શન કહો, જૈનશાસન કે જૈનમત કહો,-આ બધા જૈન ધર્મના પર્યાયવાચક શબ્દો છે.

અન્ય ધર્મો કરતાં જૈન ધર્મની વિશિષ્ટતા-સર્વોત્કૃષ્ટતા જગમશહૂર છે. સાગરમાં જેમ સર્વ સમાય તેમ જૈનધર્મમાં સર્વ દર્શનોનો સમવતાર થાય છે. જ્યારે અન્ય અન્ય દર્શન એકેક નયને આશ્રયીને પ્રવર્તેલ છે ત્યારે જૈન દર્શન સાતે નયો વડે ગુંફિત છે.

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ 'અધ્યાત્મ સાર'માં લખે છે કે-બૌદ્ધોનું દર્શન 'ઋજુસૂત્ર' નયમાંથી નીકળ્યું છે. વેદાન્તીઓનો મત 'સંગ્રહ' નયમાંથી નીકળ્યો છે. સાંખ્યોના મતની પણ એજ પરિસ્થિતિ છે. નૈયાયિકો અને વૈશેષિકોનો મત પણ 'નૈગમ'

નયમાંથી નીકળેલો છે. મીમાંસકોનો મત 'શબ્દનય'માંથી નીકળેલો છે. જૈન દર્શન તો સમગ્ર નયો વડે ગુંફિત છે.

જૈન દર્શનની સૂક્ષ્મમાં સૂક્ષ્મ કર્મની પદ્ધતિ, સૂક્ષ્મતમ ફિલોસોફી, નવ તત્ત્વોનું સુંદર સ્વરૂપ, ચાર અનુયોગનું અનુપમ નિરૂપણ, ચાર નિક્ષેપાનું રમ્ય વર્ણન, સપ્તભંગી અને સપ્તનયનું સત્ય સ્વરૂપ, સ્યાદ્વાદ-અનેકાન્તવાદની વિશિષ્ટતા, અહિંસાની પરાકાષ્ઠા, તપની અલૌકિકતા, યોગની અજોડ સાધના, અને વ્રતો-મહાવ્રતોનું સૂક્ષ્મ રીતે પરિપાલન વગેરેને પહોંચવાને અદ્યાવધિ કોઈપણ દર્શન સમર્થ થઈ શક્યું નથી; એટલું જ નહીં પણ હજારો વિજ્ઞાનવેત્તાઓ અને તત્ત્વજ્ઞાનીઓ પણ કરોડો-અબજો દ્રવ્યના ખરચે છ જીવનિકાયની હિંસાના ભોગે, અને અનેક યન્ત્રાદિકની સહાયથી પણ તેને પહોંચી શક્યા નથી. આમ છતાં જેટલી શોધ થયેલી છે તે શોધના પરિણામો જૈન સિદ્ધાન્તની માન્યતાને અનુરૂપ જ બન્યા છે. અણુસિદ્ધાંત એનું જીવતું-જાગતું ઉદાહરણ છે. આથી જ જગતના મોટા વિજ્ઞાનીઓ, તત્ત્વજ્ઞો, ધુરંધર પંડિતો, અને દેશ-દેશાન્તરના ઉચ્ચ અધિકારીઓ વગેરે પણ તેની મુક્તકંઠે એકધારી પ્રશંસા કરી રહ્યા છે. અને જગતના ધર્મામાં બધી રીતે પૂર્ણ કોઈ પણ ધર્મ હોય તો તે જૈનધર્મ જ છે; એટલું જ નહિ, ભયંકર યુદ્ધના માર્ગે જઈ રહેલા રાષ્ટ્રો ને વિશ્વશાંતિનો માર્ગ બતાવી શકે છે એવી ક્ષમતા રાખનારો કોઈ માર્ગ હોય તો તે જૈનધર્મના સિદ્ધાંતોમાં જ છે.

આ બાબતમાં કેટલાક પાશ્ચાત્ય વિદેશી વિદ્વાનોએ તથા

અન્ય સાક્ષરોએ જૈનધર્મને અન્યધર્મની શાખા-પ્રશાખા રૂપે માની અખબારોમાં-દૈનિકપત્રોમાં અને પુસ્તકાદિમાં લાંબાં લાંબાં વિવેચનો કરેલાં છે, જે ભ્રમ હવે વિદ્વાનોમાંથી દૂર થયો છે, ત્યારે વર્તમાનમાં સ્કુલો-હાઇસ્કુલો વગેરેમાં ચાલતા ઈતિહાસોમાં એ વાતનાં પિષ્ટપેષણો હજી થયા કરે છે, જે કોઈ રીતે ઈષ્ટ નથી. એ હવે સુધારવાં ઘટે છે.

**જૈનધર્મની અતિપ્રાચીનતાના પ્રમાણો** અને જૈનધર્મ જૈનેતરોના પ્રાચીનતમ વેદો અને પુરાણો પૂર્વે પણ વિદ્યમાન હતો તેના પુરાવા નીચે પ્રમાણે છે."

**"कैलासे पर्वते रम्ये, वृषभोऽयं जिनेश्वरः ।**
**चकार स्वावतारं यः, सर्वज्ञः सर्वगः शिवः ॥" ॥१॥**

**—इति शिवपुराणे प्रोक्तम्**

—(કેવલજ્ઞાન દ્વારા) સર્વવ્યાપી, કલ્યાણસ્વરૂપ, સર્વજ્ઞ, એવા આ ઋષભદેવ જિનેશ્વર મનોહર કૈલાસ પર્વત (અષ્ટાપદ પર્વત) પર ઊતર્યા. ॥૧॥

**"नाभिस्तु जनयेत् पुत्रं, मरुदेव्या मनोहरम् ।**
**ऋषभं क्षत्रियं श्रेष्ठं, सर्वक्षत्रस्य पूर्वजम् ॥" ॥२॥**

**"इह हि इक्ष्वाकुकुलवंशोद्भवेन नाभिसुतेन मरुदेवानंदन-महादेवेन ऋषभेण दशप्रकारो धर्मः स्वयमेवाचीर्णः केवल-ज्ञानलाभाच्च प्रवर्तितः ॥" ॥३॥**

**—इति ब्रह्माण्डपुराणे प्रोक्तम्**

—'નાભિરાજાને મરૂદેવી રાણીથી મનોહર, ક્ષત્રિયોમાં શ્રેષ્ઠ અને સમસ્ત ક્ષત્રિયવંશના પૂર્વજ એવા ઋષભ નામે પુત્ર ઉત્પન્ન થયા.' ॥૨॥

'આ આર્યભૂમિમાં જ ઈક્ષ્વાકુકુલવંશમાં ઉત્પન્ન થયેલા નાભિરાજા તથા મરૂદેવીના પુત્ર, મહાદેવ એવા ઋષભનાથે દશ પ્રકારનો ધર્મ સ્વયં ધારણ કર્યો, અને કેવલજ્ઞાન પામીને તેનો પ્રચાર કર્યો.' ॥૩॥

"रैवताद्रौ जिनो नेमिर्युगादिर्विमलाचले ।
ऋषीणामाश्रमादेव, मुक्तिमार्गस्य कारणम् ॥" ॥४॥

—इति प्रभासपुराणे प्रोक्तम्

'રૈવતગિરિ પર (ગિરનાર પર) નેમિનાથ અને વિમલાચલ પર (શત્રુંજય–સિદ્ધગિરિ પર) યુગાદિ આદિનાથ પધાર્યા. આ ગિરિવરો ઋષિઓના આશ્રમથી મુક્તિમાર્ગનું કારણ છે.' ॥૪॥

"स्पृष्ट्वा शत्रुञ्जयं तीर्थं, नत्वा रैवतकाचलम् ।
स्नात्वा गजपदे कुण्डे, पुनर्जन्म न विद्यते ॥" ॥५॥

"परमात्मानमात्मानं, लसत्केवलनिर्मलम् ।
निरञ्जनं निराकारं, ऋषभं तु महाऋषिम् ॥" ॥६॥

—इति स्कन्दपुराणे प्रोक्तम्

'શત્રુંજય તીર્થનો સ્પર્શ કરવાથી, રૈવતકાચલને (ગિરનાર તીર્થને) નમસ્કાર કરવાથી, અને ગજપદ કુંડમાં સ્નાન કરવાથી ફરીને જન્મ લેવો પડતો નથી.' ॥૫॥

'ઉત્તમ સ્વરૂપવાળો જેમનો આત્મા, ઉલ્લાસ પામતા કેવલજ્ઞાનથી નિર્મળ, નિરંજન, નિરાકાર અને મહર્ષિ એવા ઋષભદેવ વિભુનું તો (બધા) ધ્યાન કરે જ.' ॥૬॥

"अष्टषष्टिसु तीर्थेषु, यात्रायां यत् फलं भवेत् ।
आदिनाथस्य देवस्य, स्मरणेनाऽपि तद् भवेत् ॥" ॥७॥

—इति नागपुराणे प्रोक्तम्

'૬૮ તીર્થોમાં યાત્રા કરવાથી જે ફળ થાય છે, તે ફળ આદિનાથ દેવનું સ્મરણ કરવાથી પણ થાય છે.' ॥૭॥

[શ્રી ઋષભદેવ વિભુનું દ્વિતીય નામ 'આદિનાથ' પણ છે.]

"अकारादि हकारान्तं, मूर्द्धाधोरेफसंयुतम् ।
नादबिन्दुकलाक्रान्तं, चन्द्रमण्डलसन्निभम् ॥" ॥८॥

"एतद्देवि ! परं तत्त्वं, यो विजानाति तत्त्वतः ।
संसारबन्धनं छित्त्वा, स गच्छेत् परमां गतिम् ॥" ॥९॥

—इति नागपुराणे कथितम्

—'અકાર છે [अ] આદિમાં જેને અને હકાર [ह] છે અંતમાં જેને, ઊંચે અને નીચે રેફે [र्] કરીને સહિત નાદ–બિંદુ–કલાથી સંપન્ન અર્ધ ચન્દ્રાકાર [˘] અને બિન્દુ [०]એ કરીને યુક્ત ચન્દ્રમંડળના સમાન એવો 'अर्हं' શબ્દ'– ॥૮॥

'હે દેવી ! એ પરમ તત્ત્વ છે. એને જે જાણે છે તે સંસારના બંધનને છેદીને પરમગતિને (મોક્ષને) પામે છે.' ॥૯॥

" ऋषभो मरुदेव्या च, ऋषभाद् भरतोऽभवत् ।
भरताद् भारतं वर्ष, भरतात् सुमतिस्त्वभूत् ॥" ॥१०॥

—इति अग्निपुराणे

—'મરુદેવીથી ઋષભ થયા, અને ઋષભથી ભરત થયા, ભરતથી ભારતવર્ષ ક્ષેત્ર થયું, અને એ જ ભરતથી સુમતિ થયા.' ॥૧૦॥

" अर्हन्ता चित्पुरो दधेऽशेव देवावर्वते ॥" ॥११॥

—अ. ४–४–३२–५ ऋग्वेदे

જેમ સૂર્ય કિરણોને ધારણ કરે છે તેમ અરિહંતો જ્ઞાનનો પૂર (સમૂહ) ધારણ કરે છે. ॥૧૧॥

" अर्हतो ये सुदानवो नरो असामिशवसः प्रयज्ञं यज्ञियेभ्यो दिवो अर्चा मरुद्भ्यः ॥ अ० ४ अ० ३ वर्ग ८ ॥" ॥१२॥

—ऋग्वेदे

જે અરિહંત સુંદર દાનવાળા કર્મ કરવામાં અગ્રણી તથા અત્યંત પરાક્રમી છે, એવા યજ્ઞપાત્ર દેવોના દેવને યજ્ઞીય આહુતિ દો. ॥૧૨॥

मरुदेवी च नाभिश्च, भरते कुलसत्तमाः ।
अष्टमो मरुदेव्यां तु, नाभेर्जात उरुक्रमः ॥१३॥
दर्शयन् वर्त्म वीराणां, सुरासुरनमस्कृतः ।
नीतित्रयाणां कर्त्ता यो, युगादौ प्रथमो जिनः ॥१४॥

—मनुस्मृतौ


—ભરતક્ષેત્રમાં છઠ્ઠા કુલકર મરુદેવ અને સાતમા કુલકર નાભિ નામે થયા. વળી આઠમા કુલકર નાભિથી મરૂદેવીને વિષે વિશાલ ક્રમવાળા ઋષભ થયા. ॥૧૩॥

વીર પુરુષોના માર્ગભૂત, સુરાસુરથી નમસ્કાર કરાયેલા અને ત્રણ નીતિને બતાવનારા જે યુગની આદિમાં પ્રથમ જિન થયા.” ॥૧૪॥

**“ नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।**
**शान्तिमास्थातुमिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥” ॥१५॥**

**—योगवाशिष्टे**

—‘હું રામ નથી, મને વાંછા નથી, પદાર્થોમાં મારું મન નથી, જેવી રીતે જિન પોતાના આત્મામાં શાન્તભાવે રહ્યા છે તેવી રીતે શાન્તભાવે રહેવાને હું ઈચ્છું છું.’ ॥૧૫॥



# જૈન ધર્મના વિષયમાં

## વિદ્વાનોના સુંદર અભિપ્રાય

'ડૉ. જોન્સ હર્ટલ' (જર્મની) કહતે હય—"મૈં અપને દેશવાસિ કો દિખાઉંગા કિ-કૈસે ઉત્તમ નિયમ ઔર ઉંચે વિચાર, જૈનધર્મ ઔર જૈનાચાર્યો મેં હય। જૈનિયોં કા સાહિત્ય બૌદ્ધોં સે બહુત બઢકર હય ઔર જ્યોં જ્યોં મૈં જૈનધર્મ ઔર ઉસકે સાહિત્ય કો સમજતા હૂં ત્યોં ત્યોં મં ઉનકો અધિક પસંદ કરતા હૂં"—ઇત્યાદિ ॥

'જર્મન ડૉ. હર્ટલ' કા મંતવ્ય હય—"જૈનો કે મહાન્ સંસ્કૃત સાહિત્ય કો સમગ્ર સાહિત્ય સે અલગ કિયા જાએ તો સંસ્કૃત કવિતાકી ક્યા દશા હોવે ?"

'ડૉ. હર્મન યાકોબી' (જર્મની) કા નિશ્ચિત મત હય કિ—"જૈનધર્મ પૂરે તૌર સે સ્વતન્ત્ર ધર્મ હય। ઇસ ધર્મને દૂસરે કિસી ધર્મ કા અનુકરણ યા નકલ નહીં કી હય।"

'ડૉ. એ ગિરનાટ' (પેરીસ) લિખતે હય કિ—"મનુષ્યો કી તરક્કી કે લિયે જૈનધર્મ કા ચારિત્ર બહુત લાભકારી હય, યહ ધર્મ બહુત હી અસલી, સ્વતંત્ર, સાદા બહુત મૂલ્યવાન્ તથા બ્રાહ્મણો કે મતોં સે ભિન્ન હય, તથા યહ બૌદ્ધોં કે સમાન નાસ્તિક નહીં હય।" ઇત્યાદિ........

'ડૉ. રવીન્દ્રનાથ ટાગોર' કહતે હય—"મહાવીર ને ડિંડીમ નાદ સે હિંદ મેં સંદેશા ફૈલાયા કિ ધર્મ યહ વાસ્ત-

વિક સત્ય હય, કહતે આશ્ચર્ય પૈદા હોતા હય કિ–ઈસ શિક્ષા ને દેશ કો વશીભૂત કર લિયા।”

‘**ડૉ. રાજેન્દ્રપ્રસાદ**’ (ભારતીય રાષ્ટ્રપતિ) કી સ્પષ્ટ રાય હય કિ—“શ્રી મહાવીરજી કે બતાયે માર્ગ પર ચલને સે હમ પૂર્ણશાન્ત પ્રાપ્ત કર સકેંગે। જૈનધર્મ ને સંસાર કો અહિંસા કી શિક્ષા દી હય. કિસી દૂસરે ધર્મ ને અહિંસા કી મર્યાદા યહાં તક નહીં પહુંચાઈ, જૈનધર્મ અપને અહિંસા સિદ્ધાન્ત કે કારણ વિશ્વધર્મ હોને કો પૂર્ણતયા ઉપયુક્ત હય।”

‘**ડૉ. સતીશચન્દ્ર**’ લિખતે હય કિ—“વેદાંત દર્શન કે પહલે હી જૈનધર્મ પ્રચાર મેં થા, સૃષ્ટિ કે આરંભ સે હી જૈનધર્મ પ્રચાર મેં હય।”

‘**રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણન્ લિખતે હય**’–“વર્ધમાન અપને આપકો ઉન પૂર્વજ એવં ક્રમાગત તેઈસ તીર્થંકરો દ્વારા પ્રતિપાદિત સિદ્ધાન્તોં કે કેવલ પ્રવર્તક અથવા વ્યાખ્યાકાર કે રૂપ મેં ઉપસ્થિત કરતે હય,........

“ઈસ પ્રકારકી પર્યાપ્ત સાક્ષી ઉપલબ્ધ હય જિસકે આધાર પર કહા જા સકતા હય કિ ઈસા સે એક શતાબ્દી પૂર્વ ભી ઐસે લોગ થે જો ઋષભદેવ કી પૂજા કરતે થે, જો સબસે પહલે તીર્થંકર થે। ઈસમેં કોઈ સન્દેહ નહીં કિ વર્ધમાન એવં પાર્શ્વનાથ સે પૂર્વ ભી જૈનમત પ્રચલિત થા। યજુર્વેદ મેં તીન તીર્થંકરો કે નામો કા ઉલ્લેખ હય–ઋષભદેવ, અજિતનાથ એવં અરિષ્ટનેમિ। ભાગવત પુરાણ ઈસ

બાત કા સમર્થન કરતા હય કિ ઋષભ જૈનમત કે સંસ્થાપક થે। અબ યહ નિશ્ચિતરૂપ સે સ્થાપિત કિયા જા ચુકા હય કિ વર્ધમાન સ્વયં એક ઐતિહાસિક વ્યક્તિ થે, જો ગૌતમબુદ્ધ સે સર્વથા ભિન્ન થે ઔર જૈન દર્શન ભી બૌદ્ધ-દર્શન સે એક સર્વથા સ્વતન્ત્ર પદ્ધતિ હય."

● **કોલબ્રુક કા કહના** હય કિ જૈનમત (જૈન-બૌદ્ધ) દોનોં મેં અધિક પ્રાચીન હય ક્યોંકિ વહ અધ્યાત્મવાદ મેં વિશ્વાસ કરતે હુએ માનતા હય કિ હરએક પદાર્થમેં જીવ હય।

'**ડૉ. ગંગાનાથ ઝા.**' (એમ. એ. ડી. લિટ)–'અગર વિરોધી સજ્જન જૈન–સાહિત્ય કા અભ્યાસ વ મનન સૂક્ષ્મ-રીતિ સે કરેંગે તો ઉનકા વિરોધ ખત્મ હો જાયગા।'

'**સ્વ. મોહનલાલ કરમચંદ ગાંધી**'–"અહિંસા તત્ત્વ કે સબસે બડે પ્રચારક મહાવીર સ્વામી હી થે।"

'**પં. જવાહરલાલ નહેરુ**'–"જૈન યા બુદ્ધ પૂરી તૌર સે ભારતીય હયં લેકિન વે હિંદૂ નહીં હય।"

'**સ્વ. લોકમાન્ય તિલક**' :–"બ્રાહ્મણ ઔર હિંદૂધર્મ મેં માંસભક્ષણ ઔર મદિરાપાન બંધ હો ગયા યહ ભી જૈનધર્મ કા પ્રતાપ હય। મહાવીર સ્વામી કે પહલે ભી જૈન-ધર્મ પ્રચારમેં થા।"

'**પ્રોફેસર મેકસમુલર**' :–"જૈનધર્મ હિંદૂ ધર્મ સે બિલકુલ ભિન્ન ઔર સ્વતંત્ર ધર્મ હય।"

'ડૉ. જે. આર. ફરલાંગ'-"જૈનધર્મ કી સ્થાપના શુરુઆત-જન્મ કબ હુઆ ઇસકા પતા લગાના અસંભવ હય। હિન્દુસ્તાન કે ધર્મો મેં જૈનધર્મ સબસે પ્રાચીન હય।"

'સર અકબર હૈદરી' :-'મહાવીર કા સત્ સંદેશ હમારે હૃદય મેં વિશ્વ બન્ધુત્વ કા શંખનાદ બજાતા હય।"

ટી. ડબલ્યુ. રહિસ ડેવિડ:-'જૈનધર્મ યહ બૌદ્ધધર્મ કી અપેક્ષા ભી પ્રાચીન હય।"

શ્રી વરદકાંતજી એમ. એ:-"જૈનધર્મકા પ્રથમ પ્રચાર શ્રી ઋષભદેવ ને કિયા।"

કર્નલ ટૉડ :-"ભારતવર્ષ કે પ્રાચીન ઇતિહાસ મેં જૈનધર્મ ને અપના નામ અજરામર રક્ખા હય।"

પં. રામમિશ્રજિ આચાર્ય, રામાનુજ "સ્યાદ્વાદ યહ જૈન ધર્મકા અભેદ્ય દુર્ગ હય। ઇસ દુર્ગ મેં વાદી ઔર પ્રતિવાદી કે માયામય ગોલોં કા પ્રવેશ નહીં હોતા। વેદાંત આદિ અન્ય દર્શન શાસ્ત્રોં કે પૂર્વ ભી જૈનધર્મ અસ્તિત્વ મેં થા, ઇસ બારે મેં મુઝે રતિ ભર ભી સંદેહ નહીં।"

રાયબહાદુર પૂર્ણેન્દુનારાયણસિંહ, એમ. એ. 'જૈનધર્મ પઢને કી મેરી હાર્દિક ઇચ્છા હય ક્યોંકિ વ્યાવહારિક યોગાભ્યાસ કે લિયે યહ સાહિત્ય સબસે પ્રાચીન હય। ઇસમેં હિન્દૂ ધર્મ સે પૂર્વકી આત્મિક સ્વતન્ત્રતા વિદ્યમાન હય, જિસકો પરમ પુરુષોં ને અનુભવ વ પ્રકાશ મેં કિયા હય।'

**'અજ્જાક્ષ સરકાર એમ. એ. બી. એલ**:–'યહ અચ્છી તરહ પ્રમાણિત હો ચુકા હય કિ જૈનધર્મ બૌદ્ધધર્મ કી શાખા નહીં હય। જૈન દર્શન મેં જીવન તત્ત્વ કી જૈસી વિસ્તૃત આલોચના હય વૈસી ઔર કિસી ભી દર્શન મેં નહીં હય।"

**વાસુદેવ ગોવિંદ આપ્ટે બી. એ.** :–"જૈનધર્મ મેં અહિંસા કા તત્ત્વ અત્યન્ત શ્રેષ્ઠ હય। યતિ કર્મ અત્યન્ત ઉત્કૃષ્ટ હય।....સ્ત્રિયોં કો ભી યતિદીક્ષા લેકર પરોપકારી કૃત્યો મેં જન્મ બીતાને કી આજ્ઞા હય વહ સર્વોત્કૃષ્ટ હય। હમારે હાથસે જીવહિંસા ન હોને પાવે ઈસકે લિયે જૈની જિતને ડરતે હય ઇતને બૌદ્ધ નહીં।....એક સમય ધર્મ, નીતિ, રાજકાર્ય ધુરન્ધરતા, શાસ્ત્રદાન, સમાજોન્નતિ આદિ બાતોં મેં ઉનકા સમાજ ઈતર જનોં સે બહુત આગે થા।"

**મુહમ્મદ હાફિસ સય્યદ બી. એ. એલ.ટી. (થિયોસોફિકલ હાઈસ્કૂલ કાનપુર)**–"મૈં જૈન સિદ્ધાન્ત કે સૂક્ષ્મ તત્ત્વોં સે ગહરા પ્રેમ કરતા હૂં।"

**એમ. ડી. પાન્ડે** :–"મુઝે જૈન સિદ્ધાંત કા બહુત શોખ હય, ક્યોં કિ કર્મસિદ્ધાંત કા ઈસમેં સૂક્ષ્મતાસે વર્ણન કિયા ગયા હય।"

**સ્વામી વિરુપાક્ષ** :– એમ. એ (પ્રો. સંસ્કૃત કાલેજ, ઈન્દોર.):–"દ્વેષ કે કારણ ધર્મ પ્રચારકો રોકને વાલી વિપત્તિ કે રહતે હુએ જૈનશાસન કભી પરાજિત ન હોકર સર્વત્ર વિજયી હી હોતા રહા હય। 'અર્હન્ દેવ' સાક્ષાત્ પરમે-

શ્વર હય । "અર્હંત પરમેશ્વર કા વર્ણન વેદો મેં ભી પાયા જાતા હય ।"

**કન્નુલાલ જોધપુરી** :—"જૈનધર્મ એક ઐસા પ્રાચીન ધર્મ હય કિ—જિસકી ઉત્પત્તિ તથા ઇતિહાસ કા પતા લગાના એક બહુત હી દુર્લભ બાત હય ।"

**શ્રી સુવ્રતલાલ વર્મન્** એમ. એ. ઉર્દૂ માસિક પત્ર મેં લિખતે હય.

"મહાવીર સ્વામી કા પવિત્ર જીવન"

હિંદુઓ ! અપને ઇન બુજુર્ગોં કી ઇજ્જત કરના સીખો.... તુમ ઇનકે ગુણોં કો દેખો । યહ ધર્મ કર્મ કી ઝલકતી હુઈ, ચમકતી, દમકતી મૂર્તિ હય....ઇનકા દિલ વિશાલ થા, સમંદર થા, જિસમેં મનુષ્ય પ્રેમ કી લહરેં જોરશોર સે ઉઠતી રહતી થી સંસાર કે પ્રાણી માત્ર કી ભલાઈ કે લિયે સબકા ત્યાગ કિયા, યહ અહિંસાકી પરમ જ્યોતિવાલી મૂર્તિયાં હય. યે દુનિયા કે જબરદસ્ત રિફાર્મર, ઔર બડે ઊંચે દર્જે કે ઉપદેશક ઔર પ્રચારક ગુજરે હય. યહ હમારી કૌમી તવારિખ કે કિમતી રત્ન હયં । ઇનસે બેહતર સાહબે કમાલ તુમકો ઓર કહાં મિલેંગે ? । ઇનમેં ત્યાગ થા, ઇનમેં વૈરાગ્ય થા ઇનમેં ધર્મકા કમાલ થા, ઇનકા ખિતાબ "જિન" હય જો બાત થી સાફ સાફ થી, ઉન્હોંને તપ જપ, યોગ કા સાધન કરકે અપને આપકો મુકમ્મિલ (યથાર્થ રૂપ પરમ સ્વરૂપ કો) ઔર પૂર્ણ બના લિયા થા...."

**ઇંપિરિયલ ગેઝેટિયર ઓફ ઇંડિયા** :—"બૌદ્ધ ધર્મ

સંસ્થાપક ગૌતમ બુદ્ધ કે પહલે જૈન ધર્મ કે અન્ય ૨૩ તીર્થંકર હો ગયે થે।"

**યોગી જીવાનંદ પરમહંસ** :–"વ્યાકરણાદિ નાના શાસ્ત્રોંકે અધ્યયન અધ્યાપન દ્વારા–વેદમત ગલેમેં બાંધ મૈંને અનેક રાજા–પ્રજાકી સભામેં વિજય કર, દેખા વ્યર્થ મગજ મારના હૈ. એક જૈન શિષ્યકે હાથ મેં દો પુસ્તક દેખે, વે લેખ ઇતને સત્ય, નિઃપક્ષપાતી મુઝે દિખ પડે કિ માનો દૂસરે જગત્ મેં આકર ખડા હો ગયા। આબાલ્યકાલ ૭૦ વર્ષો સે જો કુછ અધ્યયન કિયા ઔર વૈદિક ધર્મ બાંધે ફિરા સો વ્યર્થ સા માલૂમ હોને લગા..... પ્રાચીન ધર્મ, પરમધર્મ, સત્યધર્મ, રહા હો તો જૈન ધર્મ થા। વૈદિક બાતેં કહીં વહ લી ગઈ સો સબ જૈન શાસ્ત્રોં સે નમૂના એકઠ્ઠી કરી હય।

**યુરોપિયન વિદ્વાન ડૉ. પરટોલ્ટ**:–"ધર્મ કે વિષય મેં 'જૈન ધર્મ યહ નિઃશંક પરમ પરાકાષ્ઠાવાલા હય।"

**ડૉ. રાધા વિનોદપાલ** :–લિખતે હય કી "અનોખી અહિંસા કી ભેંટ જૈન ધર્મ કે નિર્યામક તીર્થંકર પરમાત્માઓં ને હી કી હય।'

**ન્યાયમૂર્તિ રાંગલેકર** :–(બમ્બઈ હાઈકોર્ટ) કહતે હય, "આધુનિક ઐતિહાસિક શોધ સે યહ પ્રકટ હુઆ હય કિ યથાર્થ મેં બ્રાહ્મણધર્મ સદ્‌ભાવ અથવા ઉસકે હિન્દુ ધર્મ રૂપ મેં પરિવર્તન હોને કે બહુત પૂર્વ જૈન ધર્મ ઇસ દેશ મેં વિદ્યમાન થા।"

**ફર્લાંગ સાહબ મેજર** :–કા કહના હય "જૈનધર્મ કે પ્રારમ્ભ કો માનના અસંભવ હય।"

**સ્વામી રામમિશ્રજી શાસ્ત્રી** :–કહતે હયં કિ "મોહન જો દેરો, પ્રાચીન શીલાલેખ, ગુફાએં, એવં પ્રાચીન અનેક અવશેષ પ્રાપ્ત હોને સે ભી જૈન ધર્મકી પ્રાચીનતા કા ખ્યાલ આતા હય।....જૈન ધર્મ તબ સે પ્રચલિત હુઆ હય કિ જબસે સૃષ્ટિ કા પ્રારમ્ભ હુઆ। ....વેદાન્ત દર્શન કી અપેક્ષા ભી જૈન ધર્મ બહુત પ્રાચીન હય।"

**ડો. એલ. પી. હેસીટોરી** (ઈટાલિયન વિદ્વાન) કા મન્તવ્ય હય કિ "જૈન ધર્મ બહુત હી ઉંચી પંક્તિ કા હય। ઈસકે મુખ્ય તત્ત્વ વિજ્ઞાન સ્વરૂપ કે આધાર પર રચે હુએ હય। જ્યોં જ્યોં પદાર્થ વિજ્ઞાન આગે બઢતા જાતા હય ત્યોં ત્યોં વહ જૈન ધર્મ કે સિદ્ધાન્તો કો સિદ્ધ કર રહા હય।"

**પ્રો. આનંદશંકર ધ્રુવ** :–લિખતે હય કિ સ્યાદ્વાદ એકીકરણ કા દૃષ્ટિબિન્દુ હમારે સામને ઉપસ્થિત કરતા હય। શંકરાચાર્ય ને સ્યાદ્વાદ પર જો આક્ષેપ કિયા હય વહ મૂલ રહસ્ય કે સાથ સમ્બન્ધ નહીં રખતા। વિવિધ દૃષ્ટિ બિન્દુઓં કે દ્વારા નિરીક્ષણ કિયે બિના કોઈ ભી વસ્તુ સંપૂર્ણ રૂપમેં સમઝ મેં નહીં આ સકતી। સ્યાદ્વાદ યહ સંશયવાદ નહીં હય કિન્તુ વિશ્વ કા કિસ પ્રકાર અવલોકન કરના ચાહિએ યહ હમેં સિખાતા હય।"

**જ્યોર્જ બર્નાર્ડ શો** : (ઈંગ્લેન્ડ કે પ્રસિદ્ધ નાટ્યકાર) કહતે હય :–"જૈન ધર્મ કે સિદ્ધાન્ત મુઝે બહુત હી પ્રિય

હુય। મેરી યહ ઇચ્છા હુય કિ મૃત્યુ કે બાદ મૈં જૈન પરિવાર મેં જન્મ પ્રાપ્ત કરૂં।"

**અમરિકન બહેન ઓર્ડીકાર્જેરી** કા કહના હય :– "જૈન ધર્મ એક ઐસા અદ્વિતીય ધર્મ હય કિ જો પ્રાણિમાત્ર કી રક્ષા કરને કે લિએ ક્રિયાત્મક પ્રેરણા દેતા હય। મૈંને ઐસા દયાભાવ કિસી ધર્મ મેં દેખા નહીં હય।"

**ડૉ. સતીશચંદ્ર વિદ્યાભૂષણ : M. A. PH. D.** (કલકત્તા) લિખતે હય।–"ઐતિહાસિક સંસાર મેં તો જૈન સાહિત્ય જગત કે લિએ અધિક ઉપયોગકી વસ્તુ હય, જો ઇતિહાસલેખક તથા પુરાતત્ત્વવિશારદોં કે લિએ અનુસન્ધાન કી વિપુલ સામગ્રી ઉપસ્થિત કરતી હય।....જૈન સાધુ સચમુચ પ્રશંસનીય જીવન વ્યતીત કર રહે હય। જૈન સાધુ પૂર્ણ રીતિ સે વ્રત નિયમ વ ઇન્દ્રિય સંયમ કા પાલન કરતે હુએ વિશ્વ મૈં આત્મસંયમ કા એક જબરદસ્ત ઉત્તમ આદર્શ ઉપસ્થિત કરતે હય। એક ગૃહસ્થકા ભી જીવન જો જૈનત્વ (યાને જૈન આચાર–વિચાર કે પાલન) કો અર્પિત હય વહ ઇતના ભારી નિર્દોષ હય કિ ભારત વર્ષ કો ઉસ કા ગૌરવ રખના ચાહિએ।"

આ પ્રમાણો અને અભિપ્રાયો જાણ્યા પછી હવે જૈનધર્મની અનન્યલક્ષ્ય અવ્વલ વિશેષતાઓ આ પુસ્તકમાં વાંચો, વિચારો, ને આત્મસાત્ કરો.

# વિષય-અનુક્રમ


પ્રકાશકીય નિવેદન ૩

જૈન ધર્મની પ્રાચીનતાના પુરાવા અને વિદ્વાનોના અભિપ્રાય ૧૦

શુદ્ધિપત્રક ૩૨

૧ પ્રવેશ ૧

જગત એટલે શું ?

આપણે કોણ ?

આપણે કરવાનું શું ?

પુણ્ય શી રીતે વધ્યું ? ૫

શુદ્ધ ધર્મ શું ? ૬

૨ જીવનમાં ધર્મની જરૂર ૧૨

૩ ધર્મની પરીક્ષા ૧૪

૪ જૈન ધર્મ એ વિશ્વધર્મ છે ? ૧૭

ધર્મના મુખ્ય બે વિભાગ ૧૯

૫ વિશ્વ શું છે ? ૧૯

૬ સ્વતંત્ર આત્મ દ્રવ્યના પ્રમાણ ૨૦

૭ આત્માનાં ષટ્ સ્થાન ૨૩

૮ છ દ્રવ્ય-પંચાસ્તિકાય-વિશ્વસંચાલન ૨૫

૯ જગત્કર્તા કોણ ? ઈશ્વર નહિ ૨૯

જગત્કર્તા જીવ અને કર્મ ૩૧

૧૦ દ્રવ્ય-ગુણ-પર્યાય. ૩૧

છ દ્રવ્યના ગુણ-પર્યાયનો કોઠો ૩૪

વ્યંજન-અર્થપર્યાય ૩૪

સ્વ-પર પર્યાય- ૩૫

૧૧ નવતત્ત્વ ૩૭

નવતત્ત્વની ટુંક સમજ ૩૯

૧૨ જીવનું મૌલિક અને વિકૃત સ્વરૂપ ૪૧

૧૩ જીવના ભેદ ૪૪

૧૪ જીવોના જન્મ અને જીવની વિશેષતાઓ ૪૯

૬ પર્યાપ્તિ ૪૯

૧૦ પ્રાણ ૪૯

૮૪ લાખ યોનિ

સ્થિતિ-અવગાહના,

કાય-સ્થિતિ, લેશ્યા ૫૦

૬ લેશ્યામાં જાંબુનું દૃષ્ટાન્ત ૫૧

૧૫ પુદ્ગલ-૮ વર્ગણા ૫૨

૧૬ આશ્રવ : મિથ્યાત્વાદિ ૫૬

મિથ્યાત્વના પાંચ પ્રકાર ૫૭

અવિરતિ ૫૯

પ્રતિજ્ઞાનું મહત્ત્વ ૫૯

કષાય : અનંતાનુબંધી આદિ ૬૧
યોગ : ૧૫ ભેદ ૬૪
પ્રમાદ ૮ અને ૫ ૬૬
૧૭ બંધ : આઠ કર્મ : પાપ પુણ્ય ૬૭
કર્મની આઠ મૂળ પ્રકૃતિ —વાદળની ઉપમા ૬૮
૮ કરણ બંધનાદિ ૬૯
૮ કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૨૦ ૭૧
૪૨ પુણ્ય પ્રકૃતિ ૭૯
૮૨ પાપ પ્રકૃતિ ૮૦
ઘાતી–અઘાતી કર્મ ૮૧
પરાવર્તમાન–અપરાવર્તમાન ૮૨
કર્મબંધનો નિયમ— પુણ્યપાપની ચતુર્ભંગી ૮૩
ધ્રુવ–બંધી ૮૫
૧૮ મોક્ષ-માર્ગ ૮૬
મોક્ષ–માર્ગ ક્યારે મળે ?
ભવ્ય–અભવ્ય ૮૭
૧૯ માર્ગાનુસારી જીવન ૮૯
૩૫ ગુણોનો કોઠો ૯૦
૧૧ કર્તવ્ય ૯૦
૮ દોષત્યાગ ૯૨
૮ ગુણોનો આદર ૯૨
૮ સાધના ૯૩
અપુનર્બંધક અવસ્થા ૯૫
૨૦ સમ્યગ્દર્શન ૯૬
૬૭ પ્રકારનો વ્યવહાર ૯૭
૨૧–૨૨ દેશવિરતિ બારવ્રત ૧૦૨
૨૨ અભક્ષ્ય ૧૦૬
૩૨ અનંતકાય ૧૦૭
૧૫ કર્માદાન ૧૦૮
૨૩ ભાવશ્રાવક ૧૧૩
ભાવ શ્રાવકનાં ૬ લક્ષણ ૧૧૩
ભાવગત ૧૭ ગુણ ૧૧૫
૨૪ શ્રાવકની દિનચર્યા ૧૧૭
સંવેગવર્ધક ૧૦ ચિંતવના ૧૨૦
૨૫ નવકારમંત્ર અને પંચપરમેષ્ઠી ૧૨૧
૨૬ વ્રત-નિયમો ૧૨૫
પચ્ચક્ખાણ ૧૨૬
ચૌદ નિયમ ૧૨૯
બીજા નિયમો ૧૩૨
ચોમાસાના નિયમો ૧૩૪
૨૭ જિનભક્તિ અને ગુરુવંદન ૧૩૫
૧૦ ત્રિકની સમજ ૧૩૬

જિન અવસ્થા ચિંતન ૧૩૭
પૂજામાં સાવધાની ૧૪૧
ગુરુવંદન ૧૪૧
૨૮ પર્વો અને આરાધના ૧૪૨
પર્વ દિવસોની નોંધ ૧૪૩
૨૯ ચાતુર્માસિક-વાર્ષિક-
—જન્મ કર્તવ્યો ૧૪૭
ચાતુર્માસિક કર્તવ્યો ૧૪૭
વાર્ષિક કર્તવ્યો ૧૪૯
જન્મ કર્તવ્યો તથા
શ્રાવકની ૧૧ પ્રતિમા ૧૫૧
૩૦ સાધુધર્મ-સાધ્વાચાર ૧૫૨
સાધુની દિનચર્યા ૧૫૩
૧૦ સાધુ–સામાચારી ૧૫૫
૩૧ સંવર ૧૫૫
૫ સમિતિ ૧૫૬
૩ ગુપ્તિ ૧૫૬
૨૨ પરીસહ ૧૫૭
૧૦ યતિધર્મ ૧૫૮
૧૨ ભાવના ૧૫૮
પંચાચાર ૧૬૦
૩૨ નિર્જરા ૧૬૨
બાહ્ય તપના ૬ પ્રકાર ૧૬૨
આભ્યંતર તપના
૬ પ્રકાર ૧૬૩
૧૦ પ્રકારે પ્રાયશ્ચિત ૧૬૩
૭ પ્રકારે જ્ઞાનવિનય ૧૬૪
દર્શનવિનયમાં, શુશ્રૂષા-
વિનય ૧૦ પ્રકારે ૧૬૫
અનાશાતનાવિનય
૪૫ પ્રકારે
ચારિત્રવિનય ૧૫ પ્રકારે ,,
૩૩ ધ્યાન ૧૬૭
ધર્મધ્યાનના દશ પ્રકાર ૧૬૯
ધર્મધ્યાનના કેટલાક
નમૂના ૧૭૬
૩૪ મોક્ષ માર્ગણામાં
સત્પદ આદિ ૧૭૭
સત્પદ પ્રરૂપણાદિ ૧૭૮
૬૨ માર્ગણાદ્વાર ૧૮૦
નવતત્ત્વનો પ્રભાવ ૧૮૩
૩૫ આત્માનો વિકાસ ક્રમ:
ગુણસ્થાનક ૧૪ ૧૮૪
૩૬ પ્રમાણો અને જૈન
શાસ્ત્રોના વિભાગ ૧૯૧
૫ પ્રમાણ ૧૯૨
૬ ભેદે મતિજ્ઞાન
મતિજ્ઞાનના રૂપકો ૧૯૪
શ્રુતજ્ઞાન
૧૪ ભેદે શ્રુતજ્ઞાન ૧૯૫

| | | |
|---|---|---|
| | ૪૫ આગમ | |
| | પંચાંગી આગમ | ૧૯૬ |
| | ઉપદેશ શાસ્ત્રો | ૧૯૭ |
| | આચાર ગ્રંથો | |
| | યોગ ગ્રંથો | |
| | દર્શન શાસ્ત્રો | |
| | ચરિત્ર ગ્રંથો | |
| | જ્યોતિષ શાસ્ત્રાદિ | |
| | અવધિજ્ઞાન | ૧૯૮ |
| | મનઃપર્યાય જ્ઞાન | ૧૯૯ |
| | કેવળજ્ઞાન | |
| ૩૭ | **નય અને નિક્ષેપ** | ૨૦૨ |
| | નૈગમ નય | ૨૦૪ |
| | સંગ્રહ નય | ,, |
| | વ્યવહારનય | ૨૦૫ |
| | ઋજુસૂત્ર નય | ,, |
| | શબ્દ નય | ,, |
| | સમભિરૂઢ નય | ૨૦૬ |
| | એવંભૂત નય | ,, |
| | નિક્ષેપ | ૨૦૭ |
| | નામનિક્ષેપ | ૨૦૮ |
| | સ્થાપના નિક્ષેપ | ,, |
| | દ્રવ્ય નિક્ષેપ | ,, |
| | ભાવનિક્ષેપ | ,, |
| ૩૮ | **અનેકાન્તવાદ (સ્યાદ્વાદ)** | |
| | **સપ્તભંગી અનુયોગ** | ૨૦૯ |
| | ઉત્પાદ વ્યય-ધ્રૌવ્ય | ૨૧૨ |
| | સપ્તભંગી | ૨૧૩ |
| | અનુયોગ | ૨૧૬ |




# શુદ્ધિપત્રક

| પૃ. | પે. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧ | ૩ | ૧૧ | જન | જૈન |
| ૮ | ૧ | ૧૦ | તરવું | ઉતરવું |
| ૮ | ૨ | ૨ | જેન | જૈન |
| ૯ | ૨ | ૬ | પસાટકાના | પૈસાટકાના |
| ૧૦ | ૧ | ૧ | અસર્વંજ્ઞેના | અસર્વજ્ઞોના |
| ૧૦ | ૧ | ૪ | સવંજ્ઞે | સર્વજ્ઞે |
| ૧૧ | ૧ | ૧૪ | ઉપાયાય | ઉપાધ્યાય |
| ૧૧ | ૧ | ૧૭ | જાઠ | જૂઠ |
| ૧૧ | ૧ | ૧૮ | જ્ઞાપૂવંક | જ્ઞાપૂર્વક |
| ૧૧ | ૧ | ૧૯ | ક્ષિક્ષાવત | શિક્ષાવ્રત |
| ૧૩ | — | ૧૩ | સુખરૂંપ | સુખરૂપ |
| ૧૭ | ૫ | ૧ | જનધર્મમાં | જૈનધર્મમાં |
| ૧૭ | ૬ | ૧ | જનધર્મમાં | જૈનધર્મમાં |
| ૧૭ | ૭ | ૧ | જનધર્મમાં | જૈનધર્મમાં |
| ૨૩ | ૨ | ૨ | પસા | પૈસા |
| ૨૬ | ૧ | ૮ | (the worl) | (the world) |
| ૨૬ | ૨ | ૪ | દ્રવ્ય | દ્રવ્ય તે |
| ૨૯ | ૪ | ૪ | માનાતો | મનાતો |
| ૩૦ | ૧ | ૫ | કહે કે | કહો કે |
| ૪૦ | ૪ | ૧ | રાગ ેષ | રાગદ્વેષ |
| ૪૧ | ૧ | ૨ | રાગ ષ | રાગદ્વેષ |
| ૪૪ | — | ૨ | કમને | કર્મને |
| ૪૭ | — | ૧૦ | લોકમ | લોકમાં |
| ૪૭ | — | ૧૦ | વ્યંત | વ્યંતર |
| ૪૭ | — | ૧૧ | જ્યોતષ | જ્યોતિષ |
| ૫૩ | — | ૭ | અણુમાનો | અણુ માનો |
| ૫૯ | ૩ | ૬ | પાછા હટવામાં | પાછા ન હટવામાં |
| ૬૩ | ૧ | ૮ | પ્રત્યાખ્યાનને | પ્રત્યાખ્યાનનો |

| પૃ. | પે. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૬૬ | ૨ | ૩ | પ્રમા | દ્વેષ ,પ્રમાદ એમ રાગ, |
| ૬૯ | ૪ | ૧૦ | આજ્ઞાતા | અજ્ઞાતા |
| ૭૧ | ૧ | ૪ | વ રાગ્ય | વૈરાગ્ય |
| ૭૨ | – | ૨ | મ જ્ઞાન | મતિજ્ઞાન |
| ૭૨ | – | ૩ | ત જ્ઞાન | શ્રુતજ્ઞાન |
| ૭૨ | – | ૧૧ | ઈહિા ઉહાપોહ | ઈહા=ઉહાપોહ |
| ૭૨ | – | ૧૪ | હુંડાનો | હુંઠાનો |
| ૭૩ | ૨ | ૧૦ | પુરૂષવે | પુરૂષ વેદ |
| ૭૪ | ૫ | ૧ | = ૨;- | ગોત્ર= ૨,- |
| ૭૫ | ૨ | ૫ | ચતન્યનું | ચૈતન્યનું |
| ૮૭ | – | ૧૩ | (ચરમાવર્ત)મ | (ચરમાવર્ત)માં |
| ૮૮ | – | ૩ | ડે ઉંડે | ઉંડે ઉંડે |
| ૮૮ | ૧ | ૮ | ચરમાવર્તમાં | અચરમાવર્તમાં |
| ૯૪ | – | ૧૧ | શુશ્રષા | શુશ્રૂષા |
| ૯૪ | – | ૧૧ | ચવ | ચૈવ |
| ૯૪ | – | ૧૨ | અરગ | અગર |
| ૯૮ | – | ૪ | ૭ સ્થાન | ૬ સ્થાન |
| ૯૮ | ૩ | ૪ | વિદ્યાસાકની | વિદ્યાસાધકની |
| ૯૯ | ૧ | ૪ | જનધર્મમાં | જૈનધમમાં |
| ૧૦૦ | – | ૮ | દાનાદાનાદિધર્મ | દાનાદિધર્મ |
| ૧૦૧ | ૧ | ૪ | જનશાસન | જૈનશાસન |
| ૧૦૧ | ૨ | ૩ | નર્મળ | નિર્મળ |
| ૧૦૩ | ૫ | ૫ | આતભારારોપણ | અતિભારારોપણ |
| ૧૦૩ | ૬ | ૪ | ાલન | પાલન |
| ૧૦૪ | – | ૨ | દસ્તાવેજ લખવા | દસ્તાવેજ ન લખવા- |
| ૧૦૪ | ૨ | ૫ | કરવાના | કરવાની |
| ૧૦૫ | ૩ | ૪ | ાવપર | વાપર |
| ૧૦૬ | ૨ | ૨ | અનુપયોગી છે | અનુપયોગી ને હિંસા-દિપાપભર્યા છે. |

| પૃ. | પે. | પં. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|---|
| ૧૦૭ | ૧ | ૩ | પંચોન્દ્રય | પંચેન્દ્રિય |
| ૧૦૭ | ૧ | ૪ | અગ્નકાય | અગ્નિકાય |
| ૧૦૭ | ૧ | ૫ | ાવશેષાધિક | વિશેષાધિક |
| ૧૦૮ | — | ૬ | ાવરાલ | વિરાધ્ધા |
| ૧૦૮ | — | ૯ | ભિરિકાણુકા | ભિરિકર્ણિકા |
| ૧૧૦ | ૧ | ૩ | આધકરણ | અધિકરણ |
| ૧૧૦ | ૫ | ૨ | ાકકેટ | ક્રિકેટ |
| ૧૧૪ | ૧ | ૧૨ | ઉદ્યમા | ઉદ્યમી |
| ૧૧૫ | — | ૨ | ન ય | ન થાય |
| ૧૧૫ | — | ૪ | જરૂરી વા | જરૂરી દવા |
| ૧૧૫ | ૧ | ૨ | અરક્તાદૃષ્ટ | અરક્તદ્રિષ્ટ |
| ૧૧૫ | ૨ | ૩ | કરવો. ઈન્દ્રિયો | કરવો (૩) ઇંદ્રિયો |
| ૧૧૮ | ૧ | ૭ | મત્રી | મૈત્રી |
| ૧૧૯ | — | ૬ | અશ્રભીની | અશુભીની |
| ૧૧૯ | ૧ | ૪ | આભગ્રહ | અભિગ્રહ |
| ૧૨૧ | ૨ | ૬ | દ્રેષ | દ્વેષ |
| ૧૪૩ | — | ૭ | નવપદજીન | નવપદજીની |
| ૧૫૦ | — | ૧૪ | શ્રતપૂજા | શ્રુતપૂજા |
| ૧૫૦ | — | ૨૦ | શુદ્ધ | શુદ્ધિ |
| ૧૫૧ | ૧ | ૧૫ | ઉદ્દિષ્ટ | ઉદ્દિષ્ટ |
| ૧૫૨ | ૧ | ૬ | મોહાની | મોહની |
| ૧૬૬ | ૩ | ૨ | પ્રકાર | પ્રકારે |
| ૧૬૮ | ૨ | ૩ | કેર | ક્રૂર |
| ૧૯૧ | ૨ | ૧ | જન | જૈન |
| ૧૯૩ | ૧ | ૮ | વિશેષનાએ | વિશેષતાએ |
| ૧૯૪ | ૨ | ૧ | શ્રતજ્ઞાન | શ્રુતજ્ઞાન |
| ૧૯૯ | — | ૨ | અનુગામીવળી | અનનુગામી વળી |
| ૧૯૯ | ૧ | ૪ | એના પ્રકાર | એના બે પ્રકાર |

# જૈનધર્મનો સરળ પરિચય (ભાગ-૧)

## ૧ : પ્રવેશ

આ જગત એટલે શું ? આપણે કોણ છીએ ? અને આપણે શું કરવું જોઈએ ? આવા પ્રશ્નો શાણા માણસોને ઊઠે છે.

જગત શું છે એના વિચારમાં તત્ત્વનો વિચાર આવે.

આપણે કોણ ? એમાં આપણો જૂનો ઇતિહાસ, કયી અને કેવી રીતે આપણી અવનતિ થઈ એ, તથા હવે ઉત્થાન કયા ક્રમથી થાય, એ વિચારવાનું આવે.

આપણે કરવાનું શું ? એમાં ધર્મનો વિચાર આવે. આ પુસ્તકમાં આ બધો વિષય સરળતાથી રજૂ કરવામાં આવ્યો છે, એ વિષયોનો પરિચય જૈનધર્મે બતાવેલી રીતિએ અપાયો છે, તેથી આ પુસ્તકનું નામ 'જૈન ધર્મનો સરળ પરિચય' રાખવામાં આવ્યું છે.

અહીં આપણે પહેલાં ઉપર્યુક્ત વિષયોનો ટૂંકમાં ખ્યાલ કરી લઈએ.

(૧) જગત એટલે એકલા જડ પદાર્થો નથી, કેમકે જડમાં કોઇ બુદ્ધિ, યોજના-શક્તિ કે ઉદ્યમ નથી દેખાતા, તેથી આપણી નજર સામે દેખાતું વ્યવસ્થિત સર્જન અને સંચાલન માત્ર એ જડ પદાર્થ કરી શકે નહિ. એ જડની સાથે જીવતત્ત્વ (પદાર્થ) કામ કરે છે. માટે માનવું પડે કે **જીવ-**

વસ્તુની બુદ્ધિ, યોજનાશક્તિ અને ઉદ્યમ તથા જડની સહાય દ્વારા વિશ્વમાં વિવિધ સર્જન–સંચાલન બને છે. ટૂંકમાં જડની સહાય અને જીવનો પુરુષાર્થ,—બેના મિલનથી જગતની ઘટમાળ ચાલે છે.

જીવની તેવી તેવી બુદ્ધિ અને ઉદ્યમના લીધે જીવ પર જડ કર્મની રજ ચોંટે છે, અને એ કર્મ પાકી જાય છે ત્યારે તે જીવમાં અને જડમાં તે તે પ્રકારે ફેરફારો ઊભા કરે છે; જેના યોગે નવાં નવાં સર્જનો થયા કરે છે. તેથી માનવાને કારણ મળે છે કે એની પાછળ જીવ, જડ પુદ્ગલો અને કર્મ કામ કરી રહ્યા છે. દા. ત. માળીએ તો માત્ર ખાતર અને બીજ નાખી પાણી પાયું, પણ એની એ જમીન, ખાતર બીજ અને પાણી પર છોડ, પાંદડાં, ફૂલ અને ફળ જુદા જુદા રંગના, ઘાટના અને સ્વાદના કેવી રીતે વ્યવસ્થિત રૂપમાં તૈયાર થાય છે ? વળી આપણા શરીરની જેમ રોજ ને રોજ એ દરેક છોડવા સ્વતંત્રપણે જ મોટા શી રીતે થતા જાય છે ? એટલે માનવું પડે કે એ પુદ્ગલો પાછળ જીવ અને કર્મ કામ કરી રહ્યા છે. એ જ રીતે જમીનની અંદરની તેવી તેવી માટી, ધાતુઓ, પાષાણ તથા પાણી, અગ્નિ અને વાયુનાં સર્જન પાછળ પણ જીવ અને એના કર્મ કામ કરી રહ્યા છે. ત્યાં ઉત્પત્તિસ્થાનમાં જીવો પોતપોતાના કર્મના હિસાબે દાખલ થાય છે અને એને પોતાને યોગ્ય ખોરાક મળવાથી કર્માનુસાર વિચિત્ર શરીર બને છે. એનું જ નામ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે છે.

આ ઉપરથી સમજાશે કે આ જગતમાં થતાં સર્જનો પાછળ જીવ અને જડ એ બે તત્ત્વ કામ કરી રહ્યા છે. જીવને પોતાનાં કર્મ ભોગવવાનું તેવા તેવા શરીર દ્વારા થાય છે. વળી એમાં પાછા જીવની મિથ્યા વાસના, તેવી તેવી લાગણીઓ (દા.ત. તરીકે વનસ્પતિકાયમાં પણ ભય, લજ્જા, મોહની લાગણીઓ), મૂઢતા તેમજ, કાયિક પ્રવૃત્તિ વગેરે દ્વારા નવાં નવાં કર્મની રજ ચોંટે છે, એ કર્મનો વિપાક થતાં વળી તેવાં તેવાં સર્જન થાય છે. જીવ એક શરીરમાંથી નીકળી બીજું શરીર ધારણ કરે છે. બીજામાંથી નીકળી ત્રીજું,....આમ સમસ્ત વિશ્વની આવી વિચિત્ર ઘટમાળ ચાલ્યા કરે છે. જીવના સહારા વિના એકલાં જડનાં પણ સર્જન થાય છે. (દા. ત. સંધ્યાના રંગ, મેઘના ગર્જન શબ્દ, વરાળ, ધૂમાડો, છાયા, અંધકાર, અદૃશ્ય અણુમાંથી મોટા મોટા સ્કન્ધ ઈત્યાદિ.) વિશ્વમાં આ બધું સર્જન-સંચાલન અનાદિ કાળથી ચાલ્યું આવે છે. કોઈ પણ કાર્ય, કારણ-સામગ્રી વિના બની શકે જ નહીં. એટલે ક્યારેક પહેલા આ વિશ્વમાં કશું જ નહોતું અને પછી જીવ અને જડ અચાનક ફૂટી નીકળ્યાં, અગર એકલો જડ પદાર્થ પહેલાં હતો અને પછી જીવ પદાર્થ નવો જ બની ગયો, અગર જીવ તદ્દન ચોખ્ખો હતો અને એકાએક શરીર ધારણ કરવા લાગ્યો, આવું કાંઈ ઘટી શકે જ નહીં. કાર્ય બને એટલે પૂર્વે કારણો હોવાનું માનવું જ પડે. એ કારણોને પણ ઊભા થવામાં એના પણ કારણ માનવા જ પડે. એમ ક્યારેક તદ્દન પ્રાથમિક શરૂઆત નથી થઈ, પરંતુ પૂર્વપૂર્વ

કારણ વિચારતાં અનાદિ કાળથી આ ઘટમાળ ચાલી આવનારી માનવી જ પડે.

(૨) હવે એ વિચારીએ કે આપણે કોણ છીએ? પૂર્વે શું હતા? અને આપણું અધઃપતન—ઉન્નતિ શી રીતે?

પૂર્વે કહ્યું તેમ આપણું આ દેખાતું શરીર આપણા જીવનું શરીર છે. જીવના પોતાના પૂર્વ કર્મને અનુસાર તેનું નિર્માણ અને વર્ધન થયું છે. આયુષ્યકર્મની પૂર્ણાહુતિ સુધી આ શરીરમાં આપણા જીવને એકમેક થઈને રહેવું પડે છે. શરીરમાં જીવ અને એનાં કર્મ છે માટે જ શરીર મનમાની રીતે હાલે છે, ચાલે છે, કામ કરે છે. આંખ જુએ છે, કાન સાંભળે છે, જીભ ચાખે છે, તેમજ એકલી રોટલી ખાવા છતાં એમાંથી લોહી, માંસ, હાડકાં, કેશ, નખ, કફ, મળ-મૂત્ર આ બધારૂપે વિચિત્ર પરિવર્તન થાય છે. જીવ અને કર્મની શક્તિ-સહકાર વિના એકલા શરીર અને રોટલીની તાકાત નથી કે આવું બધું બનાવી શકે. જ્યાં સુધી શરીરમાં જીવ બેઠો છે ત્યાં સુધી જ આ પ્રક્રિયા ચાલુ રહે છે. મડદામાં આમાંનું કશું જ ન થાય.

માતાના પેટની અંદર પણ માતાનો ખાવાપીવા સિવાય કોઈ પ્રયત્ન નહિ છતાં વ્યવસ્થિત રીતે બાળક તૈયાર થાય છે. એ બાળકના જીવ અને કર્મના લઈને થાય છે. માટે તો એક જ માતાના બે બાળકોના શરીર વર્ણ, આકૃતિ, સ્વર તથા બીજી ખાસિયતોમાં ય ફરક પડે છે. આથી ફલિત થાય છે કે આપણે જીવ છીએ. જીવ અનાદિ અનંત કાળથી કર્મબંધ કરે છે, શરીરમાં પૂરાય છે, ત્યાં કર્મ કરે

છે. વળી આ જીવે અનંતાનંત કાળ સૂક્ષ્મ એકેન્દ્રિય વનસ્પતિકાયમાં કાઢચો. ત્યાં અનંતીવાર જન્મમરણ કર્યાં! પહેલાં કહી આવ્યા તેમ સૂક્ષ્મ લાગણીઓ અને આહારગ્રહણ વગેરે કાયિક પ્રવૃત્તિ દ્વારા જીવ કર્મથી લેપાતો જ રહ્યો. જુના કર્મ ભોગવવાં, નવાં ઊભાં કરવાં, એ કર્મથી નવા નવા શરીર બનવા, વગેરે ચાલ્યા કર્યું. આ કર્મ સારા-નરસા (પુણ્ય, પાપ) એમ બે પ્રકારે હોય છે. કચારેક કંઇક પુણ્યશક્તિ વધતાં, વનસ્પતિકાયમાંથી બહાર નીકળી પૃથ્વી-કાયાદિપણું પામ્યો. તેમાં ય ઉપર-નીચેની યોનિમાં જન્મ મળતાં બેઇંદ્રિયપણું ત્રીન્દ્રિયપણું (તેઇન્દ્રિયપણું) ચઉરિન્દ્રિયપણું પંચેન્દ્રિયપણું વગેરેમાં ભટકવાનું થયું. વચમાં એકેન્દ્રિયપણું પણ પામતો ગયો. પાપ વધતાં નીચે પડવાનું અને પુણ્ય વધતાં ઊંચે આવવાનું બન્યું. આવી રખડપટ્ટી અનંતાનંત કાળથી ચાલુ છે.

પ્ર૦—પુણ્ય શી રીતે વધ્યું ?

ઉ૦—એક તો કર્મનો બહુ માર ખાધા પછી (અકામ નિર્જરાથી) કર્મલઘુતા થવાને કારણે સહજ શુભ ભાવથી પુણ્ય વધે છે. બીજું ધર્મ કરવાથી પુણ્ય વધે છે. એમાં આગળ આગળ પુણ્ય વધ્યે જ જાય એવો નિયમ નથી. જીવ જેવો વર્તે તેવાં તેવાં પુણ્ય કે પાપ ઊભા થાય છે. ત્યાં બહુ માર ખાધા પછી કે અશુદ્ધ ધર્મ સેવીને ઊભાં કરેલા પુણ્યને ભોગવવાનું આવે છે ત્યારે જીવ લગભગ પાપાચરણમાં પડી નવાં પાપ વધારી નીચે ગબડે છે; પણ જો શુદ્ધ ધર્મ આચરે તો તેથી વધેલી પુણ્યાઈ ભોગવવાની

આવે. ત્યારે ફરી શુધ્ધ ધર્મ સૂઝે છે, પુણ્ય વધે છે, અને આગળ વધે છે. એમાં વળી પાછો જો મોહમૂઢ બની ભૂલે તો નીચે ગબડે છે.

પ્ર૦—શુદ્ધ ધર્મ શું?

ઉ૦—શુદ્ધ ધર્મ, વીતરાગ, સર્વજ્ઞ બનેલા ભગવન્તે કહ્યો હોય તે છે. કેમકે તેઓ સર્વજ્ઞ બનેલા ત્રણે કાળની પરિસ્થિતિ પ્રત્યક્ષ નિહાળે છે, તેમજ વીતરાગ હોવાથી, જૂઠ બોલાવનારા કારણો રાગ-દ્વેષ વગેરે એમને છે નહિ, તેથી જીવ અજીવ વગેરે તત્ત્વ કયાં કયાં અને જીવની અવનતિ-ઉન્નતિ કેમ થાય છે, તથા ધર્મનું સ્વરૂપ શું છે, તે બરાબર જોયા પ્રમાણે જ કહે છે. એ એવો ધર્મ બતાવે છે કે જેનાથી પ્રત્યક્ષમાં પણ દોષો, દુષ્કૃત્યો અને આર્તધ્યાન ઘટી આત્મામાં ક્રમસર વિકાસ થતો દેખાય, આંતરિક સાચી સુખશાંતિ વધે, તેમ જ ભવાંતરે સદ્ગતિ, ને સારી સામગ્રી પ્રાપ્ત થાય, અને ત્યાં અધિક ધર્મસાધના કરતો કરતો જીવ આગળ વધે.

આ શુદ્ધધર્મનો પ્રારંભ વૈરાગ્યથી થાય છે. વૈરાગ્ય એટલે સંસાર અને ઈન્દ્રિયના વિષયો પ્રત્યે નફરત, અરુચિ, કંટાળો; મનને એમ થાય કે—'આ વારંવાર જન્મવું-મરવું એ શું? આ શરીરરૂપી પુદ્ગલના લોચા મેળવવા, ને એને વધારવાની જ વેઠ કરવી, પાછાં એ ખોવાઈ તો જવાના જ, તોય જીવનમાં અનેકાનેક પ્રકારની જડની ગુલામી કયાં કરવી? છતાં સરવાળે કેમ? તો કે અહીંથી ડીસમીસ થાઓ,

મરીને ચાલ્યા જાઓ. આ બધું શું? કેવો આ સંસાર અને તેના તકલેદી સુખ! કેમ આમાંથી છૂટાય?'

આમ સંસાર પર, સંસાર-ભ્રમણ પર નફરત જાગે, અરુચિ થાય, કંટાળો આવે અને એમાંથી છૂટવા દિલ તલસે, એનું નામ વૈરાગ્ય. એમાંથી જ શુદ્ધધર્મની શરૂઆત થાય, એ વિના નહિ.

જડ પદાર્થોની ધાંધલભર્યા સંસાર ઉપર નફરત ન થાય ત્યાં સુધી અંતરાત્મા પર અને અંતરાત્માને જડથી નિવૃત્ત કરવા પર દૃષ્ટિ જ જશે નહિ. દૃષ્ટિ જ ન જાગે તો ધર્મ પણ શા માટે કરે? પૈસા-ટકા કે દુન્યવી સુખ-સન્માનના જ લક્ષવાળો જીવ પણ એ માટે ધર્મ સાથે સોદા કરે છે, પરંતુ એ કાંઈ ધર્મ નથી. ધર્મ તો સંસારના પાંજરામાંથી છૂટવા માટે છે. છૂટવાના માર્ગે લઈ જનારી સદ્ગતિ વગેરે સામગ્રી છે. એ સારૂ આત્માનું લક્ષ જોઈએ. એ લક્ષ તો જ આવે કે જો જડમાત્રના બંધન પર નફરત છૂટે. માટે જ શુદ્ધધર્મની શરૂઆતમાં જડ બંધનમય સંસાર પર વૈરાગ્ય જોઈએ. વૈરાગ્ય આવે એટલે સાચી મોક્ષરુચિ આવે.

પ્ર૦—આવો ધર્મ ક્યારે મળે?

ઉ૦—જીવનો આ સંસારથી છૂટકારો (મોક્ષ) પામવા પૂર્વના એક પુદ્ગલપરાવર્તકાળમાં જ ધર્મ મળે છે. એ છેલ્લો અર્થાત્ ચરમ પુદ્ગલપરાવર્તકાળ યાને ચરમાવર્તકાળ કહેવાય છે. (અસંખ્ય વર્ષ=૧ પલ્યોપમકાળ, ૧૦ કોટાકોટિ પલ્યો૦=૧ સાગરોપમ, ૨૦ કોટાકોટિ સાગરો૦=૧ કાળચક્ર. અનંતા કાળચક્ર=૧ પુદ્ગલ પરાવર્તકાળ).

ચરમાવર્તકાળ પૂર્વે અચરમાવર્તકાળમાં ધર્મ મળતો જ નથી. કેમકે ત્યાં વૈરાગ્ય, આત્મદૃષ્ટિ કે મોક્ષદૃષ્ટિ આવતી જ નથી. ત્યાં તો માત્ર જડનો મોહ, ક્રોધાદિ કષાયો, મિથ્યામતિ હિંસાદિ પાપો અને ભવાભિનંદિતા વગેરેમાં નિર્ભીકપણે ડૂબાડૂબ રહેવાનું અને નરક, તિર્યંચ, મનુષ્ય દેવ એ ચાર ગતિઓમાં રખડ્યા કરવાનું. એમાં પણ બેઈન્દ્રિયથી માંડી પંચેંદ્રિયપણા સુધીની અવસ્થા જે ત્રસ-પણું કહેવાય, તેમાં વધુમાં વધુ ૨૦૦૦ સાગરોપમ સુધી ટકી શકે. એમાં મોક્ષ ન થયો તો છેવટે એટલા કાળ પછી તો એકેન્દ્રિયપણામાં ઉતરવું જ પડે. ત્યાં વધુમાં વધુ કદાચ અનંતા કાળચક્ર પણ નીકળી જાય. તે પછી ઊંચો આવે એમાં ય ૨૦૦૦ સાગરોપમ સુધીમાં મોક્ષ ન પામ્યો તો એટલા કાળના ત્રસપણામાંથી યા કદાચ એની પહેલાં પણ પાછું એકેન્દ્રિયપણામાં ઘસડાઈ જવાનું. અનંતાનંત કાળમાં આવું બને એમાં નવાઈ નથી. વાત આ છે કે અચરમાવર્ત કાળમાં જીવને આત્મા તરફ કોઈ દૃષ્ટિ જ નહિ, સંસાર પર વૈરાગ્ય નહિ, પાપનો ખરેખરો ભય નહિ. એ બધું ચરમાવર્ત કાળમાં જ થાય. ત્યાં પણ શરૂઆતમાં ય થાય, પછી ય થાય, વચમાં ય થાય કે લગભગ છેડે પણ થાય.

પ્ર૦—આત્માની ઉન્નતિ અર્થાત ધર્મમાં આગળ પ્રગતિ અંગે જૈન દર્શન શું કહે છે ?

ઉ૦—અહીં એટલું સમજી લેવાનું છે કે પૂર્વે કહ્યું તેમ અનાદિકાળથી સૂક્ષ્મ વનસ્પતિકાયપણામાં જ જન્મ-

મરણ કરતા જીવને ભવિતવ્યના યોગે બહાર નીકળવાનું થાય છે, અને પૃથ્વીકાયાદિ યોનિઓમાં ફરવાનું થાય છે. એમાં બે જાતના જીવ હોય, એક ભવ્ય એટલે કે મોક્ષ પામવાની લાયકાતવાળા જીવ, અને બીજા અભવ્ય એટલે કે લાયકાત વિનાના. અભવ્યને તો કદી મોક્ષ જ નહિ; તેથી ક્યારે ય ચરમાવર્તકાળ જ નહિ. ભવ્યને તે કાળ મળે. પણ મુખ્યતયા કાળના સહારાથી મળે; અર્થાત્ એટલો કાળ પસાર થયા પછી જ મળે. કાળના સહારાથી ચરમાવર્તમાં આવ્યા પછી હવે જીવને શુભ કર્મ–પુણ્યાઈનો સહારો મળે તો પંચેંદ્રિયપણું વગેરે મળે; અને ત્યાં પુરુષાર્થ કરે તો ધર્મ પામે. આમ ભવિતવ્યતા, કાળ, સ્વભાવ કર્મ અને પુરુષાર્થ આ પાંચ કારણ કામ કરી રહ્યા હોય છે. એમાં સારો મનુષ્યભવ વગેરે અને દેવ–ગુરુ–ધર્મના સંયોગ મળ્યા પછી હવે ધર્મદૃષ્ટિ જાગી. એનો અર્થ એ કે પહેલાં ચાર કારણ તો અનુકૂળ થઈ ગયા છે; હવે પુરુષાર્થ કરવાનો બાકી રહે છે. પુરુષાર્થ કરનારો જીવ કઈ રીતે આગળ વધે છે, એનો ક્રમ જુદી જુદી અપેક્ષાએ વિચારીએ.

[૧) ધર્મને એક વૃક્ષ કલ્પીએ તો પહેલાં ધર્મબીજ આત્મક્ષેત્રમાં વવાવું જોઈએ. એ ધર્મબીજ એટલે ધર્મપ્રશંસા. બીજાના ધર્મને જોઈ, દા ત. (કોઇની તપસ્યા, કોઈનું મહાન દાન વગેરે જોઈ) 'અહો! કેવો સુંદર પ્રયત્ન' એવી જે પ્રશંસા થાય તે ધર્મબીજ છે. કેવળ રંગરાગ કે પૈસાટકાના પૂજારીને તો એમ લાગશે કે 'આ શી મૂર્ખાઈ!

તપથી રંગરાગ ગુમાવે છે અને પૈસા ફોગટ ફેંકી દે છે!' ત્યારે જેને કંઈક રંગરાગ અને લક્ષ્મીનો પક્ષપાત ઘટયો હોય તેને જ બીજાના દાન, તપ વગેરે પર આકર્ષણ થાય, તે પછી ધર્મપ્રશંસા થાય; એ જ ધર્મ-બીજનું વાવેતર થયું. પછી પોતાને ધર્મ કરવાની અભિલાષા તીવ્ર રુચિ જાગે એ અંકુર ફુટયો કહેવાય. આગળ એ સાંભળવા-સમજવાનું મળે સમજે એ કંદ કહેવાય. એના પર શ્રદ્ધા થાય, આચરણ કરાય અને એ રીતે વિકાસ કરતાં કરતાં છેવટ મોક્ષ થાય છે. એ બધું, નાળ, પત્ર, પુષ્પ, પાકા ફળ સુધી પહોંચ્યા ગણાય. અહિંસા, ક્ષમા, સત્ય વગેરે કોઈપણ ધર્મ સિદ્ધ કરવા માટે પહેલું તે તે ધર્મનું બીજવાવેતર જરૂરી છે. અર્થાત્ તે તે ધર્મની પહેલી તો શુદ્ધ પ્રશંસા થવી જોઈએ એનું નામ ધર્મબીજાધાન. પછી તે તે ધર્મની રુચિ અભિલાષારૂપી અંકુર વગેરે પ્રગટ કરી આગળ તે તે ધર્મવૃક્ષ વધારતાં તે ધર્મસિદ્ધિરૂપી ફળ આવે.

ધર્મપ્રશંસાની આ વસ્તુ તો અસર્વજ્ઞના ધર્મોમાં પણ બને છે, કિંતુ ત્યાં સાચી ધર્મશ્રદ્ધા નથી મળતી. એમાં કોઈક જન્મમાં પોતે મિથ્યા આગ્રહ વિનાનો બન્યો હોય અને સર્વજ્ઞે કહેલા સત્યધર્મનું શ્રવણ મળી જાય અને એને એ સાંભળી ચમત્કાર લાગે કે 'અહો કેટલો સચોટ સયુક્તિક અને પ્રમાણસિદ્ધ કલ્યાણ ધર્મ! આ જ સત્ય ધર્મ છે, સત્ય મોક્ષમાર્ગ છે. આનાં જ તત્ત્વ એ સત્ય તત્ત્વ છે,' એવી શ્રદ્ધા થાય તો એ, મૂળ ધર્મપ્રશંસા રૂપી બીજ પર અંકુરો, કંદ, નાળ, પત્ર, પુષ્પ વગેરે થઈને ફળ આવ્યું

કહેવાય. હવે આ સદ્ધર્મ–શ્રદ્ધા, સત્–તત્ત્વ–શ્રદ્ધા, કે જેને સમ્યગ્દર્શન કહેવાય એ બીજ બને છે. એના પર સમ્યગ્ જ્ઞાન, સમ્યક્ ચારિત્ર, સમ્યક્ તપની સાધના થાય તો છેવટે મોક્ષફળ આવે છે.

[૨] મોક્ષમાર્ગની દૃષ્ટિએ જોઈએ તો હવે ધર્મ એટલે મોક્ષ પમાડનાર સમ્યગ્ આચરણ. પૂર્વે કહ્યું તેમાં ચરમાવર્તમાં જ્યારે કંઈક પણ આત્મા તરફ દૃષ્ટિ જાય છે અને જડના રંગરાગની જ એક માત્ર જે લેશ્યા હતી તે મોળી પડે છે, ત્યારે જીવ ન્યાયસંપન્નતા, કૃતજ્ઞતા, દયા, પરોપકાર વગેરેનું સેવન કરતો થાય છે. આ સેવન વાસ્તવિક મોક્ષમાર્ગ યાને સમ્યગ્દર્શનાદિ તરફ લઈ જનારો હોવાથી, માર્ગાનુસારી જીવન યા સામાન્ય ગૃહસ્થધર્મ કહેવાય છે. એ સેવતાં સેવતાં સદ્ગુરુનો યોગ થાય તથા સર્વજ્ઞકથિત વાસ્તવિક તત્વ અને મોક્ષમાર્ગ સાંભળવા–સમજવા મળ્યે શ્રદ્ધા થાય ત્યાં સમ્યગ્દર્શન થાય છે. એમાં પછી વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર અરિહંત ભગવાનની પૂજાભક્તિ, સંસારત્યાગી, અહિંસાદિ મહાવ્રતધારી સાધુ મહાત્માની ભક્તિ, સર્વજ્ઞની વાણીનું શ્રવણ, તીર્થયાત્રા, અરિહંત-સિદ્ધ–આચાર્ય-ઉપાધ્યાય –સાધુ એ પાંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવાના મંત્રનું સ્મરણ, જાપ વગેરે સમ્યગ્દર્શનની કરણી કરે છે. આગળ વીર્યોલ્લાસ પ્રગટ કરી હિંસા, જૂઠ વગેરે પાપના સ્થૂલ ત્યાગની પ્રતિજ્ઞાપૂર્વક પાંચ અણુવ્રત ગ્રહણ કરે છે એની સાથે ત્રણ– ગુણવ્રત, ચાર શિક્ષાવ્રત તથા બીજી શ્રાવકપણાની કરણી કરતો કરતો જીવ ઊંચો આવે છે. એમાં વૈરાગ્ય અને

વીર્યોલ્લાસ વધતાં સાંસારિક સર્વ સંબંધોનો ત્યાગ કરી સૂક્ષ્મ કોટિની અહિંસા, સત્ય વગેરે મહાવ્રતો સ્વીકારી મુનિ બને છે. એમાં જ્ઞાનાચાર વગેરે પંચાચારનું પાલન કરી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પામે છે.

જીવને આ બધી આત્માની ઉન્નતિ કરતાં અનેક ભવ લાગે છે. નિશાળના ધોરણોની જેમ અનેક જન્મોમાં પ્રગતિ કરતાં કરતાં છેવટે કોઇ મનુષ્યભવમાં પરાકાષ્ઠાએ પહોંચવાનું બને છે. માટે બીજા નીચી કોટીના જીવ તરફ અરુચિ, દ્વેષ ન કરતાં, તેમ જ જાત માટે ખોટી ચિંતા, નિરાશા ન સેવતાં, એક માત્ર ધર્મસાધના, યોગસાધનાને યોગ્યતા-સાધનામાં લક્ષ રાખી મન-વચન-કાયાથી પુરુષાર્થ કરવો.

હવે અહીં આગળ લખાણમાં તત્ત્વ અને મોક્ષમાર્ગનો કંઈક વિસ્તારથી વિચાર કરીએ.

---

## ૨–જીવનમાં ધર્મની જરૂર.

પ્ર૦—જીવનમાં ધર્મની શી જરૂર છે?

ઉ૦—જીવનમાં જેટલી સુખની જરૂર છે એટલી જ ધર્મની જરૂર છે. કેમકે સુખ ધર્મથી જ મળે છે, 'સુખ ધર્મથી, દુઃખ પાપથી 'सुखं धर्मात् दुःखं पापात्,' આ સનાતન સત્ય છે. ધર્મ પરલોકને તો સારો કરે છે, ઉપરાંત અહિં પણ સુખ દેખાડે છે; કેમકે સુખ એ અતંરના અનુભવની વસ્તુ છે, બાહ્ય પદાર્થોનો ધર્મ નહિ, એટલું ધ્યાનમાં રહે; કેમકે બાહ્યના ઢગલા હોવા છતાં પણ ચિત્ત જો કોઈ ચિંતાથી સળગી રહ્યું હોય તો સુખ શું? ટૂંકી બુધ્ધિવાળા

માને છે કે સુખ ધનમાં છે, સ્ત્રીમાં છે, મેવામીઠાઈમાં છે, માનપાન અને સત્તા-સાહ્યબીમાં છે. પણ જગતમાં જુઓ તો દેખાય છે કે કેટલાકને ધન માલ ઓછું છે છતાં વધારે સુખી છે, અને કેટલાંકને એ વધારે છે છતાં એમની પાસે સુખ-શાંતિ ફરકતી નથી. બીજી વાત એ છે કે જો સુખ ધનમાલનો ગુણ હોત તો ધન આદિની-અધિકતામાં સુખનો અનુભવ વધત, પરંતુ એક-બે લાડુ ખાતાં સુખ થાય છે, પણ અધિક ખાવામાં આવતાં ઉલટી જેવું થાય છે. એક પત્ની કરીને જે સુખ લાગે છે તે સુખ બે ત્રણ કરવા જતાં વધવાને બદલે ઉલ્ટું ઘટી જાય છે. તો સુખ એમાં શાનું કહેવાય ? વળી એકની એક ચીજથી પોતાને સુખ અને બીજાને દુઃખ લાગે છે. તેમ પોતાને એક વસ્તુ એક વાર સુખરૂપ અને પછી દુઃખરૂપ લાગે છે. તો ચીજમાં ચોક્કસ શું સુખ કે દુઃખ ? કશું નહિ. સુખ એ બાહ્યવસ્તુનો ધર્મ નથી; એ તો આત્માની ચીજ છે. પરંતુ એ ત્યારે જ અનુભવમાં આવે છે કે જયારે કોઈ ચિંતા ન હોય, ભય ન હોય, સંતાપ નહિ, અજંપો ન હોય, પરંતુ નિશ્ચિંતતા હોય, નિર્ભયતા હોય, શાંતિ હોય, મન મસ્ત અને માતબર હોય. ધર્મ આ સ્થિતિ ઊભી કરી આપે છે. એટલે પછી જેમ વનવગડામાં અત્યંત ભૂખ્યાને સુકો રોટલો પણ મહાઆનંદ આપે છે, તેવી રીતે ધર્માત્માને દુન્યવી સામાન્ય સંયોગમાં પણ મહાન આનંદ રહે છે; જેમકે સાધુ મહર્ષિને. ઉપરાંત ધર્મ એ એવા પુણ્યના થોક આપે છે કે એ જીવને પરભવમાં સારી દેવ-મનુષ્યાદિ ગતિ, સારૂં

ફળ, આરોગ્ય, ઋદ્ધિ સમૃદ્ધિ અને ધર્મસામગ્રી આપે છે. બસ, અહીં અને ભવિષ્યમાં સુખ જોઇએ છે, તો ધર્મ આરાધવાની ખાસ જરુર છે. કહ્યું છે:—

व्यसनशतगतानां क्लेशरोगातुराणां ।
मरणभयहतानां दुःखशोकार्दितानाम् ॥
जगतिबहुविधानां व्याकुलानां जनानां ।
शरणमशरणानां नित्यमेको हि धर्मः ॥

—સેંકડો સંકટ પ્રાપ્ત થયેલાને, ક્લેશ અને રોગથી પીડાતાને, મરણના ભયથી વિહ્વળ બનેલાને, દુઃખ–શોકથી દુઃખિતને, અનેક પ્રકારે આકૂળ–વ્યાકૂળ લોકોને અને નિરાધારને જગતમાં હંમેશાં એક માત્ર શરણભૂત ધર્મ જ છે.

જીવનમાં ધર્મની જરૂર એટલા માટે પણ છે કે જીવ પોતાના પ્રત્યે બીજાના તરફથી ધર્મવર્તાવ જ ઇચ્છે છે. દા.ત. દરેક ઈચ્છે છે કે 'કોઈ મારી હિંસા ન કરે, મારા તરફ દયા–સ્નેહ–ઉદારતાથી વર્તે; મારી આગળ જૂઠ ન બોલે, મારી વસ્તુની ચોરી ન કરે; મારી પત્ની તરફ દષ્ટિ ન નાખે....' વગેરે. તો પછી બીજાઓ પણ એવું જ ઇચ્છતા હોય. માટે વર્તાવ પાપનો નહિ, પણ ધર્મનો જ જરૂરી છે, એ સિદ્ધ થાય છે, એટલે જીવનમાં ધર્મ જરૂરી છે.

## ૩ : ધર્મપરીક્ષા

એવો ધર્મ વાસ્તવિક કયો હોઈ શકે? આવો એક પ્રશ્ન ઊઠે છે. ખુલાસો એ છે કે જે ધર્મ સોનાની જેમ કષ, છેદ અને તાપની પરીક્ષામાં પાસ થાય તે જ ખરો ધર્મ છે, તે આદરણીય છે.

૧. પહેલી વાત :—કષ એટલે કસોટી-પરીક્ષામાં પાસ એ કે જેમાં યોગ્ય વિધિ-નિષેધ કહ્યા હોય; અર્થાત્ અમુકની પ્રવૃત્તિનું યોગ્ય વિધાન કર્યું હોય અને અમુકનો યોગ્ય નિષેધ એટલે કે અમુકથી નિવૃત્ત થવાનું કહ્યું હોય, અમુકનો આદર અને અમુકનો ત્યાગ કરવાનું યોગ્ય ફરમાવ્યું હોય, દા. ત. "જ્ઞાન, ધ્યાન, તપ વગેરે કરવા અને હિંસાદિ છોડવા." આમાં જ્ઞાનાદિનું વિધાન અને હિંસાદિનો નિષેધ છે.

૨. બીજી વાત :—વિધિનિષેધને અનુરૂપ અર્થાત પુષ્ટ કરનાર આચાર-અનુષ્ઠાન જે ધર્મમાં ફરમાવ્યાં હોય તે છેદ-પરીક્ષામાં પાસ કહેવાય. દા. ત. પહેલા નિષેધ તો કર્યો કે કોઈ જીવની હિંસા નહિ કરવી. પછી અનુષ્ઠાન તરીકે કહ્યું પશુને મારીને યજ્ઞ કરવો, તો આ કાંઈ નિષેધને અનુરૂપ ન થયું. ઉલટું હિંસાના નિષેધનો ભંગ કરનારું થયું. માટે એ ધર્મ છેદ-પરીક્ષામાં પાસ ન થાય. જૈન ધર્મમાં આવું નથી. કેમકે ગૃહસ્થ કે સાધુ માટે જે આચાર-અનુષ્ઠાન બતાવ્યા છે, એ વિધિ અને નિષેધની સાથે સંગત છે, પોષક છે. સાધુ માટે કહ્યું, 'સમિતિ ગુપ્તિ પાળો, અર્થાત્ જીવરક્ષા થાય એ રીતે ચાલો, બોલો, બેસો, ઊઠો, ભિક્ષા લો...' વગેરે ગૃહસ્થ શ્રાવકને પણ સામાયિક વ્રત, નિયમ, દેવગુરુ-ભક્તિ વગેરે અનુષ્ઠાનો એવા બતાવ્યાં છે કે જે વિધિ-નિષેધથી સહેજ પણ વિરુદ્ધ જતાં નથી.

ત્રીજી વાત :—ધર્મની તાપ-પરીક્ષા એ છે કે વિધિ-નિષેધ અને આચાર-અનુષ્ઠાન સંગત બની શકે એવા તત્ત્વ અને સિદ્ધાન્ત માન્ય હોવા જોઇએ. દા. ત. તત્ત્વ

માન્યું કે એક, શુદ્ધ, બુદ્ધ (આત્મા) એ જ તત્વ છે. હવે જો એમ જ હોય તો વિધિ-નિષેધ કેમ ઘટે ? નિષેધ એ છે કે-"કોઈ પણ જીવને મારવો નહિ." જો આત્મા એક જ હોય, બીજો કોઈ આત્મા હોય જ નહિ, તો પછી કોણ કોને મારે ?

એમ કોઈએ તત્ત્વ માન્યું કે આત્મા ક્ષણિક છે, અર્થાત્ ક્ષણમાં નાશ પામે છે. બીજી ક્ષણે બીજો નવો આત્મા પેદા થઇ ક્ષણમાં નાશ પામે છે. આ પ્રમાણે આત્મા ક્ષણે ક્ષણે નાશ પામે છે. આત્મતત્વ જો આવું ક્ષણિક હોય તો નિષિદ્ધ હિંસાના અનાચરણનો અને વિહિત તપ-ધ્યાનનું ફળ કોને ? કેમકે હિંસા કે તપ-ધ્યાન કરનાર આત્મા તો ક્ષણમાં નાશ પામ્યો. એમ જીવ એકાંતે નિત્ય જ હોય, અર્થાત એનામાં કોઈ પણ ફેરફાર થાય જ નહિ. તો પછી ફળભોગને માટે જરૂરી પરિવર્તન ક્યાં રહેશે ? માટે આ તત્ત્વ-સિદ્ધાન્તની માન્યતામાં વિધિ નિષેધ અને આચાર અનુષ્ઠાન સંગત ન બન્યા.

જૈનધર્મ કહે છે 'આત્મા અનંતા છે, વળી એ નિત્યાનિત્ય છે.' તેથી વિધિ-નિષેધ અને આચાર તત્વ-સિદ્ધાન્તની સાથે સંગત બની શકે છે. આત્મા અનંત છે તેથી એકને બીજાની હિંસાનો પ્રસંગ હોઈ શકે છે. તેમ નિત્યાનિત્ય છે, એટલે જીવ, દ્રવ્ય તરીકે નિત્ય અને અવસ્થા (પર્યાય) તરીકે અનિત્ય છે; તેથી હિંસાદિના ફળ ભોગવવા એ કાયમ છે, અને અનિત્ય છે એટલે અવસ્થા બદલાય છે, તેથી ફળ ભોગવવા માટે બીજી અવસ્થા આવી શકે છે. આમ જૈન ધર્મ ત્રણે પરીક્ષામાં પાસ થવાથી સો ટચના સોના જેવો શુદ્ધ છે. આ ઉપરથી ધર્મનું સ્વરૂપ શું હોઇ શકે એ સમજાશે.

## ૪. જૈનધર્મ એ વિશ્વ ધર્મ છે ?

શું જૈન ધર્મને વિશ્વધર્મ કહેવાય ? હા, કહી શકાય; કેમકે—

(૧) જૈન ધર્મમાં વિશ્વનું યથાસ્થિત સ્વરૂપ રજુ થયું છે.

(૨) જૈન ધર્મ એ વિશ્વ માટેનો ધર્મ છે, કેમકે સમસ્ત વિશ્વને ગ્રાહ્ય થાય એવા સર્વવ્યાપી નિયમો એમાં ફરમાવ્યા છે.

(૩) એમાં ધર્મના પ્રણેતા તરીકે અને આરાધ્ય ઈષ્ટ દેવ તરીકે કોઈ એક સ્થાપિત વ્યક્તિ નથી; પરંતુ આરાધ્ય અને પ્રણેતા તરીકે જે વીતરાગતા, સર્વજ્ઞતા, સત્યવાદિતા વગેરે ચોકકસ ગુણો અને વિશેષતા જોઇએ, એવા ગુણો અને વિશેષતા વાળાને જ ઈષ્ટ દેવ અને પ્રણેતા માનવામાં આવ્યા છે.

(૪) જૈન ધર્મમાં વિશ્વના પ્રાથમિક પ્રારંભિક યોગ્યતાવાળા જીવથી માંડીને ક્રમશઃ સર્વોચ્ચ કક્ષા સુધી પહોંચેલા જીવોનું હિત થાય એવી અને પાલનમાં ઉતરી શકે એવી વિવિધ કક્ષાવાળી સાધના બતાવી છે.

(૫) જૈનધર્મમાં સમસ્ત વિશ્વનાં યુક્તિસિદ્ધ અને ખરેખર વિદ્યમાન તત્વો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે.

(૬) જૈનધર્મમાં વર્તમાન વિશ્વની દુઃખદ સમસ્યાનો ઉકેલ કરી શકે એવા અનેકાંતવાદાદી સિધ્ધાન્ત અને અહિંસા અપરિગ્રહાદિરૂપ આચાર–મર્યાદા જોવા મળે છે. માટે જૈન ધર્મને વિશ્વહિતકારી ધર્મ કહી શકાય.

આજની દુનિયાના સમર્થ નાટ્યકાર, ચિંતક તથા મહાન સલાહકાર બર્નાર્ડ શોને ગાંધીજીના પુત્ર દેવીદાસ તરફથી પૂછવામાં આવ્યું કે–"જો પરલોક જેવી વસ્તુ હોય તો તમે આ જન્મ પછી ક્યાં જન્મ થાય તે ઇચ્છો છો ?"

બર્નાર્ડશોએ જવાબ આપ્યો કે–"હું જૈન થવા માગુ છું."

દેવીદાસ ચોંકી ઉઠ્યા અને વિચારવા લાગ્યા કે પોતાના દેશનો ખ્રિસ્તી ધર્મ અને ભારતનો ૪૦ ક્રોડની સંખ્યાવાળા અનુયાયીઓનો હિંદુધર્મ છોડી ૨૦-૨૫ લાખની સંખ્યાવાળા અનુયાયીઓના જૈનધર્મને આ કેમ પસંદ કરે છે ? દેવીદાસે શોને પૂછ્યું, 'કેમ એમ ?'

બર્નાર્ડ શો કહે છે, 'જૈન ધર્મમાં ઇશ્વર–પરમાત્મા બનવાનો પરવાનો ( Sole Agency ) કોઈ પણ એક વ્યક્તિને ઈજારો નથી આપી દેવામાં આવ્યો. પરંતુ વિશિષ્ટ યોગ્યતાવાળો કોઇ પણ મનુષ્ય આત્માની ઉન્નતિ–ઉર્ધ્વીકરણ કરીને પરમાત્મા બની શકે છે; તેમજ એ માટે એમાં વ્યવસ્થિત ક્રમિક સાધના માર્ગ બતાવ્યો છે જે વૈજ્ઞાનિક પણ છે. એવો વ્યવસ્થિત–સક્રિય ક્રમિક અને વૈજ્ઞાનિક સાધનામાર્ગ બીજે નથી.'

**ધર્મના મુખ્ય બે વિભાગ :** એક વિભાગ, પાલન કરવાના આચાર–વિચારનો. બીજો જાણવા અને માનવાનાં તત્ત્વોનો. બીજા શબ્દોમાં કહીએ તો ધર્મે એ બતાવવું જોઇએ કે આ વિશ્વ શું છે, વિશ્વ–વ્યવસ્થા કેવી રીતે ચાલે છે, એમાં જીવ સાથે કયા તત્ત્વો જોડાયા છે, અને આચાર–વિચાર કયા કયા છે કે જે મોક્ષ તરફ પ્રયાણ શરૂ કરાવે અને એ પ્રયાણને અખંડ રાખે.

## ૫. વિશ્વ શું છે ?

વિશ્વ શું છે? વિશ્વ એ ચેતન અને જડ દ્રવ્યોનો સમૂહ છે. જડ દ્રવ્યોમાં પુદ્ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આકાશ અને કાળ ગણાય છે. એનું વર્ણન આગળ કરીશું.

પ્રશ્ન૦—શું આ દ્રવ્યો સિવાય વિદ્યુત શકિત વગેરે વસ્તુઓ વિશ્વમાં નથી ?

ઉત્તર—છે, પણ એ જુદી વસ્તુઓ નથી. શકિત પણ દ્રવ્યોનો એક ગુણ-ધર્મ છે. શકિત-ગુણ-અવસ્થા વગેરેને કોઈ આધાર જોઇએ. દા. ત. પ્રકાશ-શક્તિનો આધાર દીવો, રત્ન વગેરે છે. એટલે દ્રવ્ય સિવાય શકિત નામની કોઈ સ્વતંત્ર વસ્તુ નથી.

પ્ર૦—તો ચૈતન્યને પણ જડ શરીરની જ એક શક્તિ માનો. કેમકે તે પણ જડથી જુદું દેખાતું નથી એટલે વિશ્વ-માત્ર જડદ્રવ્યમય રહ્યું. ચેતન દ્રવ્ય વળી જુદું કયું ?

ઉત્તર—ચેતન દ્રવ્ય જૂદું સ્વતંત્ર દ્રવ્ય છે. માત્ર એમાં વર્ણ, સ્પર્શ વગેરે ધર્મો નહિ હોવાથી આંખ વગેરે બાહ્ય ઇન્દ્રિયોથી દેખી શકાતું નથી. ચેતન દ્રવ્ય શરીરમાં પ્રવિષ્ટ છે. શરીર નજરે દેખાય છે એટલે એમાં જ ચૈતન્ય, જ્ઞાન, રાગ, ઇચ્છા, સુખ-દુઃખ વગેરે હોવાનો ભાસ થાય છે. બાકી ખરેખર એ શરીરનો ધર્મ નથી. શરીરમાં પૂરાયેલા ચેતન દ્રવ્ય-આત્મદ્રવ્યનો ધર્મ છે.

પ્ર૦—ચૈતન્ય વગેરે ધર્મો શરીરના નથી એમ શા માટે ?

ઉત્તર—એટલા માટે કે શરીર જડ છે, તેથી માટી, લાકડું

પત્થર વગેરે જડની જેમ એમાં વર્ણ-રસ-ગંધ-સ્પર્શ હોઈ શકે છે. પરંતુ ચૈતન્ય, જ્ઞાન, સુખ-દુઃખ વગેરે ધર્મ નહિ, એનાં કારણો એ છે કે (૧) મરેલાના શરીરમાં એ ધર્મો બિલકુલ દેખાતા નથી. વળી (૨) શરીરનાં ઘટક મૂળ દ્રવ્યો, માટી, પાણી વગેરેમાં જ્ઞાનાદિ તદ્દન છે જ નહિ. દારૂનાં ઘટક દ્રવ્ય આટો, પાણી, ગોળ વગેરેમાં અંશે ય મદશક્તિ છે. તો ભેગા મળવાથી બનેલ દારૂમાં મદશકિત દેખાય છે. અહીં માટી યા અન્ન, પાણી વગેરેમાં અંશે ય જ્ઞાન, સુખ-દુઃખ વગેરે ક્યાં છે? તો એથી બનેલા શરીરના એ ધર્મ કેમ મનાય? માટે કહેવું પડે છે કે એ શરીરમાં એક અદૃશ્ય ચેતન દ્રવ્ય છે, એના એ ધર્મ છે. રાખમાં ભીનાશ, શીતળતા, ચીકાશ નથી દેખાતી, પરંતુ એમાં પાણી ભળ્યું હોય તો એ દેખાય છે. માટે જોઈને કહીએ છીએ કે આમાં પાણી ભળ્યું છે એના એ ગુણધર્મ છે. એમ શરીરમાં ચેતન આત્મા ભળેલો છે, એના એ જ્ઞાનાદિ ગુણધર્મ છે. માટે જ શરીરમાંથી આત્મા નીકળી ગયા પછી એ મુદ્દલ દેખાતા નથી.

---

## ૬—સ્વતંત્ર આત્મદ્રવ્યનાં પ્રમાણ

પ્ર૦—જગતમાં ચેતન-આત્મદ્રવ્ય, જડ કરતાં એક જુદું જ, સ્વતંત્ર દ્રવ્ય હોવાનું પ્રમાણ છે?

ઉત્તર—હા, અનેક પ્રમાણ છે. (૧) ઉપર કહ્યું તેમ જ્ઞાન, ઇચ્છા, સુખ-દુઃખ, રાગ-દ્વેષ, ક્ષમા-નમ્રતા વગેરે ધર્મો, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ કરતાં તદ્દન વિલક્ષણ છે. તેથી

એ જ્ઞાનાદિના આધાર તરીકે જડ કરતાં વિલક્ષણ દ્રવ્ય જોઈએ. એ જ સ્વતંત્ર આત્મદ્રવ્ય.

(૨) શરીરમાં આત્મા છે ત્યાં સુધી જ ખાધેલા અન્નના રસ, રુધિર, મેદ, કેશ, નખ વગેરે પરિણામ બને છે. મડદામાં આત્મા નથી તો કશું નથી બનતું.

(૩) શરીરમાંથી જીવ ગયો, હવે આમાં જીવ નથી, એમ કહેવાય છે ત્યાં જીવ એ જ આત્મદ્રવ્ય.

(૪) શરીર વધે કે ઘટે તો ય જ્ઞાન, સુખ, દુઃખાદિ વધતાં ઘટતાં નથી. એ સૂચવે છે કે જ્ઞાનાદિ શરીરના ધર્મ નથી, આત્મદ્રવ્યના છે.

(૫) શરીર એક ઘર જેવું છે. એમાં રસોડું, પાયખાનું, પાકખાનું છે, બારીઓ છે. તો એ ઘરમાં રહેનાર ઘરનો માલિક કોઇ જુદો જ હોવો જોઈએ, તે જ આત્મા.

(૬) એમ શરીર એ કારખાનું છે, પેટ બોઈલર છે; હૃદય મશીન છે. મગજ એ મેનેજરની ઓફીસ છે. ત્યારે એ બધાનો સંચાલક–માલિક કોણ? કહો, આત્મા. જે શરીરમાંથી આત્મા ગયો એનું બધું કામ બંધ. માળી ગયે બગીચો ઉજડ!

(૭) શરીર એ કાપડની જેમ ભોગ્ય વસ્તુ છે; મેલું થયું હોય તો એને ઉજળું કરાય છે. તેલ માલિસથી સુંવાળું કરાય છે. પફ–પાવડરથી સુંદર અને સુશોભિત કરાય છે. મેલું હોય તો ગમતું નથી. પણ આ બધું મમતાથી કરનાર કોણ? શરીર સ્વયં નહિ પણ આત્મા.

(૮) શરીર એક ઘરની જેમ બનેલી રચના છે. એને આટલું વ્યવસ્થિત બનાવનાર કોણ? કહો કે પરલોકથી ચાલી આવેલા આત્માનાં જ પૂર્વોપાર્જિત કર્મ.

(૯) ઇન્દ્રિયોમાં જ્ઞાન કરવાની સ્વતંત્ર શક્તિ નથી; કેમકે મડદું થયે ઇન્દ્રિયો કાયમ હોવા છતાં કશું કરી શકતી નથી. વળી ચક્ષુ, શ્રોત્ર વગેરે એકબીજાથી તદ્દન જુદા હોઈ 'જે હું વાજિંત્ર જોઉં છું તે જ હું શબ્દ સાંભળું છું,' આવું આવું અલગ અલગ દશ્ય-રૂપ, શ્રવ્ય-શબ્દ, ઈત્યાદિનું એકીકરણ કરી શકે નહિ તો એ જ્ઞાન અને એકીકરણ વગેરે કરનાર કોઇ એક સ્વતંત્ર દ્રવ્ય હોવું જ જોઇએ અને તે જ આત્મા. શરીર કોઈ એક ચીજ નથી. એ તો હાથ, પગ, મોં, માથું, છાતી, પેટ વગેરેનો સમૂહ છે. એ કોઈ એક વ્યક્તિ નહિ કે જે એકીકરણ કરી શકે. માટે એક સ્વતંત્ર વ્યક્તિ તરીકે આત્મદ્રવ્ય માનવું પડશે.

(૧૦) કોઈ એક ઇન્દ્રિય નાશ પામ્યા પછી પણ એના પૂર્વ અનુભવોનું સ્મરણ થાય છે, એ કરનાર આત્મા જ છે.

(૧૧) નવ નવા વિચારો, લાગણીઓ, ઇચ્છા તથા હાથ-પગ વગેરે અવયવોનું હલનચલન કરવાનો પ્રયત્ન કરનાર આત્મા છે. પોતે ધારે ત્યારે ચાલુ કરે અને ધારે ત્યારે બંધ.

(૧૨) આત્મા નથી એ બોલવા પર જ આત્મા પુરવાર થાય છે. વસ્તુ ક્યાંય વિદ્યમાન હોય એનો જ બીજે નિષેધ થઇ શકે છે. જડને અજીવ કહેવાય છે, હવે જો જીવ જેવી વસ્તુ નહિ તો અજીવ શું ? જગતમાં બ્રાહ્મણ છે તો જ અબ્રાહ્મણ કહી શકાય.

(૧૩) શરીરના પર્યાય-શબ્દ યાને બીજા શબ્દ 'દેહ' 'કાયા' 'કલેવર' છે. જીવના પર્યાય શબ્દ 'આત્મા' 'ચેતન'

વગેરે છે. જુદા પર્યાય જુદી જુદી વસ્તુના જ હોય.

(૧૪) કોઇને પૂર્વભવનું સ્મરણ થાય છે અને પાછલું બધું પોતાના અનુભવ જેવું લાગે છે. આ વસ્તુ શરીરથી આત્મા જુદો હોય અને તે પૂર્વ જન્મમાંથી અહિં આવ્યો હોય તો જ ઘટી શકે, તો જ પૂર્વનું સ્મરણ કરી શકે. નહિતર પૂર્વના શરીરના અનુભવ અનુસાર આ શરીરને યાદ ન આવી શકે. અનુભવ કોઈ કરે અને સ્મરણ બીજો કરે એ કેમ બને ?

(૧૫) બજારની ખાતર આરામી જતી કરાય છે અને પસા ખાતર એક બજાર મૂકી બીજો પકડાય છે. એ પૈસા પણ પુત્રની ખાતર ખરચી નખાય છે. તેમજ એ પુત્રને પણ બળતા ઘરના ચોથા મજલે છોડી પહેલા માળેથી પોતાનું શરીર બહાર કાઢી લેવામાં આવે છે. કેમ આમ ? કહો, વધુ પ્રિય ખાતર અવસરે ઓછું પ્રિય જતું કરાય છે. તો પ્રશ્ન છે કે—અવસરે કલેશ—રગડામાં શરીર પણ આપઘાતથી જતું કરાય છે; તે કઈ વધુ પ્રિય વસ્તુ ખાતર ? કહેવું જ પડશે કે આત્મા ખાતર. 'મર્યા પછી મારે આ જોવું નહિ અને દુઃખી થવું નહિ' એમ ત્યાં થાય છે. એટલે સૌથી અધિક પ્રિય તરીકે આત્મા જડથી તદ્દન જુદો એક સ્વતંત્ર દ્રવ્ય તરીકે સિદ્ધ થાય છે.

## ૭—આત્માનાં ષટ્ સ્થાન

(૧) જગતમાં આવા સ્વતંત્ર આત્મદ્રવ્યો અનંત છે. તેથી જ આ આત્મદ્રવ્યો અને જડ-દ્રવ્યોના પરસ્પર સહકારથી

આ વિશ્વની ઘટમાળ ચાલે છે. જીવ, જડ–અન્ન ખાય છે તો શરીર પેદા થાય છે, ટકે છે, અને વધે છે. શરીરને અવયવો તથા ઈન્દ્રિયો છે. તો જીવ એના દ્વારા ગમનાગમન કરે છે, જુવે છે, જ્ઞાન લે છે.

(૨) આ આત્મદ્રવ્યો કોઈએ બનાવ્યા નથી, પણ સનાતન નિત્ય છે. એક શરીરમાંથી બીજા શરીરમાં, એક ગતિમાંથી બીજી ગતિમાં નિરાધાર અને પરાધીનપણે ભ્રમણ સંસરણ કરે છે. એ સંસરણનું નામ 'સંસાર.'

(૩) આત્મા વિવિધ વૃત્તિ–પ્રવૃત્તિથી કર્મ ઉપાર્જન કરે છે. આત્માએ વૃત્તિ કે પ્રવૃત્તિ કરી એટલે કર્મ એને ચોંટી જ પડે છે. માટે આત્મા કર્મનો કર્તા છે.

(૪) આત્મા કર્મનો ભોક્તા છે. એને ઉપાર્જેલા કર્મના ફળ ભોગવવા પડે છે. પોતાના કરેલા કર્મ પોતાને જ ભોગવવાનાં. એ કર્મનું પરિણામ વિવિધ શરીરોનું નિર્માણ, અજ્ઞાન દશા, રોગ, જશ, અપજશ વગેરે આવે છે.

(૫) કર્મથી બંધાયેલા આત્માનો મોક્ષ પણ થઈ શકે છે. કર્મ અને દેહાદિકનાં આત્યન્તિક વિયોગને મોક્ષ કહેવાય.

(૬) મોક્ષના ઉપાય પણ છે. રાગ, દ્વેષ, અજ્ઞાન વગેરે કર્મબંધના કારણોને રોકી એનાથી વિપરીત કારણો સેવાય તો સર્વકર્મનો ક્ષય થઇ જરૂર અંતે મોક્ષ થાય.

૧. આત્મા છે. ૨. આત્મા નિત્ય છે. ૩. કર્મનો કર્તા છે. ૪. કર્મના ફલનો ભોક્તા છે. ૫. આત્માનો મોક્ષ છે. ૬. મોક્ષના ઉપાય છે. આત્મા સંબંધી આ છ મુદ્દાને

ષટ્સ્થાન કહેવાય છે. એને સ્વીકારે તે આસ્તિક કહેવાય. એને ન માને તે નાસ્તિક કહેવાય. 'षट् स्थानं अस्ति' માને તે આસ્તિક...'नास्ति' કહે તે નાસ્તિક.

---

## ૮—૭ દ્રવ્ય—પંચાસ્તિકાય-વિશ્વસંચાલન

પૂર્વે કહી આવ્યા કે વિશ્વ એ જીવો અને જડદ્રવ્યોનો સમૂહ છે. એમાં (૧) જીવદ્રવ્યની થોડી વાત થઈ.

(૨) જે જડદ્રવ્યોમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે એને પુદ્ગલ દ્રવ્ય કહેવાય છે. એમાંનો એક વિભાગ કર્મના પુદ્ગલનો. જીવ સાથે કષાય (રાગદ્વેષાદિ) તથા યોગ=મન-વચન-કાયાની પ્રવૃત્તિની ચીકાશને કારણે તેલિયા કપડા પર ધૂળ ચોંટે તેમ કર્મ ચોંટે છે, અને એ જીવ પર શરીર વગેરે જુદા જુદા ભાવો સર્જે છે. જીવને કષાય થવાનું કારણ પણ જીવના પૂર્વ કર્મનો ઉદય-વિપાક છે. એ કર્મ પણ જીવે કષાયથી ભેગા કરેલાં. એ કષાયમાં પણ, કારણનો નિયમ વિચારતાં પૂર્વ પૂર્વના કર્મ અને કષાય જવાબદાર બને છે. કારણ વિના તો કાર્ય બને જ નહિ. એટલે અનંતા કાળ પૂર્વે પણ શું હતું ? એ વિચારીએ તો જીવને કોઈ પૂર્વ કર્મના વિપાક વિના જ એકાએક કષાય થઈ ગયા, અગર તો કષાય વિના એકાએક કર્મ ચોંટી ગયા, એમ બની શકે જ નહિ. કષાય થયા તો કર્મ હતા અને કર્મ ચોંટયાં તો કષાય પણ હતા માટે જ. તાત્પર્ય એ, કે બેમાંથી કોઈની શરૂઆત કારણ વિના નહોતી થઈ. માટે જ નક્કી થાય છે કે બન્નેની ધારા અનાદિકાળથી ચાલી આવે છે. એનું જ નામ સંસાર. સંસાર અનાદિથી

ચાલ્યો આવે છે. આ વસ્તુ (પિતા–પુત્ર, વૃક્ષ–બીજ, મરઘી–ઇંડું વગેરે દષ્ટાંતોથી સમજી શકાય છે. પિતા પણ કોઈનો પુત્ર છે. એ પણ એની પહેલાના કોઈ પિતાનો પુત્ર છે, મરઘી પણ કોઈ ઇંડામાંથી થઈ. એ ઇંડું પણ કોઈ મરઘીમાંથી થએલું. આમ એક સરખી ધારા અનાદિકાળથી ચાલી આવે છે.

જીવને કર્મ–પુદ્ગલ કષાયમાં પ્રેરે છે અને કર્મને જીવ સર્જે છે. પરસ્પરનાં સહયોગથી નવાં નવાં શરીર, ઇન્દ્રિયો વગેરે બને છે. એ બનાવવા કર્મ સિવાય બીજાં પુદ્ગલ કામ લાગે છે. એ પુદ્ગલ શું છે અને એ પ્રક્રિયા કેવી રીતે થાય છે? એનો વિચાર આગળ કરીશું. પરંતુ મુખ્ય કાર્યવાહી જીવ અને જડ પુદ્ગલથી થાય છે એ સમજી રાખવું. જીવ અને પુદ્ગલમાં નવી નવી અવસ્થાઓ ફેરફારો થયા કરે એનું જ નામ વિશ્વનું સંચાલન. (Working of the world)

(૩) આકાશદ્રવ્ય :— જીવ અને પુદ્ગલને રહેવા જગ્યા જોઇએ, તે આપનાર આકાશદ્રવ્ય છે. કહેશો કે આકાશ વળી શું? એ તો શૂન્ય છે. ના, જગ્યા—અવકાશ આપવાનું કાર્ય શુન્યથી ન બને. એને માટે તો કોઈ દ્રવ્ય જોઇએ. દ્રવ્ય તે કહેવાય કે જે કંઇ ને કંઈ કાર્ય કરે અને જેનામાં ગુણ પર્યાય રહે. ( પર્યાય=અવસ્થા )

આકાશ અવકાશ–દાનનું કાર્ય કરે છે અને એમાં એકત્વ સંખ્યા, મહાપરિમાણ વગેરે ગુણો છે. તથા ઘટાકાશ, મઠાકાશ વગેરે એના પર્યાયો છે. એટલા માટે આકાશ એ દ્રવ્ય છે. આકાશ કેટલું મોટું? તેનું માપ નથી, એનો છેડો હોઇ શકે

નહિ. નહિ તો પ્રશ્ન થાય કે છેડો એટલે ખાલી અવકાશ પૂરો થયા પછી આગળ શું ? માટે આકાશ અંતરહિત અનંત છે. એવા આકાશમાં જીવ અને પુદ્ગલ સર્વત્ર ગમનાગમન કરી શકતા હોત તો તો આજે જે વ્યવસ્થિત વિશ્વ દેખાયછે એ દેખાત નહિ. બધું ખેરવિખેર, કયાંનું કયાં જઈ પડયું હોત ! પણ એવું નથી. આકાશનાં અમુક ભાગમાં જ જીવ અને જડ પુદ્ગલોનું ગમનાગમન થાય છે. આકાશના જેટલા ભાગમાં એ બને છે, એટલા ભાગને લોક (લોકાકાશ) કહેવાય છે. બાકીનાં ખાલી ભાગને અલોક (અલોકાકાશ) કહેવાય છે. ત્યાં જીવ કે પુદ્ગલ નથી.

(૪) **ધર્માસ્તિકાય:**—જીવ અને પુદ્ગલનું ગમનાગમન લોકાકાશમાં જ થાય. એનું નિયામક ધર્માસ્તિકાય છે. અર્થાત્ જેમ તળાવનાં જેટલા ભાગમાં પાણી છે તેટલા જ ભાગમાં માછલી હરી–ફરી શકે છે. માટે પાણી માછલીને ગતિમાં સહાયક કહેવાય છે. તેમ જીવ અને પુદ્ગલની ગતિ (ગમનાગમન)માં સહાયક ધર્માસ્તિકાય, એ લોકાકાશમાં જ વ્યાપ્ત છે, તેથી જીવ અને પુદ્ગલ એની સહાયથી માત્ર લોકમાં જ ગતિ કરી શકે છે.

(૫) અધર્માસ્તિકાય:—વળી જેવી રીતે ઊભા રહેવા શીખનારા નાના બાળકને કે લાંબી બિમારીમાંથી ઊઠેલ માણસને ઊભા રહેવામાં કોઈનો હાથ યા કઠેડા વગેરેનો ટેકો સહાયક છે, તેમ જીવ અને પુદ્ગલને ઊભા રહી શકવા, સ્થિર થઈ શકવામાં સહાયક કોઈ દ્રવ્ય છે. એ દ્રવ્યનું નામ અધર્મા-

સ્તિકાય છે. એ પણ લોકમાં જ વ્યાપ્ત છે. તેથી બહુ બહુ તો જીવ-પુદ્ગલ લોકના છેડા સુધી જઈ શકે છે, માટે જ અહીં કર્મમુક્ત થયેલો જીવ ઊંચે જઈને લોકના અંતે સ્થિતિ કરે છે, સ્થિર થાય છે.

(૬) કાળદ્રવ્યઃ-આ પાંચ દ્રવ્યો ઉપરાંત જીવ અને પુદ્ગલમાં નવું-જુનું, બહુ જુનું, હાલનું, પૂર્વનું, બહુ પૂર્વનું, એવા ભાવો કરનાર કાળ નામનું દ્રવ્ય છે. ચીજ એની એ છે પણ હમણાં નવી કહેવાય છે, અને કલાક પછી બીજી ચીજ ઉત્પન્ન થઈ એની અપેક્ષાએ પૂર્વની એ ચીજ જુની કહેવાય છે. આ નવાનું જુનું કરે છે કોણ ? કહો, કાળ. એમાં સેકંડ, મિનિટ, કલાક, દિન, વર્ષ વગેરે અથવા સમય, ક્ષણ, ઘડી, પળ, દિવસ વગેરે હિસાબ છે. આમ ૧. જીવ, ૨. પુદ્ગલ, ૩. આકાશ, ૪. ધર્માસ્તિકાય, ૫. અધર્માસ્તિકાય અને ૬, કાળ,-એ છ દ્રવ્ય છે.

બસ આ છ દ્રવ્યોનો સમૂહ એનું જ નામ વિશ્વ. આ જીવ પુદ્ગલ વગેરે છએ દ્રવ્યો મૂલરૂપે કાયમ રહે છે. પરંતુ એક બીજાના સહકારથી એમાં નવી નવી રીતભાત થાય, ને જુની જુની નષ્ટ થાય; અર્થાત્ મુખ્ય જીવ અને કર્મના હિસાબે અથવા કુદરતી રીતે નવી નવી ઉત્પત્તિ અને વિનાશ થાય છે. મૂળ છ દ્રવ્ય અવિનાશી છે. એમાં અવસ્થાઓ બદલાયા કરે છે અર્થાત ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યની મહાસત્તાને અનુભવતા દ્રવ્યોમાં જે અવસ્થા-પર્યાયનું પરિવર્તન થયા કરે છે, એ જ વિશ્વનું સંચાલન છે.

પ્રશ્ન—અહીં છ દ્રવ્યોમાં પૂર્વે ધર્માસ્તિકાય કહ્યો એમાં અસ્તિકાય એટલે શું અને અસ્તિકાય કોણ કોણ?

ઉત્તર—અસ્તિ=અંશ, પ્રદેશ. કાય=સમૂહ. જે દ્રવ્યમાં અંશ યાને પ્રદેશનો સમૂહ હોય તેનું નામ અસ્તિકાય. દા. ત. ધર્મ નામનું દ્રવ્ય લોકવ્યાપી એક દ્રવ્ય હોવા છતાં તે સમસ્ત નહિ પરંતુ પોતાના અમુક અમુક અંશથી ત્યાં રહેલા જીવ કે પુદ્દગલને ગતિમાં સહાય કરે છે. એથી એમાં અંશ સાબિત થાય છે.

અસ્તિકાય પાંચ છે, જીવાસ્તિકાય, પુદ્દગલાસ્તિકાય, આકાશાસ્તિકાય,ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય ભાગ છૂટા પડી શકે યા ન પડી શકે, પણ જ્યાં અંશ કલ્પી શકાય તેનું નામ અસ્તિકાય.

કાળ જ્યારે જુઓ ત્યારે માત્ર વર્તમાન એક સમયરૂપ જ મળે, સમુહ ન મળે, તેથી કાળ એ અસ્તિકાય નથી. વળી એક અપેક્ષાએ કાળ એ જીવાદિ દ્રવ્યનો પર્યાય જ છે, તેથી સ્વતંત્ર દ્રવ્યરૂપ નથી મનાતો એટલે પાંચ અસ્તિકાય દ્રવ્યો એ જ વિશ્વ.

## ૯—જગત્કર્તા કોણ? ઈશ્વર નહિ.

વિશ્વનું સર્જન સંચાલન કોઈ ઇશ્વર કે ઇશ્વરીય શક્તિ નથી કરતી, કિન્તુ જીવ અને કર્મ કરે છે. પુરુષાર્થ જીવનો, અને ટેકો કર્મનો. આ ઉપરાંત જો ઈશ્વરને જગત્કર્તા તરીકે લાવીએ તો અનેક પ્રશ્ન ઊભા થાય છે કે (૧) એ કયા પ્રયોજને ઘડભાંગ કરે? (૨) અમુક જ જાતનું કેમ કરે? (૩)

ઈશ્વર જો દયાળુ હોય તો જીવને દુઃખદાયી થાય એવા પદાર્થોનું સર્જન કેમ કરે? (૪) પોતે કયા શરીરથી કરે? એ શરીર શામાંથી અને શી રીતે બન્યું?....વગેરે.

આના ઉપર વિચારતાં નવી સમસ્યાઓ ખડી થાય છે. (૧) ઈશ્વર જો કોઈ પ્રયોજન વિના સર્જન કે નાશ કરે તો એ મૂર્ખ રમત કહેવાય. (૨) ક્રીડાથી કરે તો બાળક કહેવાય. (૩) દયાથી કરે તો બધાને સુખી અને બધા માટે સુખના સાધન કરવા જોઈએ. (૪) જો કહે કે ઈશ્વર તો ન્યાયાધીશ છે, તેથી જીવને ગુનાની સજા માટે દુઃખના સાધન સર્જે છે, તો ત્યાં પહેલો પ્રશ્ન એ જ થાય કે આટલું બધું કરી શકનાર ઈશ્વર તો સર્વ શક્તિમાન ગણાય, અને એને દયાળુ તો માનો જ છો, તો એ ઈશ્વર જીવને ગુનો જ શા માટે કરવા દે કે જેથી પછી એ ગુનાની સજા કરવી પડે? ઈશ્વર પોતાની શક્તિથી જીવને પાપથી કેમ રોકે નહિ? પોલીસ પોતાની સામે જ કોઈને બીજાનું ખૂન કરતો જોઈ રહે તો એ પોલીસ પણ ગુનેગાર ગણાય. શું ઈશ્વરને ગુનેગાર ઠરાવવો છે? અગર ગુનો કરતા રોકવાની તાકાત વિનાનો ગણાવવો છે? યા નિર્દય મનાવવો છે? (૫) વળી એ પણ પ્રશ્ન છે કે ઈશ્વર ક્યાં બેસીને સર્જન કરે છે? તમારા માનવા પ્રમાણે તો પૃથ્વી પણ ઈશ્વર બનાવશે ત્યારે થશે, તો પૃથ્વીને ક્યાં બેસીને બનાવશે? વળી ઈશ્વરનું શરીર ક્યાંથી આવ્યું, કોણે બનાવ્યું? ઇશ્વરને પહેલાં શરીર હતું નહીં તો હાથ-પગ વિના શી રીતે વિશ્વને

ઘડે છે? સ્વયં નિરાકાર ઈશ્વરે સાકાર રચના કેવી રીતે કરી? સારાંશ એ છે કે ઇશ્વર જગતકર્તા નથી.

જગતકર્તા જીવ અને કર્મ:—ત્યારે જો જીવોના તેવા તેવા કર્મના હિસાબે જ ઈશ્વર સર્જન કરે છે માટે ઈસ્વરને કર્તા માનવો છે, તો એવું માનવાથી સર્યું. કહો કે કર્મ જ સર્જન કરે છે. મોટા પર્વતો, નદીઓ, સૂર્ય-ચંદ્ર વગેરેને કર્મ બનાવે છે. એ બધાં સર્જન જીવોના શરીરના જુથ છે. તે તે જીવોના તેવા તેવા કર્મના હિસાબે તેવા તેવા શરીર બને છે; એનું જ નામ પર્વત, વૃક્ષ, પૃથ્વી વગેરે છે; એ કોઈ જીવતા શરીર છે માટે જ કપાવા-છેદાવા છતાં મનુષ્યશરીરના ઘાની જેમ ફરીવાર પુરાઇ-રુઝાઈ જાય છે, અને બરાબર અખંડ જેવાં થઇ જાય છે. અને જીવ નીકળી જતાં એવું નથી બનતું. માનવ શરીરમાંથી પણ જો જીવ નીકળી જાય છે તો ઘા પુરાતો-રુઝાતો નથી. એનો અર્થ જ એ, કે જીવ છે તો જ કર્મના સહારે નવાં શરીરનું કે શરીરના અન્ય ભાગોનું સર્જન-સમારકામ થાય છે.

જમીન, ખાતર, બીજ, પાણી વગેરે વિદ્યમાન હોવા છતાં ત્યાં જીવો દાખલ થઇને જ બીજમાંથી લીલો અંકુર, કત્થાઈ થડ, લીલાં પાન, ગુલાબી ફૂલ, મધુરું ફળ, વગેરે-રૂપે પોતપોતાના શરીર બનાવે છે.

## ૧૦. દ્રવ્ય—ગુણ—પર્યાય

પહેલાં કહી આવ્યા કે વિશ્વ છ દ્રવ્યમય છે, અને એ દ્રવ્યોમાં, ગુણ-પર્યાયનું કામકાજ ચાલે છે તે વિશ્વનું

સંચલન છે. આમાં 'દ્રવ્ય' એટલે જેનામાં ગુણ–પર્યાય રહે, (પર્યાય=અવસ્થા), અર્થાત્ જેનામાં ગુણ હોય, શક્તિ હોય અને જેને અનેક અવસ્થાઓ હોય, તે દ્રવ્ય કહેવાય. જગતમાં દ્રવ્ય જેવી વસ્તુ હોય તો જ એના આધારે ગુણ–પર્યાય અને શક્તિ રહી શકે.

ગુણ–પર્યાયમાં ફરક આ છે કે–'**सहभाविनो गुणाः क्रमभाविनः पर्यायाः**' સાથે રહે તે ગુણ, ક્રમસર થયા કરે તે પર્યાય. દા. ત. સોનામાં પીળાશ, ચળકાટ, કઠણાઈ વગેરે સાથે રહે છે તે ગુણો કહેવાય, અને લગડી, કડું, કંઠી વગેરે અવસ્થા ક્રમસર બને છે તે પર્યાય કહેવાય. જીવમાં જ્ઞાન, દર્શન વગેરે ગુણો છે, અને બાળપણું કુમારપણું યુવાની વગેરે પર્યાયો છે. હવે આમાં અપેક્ષાએ ગુણને પણ પર્યાય કહેવાય, કેમકે તે ય ક્રમસર પણ થયા કરે છે. દા. ત. પહેલા સૂર્યાસ્તનું પ્રત્યક્ષ જ્ઞાન, પછી થતું સંધ્યાનું પ્રત્યક્ષ જ્ઞાન. તેથી એ ક્રમશઃ પેદા થવાવાળા થયા. એને પર્યાય પણ કહેવાય.

બાકી જીવ દ્રવ્યમાં ગુણો બે પ્રકારે, (૧) સ્વાભાવિક ગુણો જ્ઞાન, દર્શન અને ચારિત્ર શક્તિ—વીર્ય વગેરે છે. અને (૨) આગન્તુક ગુણો મિથ્યાત્વ રાગાદિ કષાય વગેરે છે. ત્યારે અવસ્થા તરીકે જીવને સંસારીપણું, મુક્તપણું, સંસારીપણામાં મનુષ્યપણું, દેવપણું વગેરે. મનુષ્યપણામાં બાલ્યપણું, યુવાનપણું વગેરે અવસ્થા પ્રાપ્ત થાય છે; આ પર્યાયો છે.

પુદ્ગલ દ્રવ્યમાં ગુણો.-રૂપ, રસ, ગંધ, સ્પર્શ આકૃતિ વગેરે છે અને પર્યાયો જુદી જુદી અવસ્થાઓ છે. દા. ત. સોનામાં પીળાશ, ભારેપણું, કઠોરતાદિ એ ગુણો છે અને લગડીપણું, પ્રવાહીપણું, કંઠીપણું વગેરે પર્યાયો છે. એમ દૂધપણું, દહીંપણું, માખણપણું વગેરે પર્યાય છે. પૃથ્વી જલ, અગ્નિ, કાષ્ઠ, પત્થર, પવન, ધાતુ, તિમિર, વીજળી, પ્રકાશ, શબ્દ, છાયા વગેરે બધાએ પુદ્ગલના રૂપક છે.

આકાશદ્રવ્યનો ગુણ અવગાહ છે. એથી વસ્તુને એ પોતાનામાં અવગાહે છે, વસ્તુને પોતે અવકાશ-દાન કરે છે; અને એના પર્યાયો કુંભાકાશ, ગૃહાકાશ વગરે છે. ઘડો પડ્યો છે. તો એ ઘડાએ રોકેલ આકાશનો ભાગ ઘટાકાશ કહેવાય, ઘડો ઘરમાં ફૂટી ગયો, તો તે જ ઘટાકાશને હવે ગૃહાકાશ કહીશું.

ધર્માસ્તિકાય દ્રવ્યમાં ગતિસહાયકતા, એકત્વ વગેરે ગુણ છે, અને જીવધર્માસ્તિકાય, પુદ્ગલ-ધર્માસ્તિકાય વગેરે પર્યાય છે; એમ **અધર્માસ્તિકાય દ્રવ્યમાં** સ્થિતિસહાયકતા, એકત્વ વગેરે ગુણ છે. જીવ-અધર્માસ્તિકાય, પુદ્ગલ-અધર્માસ્તિકાય પર્યાય છે.

**કાળ દ્રવ્યમાં** નવું-જુનું કરવાની વર્તના, એ ગુણ છે. વર્તમાનકાળ, ભૂતકાળ, સૂર્યોદયકાળ, મધ્યાહ્નકાળ, બાલ્યકાળ, તરુણકાળ વગેરે પર્યાય છે. અન્યમતે કાળ પર્યાયરૂપ જ છે.

## છ દ્રવ્યના ગુણ પર્યાયનો કોઠો

| દ્રવ્ય | ગુણ | પર્યાય |
| --- | --- | --- |
| જીવ | સ્વાભાવિકગુણ—જ્ઞાન, ચારિત્ર, સુખ વીર્યાદિ.<br>વૈભાવિક ગુણ—મિથ્યાત્વ, રાગ દ્વેષાદિ | મનુષ્યપણું, દેવપણું, બાલ્યપણું, યુવાનપણું વગેરે. |
| પુદ્ગલ | રૂપ, રસ, ગંધ, સ્પર્શ, આકૃતિ, ગુરુતા, લઘુતા. | અમુક જાત, ભાત, માલિકી સંબંધ, કાળસંબંધ, સ્થા |
| આકાશ | અવગાહ (અવકાશ દાન) | ઘટાકાશ, ગૃહાકાશ. |
| ધર્માસ્તિકાય | ગતિસહાયકતા | જીવ–ધર્માસ્તિકાય.<br>પુદ્ગલ– ,, |
| અધર્માસ્તિ-કાય | સ્થિતિસહાયકતા | જીવ અધર્માસ્તિકાય.<br>પુદ્ગલ ,, |
| કાળ | નવું–જુનું કરવાની વર્તના. | વર્તમાન, ભૂત, બાલ્ય, તરુણાદિ. |

પર્યાય બે જાતના હોય છેઃ (૧) વ્યંજન પર્યાય, (૨) અર્થપર્યાય. વ્યંજન પર્યાયઃ—વસ્તુ જેનાથી વ્યક્ત થાય તે. દા. ત. ઘડાનો વ્યંજન પર્યાય-ઘડો, કુંભ, કલશ, ગાગર વગેરે. એમ જીવનો વ્યંજન પર્યાયઃ—જીવ, આત્મા, ચેતન, પ્રાણી વગેરે.

અર્થ-પર્યાય-પદાર્થની ભિન્ન ભિન્ન અવસ્થાઓ. દા. ત.—પાણીનો ઘડો, ઘીનો ઘડો વગેરે અવસ્થાઓ, અથવા કુંભારની માલિકી, વેચાણ થયા પછી ખરીદનારની માલિકી; અથવા માટલીની અપેક્ષાએ નાનાપણું, લોટાની અપેક્ષાએ મોટાપણું,—આ બધા ઘડાના અર્થ-પર્યાયો કહેવાય છે.

બીજી રીતે પર્યાય બે જાતના:—(૧) સ્વપર્યાય, (૨) પરપર્યાય. (૧) સ્વપર્યાયઃ—પોતાનામાં વળગી રહેનારા. (૨) પરપર્યાયઃ—પોતાનામાં નહિ રહેનારા. દા. ત. ઘડામાં માટી-મયતા છે એ સ્વપર્યાય; સુતરમયતા નથી એ પરપર્યાય. ઘડામાં ગૃહવાસિતા છે એ સ્વપર્યાય, તળાવવાસિતા નથી એ પરપર્યાય.

પ્રશ્ન—પરપર્યાય તો પરના થયા, પણ ઘડાના કેવી રીતે?

ઉત્તર—પરપર્યાય એ પરના તો સ્વપર્યાય છે. જ્યારે ઘડાના એ પરપર્યાય છે. તે ઘડાના પર્યાય એ રીતે કે જ્યારે સ્વ-પર્યાય ઘડા સાથે એકમેક-રૂપતાથી સંબંધિત છે ત્યારે પરપર્યાય પણ અલગ-રૂપતાથી એ જ ઘડાના સંબંધી છે. ઘડો જેમ માટી-મય કહેવાય છે, એમ એ જ ઘડો 'સુતરમય નથી, કે સુવર્ણમય નથી,' તેમ કહેવાય છે. માટીમય કોણ? ઘડો. સુવર્ણમય કોણ નહિ? તો એજ ઘડો. માત્ર ઘડાની સાથે માટીમયતા અસ્તિત્વ ( અનુવૃત્તિ ) સંબંધથી સંબંધિત છે. સુવર્ણમયતા નાસ્તિત્વ ( વ્યાવૃત્તિ ) સંબંધથી સંબંધિત છે. ઓરમાન પુત્ર

કોનો? સાવકી માનો. ખરેખર તો એનો એ પુત્ર નથી. છતાં ઓરમાયા સંબંધથી એનો જ કહેવાય છે. એમ પરપર્યાય ઘડાનો જ કહેવાય.

આ સ્વપર્યાય ચાર રીતે હોઇ શકે. (૧) દ્રવ્યપર્યાય, (૨) ક્ષેત્રપર્યાય, (૩) કાલપર્યાય અને(૪) ભાવપર્યાય. (૧) દ્રવ્યપર્યાય એટલે વસ્તુના મુખ્યદલ (ઉપાદાન)ની અપેક્ષાએ પર્યાય (૨-૩) વસ્તુને રહેવાના ક્ષેત્ર અને કાલની અપેક્ષાએ ક્ષેત્રપર્યાય, કાલપર્યાય-(૪) વસ્તુના ગુણધર્મ એ ભાવપર્યાય. દા. ત. કપડામાં સૂતર એ દ્રવ્યપર્યાય.. કપડું કબાટમાં રહેલું એ ક્ષેત્રપર્યાય, નવું યા અમુક માસનું એ કાલપર્યાય, સફેદ ચીકણું, કિંમતી કોટરૂપે, અમુક વ્યકિતની માલિકીનું વગેરે વગેરે એ ભાવપર્યાય.

આ દ્રવ્યાદિ પણ બે રીતે (૧) સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાલ, સ્વભાવ પર્યાય, અને (૨) પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાલ, પરભાવ પર્યાય. દા. ત. ઉપર કહ્યા તે વસ્ત્રના સુતરાઉપણું, કબાટમાં રહેલાપણું વગેરે એ સ્વદ્રવ્યાદિ પર્યાય છે, અને એ જ વસ્ત્રમાં રેશમીપણું શરીર પર રહેલાપણું, લાલાશ, ફોરાપણું–સસ્તા-પણું, ખમીસપણું. અમુકની માલિકી, વગેરે એના પરદ્રવ્યાદિ પર્યાય છે.

આથી એક વાત સ્પષ્ટ થાય છે કે અવસ્થા એકલી નથી રહેતી પણ કોઈ આધાર દ્રવ્યને લઈ ને રહે છે. દ્રવ્ય છે તો એમાં અવસ્થાઓ આવે છે ને જાય છે, એટલે જ વિદ્યુતશકિત, લોહ-ચુંબકની આકર્ષણ શકિત, વગેરે પણ પુદ્ગલ દ્રવ્યને લઈ ને

જ છે. એટલે દ્રવ્ય ત્રિકાળવર્તી છે; ગુણપર્યાય એના પલટાતા ધર્મો છે.

જેવી રીતે પુદ્‌ગલ દ્રવ્યની શક્તિઓ છે, એવી રીતે આત્મ-દ્રવ્યની પણ સ્વતંત્ર શક્તિઓ છે. માત્ર આપણે આત્મા તરફ દષ્ટિવાળા ન હોઈએ તો ન સમજાય; બાકી મહાવિદ્વત્તા, અખૂટ અતુલ બલ, મહાયોગીપણું, અદ્‌ભુત તપ, ક્ષમા વગેરે શું છે? આત્મશક્તિઓ છે. આગળ વધીને મંત્રશક્તિ, વિદ્યાશક્તિ, ગગનગામિની આદિ લબ્ધિઓ, યાવત્ કેવલજ્ઞાન અને મોક્ષલબ્ધિ એ બધી અચિંત્ય-અનુપમ શક્તિઓ આત્માની જ છે.

## ૧૧. નવતત્ત્વ

પૂર્વ જોયું કે વિશ્વ એ જીવ અને અજીવ (જડ) દ્રવ્યોનો સમૂહ છે. એટલે મુખ્ય-તત્ત્વ બે,-જીવ અને અજીવ. પરંતુ આટલું જ જાણવાથી બધું કાર્ય સરતું નથી. ઉચ્ચ માનવ જીવનમાં શું કરવું? શું શું કરવાથી શું શું ફળ મળે? આપત્તિની ઈચ્છા ન હોવા છતાં અને એને બહુ રોકવાના પ્રયત્ન કરવા છતાં આપત્તિ અને પ્રતિકૂળનું આક્રમણ કેમ થાય છે? ક્યારેક અલ્પ પ્રયત્ન છતાં મોટી સગવડ કેમ સારી મળે છે? વગેરે જિજ્ઞાસાઓ ઊભી રહે છે. આ જિજ્ઞાસા સંતોષવા અને જીવની ઉન્નતિ સાધવા નવતત્ત્વની વ્યવસ્થા સમજવી પડે.

એને સમજવા માટે એક કાલ્પનિક ચિત્ર છે. દા.ત. એક સરોવર છે. એમાં નિર્મળ પાણી છે. પરંતુ નીકો દ્વારા બહારનો કચરો અંદર વહી આવે છે. એ કચરામાં પણ બે જાત છે, એક સહેજ સારા રંગવાળો. બીજો ખરાબ રંગ-

વાળો. હવે જો આ નીકના દરવાજા બંધ કરાય તો, નવો કચરો આવતો બંધ થાય, અને કોઈ જો એવું ચૂર્ણ અંદર નખાય તો અંદરનો કચરો સાફ થઈ જાય. એ જ રીતે (૧) જીવ જાણે એક સરોવર છે. એમાં અનંત જ્ઞાન, અનંત સુખાદિરૂપ નિર્મળ પાણી છે. પરંતુ મિથ્યાત્વ, કષાય, હિંસાદિરૂપ નીકો દ્વારા કર્મકચરો જીવ સરોવરમાં ભરાયા કરે છે. (૨) આ કર્મ કચરો જડ છે, અજીવ છે, એવાં બીજાં પણ પુદ્ગલાદિ દ્રવ્ય જડ છે, અચેતન છે. એને અજીવતત્ત્વ કહેવાય. (૩) ત્યારે કર્મને લાવનાર મિથ્યાત્વાદિને આશ્રવતત્ત્વ કહેવાય;

આશ્રવ=જેના દ્વારા આત્મ-સરોવરમાં કર્મ શ્રવે,–વહી આવે. હવે જીવસરોવરમાં જે કર્મ એકઠાં થાય છે તે બે જાતના, (i) એક શુભ (ii) બીજા અશુભ. શુભ કર્મ મનને અનુકૂળ ફળ દેખાડે છે, અશુભ કર્મ મનને પ્રતિકૂળ ફળ દેખાડે છે. (૪) શુભ કર્મને પુણ્યતત્ત્વ કહેવાય. (૫) અશુભ કર્મને પાપતત્ત્વ કહેવાય. (૬) આશ્રવની નીક સામે જો સમ્યક્ત્વ, સામાયિક, ક્ષમા, અહિંસા–વ્રત નિયમ વગેરે દરવાજા યા ઢાંકણા ગોઠવી દેવાય, તો કર્મકચરો આવતો અટકે. તેથી આ સમ્યક્ત્વ સામાયિકાદિને સંવરતત્ત્વ કહેવાય. સંવર=કર્મની આડે ઢાંકણુ (૭) હવે કર્મ જે આવે છે તે આત્મા સાથે બંધાય છે, એકમેક થઈને રહે છે. એ કર્મનો સ્વભાવ, સ્થિતિ, કાળ, રસ વગેરે નક્કી થાય એને બંધતત્ત્વ કહેવાય (૮) આ બંધાયેલા કર્મ કચરાને બાર પ્રકા-

રના તપરૂપી ચૂર્ણથી સાફ કરી શકાય છે, નિર્જરણ કરી શકાય છે. માટે એ તપને નિર્જરાતત્ત્વ કહેવાય. (૯) જ્યારે સર્વ કર્મનો ક્ષય થાય છે, ત્યારે જીવના અનંત જ્ઞાન દર્શન સુખ વગેરે ગુણો પ્રગટ થાય છે અને જીવ સંસારના સર્વ બંધનથી મુક્ત થાય છે માટે જ એને મોક્ષતત્ત્વ કહેવાય. આમ ૯ તત્ત્વ છે. એના જ્ઞાનથી જ્ઞેય શું? હેય શું? ઉપાદેય શું? વગેરેની ખબર પડે.

---

## નવતત્ત્વની ટૂંકી સમજ આ પ્રમાણે

૧. જીવ—ચેતના લક્ષણવાળો, જ્ઞાનાદિગુણવાળો.

૨. અજીવ—ચૈતન્યરહિત, પુદ્ગલ, આકાશ વગેરે દ્રવ્ય.

૩. પુણ્ય—શુભ કર્મપુદ્ગલ, જેનાથી જીવને મનગમતું મળે. દા. ત. શાતાવેદનીય, યશનામકર્મ, વગેરે

૪. પાપ—અશુભ કર્મપુદગલ, જેનાથી જીવને અણગમતું મળે. દા.ત. અશાતા૦ અપયશ૦ વગેરે

૫. આશ્રવ-જેનાથી આત્મામાં કર્મ શ્રવી આવે, વહી આવે. કર્મને આવવાના રસ્તા. દા.ત. મિથ્યાત્વ, ઇન્દ્રિયો, અવિરતિ, કષાય અને યોગ.

૬. સંવર-કર્મને આવતાં અટકાવનાર. દા. ત. સમ્યક્ત્વ, ક્ષમાદિ, પરિસહ, શુભભાવના, વ્રત-નિયમ, સામાયિક, ચારિત્ર વગેરે.

૭. બંધ-આત્મા સાથે કર્મનો દૂધ-પાણીની જેમ એકમેક થતો સંબંધ. કર્મમાં નક્કી થતી પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિકાલ, ઉગ્ર-મંદ રસ, અને દળપ્રમાણપ્રદેશ.

૮. **નિર્જરા**–કર્મનો હ્રાસ કરનાર બાહ્ય-અભ્યંતર તપ, દા.ત. ઉપવાસ, રસત્યાગ, કાયક્લેશ વગેરે એ બાહ્ય. પ્રાયશ્ચિત્ત, વિનય, સેવા, સ્વાધ્યાય, ધ્યાન વગેરે આભ્યંતર.

૯. **મોક્ષ**–જીવનો કર્મસંબંધથી સર્વથા છૂટકારો અને જીવનું અનંતજ્ઞાન–અનંતસુખ ઈત્યાદિ સ્વરૂપ પ્રગટ થવું તે.

આ નવતત્ત્વ જિન–તીર્થંકર ભગવાને કહેલા છે. માટે જૈન તત્ત્વ કહેવાય. જિન એટલે રાગદ્વેષનો જય કરનાર. એ ત્રણેય કાળના વિશ્વના તમામ ભાવો પ્રત્યક્ષ જુએ છે, જાણે છે, માટે એ સર્વજ્ઞ છે. વીતરાગ–સર્વજ્ઞને જૂઠ બોલવાને કોઈ કારણ નથી. જૂઠું રાગથી, દ્વેષથી, ભયથી, હાસ્યથી, અજ્ઞાનથી મોહથી બોલાય છે.

એ રાગદ્વેષ અજ્ઞાનાદિ જેમને મુદ્દલ નથી તે કદી જૂઠું બોલે નહિ. માટે–'વીતરાગ સર્વજ્ઞપ્રભુએ કહેલું તે બધું સાચું જ છે. આ નવતત્ત્વ તેમણે કહ્યા હોવાથી પૂરેપૂરાં સત્ય છે'–એવી શ્રદ્ધા કરે તેનામાં સમ્યક્ત્વ–સમ્યગ્દર્શન આવ્યું કહેવાય. આ નવતત્ત્વના વિષયોમાં જ્ઞાન ઉપરાંત સાચી શ્રદ્ધા લાવવા માટે નવતત્ત્વને વિભાગવાર ત્રણ રીતે સ્વીકારવા જોઈએ.—

૧. જીવ–અજીવને જ્ઞેયતત્ત્વ (જાણવા) તરીકે;

૨. પાપ, અશુભ આશ્રવ અને બંધને હેય (ત્યાજ્ય) તત્ત્વ તરીકે; અને

૩. પુણ્ય (પુણ્યાનુબંધી પુણ્ય), શુભઆશ્રવ, સંવર, નિર્જરા અને મોક્ષ, એને ઉપાદેય (આદરવા જેવા) તત્ત્વ તરીકે.

આમ જ્ઞેય, હેય, ઉપાદેય તરીકે સ્વીકારવા એટલે ? જ્ઞેય પ્રત્યે ઉદાસીનભાવ રાખવો (રાગ`ષ ન કરવા લાયક માને), ૨. હેય પ્રત્યે ત્યાજ્ય માની અરુચિ–અણુગમો થાય અને ૩. ઉપાદેય પ્રત્યે આદરણીય સમજી રુચિ, રસ, હોંશ રખાય.

---

## ૧૨. જીવનું મૌલિક અને વિકૃત સ્વરૂપ

જીવ અને જડ એક સરખા સ્વભાવના છે એવું તો કહેવાય નહિ; નહિતર પોતે જડરૂપ કે જડ પોતે જીવરૂપ કેમ ન બને ? કહેવું જોઈએ કે બંનેના સ્વભાવ જુદા છે. જીવના મૂળસ્વરૂપમાં અનંતજ્ઞાન છે. એનો જ્ઞાન–સ્વભાવ જ એને જડદ્રવ્યથી જુદો પાડે છે. આ જ્ઞાન જો એનો સ્વભાવ ન હોય તો કોઈપણ બહારના તત્ત્વની તાકાત નથી કે એનામાં જ્ઞાન પ્રગટ કરી શકે. હવે જ્યારે જ્ઞાન એ જીવનો સ્વભાવ છે, ત્યારે વિચારવાનું એ છે કે, શું એ જ્ઞાનગુણ મર્યાદિત હોય અર્થાત્ અમુક જ જ્ઞેય-હેયાદિ વિષયને જાણે ? કે સમસ્ત જ્ઞેય–હેયાદિ વિષયને જાણે ? મર્યાદિત ન કહી શકાય; કેમકે મર્યાદાનું માપ કોણ નક્કી કરે, કે આટલું જ માપ હોય, વધારે કે ઓછું નહિ ? માટે કહો કે જેમ દર્પણની સામે જેટલું આવે એટલા બધાનું પ્રતિબિંબ ઝીલે છે. એમ જ્ઞાન વિશ્વમાં જે કોઈ જ્ઞેય વસ્તુ છે એને જાણી શકે; માત્ર જેમ છાબડા નીચે ઢંકાયેલ દીવાનો પ્રકાશ, કાણામાંથી જેટલો બહાર આવે, એટલો જ બહારના પદાર્થોને પ્રકાશિત કરે છે. એવી રીતે કર્મથી

છવાઇ ગયેલ આત્માનો જ્ઞાનપ્રકાશ જેટલા કર્મ-આવરણ ખસવાથી ખુલ્લો થાય, એટલા જ પ્રમાણમાં જ્ઞેય વસ્તુનો પ્રકાશ થાય. એટલા જ વિષયને જાણે. સમસ્ત આવરણ દૂર થતાં સમસ્ત જ્ઞેયનું જ્ઞાન ખુલ્લું થાય. એ જ્ઞેયમાં ભૂત-ભવિષ્ય-વર્તમાન ત્રણેય કાળના સમસ્ત જીવ-જડના સર્વ ભાવ જણાય.

બાકી જીવના મૂળસ્વરૂપમાં (૧) અનંતજ્ઞાન છે, એમ (૨)અનંતદર્શન છે,(૩)અનંતસુખ છે, (૪)ક્ષાયિક સમ્યક્ત્વ અને ક્ષાયિક ચારિત્ર યાને વીતરાગતા છે, (૪) અક્ષય-અજર-અમર સ્થિતિ છે,(૬)અરુપિપણું છે,(૭)અગુરુલઘુ સ્થિતિ છે, (૮) 'અનંતવીર્ય વગેરે શક્તિ છે. એક મહારત્ન કે સૂર્યની જેમ જીવમાં આ આઠ મૂળ તેજસ્વી સ્વરૂપ છે. પરંતુ વાદળથી છવાઇ ગયેલા સૂર્યની જેમ અથવા માટીથી લેપાયેલા ખાણના રત્નની જેમ જીવ આઠ જાતના કર્મપુદ્ગલથી છવાઇ ગયેલો છે, ઢંકાઈ ગયેલ છે, તેથી એનું મૂળ સ્વરૂપ પ્રગટ નથી. ઉલ્ટું એકેક કર્મ-આવરણના લીધે એમાં મેલું સ્વરૂપ પ્રગટે છે. દા. ત. જ્ઞાનાવરણ કર્મના લીધે અજ્ઞાન સ્વરૂપ બહાર પડ્યું છે, દર્શનાવરણકર્મના લીધે દર્શનશક્તિ હણાઈ ગઈ હોવાથી અંધાપો, અશ્રવણ, વગેરે તથા નિદ્રાઓ બહાર પડી છે. આઠે કર્મથી જુદી જુદી વિકૃતિ, ખરાબી ઊભી થઇ છે. આને સૂર્ય પર વાદળના ચિત્રથી સમજી શકાશે.

અહિં ધ્યાન રાખવાનું કે ચિત્રની સરળતા ખાતર સૂર્ય કે રત્નના માત્ર એકેક ભાગમાં જ એકેક પ્રકાશ, કર્મ

અને અસર બતાવાય, બાકી આત્મામાં તો દરેકે દરેક પ્રકાશ વગેરે વિશેષતા આત્માના સર્વ ભાગમાં વ્યાપેલી છે. એમાં જ્ઞાનાવરણ, દર્શનાવરણ કર્મનું સ્વરૂપ ઉપર જોયું. હવે આગળ વેદનીય કર્મથી જોઈએ. વેદનીય કર્મથી આત્માનું મૂળ સ્વાધીન અને સહજ સુખ દબાઈ જઈને કૃત્રિમ, પરાધીન, અસ્થિર શાતા–અશાતા ઊભી થઈ છે. મોહનીય કર્મના આવરણથી મિથ્યાત્વ, રાગદ્વેષ, અવ્રત, હાસ્યાદિને, કામક્રોધાદિ પ્રગટ થયા કરે છે. આયુષ્ય કર્મથી જન્મ–જીવન–મરણના અનુભવ કરવા પડે છે. નામકર્મના લીધે શરીર મળવાથી જીવ અરૂપી છતાં રૂપી જેવો થઈ ગયો છે. એમાં ઈન્દ્રિયો, ગતિ, જશ–અપજશ, સૌભાગ્ય દૌર્ભાગ્ય, ત્રસપણું–સ્થાવરપણું–વગેરે ભાવો પ્રગટે છે. ગોત્રકર્મના લીધે ઊંચું–નીચું કુળ મળે છે, અને અંતરાયકર્મને લીધે કૃપણતા, દરિદ્રતા, પરાધીનતા અને દુર્બળતા ઊભી થઈ છે

એમ જીવમાં મૂળ સ્વરૂપ ભવ્ય, શુદ્ધ અને અચિંત્ય એનુપમ હોવા છતાં, કર્મની જકડામણને લીધે જીવ તુચ્છ, મલિન વિકૃત સ્વરૂપવાળો બની ગયો છે. પૂર્વે કહી આવ્યા તેમ આ વિકૃતિ કોઇ અમુક વખતે શરૂ નથી થઈ, કિન્તુ કાર્યકારણભાવના નિયમ મુજબ અનાદિ અનંત કાળથી ચાલી આવે છે. જુના જુના કર્મ પાકતાં જાય છે, તેમ તેમ એ આ વિકારોને પ્રગટ કર્યે જાય છે, અને કર્મ પોતે આત્મા ઉપરથી ખરી જાય છે, પણ એની પછીના કર્મ પાછા પાકી પાકીને ફળ દેખાડયે જાય છે. તેથી વિકારોની સતત ધારા ચાલી રહે છે. બીજી બાજુ નવાં નવાં કર્મ ઊભા થતાં

જાય છે, અને એ પાછા સ્થિતિકાળ પાકયે વિકારો દેખાડયે જાય છે...આમ સંસારધારા અનાદિથી ચાલુ જ છે. જો કર્મને ખેંચી લાવનારા આશ્રવો બંધ કરાય અને સંવર સેવાય તો નવા કર્મ આવતાં અટકે, અને જુનાનો નિર્જરા-તપથી નિકાલ આવે. એમ એક દિ' જીવ સર્વ કર્મથી રહિત બનતા મોક્ષ પામે. પોતાના અનંત જ્ઞાનાદિનું મૂળ સ્વરૂપ એક વાર પૂર્ણ પ્રગટ થઈ જાય, પછી કોઈ જ આશ્રવ ન રહેવાથી ક્યારે ય પણ કર્મ લાગવાના નહિ, અને સંસાર અવસ્થા થવાની નહિ.

## ૧૩. જીવના ભેદ

વિશ્વમાં જીવો બે પ્રકારના છે. એક મુક્ત, બીજા સંસારી. મુક્ત એટલે આઠે પ્રકારના કર્મથી રહિત. સંસારી એટલે કર્મબંધનથી જુદી જુદી ગતિઓ, શરીરો, પુદ્ગલો અને ભાવોમાં સંસરણ કરનારા-ભટકનારા.

સંસારી જીવો એક ઇન્દ્રિયથી માંડી, પાંચ ઇન્દ્રિયોવાળા હોય છે. એમાં એક જ સ્પર્શનેન્દ્રિયવાળા એકેન્દ્રિય જીવો સ્થાવર કહેવાય છે, અને બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, વગેરે ધરાવનાર જીવો ત્રસ કહેવાય છે. ઈન્દ્રિયોની ગણતરી આપણા મુખ પર દાઢીથી માંડી કાન સુધીનો જે ક્રમ છે તે હિસાબે સમજવી. દા.ત. એકેન્દ્રિય જીવોને એકલી સ્પર્શનેન્દ્રિય, દ્વીન્દ્રિય જીવોને સ્પર્શન અને રસના ઇન્દ્રિય, ત્રીન્દ્રિય જીવોને એ બે ઉપરાંત ઘ્રાણેન્દ્રિય, ચતુરિન્દ્રિય જીવોને ઉપરાંત ચક્ષુ વધારે, અને પંચેન્દ્રિય જીવોને એ ચાર ઉપરાંત

શ્રોત્રેન્દ્રિય. એમ સંસારી જીવો ૫ પ્રકારે–એકેન્દ્રિય-દ્વીન્દ્રિય, ત્રીન્દ્રિય, ચતુરિન્દ્રિય અને પંચેન્દ્રિય. આમાં એકેન્દ્રિય એ સ્થાવર જીવ છે. એ ગમે તેવા ઉપદ્રવ આવે તો પણ સ્વેચ્છાથી હાલી–ચાલી ન શકે. એવા જીવોને એકલી સ્પર્શનેન્દ્રિય એટલે કે એકલું શરીર હોય, પણ બીજી રસનેન્દ્રિય વગેરે કે હાથ–પગ વગેરે હોય નહિ. આ શરીર પૃથ્વી–રૂપ હોય, પાણીરૂપ હોય, અગ્નિ રૂપ, વાયુરૂપ કે વનસ્પતિ સ્વરૂપ હોય. પૃથ્વીરૂપી કાયાને ધરનારા તે પૃથ્વીકાય જીવ.

| | | | | |
|---|---|---|---|---|
| પાણી(અપ્)રૂપી કાયાને | ધરનાર | તે | અપ્કાય | જીવ. |
| અગ્નિરૂપી કાયાને | ,, | ,, | તેજસ્કાય | ,, |
| વાયુરૂપી કાયાને | ,, | ,, | વાયુકાય | ,, |
| વનસ્પતિરૂપી કાયાને | ,, | ,, | વનસ્પતિકાય | ,, |

આમ સ્થાવર જીવના પૃથ્વીકાયાદિ રૂપે પાંચ પ્રકાર છે. (ધ્યાનમાં રહે કે પાણીમાં પોરા વગેરે જીવ તો જુદા છે, પણ ખુદ પાણી એ કોઈ જીવનું શરીર છે. એ પાણીને જ શરીર તરીકે ધારણ કરીને રહેલ તે અપ્કાય જીવ. બહુ જ સૂક્ષ્મ, ઝીણા બિંદુથી પણ અસંખ્યાતમા ભાગનું શરીર, પાણીના એક જીવનું હોય છે, અને તે અસંખ્ય ભેગા થાય ત્યારે બિંદુરૂપે આપણી નજરે ચઢે છે. એવું જ પૃથ્વીકાય, તેઉકાય, વાઉકાય અને ઝીણા નિગોદ વનસ્પતિકાય માટે સમજવાનું. નિગોદ એટલે એવું શરીર કે જે એકને ધારણ કરીને અનંત જીવ રહેલા હોય. માટે આ જીવને સાધારણ વનસ્પતિકાય અથવા અનંતકાય જીવ

કહેવાય છે. આ પાંચે સ્થાવર જીવોમાં કોણ કોણ ગણાય તેનો કોઠો આ મુજબ છે :—

| પૃથ્વીકાય | અપ્કાય | તેઉકાય | વાઉકાય | વનસ્પતિકાય પ્રત્યેક | વનસ્પતિકાય સાધારણ |
|---|---|---|---|---|---|
| માટી, ખડી, લૂણ ખાર, પાષાણ લોહ, કનક, વગેરે ધાતુઓ, પારો પરવાળાં, રત્નો સ્ફટિક મણસીલ અભ્રક ફટકડી સુરમો | કૂવા—નદી—તળાવ—ઝરણાં—વરસાદના પાણી, બરફ ધુમસ, ઝાકળ ઓસ | અગ્નિ જવાળા દીવો વીજળી ઉજેહી તણખા | વાયુ પવન હવા વંટોળ | વૃક્ષ ધાન્ય બીજ પત્ર પુષ્પ ફળ છાલ | જમીનકંદ —કાંદા લસણ, સુરણ આદુ, લીલી-હળદર, બટાટા શકરિયાં ગાજર લીલ, ફૂગ |

આમાં પ્રત્યેક=એક શરીરમાં એક જીવ. સાધારણ=એક શરીરમાં અનંત જીવ.

હવે દ્વીન્દ્રિય (બેઇન્દ્રિય) વગેરે જીવોનો કોઠો

| દ્વીન્દ્રિય | ત્રીન્દ્રિય | ચતુરિન્દ્રિય | પંચેન્દ્રિય |
|---|---|---|---|
| જળો, પોરા, અક્ષ અળસીયા, પેટના કૃમિ, શંખ, કોડા લાકડાના કીડા (ઘુણ) વગેરે. | કોડા, કીડી, ઇયળ મકોડા, માકણ ધનેરા, ઉધેહી, જુ લીખ, કંથવા કાનખજુરા, ચાંચડ | માખી, ભમરા ડાંસ, મચ્છર, તીડ વીંછી, બગાઈ કંસારી, કરોળીયા વગેરે. | નારક તિર્યંચ મનુષ્ય દેવ |

આમાં એકેન્દ્રિયથી ઠેઠ ચતુરિન્દ્રિય સુધીના જીવો બધા જ તિર્યંચગતિમાં ગણાય છે. ચારે પ્રકારના પંચેન્દ્રિય જીવ આ પ્રમાણે છે.

| નારકી | તિર્યંચ | | | મનુષ્ય | દેવ |
|---|---|---|---|---|---|
| નીચે નીચે<br>રત્નપ્રભા<br>શર્કરા પ્રભા<br>વાલુકા પ્રભા<br>પંકપ્રભા<br>ધૂમપ્રભા<br>તમઃપ્રભા<br>મહાતમઃપ્રભા<br>આ ૭ પૃથ્વીમાં<br>નરકના જીવો છે. | ૧<br>જલચરમાં<br>માછલી<br>મગર<br>વગેરે | ૨<br>સ્થલચરમાં<br>(૧) ભુજપરિસર્પ,<br>ગિરોળી, નોળિયો<br>(૨) ઉરપરિસર્પ,<br>સાપ અજગર,<br>(૩) ચોપગામાં,–<br>જંગલી શહેરી<br>પશુ, પંખી,... | ૩<br>ખેચરમાં<br>ચકલી, કાગડો<br>પોપટ વગેરે,<br>તથા ચામાચિ-<br>ડિયા વાગોળ. | કર્મભૂમિના<br>અકર્મભૂમિના<br>અંતરદ્વીપના | ૧ ભવનપતિ<br>૨ વ્યંતર<br>૩ જ્યોતિષ<br>૪ વૈમાનિક<br>આમાં પહેલા ભવ-<br>નપતિ નીચે અધો<br>લોકમ છે. વ્યંતર<br>નીચે જ્યોત ,<br>સૂર્ય, ચંદ્ર વગેરે<br>ઉપર આ મધ્ય<br>લોકમાં છે. વૈમા-<br>નિકના ૧૨ દેવ-<br>લોક, ૯ ગ્રૈવયેક<br>અને ૫ અનુત્તર<br>વિમાન ઊર્ધ્વ-<br>લોકમાં છે. |

૧૪ રાજલોકની બરાબર વચ્ચેનો ભાગ કે જેની ઉપર ૭ રાજલોક છે અને નીચે ૭ રાજલોક છે, એને 'સમભુતલા' કહેવાય છે. એની ઉપરના ૯૦૦ જોજન અને નીચે ૯૦૦ જોજનની વચ્ચેના ભાગને 'મધ્યલોક' કહેવાય છે. મધ્યલોકથી ઉપરના ૭ રાજલોક એ 'ઊર્ધ્વલોક' અને નીચેના ૭ રાજલોક એ 'અધોલોક' છે.

## ૧૪. જીવોનો જન્મ અને જીવની વિશેષતાઓ

જીવને પ્રર્યાપ્તિ, પ્રાણ, સ્થિતિ, અવગાહના, કાયસ્થિતિ, યોગ, ઉપયોગ, લેશ્યા વગેરે વિશેષતાઓ છે. એ જડને નથી.

૧ પ્રર્યાપ્તિઃ—જીવનું એક ભવનું આયુષ્ય પૂર્ણ થઈ જાય છે ત્યારે ત્યાંના શરીરથી એ છૂટી પૂર્વે બાંધી મૂકેલા આયુષ્ય અને ગતિ પ્રમાણે બીજો ભવ પામે છે. ત્યાં આવતાવેંત આહારના પુદ્ગલ આહારરૂપે લે છે. જુઓ જન્મતાં પહેલું કામ ખાવાનું! આહારની કેવી લત? પૂર્વજન્મથી કર્મના થોક( કાર્મણશરીર )ની જેમ બીજું એક તૈજસ શરીર પણ સાથે લાવે છે, તેના બળે અહીં આહારને પચાવી રસ-રુધિરરૂપે શરીર બનાવે છે, અને એમાંનાં તેજસ્વી પુદ્ગલોથી ઇન્દ્રિયો બનાવે છે, પ્રતિસમય આહાર લેવાનું, શરીર વધારવાનું અને ઇન્દ્રિય બનાવી દૃઢ કરવાનું કામ ચાલુ રહે છે. અંતર્મુહૂર્ત ( બે ઘડીની અંદરનો કાળ ) થતાં શરીર, ઈન્દ્રિયો તૈયાર થઈ જાય છે. ત્યાં શ્વાસના પુદગલ લઈ શ્વાસોચ્છ્વાસની શક્તિ મેળવે છે. એકેન્દ્રિય જીવોને આટલું જ થાય; એટલે કે એને ચાર જ શક્તિ અને પર્યાપ્તિ હોય. ત્યારે દ્વીન્દ્રિય જીવોને રસના (જીભ) મળે છે તેથી એ ભાષાના પુદ્ગલ લઈ ભાષારૂપે બનાવવાની શક્તિ-પર્યાપ્તિ ઊભી કરેછે; અને સંજ્ઞી પંચેન્દ્રિય જીવો મનના પુદ્ગલ લઇ મનરૂપે બનાવવાની શક્તિ ઉભી કરે છે. આ શકિત એ પર્યાપ્તિ. આમ આહાર, શરીર, ઈન્દ્રિય, શ્વાસોચ્છ્વાસ, ભાષા અને મન, એમ છ શક્તિ છ પર્યાપ્તિ પુદગલના સહારા પર ઊભી થાય છે. એમાં

પોતાના પર્યાપ્ત નામકર્મના બળે પોતાને યોગ્ય સર્વ પર્યાપ્તિઓ ઊભી કરે. અપર્યાપ્ત નામકર્મના લીધે એ પૂરી ઊભી કર્યા પહેલાં કાળ કરી જાય છે. એવા જીવ અપર્યાપ્ત કહેવાય. જે પર્યાપ્ત જીવો છે એ પછી જીવનભર આ પર્યાપ્તિ-બળ પર આહાર ગ્રહણ–પરિણમન કરી પોષણ વગેરે કરે છે.

૧૦ પ્રાણ:—જીવનમાં ૧૦ પ્રકારની પ્રાણશકિત છે. ઈન્દ્રિયોની શક્તિ ૫, મન–વચ–કાયાનું બળ ૩, શ્વાસોચ્છ્વાસ ૧, અને આયુષ્ય ૧. એકેન્દ્રિય જીવને ૧ ઈન્દ્રિય+૧ કાયબળ+ઉચ્છ્વાસ+આયુ=૪ પ્રાણ છે. દ્વીન્દ્રિયથી વચન–બળ અને એકેક ઈન્દ્રિય વધે. એટલે દ્વીન્દ્રિયને ૬ પ્રાણ, ત્રીન્દ્રિયને ૭, ચતુરિન્દ્રિયને ૮ પ્રાણ, પંચેન્દ્રિયને ૯ કે ૧૦ પ્રાણ હોય. પંચેન્દ્રિયમાં મન વિનાના પણ જીવ હોય છે; એમને ૯ પ્રાણ હોય છે. મન વિનાના જીવો અસંજ્ઞી કહેવાય. મનવાળા સંજ્ઞી કહેવાય. સંજ્ઞી પંચેન્દ્રિયને ૯ પ્રાણો ઉપરાંત મન–બળ મળતાં ૧૦ પ્રાણ હોય છે.(સંજ્ઞી એટલે સંજ્ઞાવાળા. સંજ્ઞા એટલે આગળ પાછળના કાર્ય–કારણો વિચારવાની શકિત) દેવનારકને જન્મીને મનઃપર્યાપ્તિ પ્રાપ્ત થતાં એ સંજ્ઞી બને જ. ત્યારે મનુષ્ય તિર્યંચમાં મનઃપર્યાપ્તિ મળે જ નહિ એવા પણ જીવો હોય ને મળે એવા પણ હોય. તેથી એમાં બે પ્રકાર, ૧. સંજ્ઞી અને ૨. અસંજ્ઞી.

૮૪ લાખ યોનિ:—જીવોને જન્મવા માટે ૮૪ લાખ યોનિ છે. યોનિ એટલે ઉત્પત્તિ–સ્થાન. તે સ્થાન સમાન રૂપ, રસ, ગન્ધ, સ્પર્શવાળા પુદ્ગલનું હોય તો એક જ યોનિ

ગણાય. એવી પૃથ્વીકાયાદિ જીવને નીચે મુજબ યોનિઓ હોય છે.

| જીવ | પૃ૦ | અ | તે૦ | પ્રત્યેક વન૦ | સાધા. વન૦ | દ્વી. ત્રી. | ચતુ૦ | પંચે૦ તિર્યંચ | દેવ | નારક | મનુ૦ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| યોનિ | | | વા | | | | | | | | |
| લાખ | ૭ | ૭ | ૭ | ૧૦ | ૧૪ | ૨ ૨ | ૨ | ૪ | ૪ | ૪ | ૧૪ |

સ્થિતિ-અવગાહના:—જીવોના આયુષ્યકાળને સ્થિતિ કહે છે, ને શરીર-પ્રમાણને અવગાહના કહે છે. આ વિષયોનો વિસ્તાર જીવવિચાર બૃહત્સંગ્રહણી વગેરે શાસ્ત્રોમાં છે.

કાયસ્થિતિ:—જીવ વારંવાર મરીને સતત એવી ને એવી કાયામાં વધુમાં વધુ કેટલી વાર ફરી ફરી જન્મી શકે અર્થાત્ તે તે કાયસ્થિતિ કેટલી લાંબી હોય ? એના ઉત્તરમાં, સ્થાવર અનંતકાયની ઉત્કૃષ્ટ: અનંતી ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ છે, અન્ય સ્થાવરકાયની અસંખ્ય ઉત્સ૦અવસ૦ કાળ; દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિયમાં સંખ્યાત વર્ષ; મનુષ્ય અને તિર્યંચની ૭-૮ ભવ. દેવ-નારક ચ્યવીને તરત જ બીજા ભવમાં દેવ કે નારક ન થઈ શકે; માટે કાયસ્થિતિ એકજ ભવની, એકજ ભવના આયુષ્યકાળની.

યોગ-ઉપયોગ:—જીવને યોગ તથા ઉપયોગ હોય છે. યોગ=આત્મ-વીર્યની સહાયથી મન, વચન કે કાયાનું કરાતું પ્રવર્તન. એની પ્રવૃત્તિ. ઉપયોગ=જ્ઞાન-દર્શનનું સ્ફુરણ. આ બન્નેનું વિવેચન આગળ આવશે.

લેશ્યા:—જીવને છ લેશ્યા હોય છે. લેશ્યા કર્મ કે યોગની અંતર્ગત તે તે રંગના જે પુદ્ગલો એની સહાયથી ઉત્પન્ન થતો આત્માનો

એક પરિણામ છે, ચિત્ર–કળામાં ગુંદર વગેરે ચીકણી વસ્તુ જેમ રંગનો ટકાવ મજબૂત બનાવે છે તેમ લેશ્યા કર્મબંધની અવસ્થાને મજબૂત કરે છે, દીર્ઘ કરે છે. અશુભ લેશ્યા દુઃખ-બહુલ કરે છે અને શુભ લેશ્યા સુખ–બહુલ કરે છે. લેશ્યાના છ ભેદો સમજવા એક દૃષ્ટાંત છે, છ મનુષ્યો માર્ગમાં ભૂલા પડવાથી મોટી અટવીમાં જઈ ચઢયા, અને ત્યાં છએ ભૂખ્યા થયા. ત્યાં એક જાંબુનું વૃક્ષ તેમની નજરે પડયું. તે જોઇને

| ૧ લો બોલ્યો | બીજો બોલ્યો | ૩ જો બોલ્યો |
|---|---|---|
| ઝાડને મૂળથી ઉખેડીને નીચે પાડીએ અને સુખેથી ફળો ખાઇએ. | મૂળથી તોડવાની શી જરૂર છે ? મોટી ડાળીઓ તોડીને ફળો ખાઇએ. | જાંબુવાળી હોય તેવી ડાળીઓ તોડીને ફળો ખાઓ. |
| કૃષ્ણ લેશ્યા | નીલ લેશ્યા | કાપોત લેશ્યા |
| **૪ થો બોલ્યો** | **૫ મો બોલ્યો** | **છઠ્ઠો બોલ્યો** |
| જાંબુના માત્ર ગુચ્છ (લુમખા) હોય તે જ તોડો અને ફળો ખાઓ. | માત્ર જાંબુઓ તોડીને જ ખાઓ. | નીચે પડેલા હોય તે વીણીને જ ખાઇએ. |
| તેજો લેશ્યા | પદ્મ લેશ્યા | શુકલ લેશ્યા |

આ વાતચીત ઉપરથી એમની ચડઊતર લેશ્યાઓ વ્યકત થાય છે.

પ્રથમની ત્રણ લેશ્યાઓ અશુભ છે અને પછીની ત્રણ શુભ લેશ્યાઓ છે.

## ૧૫. પુદ્‌ગલ—૮ વર્ગણા.

જીવમાં મિથ્યાત્વ હોય, અવિરતિ (વ્રત-રહિતપણું) હોય, ક્રોધાદિ કષાય હોય, અને મન-વચન-કાયાના યોગ હોય, એ આશ્રવ છે. જીવને આશ્રવથી કર્મ ચોંટે છે. તે કર્મ જડ-પુદ્‌ગલ છે. પુદ્‌ગલના મુખ્યઉપયોગી આઠ પ્રકાર યાને આઠ વર્ગણા છે. એમાંની આઠમી કાર્મણ વર્ગણા-માંથી કર્મ બને છે. તે આઠ પ્રકારોની સમજ આ પ્રમાણે છે.

પૂર્વે જોયું કે પૃથ્વી (માટી પાષાણાદિ), પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ વગેરે પુદ્‌ગલ તે તે જીવોએ ગ્રહણ કરેલા શરીરરૂપ છે. જીવ મરી જાય એટલે તે શરીરરૂપી પુદ્‌ગલને છોડી જાય છે. એથી એ શરીર-પુદ્‌ગલ નિર્જીવ, અચેતન, અચિત્ત બની જાય છે. વળી એ પુદ્‌ગલને ચાહ્ય તેવા રૂપમાં અથવા ભાંગ્યાતૂટ્યાં કે પરિવર્તન પામેલા રૂપમાં જીવ ગ્રહણ કરે તો તે પાછા સજીવ, સચિત્ત, સચેતન બની જાય છે. વળી જીવ એને છોડી જાય છે ત્યારે પાછા અચિત્ત નિર્જીવ બને છે. એમ અનાદિકાળથી આ પ્રક્રિયા ચાલ્યા કરે છે. જીવ પુદ્‌ગલને ગ્રહણ કરી શરીરરૂપે ધારણ કરે છે, પાછો એને છોડી બીજા ભવમાં બીજા પુદ્‌ગલથી શરીર બનાવે છે.

**પરમાણુ**:—આ પુદ્‌ગલ-દ્રવ્યના ઝીણામાં ઝીણા અંશને અણુ-પરમાણુ કહે છે. બે પરમાણુ ભેગા થાય તો દ્વ્યણુક—દ્વિપ્રદેશિકસ્કંધ, ત્રણ ભેગા મળે તો ત્ર્યણુક-ત્રિપ્ર-દેશિકસ્કંધ, ચાર મળે તો ચતુઃપ્રદેશિક,....એમ સંખ્યાતા મળે તો સંખ્યાત—પ્રદેશિક, અસંખ્યાતા મળે તો અસં-

ખ્યાત—પ્રદેશિક અને અનંતા મળે તો અનંતપ્રદેશિક સ્કન્ધ બને છે. સર્વજ્ઞની દૃષ્ટિએ દૃશ્ય એવા નૈશ્ચયિક સૂક્ષ્મ—અનંત અણુના બનેલા સ્કંધને વ્યાવહારિક પરમાણુ કહેવાય છે. આજના વિજ્ઞાનની ગણતરીના અણુમાં પણ વિભાજન થઈ શકે છે એ આ વસ્તુના સત્યને પુરવાર કરે છે. નહિતર ખરો અણુ એટલે બસ છેલ્લું માપ. પછી એના ભાગ ન પડી શકે. માટે આજનો અણુ કદાચ વ્યાવહારિક અણુમાનો; એના વિશ્લેષણથી પ્રાપ્ત ઈલેક્ટ્રોન, ન્યુટ્રોન વગેરે પણ વ્યાવહારિક અણુ, બાકી અણુ તો ચર્મચક્ષુએ અદૃશ્ય જ હોય. એટલે આજના અણુને સ્કન્ધ કહેવો ઠીક લાગે છે.

૮ વર્ગણાઓ:-વ્યાવહારિક અનંતા પરમાણુના બનેલા સ્કંધ (જથા) જીવના ઉપયોગમાં આવી શકે. જીવના ઉપયોગમાં આવે એવા આઠ જાતના સ્કન્ધ હોય છે. તેનાં નામ—૧. ઔદારિક, ૨. વૈક્રિય, ૩. આહારક, ૪. તૈજસ, ૫. ભાષા ૬. શ્વાસોચ્છ્વાસ, ૭. માનસ અને ૮. કાર્મણ. આ સ્કન્ધો વર્ગણા તરીકે ઓળખાય છે. ઔદારિક વર્ગણા, વૈક્રિય વર્ગણા, યાવત્ કાર્મણ વર્ગણા સુધી. આ વર્ગણાઓ ઉત્તરોત્તર અધિકાધિક અણુઓના પ્રમાણવાળી હોવા છતાં તે મશીનમાં દબાયેલા રૂની ગાંસડીની જેમ કદમાં વધુ ને વધુ સૂક્ષ્મ હોય છે. દા. ત. ઔદારિક સ્કંધ કરતાં વૈક્રિય સ્કંધ સૂક્ષ્મ, વૈક્રિય કરતાં આહારક સૂક્ષ્મ...યાવત આઠમા કાર્મણ સ્કંધો સૌથી સૂક્ષ્મ છે. એમ હોવામાં પુદ્ગલનો તથા-સ્વભાવ કારણભુત છે આ વર્ગણાઓનાં કાર્ય આ પ્રમાણે છે:—

(૧) એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય તિર્યંચ જીવો અને મનુષ્યોના શરીર ઔદારિક વર્ગણામાંથી બને છે (૨) દેવ અને નારકનાં શરીર વૈક્રિય વર્ગણાના બને છે. (૩) લબ્ધિ. (વિશિષ્ટ શકિત)ના બળે ચૌદ 'પૂર્વ' નામના સાગરસમા વિશાળ શાસ્ત્રના જાણકાર મહામુનિ કોઈક પ્રસંગે પોતાની શંકાના સમાધાન માટે યા વિચરતા તીર્થંકર પ્રભુની સમવસરણાદિ–સમૃદ્ધિ જોવા માટે સૂક્ષ્મ આહારક વર્ગણામાંથી એક હાથનું શરીર બનાવીને મોકલે તે આહારક શરીર કહેવાય છે. (૪) અનાદિકાળથી જીવની સાથે કર્મના જથાની જેમ બીજું એક તૈજસ શરીર પણ ચોંટેલું રહે છે. એ શરીર તૈજસ વર્ગણાનું બનેલું હોય છે. એમાંથી પુદ્ગલના સ્કંધો વિખરાય છે. નવા ભરાય છે, પણ અમુક પ્રમાણમાં જથો કાયમ સાથે ને સાથે રહે છે જ. આ તૈજસ શરીરથી શરીરમાં ગરમી રહે છે. અને જીવ જે આહાર ગ્રહણ કરે છે તેનું પાચન થાય છે. (૫) ભાષા વર્ગણાના પુદ્ગલમાંથી ભાષા–શબ્દરચના બને છે, અને (૬) શ્વાસોચ્છ્વાસ વર્ગણામાંથી જીવ શ્વાસોચ્છ્વાસ રૂપે પુદ્ગલો ગ્રહણ કરે છે. એ પુદ્ગલો શબ્દ કરતાં પણ સૂક્ષ્મ છે. માટે જ હવારહિત ( vacuum ) ઈલેકટ્રિક ગોળામાં અગ્નિકાયના જીવો તે ગ્રહીને જીવે છે. ધ્યાનમાં રાખવું કે હવા એ તો વાયુકાય જીવના ઔદારિક શરીર પુદ્ગલ છે. શ્વાસોચ્છ્વાસમાં પુદ્ગલ તો એના કરતાં ઘણાં ઘણાં સૂક્ષ્મ છે. અલબત આપણા માટે ખોરાક–પાણીની જેમ વાયુની પણ જરૂર પડે છે. પરંતુ બધા જીવને એની જરૂર પડે જ એવું નહિ. દા. ત. માછલા, મગરને. (૭)

જેમ આપણને બોલવા માટે ભાષાવર્ગણાનાં પુદ્ગલ કામ લાગે છે, તેમ વિચાર કરવા માટે મનોવર્ગણાનાં પુદ્ગલ કામ લાગે છે. નવા નવા શબ્દોચ્ચારની જેમ નવા નવા વિચાર કરવા માટે નવા નવા મનોવર્ગણાંના પુદ્ગલ લેવામાં આવે છે, અને એને મનરૂપે બનાવી જ્યારે છોડવામાં આવે ત્યાં વિચાર સ્ફુરે છે. (૮) આઠમા નંબરમાં કાર્મણવર્ગણા છે. જીવ મિથ્યાત્વાદિ એક યા અનેક આશ્રવ સેવે છે ત્યારે આ કાર્મણ પુદ્ગલો જીવ સાથે ચોંટીને કર્મ–રૂપ બને છે.

આ આઠ વર્ગણા ઉપર પણ બીજી પ્રત્યેક વર્ગણા, બાદર વર્ગણા, વગેરે યાવત અચિત્ત મહાસ્કન્ધ વર્ગણાના પુદ્ગલ છે. પરંતુ જીવને એ નિરુપયોગી છે. એટલે કે આહારાદિરૂપે લઈ શકાય એવા નથી. ઉપયોગી માત્ર આઠ વર્ગણા છે. પ્રકાશ, પ્રભા, અંધકાર, છાયા એ બધાં ઔદારિક પુદ્ગલ છે. એમાં પરિવર્તન થયા કરે છે; દા. ત. પ્રકાશનાં પુદ્ગલ અંધકારરૂપ બની જાય છે. છાયા પુદ્ગલો દરેક સ્થૂલ શરીરમાંથી તેવા તેવા રંગના બહાર નીકળ્યા કરે છે. દૂરબીનના કાચની આરપાર થઈને સફેદ કાગળ કે કપડા પર તેવા રંગમાં પડેલી છાયારૂપે તડકે દેખાય છે. ફોટોગ્રાફની પ્લેટ પર એ છાયા પુદ્ગલ પકડાય છે; તેથી પ્લેટ પર ફોટો દેખાય છે.

જમીનમાં વાવેલા સચિત્ત બીજમાં જીવ પોતાના કર્માનુસાર તેવાં તેવાં પુદ્ગલો આકાશને જમીનમાંથી આહાર રૂપે ગ્રહણ કરે છે, એમાંથી અંકુર, ડાંડી, પત્ર, પુષ્પ, ફળ વગેરે બને છે. આ બધા પદાર્થ, જમીન, ખાતર અને પાણી

કરતાં તદ્દન વિલક્ષણ વર્ણ-રસ-ગંધ-સ્પર્શવાળાં દેખાય છે. એ જ બતાવે છે કે સ્વતંત્ર જીવ-દ્રવ્ય અને કર્મની શક્તિ વિના આ વ્યવસ્થિત અને વિલક્ષણ સર્જન થઈ શકે નહિ. અહીં ધ્યાનમાં રહે કે ઝાડમાં એક મુખ્ય જીવ હોવા સાથે પાંદડે પાંદડે વગેરેમાં જુદા જુદા જીવ હોય છે.

---

## ૧૬. આશ્રવઃ મિથ્યાત્વાદિ

જીવને પ્રાણ એટલે કે ઇન્દ્રિયો તથા મન-વચન-કાયાનું બળ મળ્યું છે, આયુષ્ય છે, શ્વાસોચ્છ્વાસ છે. પરંતુ એના દુરુપયોગથી જીવ કર્મ-બંધનથી બંધાય છે. એ દુરુપયોગને આશ્રવ-સેવન કહેવાય છે. કર્મ બંધાવનારા આશ્રવ કયા કયા છે એનો હવે વિચાર કરીએ.

ઇન્દ્રિયો, અવ્રત, કષાય, યોગ, અને ક્રિયા,—એ પાંચ આશ્રવ છે.

અથવા, હિંસા, જૂઠ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધાદિ ૪ કષાય, રાગદ્વેષ, કલહ, આળચઢાવવું, ચાડીચુગલી, હર્ષ, ઉદ્વેગ, નિંદા, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય,—એ પણ આશ્રવ છે, પાપસ્થાનક છે.

અથવા, મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ, એ પાંચ આશ્રવ છે. આમાં ઉપરોક્ત ઇન્દ્રિય-અવ્રત વગેરેનો સમાવેશ થઈ શકે છે; કેમકે ઇન્દ્રિયો અને અવ્રત એ અવિરતિમાં સમાઈ જાય છે. ક્રિયાઓમાંથી કોઈકનો મિથ્યાત્વમાં, કોઈકનો કષાયમાં, કોઈકનો યોગમાં, તો કોઈકનો પ્રમાદમાં સમાવેશ થઈ શકે છે. માટે અહીં આપણે આ મિથ્યાત્વાદિ પાંચનો વિચાર કરીશું.

**મિથ્યાત્વ** : મિથ્યાત્વ એટલે મિથ્યા ભાવ, મિથ્યા રુચિ, અસદ્ વલણ. પૂર્વે કહ્યું તેમ જિનોક્ત યાને વીતરાગ સર્વજ્ઞ ભગવાને કહેલા જીવ-અજીવાદિ તત્ત્વ પર અરુચિ એ એ મિથ્યાત્વ. એમ જિને કહેલા સાચા મોક્ષમાર્ગ ઉપર રુચિ નહિ, પરંતુ અજ્ઞાનીએ કહેલા કલ્પિત મોક્ષમાર્ગ ઉપર રુચિ એ મિથ્યાત્વ, અથવા સુદેવ સુગુરુ અને સુધર્મ પર રુચિ ન રાખતાં કુદેવ-કુગુરુ-કુધર્મ ઉપર રુચિ રાખવી એ મિથ્યાત્વ. કુદેવ એટલે જેમનામાં રાગ, દ્વેષ કામ, ક્રોધ, લોભ, હાસ્ય, મશ્કરી, ભય, અજ્ઞાન વગેરે દોષ છે. કુગુરુ એટલે જેમનામાં અહિંસાદિ મહાવ્રત નથી, કંચન કામિની રાખે-રખાવે-અનુમોદે છે. કાચાં પાણી, અગ્નિ અને વનસ્પતિનો સંબંધ રાખે-કરે છે, તથા રાંધે, રંધાવે કે રાંધણને અનુમોદે છે તે. કુધર્મ એટલે જે ધર્મમાં સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, ને સમ્યક્ચારિત્ર નથી, જીવ અજીવ વગેરેનું યથાસ્થિત સ્વરૂપ કહેલું નથી, વિષય-સેવા, કષાય વગેરે પાપોને ધર્મ કહ્યા છે, કર્તવ્ય કહ્યા છે તે. એવા કુદેવ-કુગુરુ-કુધર્મ પર આસ્થા, શ્રદ્ધા, પક્ષપાત, રુચિ હોય એ મિથ્યાત્વ છે.

મિથ્યાત્વના પાંચ પ્રકાર છે:—

૧. અનાભોગિક મિથ્યાત્વ એટલે એવી મૂઢતા કે જ્યાં તત્ત્વ, અતત્ત્વ કશાનો આભોગ અર્થાત્ ગમ નથી, આવી મૂઢતા અનાભોગિક મિથ્યાત્વ છે. એ મન વિનાના બધાં જીવોને હોય છે. (એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞીપંચેન્દ્રિય સુધીના જીવોને મન નથી હોતું.)

૨. આભિગ્રહિક મિથ્યાત્વ એટલે કે મિથ્યાધર્મ ઉપર દુરાગ્રહભરી આસ્થા. ભલે માનેલા અસર્વજ્ઞના ધર્મ માટે યુક્તિ ન જડે, તેમ ભલે સરાગી દેવનો ધર્મ લીધો હોય, પરંતુ એ જ સાચો ધર્મ છે, બાકી બધા ધર્મ ખોટા છે એવો કદાગ્રહ તે આભિગ્રહિક મિથ્યાત્વ.

૩. અનભિગ્રહિક મિથ્યાત્વ એટલે કે મિથ્યાધર્મમાં જો કે ફસાયેલો હોય, પરંતુ એનો અભિગ્રહ અર્થાત્ હઠાગ્રહ ન હોય; સમજતો હોય કે 'શાસ્ત્ર ઘણાં મતિ થોડલી' સાચું શું છે એ ચોક્કસ થઇ શકતું નથી, માટે આગ્રહ રાખ્યા વિના દેવ-ગુરૂ ધર્મની સેવા-ઉપાસનામાં રહેવા દે. આ મિથ્યાત્વ ભદ્રક-મધ્યસ્થ મિથ્યાદર્શની જીવોને હોય છે.

૪. આભિનિવેશિક મિથ્યાત્વ એટલે વીતરાગ સર્વજ્ઞનો ધર્મ પામ્યો છતાં એમાંની કોક વાત ન માનતાં એનાથી ઉલટી વાતનો અભિનિવેશ-દુરાગ્રહ રાખે.

૫. સાંશયિક મિથ્યાત્વ એટલે સર્વજ્ઞ પ્રભુએ કહેલ તત્ત્વ પર શંકા-કુશંકા.

મિથ્યાત્વ એ આત્માનો મોટામાં મોટો શત્રુ છે; કેમકે જો મૂળમાં તત્ત્વ, મોક્ષમાર્ગ, અને દેવ-ગુરુ-ધર્મ પર આસ્થા જ નથી, તો હિંસાદિ પાપમાં અને ઇન્દ્રિયોના વિષયોમાં તીવ્ર આસક્તિ રહે છે; એથી સદ્ધર્મથી દૂર રહેવાનું થાય છે. પાપો અને વિષયોનો આવેશ રાખીને અનંતવાર ત્યાગ-તપસ્યાદિ જીવે કર્યા છતાં એ નિષ્ફળ ગયા. માટે એ આવેશના કારણભૂત મિથ્યાત્વને દૂર કરવા જેવું છે.

## અવિરતિ

વિરતિ એટલે પ્રતિજ્ઞાપૂર્વક પાપનો ત્યાગ. એ નહિ એનું નામ અવિરતિ. અર્થાત કદાચ હિંસાદિ પાપની ક્રિયા હાલ ચાલુ નથી, છતાં જો એ ન કરવાની પ્રતિજ્ઞા નથી તો અવિરતિ જ છે. એથી કર્મ બંધાય છે.

પ્રતિજ્ઞાનું મહત્વ :—

પ્ર૦–પાપ ન કરે છતાં કર્મ બંધાય ?

ઉ૦–હા, ધર્મ કે પાપ ત્રણ રીતે થઈ કર્મનાશ કે કર્મબંધનો લાભ મળે. જેવી રીતે ધર્મ કરવાથી, કરાવવાથી કે માત્ર અનુમોદન યા અપેક્ષા રાખવાથી પણ કર્મનો નાશ થાય છે, તેમ પાપ જાતે કરવાથી, બીજા પાસે કરાવવાથી અથવા પાપમાં અનુમોદન–અનુમતિ કે અપેક્ષા રાખવાથી પણ કર્મ બંધાય છે. પ્રતિજ્ઞાથી પાછા હટવામાં મનમાં પાપની અપેક્ષા ઊભી રહે છે, નહિતર વિચારો કે પાપ ન કરવાની પ્રતિજ્ઞા કેમ નથી લેવાતી? કહો, મનમાં પાપની એવી અપેક્ષા છે કે 'જો કે આમ તો પાપ નહિ કરૂં, પરંતુ અવસર આવે તો કરવું પડે; માટે બાધા, નિયમ નથી કરવો.' આનું નામ હૃદયમાં પાપ પ્રત્યે હજી ઝોક છે; પણ પ્રતિજ્ઞાપૂર્વક એના છુટાછેડા નથી કે 'પાપ જોઈએ જ નહિ.' તો પાપની અપેક્ષા રહે એ પણ પાપ છે. એનાથી પણ અઢળક કર્મ સતત બંધાયા કરે છે. એ તો તોજ અટકે કે જો નિર્ધાર પૂર્વક પાપને તિલાંજલિ અપાય, પ્રતિજ્ઞા કરી પાપને વોસિરાવાય. જે પાપો દા. ત. શિકાર, લૂંટ,

માંસાહાર વગેરે કરવાની ભલેને જીવનમાં કોઈ સંભાવના નથી, છતાં એના ત્યાગની પ્રતિજ્ઞા કરાય, તો જ એ સંબંધનાં કર્મ બંધાતા અટકે છે. એમ જનમજનમમાં આપણે મૂકેલાં શરીર અને પાપસાધનો નિર્ધારપૂર્વક મનથી પ્રતિજ્ઞારૂપે વોસિરાવાય, અર્થાત 'જાણકારીમાં હવે એની સાથે મારે કોઈ જ સંબંધ નહિ,' એવું નક્કી કરાય તો જ એ અંગેના કર્મ બંધાતા અટકે.

પ્ર૦—હિંસા માંસાહાર આદિ જનમથી કરતો નથી ને પાપ શી રીતે લાગે ? 'કરે તે ભરે' એવું કહેવાય છે ને ?

ઉ૦—એ લોકોક્તિ છે. જૈનધર્મ આગળ વધી કહે છે 'વરે તે ભરે; અર્થાત્ વિના પ્રતિજ્ઞાએ હૈયાની અપેક્ષાએ પાપને વર્યો હોય એ પણ ભરે'=કર્મથી બંધાય. વ્યવહારમાં દેખાય છે કે વ્યાપારમાં ભાગીદારી ચાલુ હોય અને પોતે છ મહિના હવા ખાવા ગયો, દુકાન–વેપારમાં કોઈ ભાગ ન લીધો, છતાં જે ખોટ આવે એનો ભાર પોતાના માથે ચડે જ છે. એમ બાર મહિના બહારગામ રહ્યા, દેશના ઘરમાં નળ-ગટર કાંઈ ન વાપર્યા, છતાં નળ–ગટરનો મ્યુનિસિપલ ટેક્ષ ભરવો જ પડે છે. જો પહેલેથી નોટિસ આપી છુટા થયા હોય, તો ભાર નહિ. એમ પાપ–ત્યાગની જો પ્રતિજ્ઞા નથી, તો કર્મનો ભાર વધે જ છે; પ્રતિજ્ઞા કરે તો ભાર નહિ. માટે જ આ ઉત્તમ જીવનમાં આ એક મહાન સાધના છે કે ભલે પાંચ જ મિનિટ, યા અમુક પ્રસંગથી માંડીને દિવસ, રાત્રિ, સપ્તાહ, પક્ષ, માસ, વર્ષ યાવત

જીવનભરને માટે વિવિધ વ્રત, નિયમ, પ્રતિજ્ઞામાં રહેવું. નહિતર અવ્રત-અવિરતિથી ફોગટ અથાગ કર્મનો ભાર વધતો રહે છે. એટલે પહેલું તો જે પાપો આપણે કરતા નથી દા. ત. શિકાર જુગાર માંસાહાર વગેરે, એના ત્યાગની પ્રતિજ્ઞા કરી લેવી. પછી જે પાપો કરાતા હોય એમાં મર્યાદા બાંધી, ઉપરના પાપ બંધ કરવા.

અવિરતિ સ્થૂલરૂપે ૧૨ પ્રકારની હોય છે. (૧) પાંચ ઇન્દ્રિય અને મન સંબંધી વિષયોનાં ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી એ ૬, તથા (૨) હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહ અને રાત્રિભોજનના ત્યાગની પ્રતિજ્ઞા ન હોવી એ ૬, એમ કુલ ૧૨. આમાંથી અમુક પ્રમાણમાં પ્રતિજ્ઞા કરાય તો તે દેશવિરતિ કરી કહેવાય. એમાં જો સંપૂર્ણ પ્રતિજ્ઞા 'પાપ ન કરૂં, ન કરાવું, કે ન અનુમોદું' એમ ત્રણ રીતે; અને એ દરેક વળી ન કાયાથી, ન વાણીથી અને ન મનથી' એમ કુલ નવ પ્રકારે કરાય, એ સર્વવિરતિ કરી કહેવાય. એને નવકોટિ પચ્ચક્ખાણ (પ્રતિજ્ઞા) પણ કહે છે. આમાં જેટલી કોટિ ઓછી એટલી અવિરતિ ઊભી રહી ગણાય.

## કષાય

કષ=સંસાર, આય=લાભ. કષાય એટલે જીવને જે સંસારનો લાભ કરાવે છે તે. ક્રોધ, અભિમાન, માયા-કપટ અને લોભ એ સંસારનો લાભ કરાવે છે. માટે એને કષાય કહેવાય છે. એ ક્રોધાદિના અનેક રૂપક છે. દા. ત. રાગ, દ્વેષ, ઈર્ષ્યા, વેર, ઝેર, મદ, પોલિસી-ચાલાકી-પ્રપંચ, તૃષ્ણા,

મમતા, આસક્તિ, વગેરે. હાસ્ય, શોક, હર્ષ, ઉદ્વેગ ભય, દુર્ગંછા અને કામવાસના એ કષાયના પ્રેરક છે, તેમ જ કષાયનું નિમિત્ત પામી જાગે છે, માટે એને નોકષાય કહેવાય છે. અહીં આશ્રવમાં માત્ર કષાયનો ઉલ્લેખ છે, એટલે નોકષાય બાદ નથી, કેમકે એથી પણ કર્મ બંધાય છે. માટે નોકષાયનો સમાવેશ કષાયમાં જ સમજવાનો છે., એ પણ આશ્રવ છે.

કષાય મુખ્ય ચાર છે. ક્રોધ–માન–માયા–લોભ. આ ચાર કષાયની ચોકડીમાં દરેક કષાય પાછા ચાર જાતના હોય છે. અતિઉગ્ર, ઉગ્ર, મધ્યમ અને મંદ. એનાં શાસ્ત્રીય નામ ક્રમશઃ આ પ્રમાણે છે, અનંતાનુબંધી કષાય, અપ્રત્યાખ્યાનીય કષાય, પ્રત્યાખ્યાનાવરણ૰ અને સંજ્વલન૰ આ ચાર કષાય–ચોકડીમાં દરેકમાં ક્રોધાદિ ૪ આવે.

૧. અનંતાનુબંધી કષાય એ અનંતનો એટલે કે અનંત સંસારનો અનુબંધ કરનારા છે, બંધન પર બંધન લાદનારા યાને સંસારની પરંપરા ચલાવનાર છે. એ કષાય સામાન્ય રીતે મિથ્યાત્વની સાથે રહેનારા હોય છે, અને એમાં અતિઉગ્રપણું એ છે કે એમાં જીવ તદ્દન ભાનભૂલો બને છે. હિંસાદિ પાપ અને ઇષ્ટ–અનિષ્ટ વિષયો પાછળ એવા ઉગ્ર રાગદ્વેષથી વર્તે છે કે એમાં એને કશું ખોટું લાગતું નથી, ભય નથી, એ પાપ અકર્તવ્ય લાગતા નથી, કર્તવ્ય માની રાચીને કરે છે. એવા અતિઉગ્ર હોવાથી એ સમ્યકત્વના ઘાતક છે. સમ્યકત્વ એટલે તત્વશ્રદ્ધા. એમાં પાપને પાપ માનવું, અકાર્ય અકર્તવ્ય માનવું જરૂરી છે.

પણ આ અતિઉગ્ર જાતના અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ, એવી માન્યતાના પ્રતિબંધક છે. પહેલાં કષાય દબાઈને આ તત્ત્વ-શ્રદ્ધા થઇ હોય, તો ય આ અનંતાનુબંધી કષાયના ભાવો જાગતાં તેને તોડી નાખે છે, સમ્યકત્વથી નીચે પાડી પહેલા મિથ્યાત્વ ગુણઠાણે લઇ આવે છે.

૨. અપ્રત્યાખ્યાનીય કષાય એટલે હિંસાદિ પાપો અ-કર્તવ્ય છે એવું સમજાતું ય હોવા છતાં વીર્યના અભાવે પ્રત્યાખ્યાનને અર્થાત પચ્ચકખાણનો એટલે કે પાપત્યાગની પ્રતિજ્ઞાનો ભાવ ન થવા દે, પ્રતિજ્ઞાનો ભાવ આવ્યો હોય તો એને નષ્ટ કરી દે. એવા એ ઉગ્ર કોટિના કષાય હોય છે. એથી જ અવિરતિ ઊભી રહે છે, દેશવિરતિપણું અટકે છે. જીવ જાણતો હોય છતાં એવો ગળિયો રહે છે કે 'લાવ આટલા પ્રમાણમાં તો પાપ-ત્યાગની મારે પ્રતિજ્ઞા' એવુ નથી કરી શકતો.

૩. પ્રત્યાખ્યાનાવરણ કષાય એટલે જે સર્વથા પચ્ચક્ખાણ રોકનાર નહિ, પરંતુ એનું અમુક આવરણ ઊભું રાખે, અર્થાત પહેલી અને બીજી કક્ષાના કષાય દબાઈ જવાથી ભલે શ્રદ્ધા અને થોડું પચ્ચક્ખાણ આવે, પરંતુ આ ત્રીજી કક્ષાના કષાયની હાજરી બાકીની વિરતિનું રોકાણ કરે છે. દા. ત. પહેલી કષાય ચોકડી જવાથી હિંસાને પાપરૂપ માની અકર્તવ્ય માની; અને બીજી કષાય ચોકડી જવાથી ત્રસ જીવોની જાણી જોઇને હિંસા કરવાનું પ્રતિજ્ઞાપૂર્વક રોકયું. પરંતુ હજી એની (ત્રસની) અજાણે હિંસા થાય તે, તેમ જ જાણતાં કે અજાણતાં સ્થાવર જીવોની હિંસા થાય તે બંધ નથી કરી.

એ આ પ્રત્યાખ્યાનાવરણ કષાયને લીધે છે. એટલે કે આ કષાય સર્વવિરતિને યાને સર્વથા પાપત્યાગની પ્રતિજ્ઞાને અટકાવે છે, ચારિત્રને રોકે છે. એક યા બીજા કારણે ઘરવાસની આસક્તિ આ સર્વપાપ-ત્યાગમાં નથી જવા દેતી.

૪. સંજ્વલન કષાય એટલે સહેજ ભભુકતા કષાય. અનંતાનુબંધી વગેરે પૂર્વની ત્રણ કષાય—ચોકડી છોડવાથી સર્વ પાપના ત્યાગ સુધી આત્મા આવી ગયો અને સાધુ બની ગયો, પરંતુ હજી કંઇક કંઇક ક્રોધાદિ ઊઠે છે, યા સંયમ આદિ પર રાગ અને દોષો પર દ્વેષ છે, એ આ સંજ્વલન કષાયનું કામ છે. આ કષાય જીવના વીતરાગતા ગુણને અટકાવે છે.

## યોગ

આત્માના પુરુષાર્થથી મન-વચન-કાયાની થતી પ્રવૃત્તિને યોગ કહે છે. અર્થાત જીવના વિચાર-વાણી-વર્તાવ એ યોગ છે. એ સારા હોય તો શુભ કર્મ, અને ખરાબ હોય તો અશુભ કર્મ બંધાવે છે. એમાં મનના ચાર યોગ છે—(૧) સત્ય મનોયોગ એટલે કે વસ્તુ યા વસ્તુસ્થિતિ જેવી હોય તેવી વિચારણા ચાલે તે. દા. ત. જ્ઞાન સાથે ક્રિયાથી જ મોક્ષ થાય. (૨) અસત્ય મનોયોગ એટલે કે વસ્તુ યા વસ્તુસ્થિતિથી વિપરીત વિચારણા, જુદી વિચારણા ચાલે તે. દા. ત. મોક્ષ માટે ક્રિયા નકામી છે. એ વિચારણા (૩) સત્યાસત્ય (મિશ્ર) મનોયોગ; અંશે સાચી અંશે જૂઠી વિચારણા. વિચારે કે મોક્ષ પ્રત્યે જ્ઞાન જ કારણ છે. (૪) વ્યવહાર મનોયોગ એટલે જેમાં સાચા જૂઠા જેવું કાંઇ નથી, કોઈ વ્યવહારુ

કામકાજની વિચારણા દા. ત. 'સવારે વહેલા ઊઠવું', 'પેલા-ને ન જવાનું કહુ', વગેરે વિચારણા.

વચનયોગના પણ આ જ રીતે 'સત્ય વચનયોગ' વગેરે ચાર પ્રકાર છે. વસ્તુ કે વસ્તુસ્થિતિ હોય તેવું બોલવું એ સત્યવચન યોગ, જૂઠ બોલવું એ અસત્ય વચનયોગ, અંશે સાચું અને અંશે જૂઠું બોલાય તે મિશ્ર વચનયોગ, 'તું જા, તમે આવો' વગેરે બોલાય એ વ્યવહાર વચનયોગ.

કાયયોગ ૭ પ્રકારે છે:– મનુષ્ય–તિર્યંચનાં શરીર તે ઔદારિક શરીર, દેવ–નારકના શરીર તે વૈક્રિય શરીર, ને લબ્ધિધર ચૌદપૂર્વી મહામુનિ કાર્ય પ્રસંગે બનાવે તે આહા-રક શરીર આ દરેકની આખા શરીરથી યા એના કોઈ અંગોપાંગથી યા કોઇ ઇન્દ્રિયોથી કે શરીરની અંદરના હૃદય વગેરેથી થતી પ્રવૃત્તિ એ કાયયોગ, ઔદા૦ વૈ૦ અને આહા૦ એમ ૩ કાયયોગ થયા.

જીવનો પરલોકમાં જન્મ થતાં જ પહેલાસમયે કાંઈ નવું શરીર તૈયાર નથી થઇ જતું. એ વખતે તો કર્મના જથા-રૂપી કાર્મણ શરીરની સહાયથી ઔદારિક પુદ્ગલનું શરીર બનતું ચાલે છે. માટે તે વખતે ઔદારિકમિશ્ર કાયયોગ ચાલતો કહેવાય. શરીર પૂર્ણ બની ગયા પછી શુદ્ધ ઔદારિક કાયયોગ ચાલતો કહેવાય. એમ વૈક્રિયમિશ્ર અને આહાર-કમિશ્ર ગણતાં કુલ ૩ મિશ્રકાયયોગ થયા. હવે જીવને ભવાંતરે જતાં માર્ગમાં જો પહેલાં સીધા અને પછી બે વાર ફંટાઈને જવાનું હોય, તો પહેલી વાર ફંટાય ત્યાં નથી તો પૂર્વે મૂકેલાં શરીર સાથે સંબંધ, કે નથી હવે

પછી નવા ઊભા થનાર શરીર સાથે સંબંધ. તેથી માત્ર કાર્મણ શરીરની પ્રવૃત્તિ છે. કાર્મણ શરીર એટલે આત્મા પર લાગેલ કર્મનો જથો; એની પ્રવૃત્તિ એ કાર્મણ કાયયોગ કહેવાય. ત્યાં કોઈ આહારના પુદ્ગલનું ગ્રહણ નથી તેથી અણાહારી અવસ્થા છે. આમ ઔદા૦ વૈ૦ આહા૦, ત્રણેયના શુદ્ધ અને મિશ્ર, એમ છ તથા એક કાર્મણ કાયયોગ એમ કુલ સાત કાયયોગ છે.

એકંદરે મન, વચન, કાયાના પંદર યોગ છે. એમાં શુભ અશુભ બે પ્રકાર છે, સત્ય મનોયોગ, સત્ય વચનયોગ તથા ધર્મ સંબંધી વ્યવહાર મન-વચન-યોગ એ શુભ છે. તેમજ ધર્મ સંબંધી શરીર-ગાત્ર-ઇન્દ્રિયની પ્રવૃત્તિરૂપ કાયયોગ એ પણ શુભ છે. બાકી અશુભ છે. શુભયોગથી પુણ્યનો લાભ મળે છે, અશુભથી પાપનો.

## પ્રમાદ

પ્રમાદ એટલે આત્માને પોતાના સ્વરૂપમાં રમણતા કરવામાંથી જે ચુકાવે તે. ૧. મદ્ય. ૨. વિષય, ૩. કષાય, ૪. નિદ્રા અને ૫ વિકથા એ પાંચ પ્રમાદ છે, તેમ રાગ દ્વેષ, અજ્ઞાન, સંશય, ભ્રમ, વિસ્મરણ, મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન(અસત્પ્રયોગ), ને ધર્મમાં અનાદર-અનુત્સાહ, આ પણ આઠ પ્રમાદ છે. સર્વ પાપોનો ત્યાગ કરી ચારિત્ર લીધું છતાં જ્યાં સુધી સહેજ પણ પ્રમાદ નડી જાય છે, ત્યાં સુધી એ પ્રમત્ત મુનિ છે. પ્રમાદ ટાળે તો અપ્રમત્ત મહામુનિ બને. અલબત્ પછી પણ અપ્રમત્ત મુનિને હજી કષાય ઊભા છે, પરંતુ તે બહુ સૂક્ષ્મ છે, અને હવે તો અંતર્મુહુર્ત કાળમાં નાશ પામી શકે અગર દબાઈ જાય એવા છે. ત્યાં

જીવની જબરદસ્ત જાગૃતિ અર્થાત્ ઉજાગરણ દશા છે, તેથી તે અત્યલ્પ કષાયને પ્રમાદ નથી કહેવાતો.

આ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદ, એ પાંચ આશ્રવ પોતાની કક્ષા મુજબ સતત કર્મબંધ કરાવે છે. કક્ષા મુજબ એટલે કે મિથ્યાત્વ કષાયાદિ જેવા જોરદાર, તેવો કર્મબંધ જોરદાર.

## ૧૭. બંધ-'૮' કર્મ—પાપપુણ્ય

તેલનો ડાઘો વાતાવરણમાંથી ધૂળ ખેંચે છે અને એને કપડા પર એકમેક ચોંટાડે છે. એવી રીતે મિથ્યાત્વ, અવિરતિ, ઇન્દ્રિયો, કષાય, યોગ વગેરે આશ્રવો બહારની કર્મવર્ગણાને ખેંચી જીવ સાથે એકમેક ચોંટાડે છે. જો પ્રતિસમય મિથ્યાત્વાદિ ચાલુ છે તો કર્મસંબંધ પણ પ્રતિસમય ચાલુ છે.

કર્મ ચોંટવા સાથે જ એમાં જુદા જુદા સ્વભાવ (પ્રકૃતિ), ટકવાનો કાળ (સ્થિતિ), ફળની તીવ્ર-મન્દતા (રસ), અને દળપ્રમાણ (પ્રદેશ) નક્કી થઈ જાય છે. આનું નામ પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ ને પ્રદેશબંધ છે. આમાં એક સમયે લાગેલા કર્મના જથ્થામાં અમુક વિભાગની અમુક પ્રકૃતિ, બીજાની બીજી પ્રકૃતિ, તથા અમુકની અમુક સ્થિતિ, બીજાની બીજી, એમ અમુકનો અમુક રસ, બીજાનો બીજો,—એમ નક્કી થાય છે; દા. ત. અમુક વિભાગની પ્રકૃતિ જ્ઞાનને આવરવાની નક્કી થઈ, તે પ્રકૃતિબંધ. હવે તે જ્ઞાનાવરણીય કર્મ કહેવાય. એનો સ્થિતિ-કાળ અમુક સાગરોપમ જેટલો નક્કી થયો એ સ્થિતિબંધ. એનો

રસ તીવ્ર યા મંદ નક્કી થયો તે રસબંધ. એમાં પુદ્ગલ-જથો અમુક આવ્યો તે પ્રદેશબંધ. આમાં સ્થિતિકાળ પાકે ત્યારે તે કર્મ ઉદયમાં આવે છે, અને પોતાની પ્રકૃતિ મુજબ જ્ઞાનને રોકે છે. એમાં ય રસબંધના અનુસારે તે તીવ્ર હોય તો જ્ઞાનને ગાઢપણે રોકે છે જેથી ભણવા સમજવાની મહેનત કરવા છતાં થોડું ય જ્ઞાન પ્રગટતું નથી. જો મંદરસ હોય તો જ્ઞાન એના પ્રમાણમાં પ્રગટે છે.

**કર્મની મૂળ ૮ પ્રકૃતિ : વાદળની ઉપમા**

'જીવનું મૌલિક અને વિકૃત સ્વરૂપ'વાળા પ્રકરણમાં સમજાવ્યું છે તે પ્રમાણે જીવ જાણે એક સૂર્ય છે, તેમાં ૮ જાતના ગુણરૂપી પ્રકાશ છે, તેના પર ૮ જાતના કર્મ-રૂપી વાદળ છે, તેથી વિકૃતિ રૂપી અંધકાર બહાર પડે છે. તેને નીચેના કોઠાથી સમજી શકાશે.

| જીવના ૮ ગુણ (પ્રકાશ) | ૮ કર્મ (વાદળ) | વિકૃતિ |
|---|---|---|
| (૧) અનંત જ્ઞાન | જ્ઞાનાવરણ | અજ્ઞાન |
| (૨) ,, દર્શન | દર્શનાવરણ | અંધાપો, નિદ્રા વગેરે |
| (૩) વીતરાગતા | મોહનીય | મિથ્યાત્વ, રાગ, દ્વેષ, કષાયો, હાસ્યાદિ, કામ. |
| (૪) અનંત વીર્યાદિ | અંતરાય | કૃપણતા પરાધીનતા, દરિદ્રતા, દુર્બળતા |
| (૫) ,, સુખ | વેદનીય | શાતા, અશાતા. |
| (૬) અજરામરતા | આયુષ્ય | જન્મ–મૃત્યુ |
| (૭) અરૂપિપણું | નામકર્મ | શરીર, ઇન્દ્રિયો, વર્ણાદિ, ચાલ, ત્રસ-સ્થાવરપણું, યશ-અપયશ, સૌભાગ્ય–દૌર્ભાગ્ય વગેરે. |
| (૮) અગુરુલઘુપણું | ગોત્રકર્મ | ઊંચકુળ, નીચકુળ. |

આમાંના પહેલા ચાર એ આત્માના ખાસ ગુણ, નિર્મળતાના ગુણ છે એને રોકનારા એ પહેલા ૪ કર્મને ઘાતી કર્મ કહે છે. બાકીના ૪ અઘાતી.

આ આઠેય કર્મના અવાંતર ભેદ છે તે આગળ સમજાશે.

## ૮ કરણ

જૈન શાસ્ત્રો કહે છે કે કર્મ જે બંધાય, તે બધા તેવા જ રૂપે અને તે રીતે જ ઉદયમાં આવે એવું નથી બનતું; અર્થાત્ એની પ્રકૃતિ, સ્થિતિ અને રસમાં ફરક પણ પડી જાય છે. આનું કારણ જીવ જેમ કર્મનું બંધન કરે છે, તેમ સંક્રમણ વગેરે પણ કરે છે. આ બંધન સંક્રમણ વગેરેના આત્મવીર્ય—યોગને કરણ કહે છે.

કરણો આઠ છે—બંધનકરણ, સંક્રમણકરણ, ઉદ્વર્તના૦, અપવર્તના૦, ઉદીરણા૦, ઉપશમના૦, નિધત્તિ૦ અને નિકાચનાકરણ. (૧) બંધનકરણમાં તેવા તેવા આશ્રવના યોગે થતા કર્મબંધની પ્રક્રિયા આવે. (૨) સંકમણકરણમાં એક જાતના કર્મ—પુદ્ગલનું તે જ જાતના બીજા રૂપના કર્મપુદ્ગલમાં સંક્રમણ થવાની પ્રક્રિયા આવે. સંક્રમણ એટલે વર્તમાનમાં બંધાતા કર્મ—પુદ્ગલમાં પૂર્વના સિલિકમાં રહેલા કર્મમાંથી કેટલાકનું ભળી તે રૂપે બની જવું તે. દા. ત. અત્યારે શુભ ભાવનાને લીધે શાતાવેદનીય કર્મ બંધાતું હોય, તો તેમાં પૂર્વના સંચિત કેટલાક અશાતા કર્મ ભળી શાતારૂપ બની જાય, તે અશાતાવેદનીયનું સંક્રમણ થયું ગણાય. એથી

ઉલ્ટું, અશુભ ભાવને લીધે બંધાતા આશાતાવેદનીય કર્મમાં કેટલાક શાતા૦ કર્મનું સંક્રમણ થવાથી તે શાતાકર્મ અશાતાકર્મ બની જાય.

(૩-૪) ઉદ્વર્તના—અપવર્તના કરણ: કર્મની સ્થિતિ-રસમાં વધારો થાય તે ઉદ્વર્તના, ને ઘટાડો થાય, તે અપવર્તના. દા. ત. જીવ શુભ ભાવમાં વર્તતો હોય તો સિલિકમાં પડેલ શુભ કર્મના રસને વધારે છે અને અશુભ કર્મના રસને ઘટાડે છે. અશુભભાવ હોય તો એથી વિપરીત બને છે. (૫) ઉપશમના કરણ:-વિશિષ્ટ પ્રકારના શુભ ભાવોલ્લાસથી મોહનીય કર્મના ઉદયને અંતમુહૂર્ત સુધી તદ્દન અટકાવી દેવાય, શાંત કરાય, તેને ઉપશમના કહે છે. એમાં તે ઉદયનિરોધના અંતમુહૂર્ત કાળમાં સ્થિતિ પાકવાનું નક્કી હતું એવા કર્મપુદ્ગલો શુભ ભાવના બળે પૂર્વ-ઉત્તર સ્થિતિમાં જાય છે; અર્થાત્ તેવી સ્થિતિવાળા કરી દેવાય છે. એથી અહીં ઉદય રોકાઇ ઊપશમના થઇ. (૬) ઊદીરણા કરણમાં મોડા ઉદયમાં આવે એવા કેટલાક કર્મ-પુદ્ગલોને ભાવબળે વહેલા ઉદયમાં ખેંચી લવાય છે. (૭) નિધત્તિકરણમાં કેટલાક કર્મ પુદ્ગલોને એવા કરી મૂકવામાં આવે છે કે હવે એના પર ઉદ્વર્તના-અપવર્તના સિવાય બીજાં કોઈ કરણ લાગી શકે નહિ, એ બીજાં કરણોને અયોગ્ય થઈ જાય, એ નિધત્તિ થઈ. (૮) નિકાચના કરણમાં તે કર્મપુદ્ગલોને સકલ કરણને અયોગ્ય કરી દેવામાં આવે છે. એના પર સંક્રમણ વગેરે કોઇ કરણ

ન લાગી શકે. એટલે એ હવે નિકાચિત કર્મ કહેવાય છે. તીવ્ર શુભ ભાવથી પુણ્ય કર્મ અને તીવ્ર અશુભ ભાવથી પાપકર્મ નિકાચિત થાય છે.

આ ઉપરથી સમજાશે કે કર્મ બંધાયા પછી બધાં એવાં ને એવાં જ રહે છે એવું નથી; પરંતુ કેટલાક કર્મનું બીજે સંક્રમણ, સ્થિતિ-રસમાં ઉદ્વર્તનાદિ, ઉદીરણા, વગેરે ફેરફાર થાય છે, આત્મા જો નિરંતર વૈરાગ્ય, જિનવચનરુચિ, દયા-દાનાદિ, દેવગુરુસેવા, ક્ષમા વિરતિભાવ વગેરેમાં રહે તો નવું પુણ્ય તો અવશ્ય બંધાય, પરંતુ ઉપરાંતમાં કેટલાંક જુનાં અશુભ કર્મનું શુભ પુણ્યકર્મમાં સંક્રમણ થાય, અશુભના રસમાં અપવર્તના થાય, શુભના રસમાં ઉદ્વર્તના થાય, વગેરે સારાં પરિવર્તનો થાય છે. એથી ઊલટું અશુભ ભાવમાં એનાથી વિપરીત વસ્તુ બને છે. આવા અનુપમ લાભ હોવાથી હૈયાના ભાવ સદા પવિત્ર અને ઉચ્ચ કોટિના શુભ રાખવા, તેમજ શક્ય એટલી શુભ કરણી, સદ્વાણી અને શુભ વિચારણામાં રહેવું હિતાવહ છે.

## ૮. કર્મની ઉત્તર પ્રકૃતિ ૧૨૦

પહેલાં જ્ઞાનાવરણ આદિ ૮ કર્મ કહી આવ્યા. એના પેટા ભેદ આ પ્રમાણે :-

(૧) જ્ઞાનાવરણ ૫ :-વસ્તુ વિશેષરુપે જણાય=દેખાય એ 'જ્ઞાન' છે. દા.ત. આ માણસ છે (ઢોર નહિ)' સામાન્યરૂપે દેખાય એ 'દર્શન' છે. દા. ત. 'આ ય માણસ છે.' મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાના૦, અવધિ૦, મનઃ

પર્યવ૦ અને કેવલજ્ઞાનાવરણ, આ પાંચ આવરણ આત્માના મતિ વગેરે વિશેષ જ્ઞાનને અટકાવે છે. મતિજ્ઞાન=ઇન્દ્રિય કે મનથી થતું જ્ઞાન. તજ્ઞાન=કથન, શાસ્ત્ર વગેરેથી થતું શબ્દાનુસારી જ્ઞાન. અવધિ૦=ઇન્દ્રિય કે શાસ્ત્ર આદિની સહાય વિના સીધું આત્માને થતું રૂપી દ્રવ્યોનું પ્રત્યક્ષ. મનઃપર્યવ૦=અઢીદ્વીપમાંના સંજ્ઞી પંચેન્દ્રિયના મનનું પ્રત્યક્ષ. આ જ્ઞાન અપ્રમત્ત મુનિને જ થાય. કેવળજ્ઞાન= સર્વ કાળના સર્વ પર્યાય સહિત સર્વદ્રવ્યોનું આત્માને થતું સાક્ષાત્ જ્ઞાન. અહીં મતિજ્ઞાનમાં ચાર અવસ્થા છે, અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા. અવગ્રહ=પ્રાથમિક સામાન્ય ખ્યાલ, ઇહા ઉહાપોહ; અપાય=નિર્ણય; ધારણા= અ-વિસ્મરણ દા. ત. અસ્પષ્ટ 'કંઇક' એવો ભાસ એ અવગ્રહ. 'પેલું ઠુંઠું કે માણસ?' એ ઇહા. નજીક જતાં માણસ યા ઠુંડાનો નિર્ણય થાય એ અપાય. એને મનમાં ધારી રખાય એ ધારણા.

(૨) **દર્શનાવરણ ૯**:—દર્શનાવરણ=સામાન્ય જ્ઞાનને રોકનાર કર્મ. ચક્ષુ દર્શનાવરણ (ચક્ષુથી દેખી ન શકાય) અચક્ષુ૦ દર્શનાવરણ (અન્ય ઇન્દ્રિય કે મનથી અદર્શન), અવધિ૦, કેવલ૦;—આ ૪ દર્શના૦ + ૫ નિદ્રા = નવ દર્શનાવરણકર્મપ્રકૃતિ. પાંચ નિદ્રામાં ૧. નિદ્રા = અલ્પ નિદ્રા જેમાં સુખેથી જગાય તે, ૨. નિદ્રા નિદ્રા=ગાઢ નિદ્રા, જેમાં કષ્ટે જગાય તે; ૩. પ્રચલા=બેઠા કે ઉભા નિદ્રા આવે તે; ૪. પ્રચલાપ્રચલા=ચાલતા નિદ્રા આવે તે; ૫. સ્ત્યાનર્દ્ધિ= જેમાં જાગ્રત્‌ની જેમ નિદ્રામાં દિવસે ચિંતવેલ કઠોર કાર્ય

ફરી આવે. પહેલાં ચાર દર્શનાવરણ દર્શનશક્તિને ન થવા દે, અને પાંચ નિદ્રા એ પ્રાપ્ત દર્શનનો સમૂળગો નાશ કરે છે. એ હિસાબે નવે ય દર્શનાવરણમાં ગણાય છે.

(૩) **મોહનીય ૨૬ પ્રકારે**: એમાં મુખ્ય બે વિભાગ ૧. દર્શન મોહનીય, ૨. ચારિત્રમોહનીય, જે ૨૫ પ્રકારે છે.

**દર્શનમોહનીય**= મિથ્યાત્વ૦, કે જેના ઉદયે અતત્ત્વ પર રુચિ અને સર્વજ્ઞોક્ત તત્ત્વ પર અરુચિ થાય. આ કર્મ બંધાવામાં એક જ; પણ પછી એના ૩ પુંજ થયેથી ઉદયમાં મિથ્યાત્વ મોહ૦, મિશ્ર મોહ૦, સમ્યકત્વ મોહનીય. સમ્ય૦ થી તત્ત્વશ્રદ્ધા ખરી, પણ અતિચાર લગાડે. મિશ્ર-મોહનીયથી અતત્ત્વ ઉપર રુચિ–અરુચિ નહિ તેમજ સર્વજ્ઞ પ્રભુએ કહેલા તત્ત્વ ઉપર શ્રદ્ધા ય નહિ અને અશ્રદ્ધા ય ન થાય. **ચારિત્રમોહનીય**ની ૨૫ પ્રકૃતિ. (૧૬ કષાય મોહ૦ + ૯ નોકષાય મોહ૦) કષ=સંસારનો, આય=લાભ જેથી થાય, અર્થાત સંસારને વધારે તે કષાય. તે ક્રોધ માન–માયા–લોભ. રાગ–દ્વેષ આમાં સમાવિષ્ટ છે. ક્રોધ માન એ દ્વેષ છે. માયા લોભ એ રાગ. ક્રોધાદિ ચારના દરેકના પૂર્વોકત અનંતાનુબંધી વગેરે ૪–૪ પ્રકાર હોઈ, ૧૬ કષાય થાય. **નોકષાય**=કષાયથી પ્રેરિત કે કષાયના પ્રેરક હાસ્યાદિ ૯. હાસ્ય શોક, રતિ (ઈષ્ટમાં રાજીપો), અરતિ (અનિષ્ટમાં ઉદ્વેગ, નારાજી), ભય(સ્વ સંકલ્પથી બીક), જુગુપ્સા (દુગંછા), પુરુષવેદ (સળેખમ થયે ખાટું ખાવાની ઈચ્છાની જેમ જેના ઉદયે સ્ત્રીસંભોગની અભિલાષા થાય તે),

સ્ત્રી વેદ (પુરૂષભોગની અભિલાષા), નપુંસકવેદ (ઉભય અભિલાષા).

(૪) અંતરાયકર્મ ૫ પ્રકારે છે,—દાનાંતરાય, લાભાં૦, ભોગાં૦, ઉપભોગાં૦, ને વીર્યાંતરાયકર્મ. આ ક્રમસર દાન કરવામાં, લાભ થવામાં, એકજ વાર ભોગ્ય અન્નાદિ ભોગવવામાં, વારંવાર ભોગ્ય વસ્ત્રાલંકારાદિ ભોગવવામાં અને આત્મવીર્ય પ્રગટ થવામાં વિઘ્નભૂત છે.

આ જ્ઞાનાવરણાદિ ચાર કર્મ ઘાતી કર્મ છે. હવે બાકીના ચાર અઘાતી કર્મમાં,—

(૫) વેદનીય ૨;—૧. શાતા, ૨. અશાતા. જેના ઉદયે આરોગ્ય વિષયોપભોગ વગેરેથી સુખનો અનુભવ થાય તે શાતા. એથી ઉલટું અશાતા.

(૬) આયુષ્ય ૪;—નરકાયુ તિર્યંચાયુ, મનુષ્યાયુ અને દેવાયુ. તે તે નરકાદિ ભવમાં જીવને તેટલો તેટલો કાળ જકડી રાખનારૂં કર્મ તે આયુષ્યકર્મ. એ જીવને તે તે ભવમાં જીવતો રાખે.

(૭) ગોત્ર ૨;—૧. ઉચ્ચગોત્ર, ૨. નીચગોત્ર. જેના ઉદયે ઐશ્વર્ય, સત્કાર, સન્માન વગેરેના સ્થાનભુત ઉત્તમ જાતિ–કુળ મળે તે ઉચ્ચગોત્ર, તેથી વિપરીત તે નીચગોત્ર.

(૮) નામકર્મ ૬૭ ભેદે;—ગતિ ૪+જાતિ ૫+શરીર ૫+અંગોપાંગ ૩+સંઘયણ ૬+સંસ્થાન ૬+વર્ણાદિ ૪+આનુપૂર્વી ૪+વિહાયોગતિ ૨=૩૯ પિંડ પ્રકૃતિ+૮ પ્રત્યેક પ્રકૃતિ+ત્રસ દશક અને સ્થાવર દશકની ૨૦=૬૭. (પિંડ પ્રકૃતિ એટલે કે

પેટાભેદના સમૂહવાળી પ્રકૃતિ. પ્રત્યેક પ્રકૃતિ=વ્યક્તિગત પેટાભેદ વિનાની ૧-૧ પ્રકૃતિ.)

આ ૬૭ પ્રકૃતિ આ પ્રમાણેઃ—

૪ ગતિ—નારકાદિ પર્યાય જે કર્મથી પ્રાપ્ત થાય તે ગતિ નામકર્મ કહેવાય. એ ૪ પ્રકારે, નરકગતિ, તિર્યંચ૦, મનુષ્ય૦ અને દેવગતિ. ૫ જાતિ,—એકેન્દ્રિયથી માંડી પંચેન્દ્રિય સુધીની કોઈ જાતિ દેવાવાળું કર્મ તે જાતિનામકર્મ. એ હીનાધિક ચૈતન્યનું વ્યવસ્થાપક છે. ૫. શરીર૦—'શીર્યતે ઇતિ શરીરમ્' શીર્ણ વિશાણ થાય તે શરીર. ૧. ઔદારિક ઉદાર સ્થૂલ પુદ્ગલોનું બનેલું. મનુષ્ય-તિર્યંચનું શરીર. ૨. વૈક્રિય=વિવિધ ક્રિયા (અણુ-મહાન, એક-અનેક) કરી શકવા યોગ્ય શરીર, દેવ-નારકનું. ૩. આહારક=શ્રી તીર્થંકર દેવની ઋદ્ધિ જોવા કે સંશય પૂછવા ચૌદ પૂર્વી એક હાથનું શરીર બનાવે તે. ૪. તૈજસ=આહારનું પચન વગેરે કરનાર તૈજસ પુદ્ગલનો જથો, ૫. કાર્મણ=જીવ સાથે લાગેલ કર્મનો જથો. આવાં શરીર આપનાર કર્મ તે શરીર નામકર્મ. ૩ અંગોપાંગ૦,—જેના ઉદયે ઔદારિક-વૈક્રિય-આહારક શરીરને માથું, છાતી, પેટ, પીઠ, બે હાથ, બે પગ,—એ ૮ અંગ, આંગળીઓ વગેરે ઉપાંગ, ને પર્વરેખાદિ અંગોપાંગ મળે. એકેન્દ્રિય જીવને ઉપાંગ નામકર્મનો ઉદય ન હોવાથી શરીરમાં અંગોપાંગ નથી હોતા. શાખા-પત્ર વગેરે છે તે તો જૂદાં જૂદાં જીવનાં શરીર હોવાથી કોઈ એક જીવ-શરીરના અવયવ નથી. અહીં 'શરીર નામકર્મ'ની

અંતર્ગત બંધન નામકર્મ અને સંઘાતન નામકર્મ છે. ૫ બંધનનામકર્મ :—જેના ઉદયથી નવા લેવાતાં ઔદારિકાદિ પુદ્ગલો શરીરના જુનાં પુદ્ગલની સાથે લાખની જેમ એકમેક ચોંટે છે, તે ચોંટાડનારૂં કર્મ. ૬. સંઘાતન નામકર્મ=નિયત પ્રમાણુવાળા અને ગાત્રોની વ્યવસ્થાવાળા શરીરને રચતા પુદ્ગલના ભાગોને તે તે સ્થાનમાં દંતાળીની જેમ સંચિત કરનારું કર્મ.)

૬ સંઘયણ૰ (હાડકાના દઢ કે દુર્બળ સાંધા દેનારૂં કર્મ), ૧. વજ્રઋષભનારાચ=હાડકાનો પરસ્પર સંબંધ, એક બીજાને આંટી મારીને અને વચમાં ખીલી તથા ઉપર પાટા સાથે, થયેલો હોય તે. (આમાં નારાચ=મર્કટબંધ, એના પર ઋષભ=હાડકાનો પાટો વીંટળાયો હોય, અને વચમાં ઠેઠ ઉપરથી નીચે આરપાર વજ્ર=હાડકાની ખીલી હોય તેવું સંઘયણ) ૨. ઋષભનારાચ–માત્ર વજ્ર નહિ, બાકી પહેલા મુજબ મર્કટબંધ અને ઉપર પાટાવાળી હાડસંધિ. ૩ નારાચ=માત્ર મર્કટબંધ હોય. ૪. અર્ધનારાચ=સાંધાની એક જ બાજુ હાડકાની આંટી હોય ને બીજી બાજુએ ખીલીબંધ હોય. ૫ કીલિકા=હાડકાં ફક્ત ખીલીથી સંધાએલ હોય, ૬. છેવટ્ઠું છેદસ્પૃષ્ટ=સેવાર્ત–બે હાડકા માત્ર છેડે અડીને રહ્યા હોય, તેલ માલીશ વગેરે સેવાની અપેક્ષા રાખે તે.

૬. સંસ્થાન૰ (શરીર–ગાત્રની આકૃતિ દેનારૂં કર્મ.) ૧. સમચતુરસ્ર (અસ્ર–ખૂણો) પર્યંકાસને બેઠેલાના જમણા ઢીંચણથી ડાબા ખભાનું અંતર, જમણા ખભાથી ડાબા ઢીંચણનું અંતર, બે ઢીચણનું અંતર અને બે ઢીંચણના

મધ્યભાગથી લલાટ પ્રદેશ સુધીનું અંતર,–આ ચારે સરખા હોય તે સમચતુ૦ સંસ્થાન; અથવા જેમાં ચારે બાજુના ઉપરથી નીચેના અવયવ 'સમાન' યાને સામુદ્રિક શાસ્ત્રને અનુસારે લક્ષણ અને પ્રમાણવાળા હોય. ૨. ન્યગ્રોધ=વડ સરખું, નાભિથી ઉપરનું શરીર લક્ષણવાળું, ને નીચેનું લક્ષણહીન. ૩. સાદિ=ઉપરથી ઉલટું. ૪. વામન=માથું, ગળું, હાથ, પગ એ ૪ લક્ષણ-પ્રમાણવાળા ને છાતી પેટ વગેરે લક્ષણહીન હોય. ૫. કુબ્જ=માથું ગળું વગેરે કદ્રૂપા અને એ સિવાયના છાતી પેટ વગેરે સારાં હોય. ૬. હુંડક= સર્વ અવયવ પ્રમાણ-લક્ષણ વિનાનાં હોય.

૪ વર્ણાદિ—જેના ઉદયે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ સારા–નરસા મલે. શુભ વર્ણનામકર્મથી સારા, અને અશુભથી ખરાબ મળે.

૪ આનુપૂર્વી—નરકાનુપૂર્વી, તિર્યંચાનુ૦, મનુષ્યાનુ૦ ને દેવાનુપૂર્વી. વિગ્રહ ગતિથી (વચમાં ફંટાઇને) ભવાંતરે જતા જીવને વાંકા ફંટાતાં આકાશપ્રદેશની શ્રેણિના અનુસારે વક્ર ગમનક્રમ કરાવે તે આનુપૂર્વી નામકર્મ. ૨. વિહાયોગતિ (=ચાલ) ૧. શુભ ચાલ, હંસ હાથી વૃષભની સમાન. ૨. અશુભ,–ઊંટ, ગધેડા, પાડાની ચાલ.

૮ પ્રત્યેક પ્રકૃતિ:—૧. અગુરૂલઘુ નામકર્મ,–એના ઉદયથી શરીર એટલું ભારે કે હલકું નહિ પણ અગુરૂલઘુ મળે. ૨. ઉપઘાત૦—આ કર્મથી પોતાના અવયવથી પોતે જ હણાય એવા અવયવ મળે. દા. ત. પડજીભી, ચોર

દાંત, છઠ્ઠી આંગળી. ૩. પરાઘાત૦—આના ઉદયે જીવ બીજાને ઓજસથી આંજી દે એવી મુખમુદ્રા મળે. ૪. શ્વાસોચ્છ્વાસ૦–આથી શ્વાસો૦ની શક્તિ મળે. ૫. આતપ૦,–પોતે શીત છતાં બીજાને ગરમ પ્રકાશ કરે, તેવું શરીર મળે; જેમકે સૂર્ય વિમાનના રત્નોનું શરીર. (અગ્નિમાં ગરમી તો ઉષ્ણસ્પર્શના ઉદયથી અને પ્રકાશ ઉત્કટ લાલ વર્ણના ઉદયથી છે.) ૬. ઊદ્યોત૦ = જેના ઉદયે જીવનું શરીર ઠંડો ચળકાટ પ્રકાશ આપે. દા. ત. ઉત્તર વક્રિય શરીર, ચંદ્રાદિના રત્નો, ઔષધિ વગેરે. ૭. નિર્માણ૦–સુથારની જેમ અંગોપાંગને શરીરમાં ચોકક્સ સ્થાને રચે તે. ૮. જિન (તીર્થંકર) નામકર્મ=જેના ઉદયથી અષ્ટ મહાપ્રાતિહાર્યાદિ અતિશયોથી અલંકૃત દશામાં ધર્મશાસનની સ્થાપના કરવાનું મળે તે.

૧૦–૧૦ પ્રકૃતિ ત્રસ–સ્થાવર દશકની,—એના ઉદયે નીચે જણાવ્યા મુજબ જીવને પ્રાપ્ત થાય—(૧) ત્રસ=તડકા વગેરેમાંથી સ્વેચ્છાએ ખસી શકે, ગમનાગમન કરી શકે તે. જ્યારે સ્વેચ્છાએ ન હાલી શકે તે સ્થાવર૦ (૨) બાદર=આંખે દેખી શકાય તેવું શરીર. સૂક્ષ્મ=ઘણાં શરીર ભેગાં થાય તોય ન જોઈ શકાય. (૩) પર્યાપ્ત=સ્વયોગ્ય પર્યાપ્તિ પૂરી કરવાને સમર્થ. એથી ઉલટું અપર્યાપ્ત. (૪) પ્રત્યેક૦=જીવ દીઠ જુદું શરીર આપે તે. સાધારણ=અનંત જીવનું એક શરીર દે તે (૫) સ્થિર–મસ્તક, હાડકાં, દાંત વગેરે સ્થિર રહે. અસ્થિર જીહ્વા આદિ. (૬) શુભ =નાભિની ઉપરના અવયવો શુભ, નીચેના અશુભ, (કોઈને માથેથી અડવામાં એ ખુશ થાય છે, પગ લગાડવામાં ગુસ્સે થાય

છે. બાકી પત્નીનો પગ અડવાથી રાજી થાય તે તો પોતાના મોહને લઇને.) (૭) સૌભાગ્ય૦=વગર ઉપકારે પણ સૌને ગમે. દૌર્ભાગ્ય૦=ઉપકાર કરનારો પણ લોકોને અરુચિકર બને. (તીર્થંકર દેવો અભવ્ય આદિને ન ગમે તે તો તે જીવોના મિથ્યાત્વના ઉદયે.) (૮) સુસ્વર૦=સારો સ્વર વિપરીત દુઃસ્વર. (૯) આદેય૦=જેનું વચન યુક્તિ કે આડંબર વિનાનું છતાં બીજાને ગ્રાહ્ય બને, જેને જોતાવેંત બીજા આદરમાન આપે તેવું કર્મ. જે કર્મના ઉદયથી વચન બીજાને અગાહ્ય બને યા અનાદેય થાય તે અનાદેય. (૧૦) યશ-કીર્તિ૦=લોકમાં પ્રશંસા પામે. એથી વિપરીત અપયશ.

### ૪૨ પુણ્ય પ્રકૃતિ

સામાન્ય રીતે શુભ પરિણામે બંધાય અને શુભ રસે ભોગવાય તે કર્મ પુણ્યકર્મ કહેવાય. મૂળ ચાર અઘાતી કર્મોમાંથી જ ૪૨ પુણ્ય પ્રકૃતિઓ છે. ૧. શાતા વેદનીય+ ૩ આયુષ્ય (નરક વિનાના)+૧ ઊંચ ગોત્ર + ૩૭ નામકર્મની = ૪૨.

(તિર્યંચને પણ સ્વઆયુષ્ય મળ્યા પછી રાખવું ગમે છે, મરવું નથી ગમતું, માટે એને પુણ્યમાં ગણ્યું, પણ તિર્યંચગતિ નથી ગમતી, માટે એ પાપ પ્રકૃતિ છે. નારકને સ્વઆયુ ટકે એ નથી ગમતું; તેથી પુણ્યમાં નરકાયુ ન લીધું).

નામકર્મની ૩૭માં, ૪ દેવ અને મનુષ્યની ગતિ તથા આનુપુર્વી-+૧ પંચેન્દ્રિય જાતિ+૫ શરીર+૩ અંગોપાંગ + ૨ પહેલું સંઘયણ-સંસ્થાન + ૪ શુભ વર્ણાદિ + ૧ શુભ

વિહાયોગતિ+ ૭ ઉપઘાત સિવાયની પ્રત્યેક પ્રકૃતિઓ + ૧૦ ત્રસ દશક આવે.

## ૮૨ પાપ પ્રકૃતિ

સંકિલષ્ટ અધ્યવસાયે બંધાય અને અશુભ રસે ભોગવાય તે પાપકર્મ કહેવાય. મૂળ ચારે ઘાતી કર્મો પાપ પ્રકૃતિ છે, તેથી ૫ જ્ઞાના૦ + ૯ દર્શના + ૨૬ મોહનીય + ૫ અંતરાય = ૪૫ ઘાતી; તેમ જ અઘાતીમાંથી ૧ અશાતા વે૦ + ૧ નરકાયુ + ૧ નીચ ગોત્ર + ૩૪ નામકર્મની, એમ ૩૭ અઘાતી. એટલે ૪૫ + ૩૭ = કુલ ૮૨ પાપ પ્રકૃતિ થાય છે.

નામ૦ની ૩૪ માં, ૪ નરક–તિર્યંચની ગતિ–આનુપૂર્વી ૪ એકેન્દ્રિય–વિકલેન્દ્રિય જાતિ + ૧૦ પ્રથમ સિવાયના સંઘયણ–સંસ્થાન +૪ અશુભ વર્ણાદિ + ૧ અશુભ વિહાયોગતિ, એમ કુલ ૨૩ પિંડ પ્રકૃતિ + ૧ ઉપઘાત + ૧૦ સ્થાવર દશક = ૩૪.

પુણ્યની ૪૨ + પાપની ૮૨ = ૧૨૪ પ્રકૃતિ. આમાં વર્ણાદિ નામકર્મ ૪ શુભ અને અશુભ એમ બે વાર ગણાયા, તેથી ૧૨૪ - ૪ = ૧૨૦ કુલ કર્મ–પ્રકૃતિ બંધાય. આમાં મિથ્યાત્વ મોહનીય સાથે મિશ્ર–મો૦ ને સમ્યકત્વ–મો૦ ગણતાં, કુલ ૧૨૨ કર્મ–પ્રકૃતિ ઉદયમાં ગણાય. એમાં ૫ શરીર સાથે ૫ બંધન અને ૧૫ સંઘાતન ઉમેરતાં તથા વર્ણાદિ ૪ ને બદલે વર્ણ-૫, રસ–૫, ગંધ–૨ અને સ્પર્શ ૮, એમ ૨૦ ગણતાં ૨૦ ને ૧૬ વધે; એટલે કુલ ૩૬ વધવાથી ૧૨૨ + ૩૬ = ૧૫૮ કર્મ–પ્રકૃતિ સત્તામાં ગણાય.

## ઘાતી—અઘાતી કર્મ

જ્ઞાનાવરણાદિ આઠ કર્મમાં બે જાત છે; એક ઘાતી, અને બીજી અઘાતી. **ઘાતી** એટલે આત્માની નિર્મળતા યાને પરમાત્મભાવના ગુણ જ્ઞાન, દર્શન, વીતરાગતારૂપ ચારિત્ર અને વીર્યાદિને઼ ઘાત કરનાર; અને **અઘાતી** એટલે એને઼ ઘાત નહિ કરનાર. મોક્ષસુખ આત્મગુણ છતાં એનું રોધક વેદનીય-કર્મ પરમાત્મભાવનું ઘાતક નહિ, માટે એ ઘાતીકર્મ નહિ.

**ઘાતી કર્મ** ચાર છે,–જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહ-નીય અને અંતરાય. બાકીના વેદનીય, આયુષ્ય, નામકર્મ અને ગોત્રકર્મ એ ચાર **અઘાતી કર્મ** છે.

જ્ઞાનાવરણને઼ ઉદય થયો એટલે જ્ઞાન રોકાવાનું જ. મિથ્યાત્વને઼ ઉદય થયો એટલે સમ્યક્ત્વ ગુણ રોકાવાને઼ જ. તેથી તે ઘાતી છે. પરંતુ અઘાતી દા. ત. અશાતા વેદનીય કે અપયશ નામકર્મને઼ ઉદય થયો એટલે જ્ઞાન, સમ્યક્ત્વ વગેરે ગુણો રોકાય જ એવો નિયમ નહિ. હાં અપયશને઼ ઉદય થયા પછી મૂઢ બની એની અસર લઇને ભણેલું ભૂલે તેથી જ્ઞાન ઢંકાઈ જાય એમ બને; પણ તે તો જ્ઞાના-વરણ–કર્મના ઉદયથી ઢંકાઈ ગયું કહેવાય. એવું મોહનીય માટે સમજવાનું. અશાતા, દૌર્ભાગ્ય, અપયશ આવવા પર મૂઢ બની કષાય મોહનીયના ઉદયને જાગવા દઈએ, અર્થાત્ કષાય કરીએ તો જ ક્ષમાદિ ગુણ આવરાય, અને ન જાગવા દઇએ તો એકલી અશાતા કે દૌર્ભાગ્યાદિમાત્રથી આત્મગુણ આવરાય એવું નહિ. માટે એ ઘાતી નહિ. આને઼ અર્થ એ છે કે અઘાતી કર્મના ઉદય ચાલુ છે,

અગર નવા ઉદય આવ્યા છે, છતાં આપણે સાવધાન રહીએ તો જ્ઞાન આદિ ગુણ કાંઇ આને લીધે ન ઘવાય.

## પરાવર્તમાન–અપરાવર્તમાન

કેટલાંક કર્મ એવાં છે કે જે પરસ્પર વિરૂદ્ધ હોવાથી એક સાથે બંધાતાં કે ભોગવાતાં નથી; કિન્તુ વારાફરતી બંધાય કે ઉદય પામે છે, તેથી એને પરાવર્તમાન કહે છે; દા. ત. શાતા વેદનીય બંધાતું હોય ત્યારે અશાતા ન બંધાય. શાતા૦ ઉદયમાં હોય તો અશાતા ઉદયમાં ન આવે. એમ અશાતા બંધાતું હોય તો શાતાવેદનીય ન બંધાય. ત્રસદશક બંધાતું હોય તો સ્થાવર દશક નહિ બંધાય. માટે આને પરાવર્તમાન કહેવાય. બાકી જેના પ્રતિપક્ષી ન હોય તે અપરાવર્તમાન ગણાય; દા. ત. પાંચ જ્ઞાનાવરણ કર્મ.

**બંધમાં પરાવર્તમાન ૭૦ પ્રકૃતિ છે. એમાં ૫૫ નામકર્મની** (૩૩ પિંડપ્રકૃતિ તે ૪ વર્ણાદિ ને ૨ તેજસ કાર્મણ વિના+૨ આતપ ઉદ્યોત + ૨૦ બે દશક ) + ૭ મોહનીય ( રતિ–અરતિ–હાસ્ય-શોક–૩ વેદ ) +૨ ગોત્ર +૪ આયુષ્ય= ૭૦. આમાં તે તે જોડકામાંથી વારાફરતી એકેક બંધાય. બાકી ૫ જ્ઞાનાવ૦+ ૯ દર્શના૦ + ૫ અંતરાય, એ ૧૯ + ૧૯ મોહનીય + ૧૨ નામકર્મ = ૫૦ અપરાવર્તમાન છે, એટલે એકસાથે બંધાય છે.

**ઉદયમાં પરાવર્તમાન** —૮૭ પ્રકૃતિમાં, ઉપરોક્ત ૭૦ માંથી સ્થિરાસ્થિર, શુભાશુભ બાદ કરતાં ૬૬ + ૫

નિદ્રા + ૧૬ કષાય = ૮૭. એમાં તે તે જોડકામાંથી વારા-ફરતી એકેક ઉદયમાં આવે. બાકી ૩૩ **અપરાવર્તમાન** છે. અહીં ઉદયમાં નિદ્રાદિ પાંચમાંથી અને ક્રોધાદિ ચારમાંથી એક સમયે એક જ ઉદયમાં હોય. ક્રોધ હોય ત્યારે માન નહિ,....વગેરે. માટે એને ઉદયમાં પરાવર્તમાન કહ્યા. જ્યારે એજ કષાય બંધમાં અપરાવર્તમાન હોવાથી ક્રોધાદિ ચારેય એકસાથે બંધાય છે.

## કર્મબંધનો નિયમ—પુણ્યપાપની ચતુર્ભંગી

આ સાથે એ સમજવાનું છે કે જીવ જ્યારે શુભ ભાવમાં વર્તતો હોય દા. ત. સમ્યક્ત્વ, દયા, ક્ષમા, નમ્રતા દેવ–ગુરુભક્તિ, વ્રત, સંયમ વગેરેના ભાવવાળો હોય, ત્યારે શુભ કર્મ બાંધે છે. એથી ઉલટું હિંસાદિ પાપ, વિષયા-સક્તિ, ક્રોધાદિ કષાય, મિથ્યાત્વ, વગેરેના ભાવમાં વર્તતો હોય ત્યારે અશુભ કર્મ બાંધે છે. ધાર્મિક ક્રિયા અને આચારોનો આ પ્રભાવ છે કે જીવને તે શુભ ભાવમાં રાખે છે; તેથી એ શુભ કર્મ બાંધનાર બને છે. અલબત્ ત્યાંય જો કોઈ ધનની લાલસા કે કોઇના પર ગુસ્સો વગેરે કરે, તો એ અશુભ ભાવ થવાથી અશુભ કર્મ બાંધે છે. છતાં બહુધા એવું બને કે આરંભ—સમારંભ, વિષય, પરિગ્રહ વગેરેની સાંસારિક ક્રિયાઓ સામાન્ય રીતે અશુભ ભાવની પ્રેરક છે માટે એ અશુભ ક્રિયા છે; ત્યારે ધાર્મિક ક્રિયા શુભ ભાવની પ્રેરક છે માટે શુભ ક્રિયા છે; એટલે એ શુભ કર્મની કમાઇ કરાવે છે. શુભ ભાવ જગાડવા–વધારવા

હોય તો, શુભ ક્રિયા ઉપયોગી કહેવાય, અશુભ નહિ. તેથી જ જીવન ધાર્મિક ક્રિયા અને ધાર્મિક આચારોથી ભર્યું ભર્યું રાખવું જોઈએ.

પ્ર૦–શુભ કર્મનો પણ લોભ શા માટે કરવો ? અસલ તો એ કર્મ પણ એક બેડી જ છે. બેડીઓ તો તોડવાની છે. બેડીઓ તુટે તોજ મોક્ષ થાય છે ને ? પછી શુભનો લોભ શા માટે ?

ઉ૦–શુભ કર્મ હોય તો સારો મનુષ્યભવ, આરોગ્ય, આર્ય દેશ, આર્ય કુળ તથા દેવ-ગુરુ-ધર્મની સામગ્રી મળે છે. અને તે મળવાથી જ ઊંચી ધર્મસાધના થઈ શકે છે. કૂતરું ઘણુંય નવરું છે, પણ જ્ઞાનોપાર્જન, ધર્મ-શ્રવણ, જિનભક્તિ, વ્રતનિયમ વગેરે કેમ નથી કરી શકતું ? કહો, મનુષ્યપણાનું પુણ્ય ઉદયમાં નથી એટલે. કર્મ તોડ-નારી ધર્મ-સાધના માટે જરૂરી સામગ્રી મેળવી આપનાર શુભકર્મ છે, તેથી એની પણ જરૂર છે. અહીં આયુષ્યનું શુભ કર્મ ખૂટી જાય છે તો ધર્મસાધના અટકી પડે છે આ દેખાય છે.

પ્ર૦—એમ તો એ પણ દેખાય છે ને કે આરોગ્ય શ્રીમંતાઈ, યશ વગેરે પુણ્ય ઉદયમાં હોઈને જ વધારે પાપ પણ કરે છે ?

ઉ૦—એનું કારણ એ છે કે એનું પુણ્ય કલંકિત છે, પાપાનુબંધી પુણ્ય છે. પાપ અને પુણ્ય બબ્બે જાતના છે.

પુણ્યાનુબંધી પુણ્ય એટલે ઉદયમાં પુણ્ય હોય, અને સાથે સદ્બુદ્ધિ-ધર્મસાધના હોઇ નવું પુણ્ય બંધાતું હોય.

પાપનુબંધી પુણ્ય એટલે પુણ્ય ઉદયમાં હોય કે ઉદયમાં લાવવું હોય પણ વિષય–કષાય, અર્થ––કામ, હિંસા જૂઠ વગેરે સેવી રહ્યો હોય, માટે નવાં પાપકર્મ બાંધે.

પાપના ઉદયમાં પણ ધર્મ–સાધના કરે છે, તો પુણ્ય ઉપાર્જે છે. તેથી એ પાપ પુણ્યાનુબંધી થયું.

એથી ઉલટું હિંસાદિ પાપો કરે છે તો પાપકર્મ બાંધે; તેથી એ પાપાનુબંધી પાપ કહેવાય.

આ સ્થિતિ હોઈને જ એ સાવધાન રહેવાનું છે કે શુભ કર્મ કલંકિત યાને પાપાનુબંધી નહીં ઉપાર્જવું. એ માટે આ સાવધાની રાખવાની કે બધો ધર્મ કેવળ આત્મ-કલ્યાણ, જિનાજ્ઞાપાલન, કર્મક્ષય, ભવનિસ્તાર અને આત્મ-શુદ્ધિ માટે જ કરવો.

## ધ્રુવબંધી

જ્ઞાનાવરણ આદિ કેટલાંક કર્મ મહાયોગીપણાં સુધી પહોંચવા છતાં અર્થાત્ શુભ ભાવમાં રહ્યા હોય તો પણ બંધાય છે. એને ધ્રુવબંધી કહે છે. પણ અહીં શુભ ભાવનો પ્રભાવ એ છે કે એ પાપકર્મોની સ્થિતિ તથા રસ બહુ મંદ બંધાય છે, એથી ઊલટું અશુભ ભાવ વર્તતો હોય ત્યારે ધ્રુવબંધો શુભ કર્મ બંધાવાનું તો ખરું જ, પરંતુ એનો રસ બહુ મંદ બંધાવાનો. ધ્રુવબંધી એટલે એને યોગ્ય ગુણસ્થાનક સુધી સતત બંધાયા જ કરે. ધ્રુવબંધી કર્મ આ ૪૭ છે,—૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ, ૫ અંત-રાય, મિથ્યાત્વ૦, ૧૬ કષાય, ભય૦, જુગુપ્સા૦, વર્ણચતુષ્ક૦, તેજસ, કાર્મણ, અગુરુલઘુ૦, નિર્માણ૦, ઉપઘાત૦.

## ૧૮. મોક્ષ—માર્ગ

આપણે જોઈ આવ્યા કે આત્મા મિથ્યાત્વ આદિ કારણોને લીધે કર્મ બાંધે છે અને સંસારમાં રખડે છે. પરંતુ જો એનાથી વિરુદ્ધ માર્ગે ચાલે તો સંસારથી છૂટી મોક્ષે પહોંચી શકે. એ વિરુદ્ધ માર્ગ એટલે મિથ્યાત્વાદિથી વિરુધ્ધ સમ્યગ્દર્શનાદિનો માર્ગ, એટલે કે જેમ મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ એ સંસારનો માર્ગ છે, તેમ **सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि मोक्षमार्गः** અહીં ચારિત્રમાં તપનો સમાવેશ છે,–તેથી કહેવાય કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર અને સમ્યક્તપ એ મોક્ષનો માર્ગ છે.

**મોક્ષ-માર્ગ ક્યારે મળે?**—જીવ અનાદિ કાળથી આ સંસારમાં આત્માનું અજ્ઞાન, ને વિષયકષાયનો આવેશ, વગેરે કારણે પહેલાં તો સૂક્ષ્મ અનંતકાયનિગોદ વનસ્પતિમાં જન્મ-મરણ કરતો હોય છે. ત્યારે બીજા કોઈ બાદર વનસ્પતિ કે પૃથ્વીકાયાદિ યા બેઈન્દ્રિયાદિ વ્યવહારમાં આવતો ન હોઈ એ અવ્યવહારરાશિનો જીવ કહેવાય છે. એ તો જ્યારે કોઇ એક જીવ સંસારમાંથી મોક્ષ પામે ત્યારે જેની ભવિતવ્યતા બળવાન હોય તે જીવ અવ્યવહાર રાશિમાંથી વ્યવહાર રાશિમાં આવે છે; અર્થાત્ બાદર વનસ્પતિકાય, પૃથ્વીકાય,....વગેરેનો જન્મ પામે છે. ત્યારે એ વ્યવહાર-રાશિમાં આવ્યો ગણાય છે. અહીંથી જીવ સીધો ઉપર જ ચઢે એવો નિયમ નથી. પૃથ્વીકાયાદિ કે બેઈન્દ્રિયાદિ વગેરેમાંથી પાછો ઠેઠ નીચે સૂક્ષ્મ વનસ્પતિ સુધી પણ

એને પડવાનું થાય છે. ત્યાં કાળના કાળ પણ વીતી જાય એવું ય બને છે. પાછો ઉપર ચઢે છે....વળી પડે છે.... આમ કરતાં કરતાં પંચેન્દ્રિયપણામાં આવી જાય છે. પરંતુ અહીં સુધી તો કોઇ ધર્મ તરફ દૃષ્ટિ જ નથી ગઇ. તિર્યંચ પશુપંખીના અવતાર પણ કેક જાય છે! એ તો ઠેઠ મનુષ્ય-ભવ સુધી પણ આવી જાય તોય ધર્મ–પ્રાપ્તિ સુલભ નથી. કેમકે જ્યાં સુધી આ સંસારમાં હજી એક પુદ્‌ગલ–પરાવર્ત કાળથી વધુ ભમવાનું હોય ત્યાંસુધી ધર્મ–પ્રાપ્તિ થતી નથી. એમ તો ધર્મનાં રુડાં ફળ, દેવપણું વગેરે જોઈને એ લેવા માટે ચારિત્ર યાને સાધુ–દીક્ષા પણ સ્વીકારી લે છે અને પાળે છે, પણ તે માત્ર દુનિયાના સુખ માટે. તેથી વાસ્તવિક ધર્મ હૈયે સ્પર્શતો નથી. એ તો જ્યારે છેલ્લા પુદ્‌ગલ પરાવર્તકાળ(ચરમાવર્ત)માં આવે ત્યારે જ આત્મા અને ધર્મ તરફ દૃષ્ટિ જાય છે, સંસાર પર ઉદ્વેગ જન્મે છે, અને મોક્ષની અભિલાષા (રુચિ) થાય છે. મુદતિયા તાવની જેમ એટલી મુદત પાકે ત્યારે જ પ્રબળ રાગનો તાવ મોળો પડે; પછી જ ધર્મરુચિ થાય.

**ભવ્ય–અભવ્ય** :—મોક્ષ-દૃષ્ટિ પણ ભવ્ય જીવને જ જાગે છે, અભવ્યને નહિ. ભવ્ય એટલે મોક્ષ પામવાની લાયકાતવાળો, અભવ્ય એટલે મોક્ષની લાયકાત વિનાનો. ક્યારે ય પણ એને મોક્ષની શ્રદ્ધા જ નહિ થવાની; સંસારનો પક્ષપાત નહિ જ છૂટવાનો. એટલે એ આવ્યું કે જેને એટલું પણ થાય કે 'શું ત્યારે મારો મોક્ષ નહિ થાય? હું ભવ્ય હોઈશ કે અભવ્ય?' આવી

શંકા પણ પડે, એ જીવ ચોક્કસ ભવ્ય હોય છે, અને તે પણ ચરમાવર્તમાં આવેલો હોય છે. કેમકે ચરમાવર્ત-કાળમાં જ અંતરમાં ઊંડે ઊંડે મોક્ષ તરફ સહેજ પણ રુચિ થાય; ને એ થઈ હોય તો જ આવો સંસાર-ભ્રમણનો ભય ઊભો થાય છે, ને આવી શંકા પડે છે.

છેલ્લા પુદ્ગલપરાવર્ત-કાળ પહેલાં એટલે કે અ-ચરમાવર્તકાળમાં મોક્ષની રુચિ નહિ થવાનું કારણ દેહ-દૃષ્ટિ અને જડ સુખોનો આવેશ વગેરેને પોષનાર સહજમળ છે. સહજમળ નિબિડ અંધ રાગ-દ્વેષરૂપ છે, એનો ઠીક ઠીક હ્રાસ થાય ત્યારે જ મોક્ષ અને ધર્મ ઉપર દૃષ્ટિ જાય. એ વસ્તુ, જીવ ચરમાવર્તમાં આવે, ત્યારે જ બની શકે છે. જેમ બિમારને રોગ પાકયો ન હોય ત્યાં સુધી અન્નની રુચિ નથી થતી; એવી રીતે ચરમાવર્તમાં ધર્મ રુચિ નથી થતી.

ચરમાવર્તમાં પણ પ્રવેશ થતાં તરત જ બધાને મોક્ષ અને ધર્મની રુચિ થાય એવું ય નથી હોતું; વહેલા મોડા પણ થાય છે. એ થયાનાં લક્ષણ ત્રણ છે,—(૧) દુઃખી ઉપર દયા, (૨) ગુણવાન ઉપર દ્વેષ નહિ, અને (૩) ઔચિ-ત્ય; આ ત્રણ કોઈ દુન્યવી લાભ આંચકી લેવા માટે નહિ, પણ નિઃસ્વાર્થ ભાવે થાય, હૃદયની તેવી કુણાશના લીધે પ્રગટે, તો માની શકાય કે નિબિડ રાગ-દ્વેષ રૂપી સહજમળ ઘસારે પડયો છે. સહજમળનો હ્રાસ થાય ત્યારે જ વિષય-કષાયનો આંધળો આવેશ મંદ પડે છે, આત્મતત્ત્વ તથા મોક્ષ લક્ષમાં આવે છે, અને ધર્મ તરફ દૃષ્ટિ જાય છે.

ધર્મ પણ બધાને પહેલવહેલો સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મ અર્થાત્ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ સાચો મોક્ષમાર્ગ મળી જ જાય છે એવું નથી બનતું. છતાં આ મોક્ષમાર્ગ તરફ લઈ જાય એવા ગુણો મળે છે. એને માર્ગાનુસારી જીવન કહે છે. અશુદ્ધ ધર્મ પામ્યો હોય, અર્થાત્ અ–સર્વજ્ઞે કહેલ મિથ્યા ધર્મ મળ્યો હોય, છતાં જો એ આત્મવાદી ધર્મ હોય, અને એમાં મોક્ષવસ્તુ માનેલી હોય, તો ચરમાવર્ત અને સહજમળ–હ્રાસનાં કારણે આત્મા અને મોક્ષ ઉપર રુચિ તથા ધર્મશ્રદ્ધા થવાની. માત્ર, એ ધર્મ અ–સર્વજ્ઞ-કથિત હોઇને, એમાં આત્માનું સ્યાદ્વાદસિદ્ધાન્તાનુસાર 'પરિણામી નિત્ય' યથાર્થ સ્વરૂપ કહેલું નહિ મળે; તેમ મોક્ષનું વાસ્તવિક સ્વરૂપ નહિ મળે. છતાં સંસારથી છૂટવા રૂપી મોક્ષની વાત મળે, એના પર શ્રદ્ધા થાય એટલે માર્ગાનુસારી જીવનના ગુણો આચરણમાં આવે.

## ૧૯. માર્ગાનુસારી જીવન

મોક્ષનો માર્ગ એક જ,–સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર અને સમ્યક્તપ. એ માર્ગ પ્રત્યે અનુસરણ કરાવે, એના માટે યોગ્ય બનાવે તેવું જીવન એ માર્ગાનુસારી જીવન.

શાસ્ત્રે એના ૩૫ ગુણો કહ્યા છે. એને સરળતાથી યાદ રાખવા માટે અહીં એને આ પ્રમાણે ચાર વિભાગમાં વહેંચીશું:–(૧) જીવનમાં ૧૧ કર્તવ્યો; (૨) તજવા યોગ્ય ૮ દોષ; (૩) ગ્રહણ કરવા યોગ્ય ૮ ગુણ; અને (૪) ૮ સાધનાઓ.

## ૩૫ માર્ગાનુસારી ગુણોનો કોઠો

| ૧૧ કર્તવ્ય | ૮ દોષત્યાગ | ૮ ગુણ-ગ્રહણ | ૮ સાધના |
|---|---|---|---|
| ૧. ન્યાયસંપન્નતા | ૧. નિંદા-ત્યાગ | ૧. પાપ-ભય | ૧. કૃતજ્ઞતા |
| ૨. ઉચિત વ્યય | ૨. નિંદ્યપ્રવૃત્તિ-ત્યાગ | ૨. લજ્જા | ૨. પરોપકાર |
| ૩. ,, વેશ | ૩. ઇન્દ્રિય-ગુલામી ત્યાગ | ૩. સૌમ્યતા | ૩. દયા |
| ૪. ,, વિવાહ | ૪. આંતરશત્રુજય | ૪. લોકપ્રિયતા | ૪. સત્સંગ |
| ૫. ,, ઘર | ૫. અભિનિવેશ-ત્યાગ | ૫. દીર્ઘ દૃષ્ટિ | ૫. ધર્મશ્રવણ |
| ૬. અજીર્ણે ભોજનત્યાગ | ૬. ત્રિવર્ગ-અબાધા | ૬. બલાબલ-વિચારણા | ૬. બુદ્ધિના ૮ ગુણ |
| ૭. કાળે સાત્મ્ય-વાળું ભોજન | ૭. ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ | ૭. વિશેષજ્ઞતા | ૭ પ્રસિદ્ધ દેશાચાર પાલન |
| ૮. માતાપિતાની પૂજા | ૮. અદેશકાલચર્યા-ત્યાગ | ૮. ગુણપક્ષપાત | ૮. શિષ્ટાચાર-પ્રશંસા |
| ૯. પોષ્ય-પોષણ | | | |
| ૧૦. અતિથિ-સાધુ આદિની સરભરા | | | |
| ૧૧. જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રપાત્રની સેવા | | | |

૧૧ કર્તવ્ય:—(૧) ગૃહસ્થ જીવન છે એટલે આજીવિકા કમાયા વિના ચાલવાનું નથી, તો તે ન્યાયથી ઉપાર્જવી એ ન્યાયસંપન્ન વિભવ અને બીજી બાબતોમાંય ન્યાયસંપન્નતા નામનું પહેલું કર્તવ્ય. (૨) ખર્ચ પણ લાવેલા પૈસાને અનુસાર રાખવો, પણ વધારે પડતો કે ધર્મને ભૂલીને નહિ. એ ઉચિતખર્ચ (આયોચિત વ્યય) નામનું બીજું કર્તવ્ય. (૩) પૈસાથી ઉદ્ભટ (છાકટો) વેશ નહિ પહેરવો પણ છાજતો વેશ (સાથે છાજતી બીજી વસ્તુ) રાખવો એ ઉચિત વેશ, અનુદ્ભટવેશ નામનું ત્રીજું કર્તવ્ય. (૪)

રહેવા માટે ઘર એવું નહિ કે ચોર-લુચ્ચાને ફાવટ આવી જાય અર્થાત્ બહુ દ્વારવાળું નહિ, બહુ ઉંડાણમાં કે જાહેર નહિ. તેમજ સારા પાડોશવાળું જોઈએ, એ ચોથું કર્તવ્ય ઉચિત ઘર. (૫) ઘર ચલાવવા વિવાહ કરશે, તે ભિન્ન ગોત્રવાળા અને સમાન કુળ તથા આચારવાળા સાથે જ કરાય. એ ઉચિત વિવાહ. (૬) ઘરમાં ભોજન કરશે તે પૂર્વનું ખાધેલું પચ્યું ન હોય ત્યાંસુધી નહિ કરવાનું એ અજીર્ણે ભોજન-ત્યાગ, છટ્ઠું કર્તવ્ય. (૭) ભૂખ હોય છતાં ભોજન પણ લગભગ નિયત કાળે અને પોતાની પ્રકૃતિને માફક જ કરવું. તે 'કાળે સાત્મ્યતઃ ભોજન.' નિયમિતતા એટલા માટે કે ઉદરમાં પાચક રસો નિયમિત જાગે છે. વહેલા મોડામાં એમાં ફેરફાર થાય છે. પ્રકૃતિ વાયુની હોય અને વાલ વટાણા વગેરે વાપરે તો વાયુ વધીને તબિયત બગડે. (૮) ભોજન પણ પોતાનું પછી ને માતપિતાનું પહેલાં. માતાપિતાને પણ ભોજન, વસ્ત્ર, શય્યા વગેરે શક્તિ અનુસાર પોતાના કરતાં સવાયાં આપીને ભક્તિ કરવાની. એ આઠમું કર્તવ્ય માતપિતાની પૂજા. (૯) સાથે સાથે પોતાની જવાબદારીવાળા પોષ્યવર્ગનું કુટુંબાદિનું પોષણ. (૧૦) ઉપરાંત 'અતિથિ' એટલે કે જેમને ધર્મ કોઈ તિથિએ નહિ પણ સદાય છે એવા મુનિ, તથા 'સાધુ' અર્થાત્ સજ્જન, એ અને 'દીન-હીન-દુઃખી' માણસ ઘરે આવી ચઢે તો તેમની યથાયોગ્ય સરભરા, તથા (૧૧) જ્ઞાતિમાં જ્ઞાનવૃદ્ધ ને ચારિત્રપાત્ર હોય તેની સેવા એ અગિયારમું કર્તવ્ય.

૮ દોષનો ત્યાગ:—(૧) નિંદાત્યાગ:—બીજાની નિંદા કરવી કે સાંભળવી નહિ. નિંદા એ મહાન દોષ છે. એથી હૃદયમાં કાળાશ, પ્રેમભંગ, નીચગોત્રકર્મનો બંધ, વગેરે નુકશાન નીપજે છે. (૨) નિંદ્યપ્રવૃત્તિનો ત્યાગ—જેમ મોંઢે નિંદા નહિ તેમ કાયા કે ઇન્દ્રિયોથી નિંદ્ય પ્રવૃત્તિ કરવી નહિ. નહિતર નિંદા થાય, પાપ લાગે. (૩) ઇન્દ્રિયગુલામી-ત્યાગ:-ઇન્દ્રિયોને અયોગ્ય સ્થાને જતી અટકાવવા એના પર અંકુશ રાખવો. (૪) હૃદયમાં કામ-ક્રોધ-લોભ, માન-(હઠાગ્રહાદિ)-મદ-હર્ષ એ છ આંતર શત્રુઓ પર વિજય મેળવવો. નહિતર એની ગુલામીમાં ધન, પૂર્વનું પુણ્ય, ધર્મ વગેરે ગુમાવવાનું થાય. (૫) એમ મનમાં અભિનિવેશ-દુરાગ્રહ નહિ રાખવો. નહિતર અપકીર્તિ વગેરે થાય. (૬) માટે જ ખોટા આવેશથી ધર્મ-અર્થ-કામને પરસ્પર બાધા પહોંચે એવું ન કરવું. અર્થાત્ એ ત્રણમાંથી એક પર એવા તૂટી ન પડવું, કે જેથી બીજો સીદાય, અને અપયશ, ધર્મલઘુતા, ધર્મહાનિ, વગેર અનર્થ નીપજે. (૭) બળવો, પ્લેગ વગેરે ઉપદ્રવવાળાં સ્થાનનો ત્યાગ કરવો. (૮) તેમ અયોગ્ય દેશ-કાળમાં ફરવું નહિ. દા. ત. વેશ્યા કે ચોર લુચ્ચાની શેરીમાંથી જવું નહિ. એમ બહુ મોડી રાતે ફરવું નહિ, નહિતર કલંક આવે કે લૂંટાવું પડે.

૮ ગુણોનો આદર:—(૧) પાપનો ભય:—હંમેશ પાપનો ભય રાખવો,—'રખે! મારાથી પાપ થઇ જાય તો?' પાપનો પ્રસંગ હોય તો 'આથી મારું આત્મિક દષ્ટિએ શું થાય?' એવો ભય રહે. આત્મોત્થાનનો આ પહેલો પાયો

છે. (૨) લજ્જાઃ-અકાર્ય કરતાં લજ્જા આવે તો બનતા લગી એ કરે જ નહિ. તેમ વડિલોની લજ્જા, દાક્ષિણ્ય હોય તો ખોટે રસ્તે જતાં અટકે, એમ ઇચ્છા ન હોય તો પણ લજ્જાથી સારું કાર્ય કરવા પ્રેરાય, બીજાની પ્રાર્થનાનો ભંગ ન કરે. (૩) સૌમ્યતા:—સ્વભાવ, હૃદય, વાણી અને આકૃતિ સૌમ્ય રાખવી, ઉગ્ર નહિ પણ મુલાયમ શીતલ રાખવી, તો સૌનો સદ્‌ભાવ સહાનુભૂતિ મળે. (૪) લોકપ્રિયતા:—ઉપરોકત ગુણો અને સદ્ આચારોથી લોકનો પ્રેમ સંપાદન કરવો. (૫) દીર્ઘ દૃષ્ટિ:—દરેક કાર્યમાં પગલું માંડતાં પહેલાં ઠેઠ પરિણામ સુધી નજર પહોંચાડવી, કે જેથી પછી પસ્તાવું ન પડે. (૬) બલાબલ-વિચારણા:—કાર્ય પરિણામે લાભદાયી પણ હોય છતાં કાર્ય અને પરિણામ માટે પોતાનું ગજું કેટલું છે એ વિચારી લેવું. બિનગજામાં આઘા જઇને વધુ પાછા પડવાનું થાય. (૭) વિશેષજ્ઞતા:- i (વિશેષ=વિવેક) હંમેશ સાર-અસાર, કાર્ય-અકાર્ય વાચ્ય-અવાચ્ય, લાભ-નુકસાન વગેરેનો વિવક કરવો. તેમજ ii વિશેષ=નવું નવું આત્મહિતકર જ્ઞાન મેળવતા રહેવું. (૮) ગુણપક્ષપાતઃ—સ્વ જીવનમાં શું, કે બીજામાં શું, સર્વત્ર ગુણ તરફ રુચિ ધરવી, દોષ તરફ નહિ; દોષના બદલે ગુણના પક્ષપાતી બનવું.

૮ સાધનાઃ-(૧) કૃતજ્ઞતા :-(દેવ-ગુરુ-માતાપિતાદિ કોઈના પણ થોડા ય ઉપકારને ભૂલવો નહિ, કિંતુ યાદ રાખી યથાશકિત બદલો વાળવા તત્પર રહેવું. (૨) પરોપકાર :—સામાએ ઉપકાર ન પણ કર્યો કે ન કરવાનો

હોય, છતાં આપણે નિઃસ્વાર્થ ઉપકાર કરતા રહેવું. (૩) દયા:-હૈયું કુણું કોમળ દયાળુ રાખી, શક્ય તન-મન-ધનથી દયા કરતા રહેવું. નિર્દયતા કદી ન રાખવી. (૪) સત્સંગ:-સંસારમાં સંગમાત્ર રોગ છે, દુઃખકારક છે; પરંતુ સત્સંગ એ રોગ કાઢવા ઔષધ છે. માટે સત્પુરુષોનો સંગ બહુ સાધવો. (૫) ધર્મશ્રવણ:-સત્સંગ સાધી ધર્મનું શ્રવણ કરતા રહેવું. તેથી પ્રકાશ અને પ્રેરણા મળ્યા કરવાથી જીવન સુધારવા તક મળે છે. (૬) બુદ્ધિના આઠ ગુણ:-ધર્મશ્રવણ કરવા માટે તેમ જ વ્યવહારમાં કોઈની ખોટી દેખાતી બોલચાલ પર ઉતાવળિયા ન થવા, બુદ્ધિના આઠ પગશિયા પર ચઢવું. તે આ, **शुश्रूषा श्रवणं चैव ग्रहणं धारणं तथा। ऊहोऽपोहोऽर्थविज्ञानं तत्त्वज्ञानञ्च धीगुणाः॥** સાંભળવાની પહેલી ઈચ્છા ઊભી કરવી તે શુશ્રૂષા. પછી આડાઅવળાં ડાફોળિયાં ન મારતાં કે ચિત્ત શૂન્ય યા અન્યત્ર લાગેલું ન બનાવતાં બરાબર સાંભળવું તે શ્રવણ. સાંભળતાં સમજતા જવું તે ગ્રહણ. સમજેલું મનમાં બરાબર ધારી રાખવું તે ધારણા. પછી સાંભળેલ તત્ત્વ પર અનુકૂળ તર્ક દૃષ્ટાંત વિચારવા તે ઊહા. ને પ્રતિપક્ષમાં એ નથી તે જોવું, અગર પ્રસ્તુતમાં બાધક અંશ નથી એ નક્કી કરવું તે અપોહ. ઊહાપોહથી પદાર્થ નક્કી કરવો તે અર્થવિજ્ઞાન. પદાર્થ-નિર્ણય પર સિદ્ધાન્ત-નિર્ણય, સાર-રહસ્ય-તાત્પર્ય-નિર્ણય કે તત્ત્વનિર્ણય કરવો તે તત્ત્વજ્ઞાન. (૭) પ્રસિદ્ધ દેશાચાર-પાલન:-બુદ્ધિના ૮ ગુણ સાથે ધર્મશ્રવણ કરે એટલે સહેજે લોકને જે સંકલેશ કરાવે, ધર્મનિંદા કરાવે, એવું પ્રસિદ્ધ

દેશાચારનું ઉલ્લંઘન ન કરે. (૮) શિષ્ટાચાર-પ્રશંસાઃ- શિષ્ટપુરૂષોના આચારો આ છે,-લોકનિંદાનો ભય, દીન-દુઃખિયાનો ઉદ્ધાર, કૃતજ્ઞતા, અન્યની પ્રાર્થનાનો ભંગ ન કરવાનું દાક્ષિણ્ય, નિંદાત્યાગ, પ્રશંસા, આપત્તિમાં ધૈર્ય, સંપત્તિમાં નમ્રતા, અવસરોચિત હિત-મિત-પ્રિય વચન, વચન-બદ્ધતા, વિઘ્નજય, આયોચિત વ્યય, સત્કાર્યનો આગ્રહ, અકાર્યનો ત્યાગ, અતિનિદ્રા-વિષય-કષાય-વિકથાદિ-પ્રમાદ-ત્યાગ, ઔચિત્ય,....વગેરે. આની પ્રશંસા કરતા રહેવું.

માર્ગાનુસારીના ૩૫ ગુણોથી જીવન મઘમઘતું બને એ બહુ જરૂરી છે, કેમકે આગળ ઠેઠ સંસાર ત્યજીને સાધુપણા સુધી પહોંચેલા પણ જો આમાંના કોઈ ગુણનો ભંગ કરી નાખે છે, તો તે ઊંચા ધર્મસ્થાનથી પતન પામવા સુધી પણ પહોંચી જાય છે. દા. ત. નંદીષેણ મુનિ આંતરશત્રુ મદને વશ થઈ વેશ્યાને સમજાવવા રહ્યા તો પડચા.

## અપુનર્બંધક અવસ્થા

આ અવસ્થા પામવા માટે મૂળમાં ત્રણ ગુણ જરૂરી છે. (૧) તીવ્રભાવે પાપ નહિ આચરવું. અર્થાત્ પાપ ન છૂટતા હોય એમાં હૃદય પાપભીરૂ અને પાપના ઉદ્વેગવાળું તથા કુણું રાખવું. (૨) ઘોર સંસાર પર બહુમાન ન ધરવું. સંસાર એટલે ચારગતિમાં ભ્રમણ, સંસાર એટલે અર્થકામ તથા વિષય-કષાય, સંસાર એટલે કર્મબંધન. આ સંસાર ભયંકર છે એવો ખ્યાલ રાખી સંસારનો પક્ષપાત, એના પર આસ્થા, કે એમાં સારપણાની બુદ્ધિ ન રાખવી. (૩)

ઉચિત સ્થિતિનું પાલન કરવું. પોતાની સ્થિતિને અનુચિત નહિ વર્તવું.

---

## ૨૦. સમ્યગ્દર્શન

માર્ગાનુસારી અને અપુનર્બંધક અવસ્થા જૈનેતરમાં પણ હોઈ શકે છે. રાજા ભર્તુહરિ જેવા વૈરાગ્ય પામી સંસાર છોડી અવધૂત સંન્યાસી બનેલા, તે એ દશાની સુંદર સ્થિતિએ પહોંચેલા. પરંતુ એમને વીતરાગ સર્વજ્ઞના કહેલા તત્ત્વ નહિ મળેલાં, તેથી સમ્યગ્દર્શનની ભૂમિકા પર નહિ આવેલા, અને ઊંચા ગુણસ્થાનકે નહિ ચઢેલા. માટે જ સમ્યગ્દર્શનનો પાયો માંડવાની ખાસ જરૂર છે.

સમ્યગ્દર્શન એટલે જિનોક્ત તત્ત્વ પર રુચિ, વીતરાગ સર્વજ્ઞે કહેલા તત્ત્વભૂત પદાર્થની હાદક અનન્ય શ્રદ્ધા. તત્ત્વ એટલે વસ્તુસ્વરૂપ. એ અનેકાંતમય છે, એકાંત રૂપ નથી. આને કહેનારા વીતરાગ સર્વજ્ઞ છે. એમને અસત્ય બોલવાને કોઈ કારણ નથી. તેમજ એ સર્વજ્ઞતાથી ત્રણેય કાળનું બધું જ પ્રત્યક્ષ જુએ છે, અને વિશ્વનું જેવું સ્વરૂપ છે તેવું જ એ કહે છે. તેથી એ તત્ત્વ પર જ સંપૂર્ણ શ્રદ્ધા કરવી જોઇએ. તત્ત્વ જીવ-અજીવ વગેરે પૂર્વે બતાવ્યાં છે. એમાં જ્ઞેય-હેય-ઉપાદેય તત્ત્વ પ્રત્યે તેને અનુરૂપ વલણ રહે. દા. ત. આશ્રવો હેય હોવાથી એના પ્રત્યે અરુચિનું વલણ રહે.

આ સમ્યગ્દર્શન ગુણ એ નિશ્ચય-દૃષ્ટિએ મિથ્યાત્વ અને અનંતાનુબંધી કર્મના ક્ષયોપશમથી આત્મામાં પ્રગટ

થતો એક શુદ્ધ પરિણામ (અવસ્થા) છે. વ્યવહારદષ્ટિથી સદ્દહણા, લિંગ, લક્ષણ આદિ સ્વરૂપે છે.

સમ્યક્ત્વના પાંચ લક્ષણ આ પ્રકારે,—શમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા–આસ્તિક્ય.

(૧) શમ અર્થાત્ પ્રશમ એટલે કે અનંતાનુબંધી કષાયના ઉદયથી થતી રાગદ્વેષાદિના આવેશની શાંતિ. (૨) સંવેગ એટલે દેવતાઇ સુખ પણ દુઃખરૂપ સમજી મોક્ષ માટે એકમાત્ર તાલાવેલી તીવ્ર અભિલાષા થાય તે. એમ સુદેવ–ગુરુ–ધર્મ પર તીવ્ર અનુરાગ એ ય સંવેગ. (૩) નિર્વેદ નરકાવાસની જેમ સંસાર એક કેદ રૂપ લાગી એના પ્રત્યે થતો ઉદ્વેગ. (૪) અનુકંપા : શક્યતાનુસાર દુઃખીના દુઃખ ટાળવાની દયા અને બાકી પ્રત્યે પણ દિલમાં આર્દ્રતા. દુઃખી બે જાતના, (૧) દ્રવ્યથી દુઃખી એટલે ભૂખ તરસ રોગ, માર, વગેરેથી પીડાતા. ૨. ભાવથી દુઃખી એટલે પાપ, દોષ, ભૂલ, અધર્મપણું, વગેરેથી પીડિત. બંને પર દયા એ અનુકંપા. (૫) આસ્તિક્ય એટલે એવી અટલ શ્રદ્ધા કે "**तमेव सच्चं निस्संकं जं जिणेहिं पवेइयं** । જિનેશ્વર દેવોએ જે કહ્યું છે તે જ સાચું અને શંકા વિનાનું" એવો દૃઢ રંગ હોય.

## ૬૭. વ્યવહાર

સમ્યગ્દર્શન એ મોક્ષનો અનિવાર્ય પહેલો ઉપાય છે. એ જેમ જેમ વધુ ને વધુ નિર્મળ થાય તેમ તેમ ઉપરના ઉપાય જોરદાર બનતા જાય છે. આ નિર્મળતા માટે સમ્યક્ત્વના ૬૭ વ્યવહાર પાળવાના છે. એને સરળ-

તાથી યાદ રાખવા આ પદ યાદ રાખવું,-'સદ્ શુલિ દુ ભૂ લ આજભાટુા પ્રભા વિ.' આમાં તે તે અક્ષર એકેક વિભાગ સૂચવે છે, તે આ, ૪ સદ્દહણા-૩ લિંગ-૫ દૂષણ-૫ ભૂષણ-૫ લક્ષણ-૬ આગાર-૬ જયણા-૬ ભાવના-૭ સ્થાન-પ્રભાવના૮ -૧૦ વિનય. એની સમજ—

૪ **સદ્દહણા** :—૧. પરમાર્થ-સંસ્તવ=જીવ, અજીવ વગેરે તત્ત્વો(પરમ અર્થ)નો પરિચય, હાર્દિક શ્રદ્ધાવાળો અભ્યાસ; ૨. પરમાર્થના જ્ઞાતા સાધુજનોની સેવા; ૩. વ્યાપન્ન-વર્જન=દર્શન ગુમાવી બેઠેલા કુગુરુનો ત્યાગ. ૪. મિથ્યાદૃષ્ટિ કુગુરુના સંગનો ત્યાગ.

૩. **શુદ્ધિ** : મન વચન આ જ કહે કે 'જિન શરણ જ સાર, જિન-જિનભક્તિ જ સમર્થ.' કાયા જિનશ્રદ્ધામાંથી લેશ ન ડગે, ભલે દેવનો ય ઉપદ્રવ આવે! જગતમાં જિનેશ્વર દેવ, જિનમત, અને જિનમતમાં રહેલ સંઘ એ ત્રણ જ સાર, બાકી સંસારને અસાર માને.

૩ **લિંગ**: (૧) યુવાન સુખીને દિવ્યસંગીત-શ્રવણ પર થાય તેવો ધર્મશાસ્ત્રશ્રવણનો તીવ્ર રાગ. (૨) અટવી ઊતર્યા ભૂખ્યાડાંસ બ્રાહ્મણને ઘેબરની જેમ ચારિત્ર-ધર્મની તીવ્ર અભિલાષા, (૩) વિદ્યાસાધકની જેમ અરિહંત અને સાધુની વિવિધ સેવાનો નિયમ.

૫. **દૂષણનો ત્યાગ** : ૧. જિનવચનમાં શંકા, ૨. અન્ય ધર્મની કાંક્ષા (આકર્ષણ), ૩. ધર્મક્રિયાના ફળમાં સંદેહ, ૪, મિથ્યાદૃષ્ટિની પ્રશંસા. ૫. કુલિંગી (મિથ્યાદૃષ્ટિ કુગુરૂ)નો પરિચય, સંસ્તવ. આ પાંચ ન કરવા.

પ. ભૂષણ :–૧. જૈન શાસનમાં કુશળતા (ઉત્સર્ગ–અપવાદ-વચન, વિધિવચન, ભયવચન, વગેરેનો વિવેક). ૨. શાસન પ્રભાવના, ૩. સ્થાવર તીર્થ શત્રુંજયાદિની, અને જંગમ તીર્થ શ્રમણસંઘની વિવિધ સેવા. ૪. સ્વ–પરને જૈનધર્મમાં સ્થિર કરવા, પ. પ્રવચન–સંઘની ભકિત, વિનય-વૈયાવચ્ચ. પ લક્ષણ–શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા ને આસ્તિકય. પૂર્વે કહ્યા છે.

૬. આગાર : આગાર એટલે અપવાદ. રાજા, જનસમૂહ, બળવાન ચોર વગેરે, કુલદેવી આદિ, ને માતાપિતાદિ ગુરુવર્ગ આ પાંચનો તેવો બળાત્કાર થાય, તથા છઠ્ઠો આગાર જંગલ આદિમાં આજીવિકાનો પ્રશ્ન ઊભો થાય, ત્યાં મિથ્યા ધર્મીને હૈયાના ભાવ વિના વંદન કરી લેવાનો અપવાદ. ૬. જયણા— જયણા એટલે કાળજી. મિથ્યાદૃષ્ટિ સંન્યાસી વગેરે કુગુરુ, અને મહાદેવ વગેરે કુદેવ, તથા મિથ્યાત્વીએ પોતાના દેવ તરીકે ગ્રહણ કરેલ જિનપ્રતિમા, આ ત્રણને વંદન–નમન, આલાપ–સંલાપ કે દાન–પ્રદાન ન કરવા. આથી સમકિતની જતના–રક્ષા થાય છે. (વંદન=હાથ જોડવા, નમન=સ્તુતિ આદિથી પ્રણામ, આલાપ=વગર બોલાવ્યા સન્માનથી બોલાવવું, સંલાપ=વારંવાર વાર્તાલાપ. દાન=પૂજ્ય તરીકે સત્કાર–બહુમાનથી અન્નાદિ દેવા, પ્રદાન=ચંદન–પુષ્પાદિ પૂજા–સામગ્રી ધરવી, યાત્રા–સ્નાન-વિનય–વૈયાવચ્ચાદિ કરવા). ૬ ભાવના :— સમ્યક્ત્વને ટકાવવા માટે એને 'મૂલં–દારં–પઇઠ્ઠાણં', આહારો–ભાયણં–નિહી' એ છ ભાવના આપવી જોઇએ. દા.ત. સમ્યક્ત્વ એ બાર વ્રતરૂપી શ્રાવક ધર્મનું મૂળ છે. દ્વાર છે, પાયો

છે, આધાર છે, ભાજન (પાત્ર) છે, ભંડાર (તિજોરી) છે. સમ્કત્વ-મૂળ સલામત વિના ધર્મવૃક્ષ સુકાઈ જાય, સમ્યકત્વ રૂપી દરવાજા વિના દાનાદિધર્મ નગરમાં પ્રવેશ ન થઈ શકે; સમ્યકત્વના સારા પાયા વિના વ્રતાદિધર્મ ઈમારત ન ટકે કે ઊંચી ન કરાય, સમકિતરૂપી પૃથ્વી-આધાર ઉપર જ ધર્મ-જગત ઊભું રહે છે, સિંહણનાં દૂધ વગેરે જેવાં ધર્મઅંગ સમ્યગ્દર્શનરૂપી સુવર્ણાદિના પાત્રમાં જ ટકે છે; મણિ-માણેક-મોતીના ભંડારમાં દાનાદાનાદિધર્મરૂપી સમકિત તિજોરીમાં જ સુરક્ષિત રહે છે. એ પ્રમાણે વ્રત-ધર્મ માટે સમ્યક્ત્વ પહેલું જરૂરી છે, એ ભાવવું. ૬ **સ્થાન**:— સમ્યક્ત્વને રહેવા માટે છ સ્થાન છે. એ વિચારીને મનમાં એ સ્થાન નક્કી રાખ્યા હોય તો જ સમ્યક્ત્વ રહી શકે. (૧) આત્મા દેહથી ભિન્ન સ્વતંત્ર દ્રવ્ય છે. (૨) એ નિત્ય છે, સનાતન છે, કોઈએ બનાવ્યો નથી ને કયારેય નાશ પણ પામી જતો નથી. (૩) આત્મા કર્મનો કર્તા છે, મિથ્યાત્વાદિ કારણે કર્મ ઉપાર્જે છે. (૪) વળી એ સ્વોપાર્જિત કર્મનો ભોક્તા છે, પોતાને પોતાનાં કર્મ ભોગવવાં પડે છે. (૫) આત્માનો મોક્ષ પણ થઈ શકે છે. 'સંસાર અનાદિ કાળથી ચાલ્યો આવે છે, માટે એનો અંત અને મોક્ષ ન જ થાય'- એવું નથી. (૬) મોક્ષના સાચા ઉપાય પણ છે,—દર્શન-જ્ઞાન-ચારિત્ર અને તપ.

૮ **પ્રભાવના**—જનતામાં જૈનશાસનની પ્રભાવના કરે એવી પ્રાવચનિકતા, ધર્મકથકતા વગેરે આઠ વિશેષતાઓથી સમ્યક્ત્વ નિર્મળ થાય છે, માટે એને ય અહીં ૬૭ વ્યવ-

હારમાં ગણેલ છે. એવી વિશેષતાવાળા આઠ છે. (આઠ પ્રથમાક્ષરમાં–પ્રાકકવિ નૈવાસિત) (૧) પ્રાવચનિક (પ્રવચન= દ્વાદશાંગી)=તે તે કાળમાં ઉપલબ્ધ સર્વ આગમોના પ્રખર અભ્યાસી; (૨) ધર્મ–કથક=આક્ષેપિણી,વિક્ષેપણી,સંવેગજનની અને નિર્વેદકારિણી ધર્મકથામાં કુશળ; (૩) કવિ=ચમત્કારિક વિશિષ્ટ ઉત્પ્રેક્ષાદિભર્યાં કાવ્ય શીઘ્ર રચી શકે તે; (૪) વિદ્યાવાન=પ્રજ્ઞપ્તિ આકાશગામિની વગેરે વિદ્યા જેને સિદ્ધ છે તે. (૫) નૈમિત્તિક=ભૂત–ભવિષ્ય જાણી શકે એવા નિમિત્ત-શાસ્ત્રમાં નિષ્ણાત; (૬) વાદી=પરમતખંડન—સ્વમતસ્થાપ-નકારી વાદની લબ્ધિવાળા, (૭) સિદ્ધ=ચમત્કારિ પાદલેપ, અંજનગુટિકા વગેરેના જાણકાર, અને (૮) તપસ્વી.

૧૦ વિનય—સમકિતી આત્મા પંચપરમેષ્ઠી અને ચૈત્ય–શ્રુત–ધર્મ–પ્રવચન–દર્શન એ દશનો વિનય કરે. (ચૈત્ય= જિન–મૂર્તિ–મંદિર, શ્રુત=આગમ, ધર્મ=ક્ષમાદિ યતિધર્મ, પ્રવચન=જૈનશાસન–સંઘ, દર્શન=સમકિત, સમકિતી.) એ વિનય પાંચ રીતે ૧. બહુમાન પૂર્વક વિનય ભક્તિ, ૨. વસ્તુ–અર્પણથી પૂજા, ૩. ગુણ–પ્રશંસા, ૪. નિંદાનો ત્યાગ અને ૫. આશાતનાનો ત્યાગ.

આ ૬૭ પ્રકારનો વ્યવહાર પાળવાથી, સમ્યક્ત્વનો આત્મપરિણામ પ્રાપ્ત ન હોય તો પ્રાપ્ત થાય છે, અને પ્રાપ્ત હોય તો વધુ ને વધુ નિર્મળ બને છે.

સમ્યગ્દર્શન (સમ્યક્ત્વ) પ્રાપ્ત કરવા માટે અને પ્રાપ્ત થયું હોય તો ટકાવવા માટે આ કરણી પણ આચરવાની છે–

પ્રતિદિન જિનદર્શન, જિનભક્તિ–પૂજા, પૂજામાં પોતાના પૂજન-દ્રવ્યનું યથાશક્તિ સમર્પણ, સાધુસેવા, નમસ્કાર-મહામંત્રનું સ્મરણ, અરિહંત–સિદ્ધ–જિનધર્મનાં ત્રિકાળ શરણનો સ્વીકાર, પોતાના દુષ્કૃતોની આત્મનિંદા, અરિહંતાદિના સુકૃતોની અનુમોદના, જિનવાણીનું શ્રવણ, તીર્થયાત્રા, સાતવ્યસન(શિકાર, જુગાર, માંસહાર, દારૂ, ચોરી પરસ્ત્રી, વેશ્યા)નો સર્વથા ત્યાગ, રાત્રિભોજન–ત્યાગ વગેરે વ્રત નિયમ, દયાદાનાદિકની પ્રવૃત્તિ, સામાયિકાદિ ક્રિયા, તીર્થંકર પરમાત્મા વગેરે મહાપુરુષોના ચરિત્રગ્રંથો અને ઉપદેશમાળા–ધર્મસંગ્રહ–શ્રાદ્ધવિધિ-અધ્યાત્મકલ્પદ્રુમ-ઉપમિતિ–ભવપ્રચંચાકથા, વગેરે ગ્રંથોનું શ્રવણ—વાચન—મનન.... ઇત્યાદિ.

---

## ૨૧. દેશવિરતિ : બારવ્રત

સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એટલે હવે ભવનિર્વેદથી આત્માને સંસાર અને આરંભ—પરિગ્રહ—વિષય વગેરે ઝેર જેવા લાગે છે. તેથી રોજ ઝંખના રહે કે—'ક્યારે આ પાપભર્યા ઘરવાસને છોડી નિષ્પાપ સાધુ–દીક્ષા (ચારિત્ર પ્રવ્રજ્યા) લઉં અને અણગાર બની દર્શન-જ્ઞાન-ચારિત્ર તપનું જ એક માત્ર જીવન જીવું. એનાથી સંસાર એકદમ ન છૂટે એ બને, પરંતુ એનું દિલ આવું બન્યું રહેવું જોઇએ. હવે જ્યારે સર્વપાપ-ત્યાગની સાચી ઝંખના છે, તો પછી એ માર્ગે લઈ જાય એવો શક્ય પાપત્યાગના માર્ગનો અભ્યાસ જોઈએ. એ માટે દેશવિરતિ( = અંશે-

વિરતિ)ધર્મનું પાલન કરવાનું છે. એમાં સમ્યક્ત્વવ્રત પૂર્વક સ્થૂલપણે હિંસાદિ પાપોના ત્યાગની તથા સામાયિકાદિ ધર્મ-સાધનાની પ્રતિજ્ઞા કરવામાં આવે છે. દેશવિરતિ ધર્મમાં આ રીતે બાર વ્રતો આવે છે.—

૫ અણુવ્રત + ૩ ગુણવ્રત + ૪ શિક્ષાવ્રત = ૧૨ વ્રત.

૫. **અણુવ્રત**—સ્થુલપણે હિંસા-અસત્યાદિ પાપનો ત્યાગ. અહિંસા, સત્ય, નીતિ, સદાચાર અને અલ્પ પરિગ્રહ.

**૩ ગુણવ્રતઃ**—દિશા-પરિમાણ, ભોગોપભોગ-પરિમાણ અને અનર્થદંડ-વિરમણ.

૪ **શિક્ષાવ્રતઃ**—સામાયિક, દેશાવકાશિક, પૌષધ અને અતિથિ-સંવિભાગ.

૧. **સ્થૂલ અહિંસા** : [સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણ]— 'હાલતા ચાલતા-નિરપરાધી ત્રસ જીવને જાણી જોઈને નિરપેક્ષપણે મારું નહિ,'—એવી પ્રતિજ્ઞા. આના વિશુદ્ધ પાલનમાં બને ત્યાંસુધી જીવને પ્રહાર, અંગછેદ, ગાઢ બંધન, ડામ, અતિભારારોપણ, ભાતપાણીમાં વિલંબ-વિચ્છેદ વગેરે કરવા નહિ. પ્રતિજ્ઞામાં કદાચ રોગ પર જુલાબ આદિ લેવા પડે અને એમાં જીવ મરે તેની જયણા. [બળતા દિલે અપવાદ].

૨. **સ્થૂલ સત્ય** : [સ્થૂલ મૃષાવાદ-વિરમણ)—'કન્યા વગેરે મનુષ્ય અંગે, ઢોર અંગે, જમીન-મકાન અંગે, માલ અંગે જૂઠ બોલું નહિ, તથા બીજાની થાપણનો ઇન્કાર ન કરું, ઓળવું નહિ.' એવી પ્રતિજ્ઞા. આના વિશુદ્ધ પાલન માટે સહસા (વગર વિચાર્યું) ન બોલવું, પત્ની-મિત્ર

વગેરેની ગુપ્ત વાત કોઈને ન કહેવી, બીજાને જૂઠ બોલવાની સલાહ ન આપવી, ખોટા ચોપડા-દસ્તાવેજ લખવા,— આ સાવધાની બરાબર જાળવવી જોઈએ.

૩. સ્થૂલ **ચોરી ત્યાગ** (સ્થૂલ અદત્તાદાન-વિરમણ) રાજ્ય-દંડે, લોક ભંડે (નિંદે) એવી ચોરી, હું કરૂ નહિ,' આ પ્રતિજ્ઞા. એમાં ચોરી, લૂંટફાટ, ખાતર પાડવું, ખીસ્સા કાપવા, ગઠડી ઉપાડવી, દાણચોરી, ટિકિટ-ચોરી, વગેરેનો ત્યાગ કરવાનો. આ વ્રતના વિશુદ્ધ પાલન માટે, પાંચ અતિચાર ટાળવાના,-ચોરને ટેકો ન આપવો, ચોરીનો માલ ન સંઘરવો, ભળતો યા ભેળસેળ માલ ન વેચવો, રાજ્ય-વિરુદ્ધ કાર્ય ન કરવું, ખોટાં માપા વગેરે ન રાખવાં;-આ સાવધાની જાળવવી જોઈએ.

૪. સદાચાર (સ્થૂલ મૈથુન-વિરમણ)-પરસ્ત્રી, વેશ્યા, વિધવા ને કુમારિકાના ભોગનો ત્યાગ; અને સ્વસ્ત્રીમાં સંતોષની પ્રતિજ્ઞા. એના શુધ્ધ પાલન માટે અનંગ કામના અંગ સિવાયના અંગની ) ક્રીડા, તીવ્ર વિષયાસકિત; અને પરના વિવાહ-કરણ ન કરવાની સાવધાની રાખવી.

૫. **પરિગ્રહ-પરિમાણ** (સ્થૂલ પરિગ્રહવિરમણ)- ધન, ધાન્ય, જમીન, મકાન, દુકાન, વાડી, સોનું રૂપું વગેરે, હીરામોતી વગેરે ઝવેરાત, વાસણ-કુસણ, ફરનિચર, ઢોર, દાસદાસી એવા નવ પ્રકારના પરિગ્રહનું પરિમાણ નક્કી કરવું કે. 'આટલાથી વધુ રાખું નહિ.' અથવા બધાની કુલ, મૂળ યા બજાર-ભાવની કિંમતે...રૂપિયાથી વધુ કિંમ-તનો પરિગ્રહ રાખું નહિ. વધુ આવી જાય તો તરત ધર્મ-

માર્ગે ખચીં નાખું.' આ પ્રતિજ્ઞા. વ્રતના પાલન માટે પરિગ્રહના પરિમાણનું વિસ્મરણ ન થવા દેવું. અધિક પરિગ્રહને સ્ત્રી-પુત્રાદિના નામે રાખી એના પર પોતાની હકુમત ન રાખવી, પ્રતિજ્ઞાની કલ્પના ન ફેરવવી, વગેરે સાવધાની જાળવવી.

**૬. દિશાપરિમાણ**-ઉપર નીચે ૦ાા-૧ માઈલ, ને ચારે દિશામાં આટલા આટલા માઈલની અથવા ભારતની બહાર જાઉં નહિ,-આ પ્રતિજ્ઞા, આના પાલનમાં પરિમાણ ભૂલવું નહિ, એક દિશામાં સંક્ષેપી બીજી દિશામાં જરૂરી તેટલો વધારો ન કરવો; વગેરે સાવધાની રાખવી જોઈએ.

**૭. ભોગોપભોગ પરિમાણ** વ્રત—ભોગ એટલે એક જ વાર ઉપયોગમાં આવે તે,—અન્ન-પાન, તંબોલ-વિલેપન, ફૂલ, વગેરે. ઉપભોગ એટલે વારંવાર ઉપયોગમાં આવે તે,—ઘર, ઘરેણાં, પલંગ, ખુરસી, પથારી, વાહન, પશુ, વગેરે. સાતમા વ્રતમાં આનું પોતાની શકિત મુજબ પાલન થાય એવું પ્રમાણ નક્કી કરી બાકીનાના ત્યાગની પ્રતિજ્ઞા કરવી.

અન્ન-પાનમાં શ્રાવકે બનતાં લગી સચિત્ત (સજીવ)નો ત્યાગ રાખવો; દા. ત. કાચું પાણી, કાચાં શાક, સચિત્ત ફળ કે તરત કાઢેલ રસ, કાચું મીઠું વગેરે. અલબત્ સચિત્તને અચિત્ત કરવામાં જીવ નાશ થાય છે, પરંતુ સચિત્ત વાપરવામાં સીધો પોતાના મુખથી જીવનો નાશ થાય એ વધુ નિર્દયતા છે, તેમ જ અચિત્ત કરતાં એ વધુ વિકારક છે. અચિત્ત શું શું ? ઉકાળેલું પાણી, રંધાઈને બરાબર ચઢેલાં

શાક, કાપ્યા અને બીજ જુદું પાડયાની બે ઘડી પછીનાં પાકાં ફળ કે રસ, (પાકા કેળામાં બીજ નથી તેથી તે વગર-કાપ્યાં પણ અચિત્ત છે), બલવણ-ભઠીમાં પકવેલું મીઠું વગેરે અચિત્ત છે. છેવટે અમુક સચિત્ત મોકળા રાખી બાકીનાનો ત્યાગ, તથા પર્વતિથિ-ચોમાસા વગેરેમાં સર્વથા સચિત્ત ત્યાગ કરવો.

આ વ્રતમાં ૨૨ અભક્ષ્ય-૩૨ અનંતકાયનો ત્યાગ કરવાનો છે; એમ ૧૫ કર્માદાન ત્યજવાના છે.

---

## ૨૨ અભક્ષ્ય

અભક્ષ્યભક્ષણ જીવન-નિર્વાહમાં અનુપયોગી છે, એમ એ વિકારી છે, વગેરે કારણે શ્રાવક તેનો ત્યાગી હોય.

૨૨ આ પ્રમાણે :-(૧) રાત્રિભોજન, (૨-૫) ૪ મહા-વિગઇ -માંસ,મદિરા (દારૂ), મધ માખણ, આ ચારેયમાં તદ્-વર્ણના અસંખ્ય જીવ જન્મે છે, એમ ઇતરોએ પણ કહ્યું છે. ઈંડાં, કોડલીવરઓઇલ, લીવરના ઈંજેકશન વગેરે પણ માંસમાં ગણાય, મધમાખી અશુચિપુદ્દગલ મધમાં ભરે છે, તેમ જ મધ પેદા થાય ત્યારે એમાં અસંખ્ય ઊડતા જીવ ચોંટીને મરે છે, તથા મધને મેળવતાં એમાં કેટલી ય ભમરીઓ માખીઓ નાશ પામે છે. માખણમાં સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે. (૬-૧૦) ૫ ઉદુંબર પંચક (વડ-પીપળો-પારસપીપળો-ગુલર-પ્લક્ષ-કાલુંબર)ના ટેટા, એમાં ઘણાં જીવડાં હોય છે, (૧૧-૧૫) બરફ, કરા, અફીણ વગેરે વિષ, સર્વ માટી અને વેંગણ, એ પાંચ, (૧૬) બહુબીજ દા.ત. રીંગણ, કોઠિંબડા,

ખસખસ, અંજીર, રાજગરો, પટોળાં આદિ, જેમાં અંતરપટ વિના બહુ બી સાથે હોય, (૧૭) તુચ્છફળ,–બોર, જાંબૂ, ગુંદા, મહુડાં, કોમળસીંગ વગેરે (૧૮) અજાણ્યાં ફળ (૧૯) સંધાન=બરાબર તડકા ખાધા વિનાનું કે પાકી ચાસણી વિનાનું બોળ અથાણું (૨૦) ચલિત રસ, જેનાં રસ, વર્ણ ગંધ–સ્પર્શ બગડી ગયા હોય તે, દા. ત. (i) વાસી રાંધ્યું–બાફ્યું અન્ન–રોટલી–રોટલો–ભાત–નરમ પુરી ભાખરી–માવો વગેરે; (ii) બે રાત્રિ લંઘેલાં દહીં–છાશ, (iii) અપક્વ દહીં, (iv) શિયાળામાં ૧ માસ–ઉનાળામાં ૨૦ દિન, ચોમાસામાં ૧૫ દિન ઉપરાંતની મિઠાઇ, (v) ઉનાળા, ચોમાસામાં ભાજી-પાલો–તલ–મજૂર–ખારેક, (vi) ચોમાસામાં સુકો મેવો, કાચી ખાંડ (vii) આર્દ્રા પછી કેરી, (viii) બગડી ગયેલ મિઠાઇ–મુરબ્બા–અથાણાં વગેરે. (૨૧) વિદળસંયુક્ત કાચાં દહીં, દૂધ કે છાશ. એમાં અસંખ્ય ત્રસ જીવ ઉત્પન્ન થઇ જાય છે. 'વિદળ' એટલે તેલ ન નીકળે અને બે ફાડ થાય એવાં કઠોળ, એની દાળ, લોટ કે ભાજી. મગફળીમાંથી તેલ નીકળે છે એ અહીં વિદળ નહિ.

## (૨૨) ૩૨ અનંતકાય :

જગતમાં સૌથી થોડા મનુષ્યો છે, એના કરતાં અસંખ્ય ગુણ નારકી, એનાથી અસંખ્યગુણ દેવો, એથી અસંખ્યગુણ પંચેન્દ્રય તિર્યંચો છે. એથી અસં૦ગુણ વિકલેંદ્રિયો, એથી અસં૦ગુણ અગ્નિકાય, એના કરતાં પૃથ્વી–પાણી–વાયુકાય જીવો વિશેષાધિક વિશેષાધિક, એના કરતાં અનંતગુણા મોક્ષના

જીવો છે, અને એના કરતાં પણ અનંતગુણા જીવો એકેક નિગોદમાં=અનંતકાય શરીરમાં છે. કંદમૂળના એકેક કણામાં આવા અસંખ્ય શરીર છે. તો એ કેમ જ ખવાય? નરકનાં ૪ દ્વાર કહ્યાં છે-પરસ્ત્રી-સંગ, રાત્રિભોજન, સંધાન અને અનંતકાય સેવાળ=લીલ, ફુગ અને બધાં કંદ અનંતકાયિક છે. દા. ત. સુરણ, વજ્રકંદ, લીલો કચૂરો શતાવરી, વિરાલી (સોફાલી), કુંવરપાઠું, થોરિયાં, ગળો (લીમડા વગેરે પરની), લસણ, વંશકારેલાં, ગાજર, લુણી (જેને બાળી સાજીખાર કરે છે તે), લોઢક-પદ્મિનીનો કંદ પોયણાં, ગિરિકર્ણિકા-ગરમર, કિસલય-પ્રારંભિક કોમળપાન, તથા સર્વ પહેલા અંકુર, ખરસઈઓ, થેગભાજી (જેમાં પોંખ થાય છે), લીલી-મોથ, લવણ વૃક્ષની છાલ, ખિલ્લુડ, અમૃતવેલ, મૂળો, ભૂમિ-ફોડા (છત્રાકાર બિલાડીનો ટોપ), વિરૂઢ-પલાળેલાં કઠોરમાં ફુટેલ અંકૂર, કોમળ વત્થુલો, શુકરવાલ, શક્કરિયાં, પાલખાની ભાજી, રતાળુ, ડુંગળી, કુણી આંબલી-કાતરા, લીલી હળદર, લીલું આદુ, ઘોષાતકી, કેરડો, તિંદુક, ગોટલી ન બાઝી હોય તેવાં કોમળફળ, બટાટા (આલુ), વગેરે અનંતકાય છે.

## ૧૫ કર્માદાન

શ્રાવકે મહારંભના કે મહાપાપના ધંધા નહિ કરવા જોઇએ. દા. ત. ૫ કર્મ+૫ વાણિજ્ય+૫ સામાન્ય, એમ ૧૫ કર્માદાનના ધંધા. એમાં ૫ કર્મ:-(૧) અંગારકર્મ-લુહાર, સોનાર, કુંભાર, ભાડભુંજા, હોટલ, વીશી વગેરેના ધંધા. (૨) વનકર્મ-વન કપાવવા, વાડી-બગીચા વગેરેના ધંધા. (૩)

શટકકર્મ–ગાડાં-ગાડી–મોટર બનાવવાના ધંધા. (૪)ભાટકકર્મ–ગાડા–મોટર વગેરે ભાડે આપવાના ધંધા. (૫) સ્ફોટકકર્મ—જમીન, ખાણ વગેરે ફોડાવવાના ધંધા. ૫. વાણિજ્યઃ—(૧) હાથી વગેરેને મારીને દાંત, પીંછા, કેશ, વગેરે જ્યાં ઉત્પન્ન થાય ત્યાંથી તે ખરીદી વેચવાના ધંધા. (૨) લાખ, રાળ, દારૂખાનું, કોલસા, બળતણ વગેરેનો વેપાર. (૩) મધ, ઘી, તેલ વગેરે રસનો વેપાર. (૪) મનુષ્ય–પશુ વગેરેનો વેપાર. (૫) સોમલ, વચ્છનાગ, તેજાબ વગેરેનો વેપાર. ૫. સામાન્યઃ—(૧) યંત્રપીલણ, ખાંડણિયા, ઘંટી, યંત્ર વગેરેથી અનાજ, બીયાં, કપાસ વગેરે ખાંડવા, પીસવા, લોઢવાના ધંધા. (૨) નિર્લાંછન કર્મ, જીવના ગાત્ર કાપવા છેદવા વગેરેના ધંધા. (૩) દવદાન–જંગલો બાળવા વગેરેના ધંધા. (૪) તળાવ વગેરે સુકવવાના ધંધા. (૫) અસતી-પોષણ;—દાસ-દાસી, પશુ–પંખી, વગરેને પોષીને એના દુરાચાર વેચાણ વગેરેથી કરાતી કમાણી—આ ૧૫ કર્માદાનના ધંધા ન કરવા.

સાતમા વ્રતમાં ધાન્યો, શાકભાજીઓ, ફળો, મેવા, મસાલા વગેરેનાં જરૂરી નામ નોંધી લઈ જીવનભર માટે તે સિવાયનું નહિ વાપરવાનો નિયમ કરાય છે. એમ, આગળ 'વ્રત નિયમ'ના પ્રકરણમાં બતાવાશે તે ચૌદ નિયમોનું જીવનભર માટે પ્રમાણ નકકી કરવામાં આવે છે. દા. ત. 'આજીવન રોજ ૨૦ દ્રવ્યથી અધિક નહિ વાપરૂં'. પછી રોજ એટલા યા એથી ઓછાં ધરાય છે.

## ૮. અનર્થદંડ—વિરમણ વ્રત

જીવન જીવવામાં બિનજરૂરી વસ્તુનો ત્યાગ કરવો; નહિતર એથી અનર્થ-નિષ્પ્રયોજન દંડ લાગે. અનર્થ તરીકે ચાર વસ્તુ છે,—૧. દુર્ધ્યાન, ૨. અધિકરણ(પાપનાં સાધન)નું પ્રદાન, ૩. પાપોપદેશ, અને ૪. પ્રમાદાચરણ. આમાં પહેલા ત્રણને તો બરાબર જાગૃતિ રાખીને અને ચોથાને પ્રતિજ્ઞા રાખીને આચરવા નહિ. દા. ત.

(૧) દુર્ધ્યાનમાં—(૧) મનગમતી વાત કે ચીજ મળી કે મળે એના પર બહુ ઉન્માદનું ચિંતન કર્યું; (૨) એ ગઈ કે ન રહી યા અણગમતી આવી યા ન આવે એના પર બહુ ઉદ્વેગનું ચિંતન કર્યું; (૩) રોગમાં હાયવોય કે રોગનાશ-દવા-અનુપાનાદિની ચિંતા કરી ((૪) પૌદ્ગલિક પદાર્થોની ભારે આશંસા કરી. તો એ આર્તધ્યાન થયું. તેમ જ હિંસા, જૂઠ, ચોરી અને સંરક્ષણનું ધ્યાન એ રૌદ્રધ્યાન. એ દુર્ધ્યાન ન સેવવા.

(૨) અધિકરણ એટલે ઘંટી, અગ્નિ, હળ, ચાકુ, ધોકા, વગેરે શસ્ત્ર, કે ખાંડણી, પરાળ, મુશળ, લાકડી સાબુ, અગ્નિ, વગેરે પાપનાં સાધન, એ બીજાને દેવાં નહિ.

(૩) **પાપોપદેશ** એટલે ક્લેશ, કલહ, પાપના ધંધા, ને હિંસા થાય એવા કામની, તથા હિંસા-જૂઠ-ચોરી વગેરેની સલાહ. એ આપવી નહિ. એમ કામોત્પાદક વચન, મોહચેષ્ટા, વાચાળતા, અતિ કે ઉદ્ભટ ભોગ, વગરે આચરવા નહિ.

(૪) **પ્રમાદાચરણમાં**—સિનેમા, નાટક, તમાશા, પ્રદર્શન, મોટી ક્રિકેટ વગરે રમતો ન જોવાની, અને પત્તાબાજી વગેરે ન ખેલવાની પ્રતિજ્ઞા. સર્વથા શક્ય ન હોય તો

અમુક પ્રમાણુથી વધુ ન જોવાની પ્રતિજ્ઞા. ફાંસી, પશુ-લડાઈ મલ્લ-કુસ્તી, વગેરે જીવઘાતક પ્રસંગો ન જોવાની પ્રતિજ્ઞા. એમ શોખ માટે પોપટ, કૂતરા વગેરે ન પાળવા, વિલાસી નોવેલ છાપા વગેરે ન વાંચવા, તથા નદી, તળાવ, વાવ વગેરેમાં શોખના સ્નાન ન કરવાની પ્રતિજ્ઞા. એવી બીજી પણ બિનજરૂરી બાબતો તજવાની.

સિનેમા, નાટક વગેરે ઉપરોક્ત પ્રમાદ-આચરણો આત્માને બાહ્યભાવ અને કષાયોમાં ખેંચી જનારા છે. શ્રાવક તો '-સર્વથા નિષ્પાપ જીવન ક્યારે મળે-' એવી ઝંખનાવાળો હોય છે. એટલે એવી ઉચ્ચ આત્મ-પ્રગતિને રુંધનારા બાહ્યભાવ તથા કષાયોને એ ન જ પોષે.

૯. સામાયિક વ્રત :—

અનંત જીવોને અભયદાન દેનારી અહિંસા ને સત્યાદિ વ્રતના તથા સમભાવના લાભ માટે સર્વ સાંસારિક પાપપ્રવૃત્તિ છોડી વિધિપૂર્વક પ્રતિજ્ઞા કરીને, કટાસન પર બેસી બે ઘડી માટે જ્ઞાન-ધ્યાન કરવું, તે સામાયિક કહેવાય. 'રોજ આટલા ...સામાયિક, અગર દર મહિને કે દર વર્ષે આટલા...સામાયિક કરીશ' એવી પ્રતિજ્ઞા લેવાની.

પ્ર૦-આવી પ્રતિજ્ઞાથી શું વિશેષ? સામાયિક કરે ત્યારે લાભ તો થાય જ છે ને?

ઉ૦-એમ ને એમ સામાયિક કરે ત્યાં તો સામાયિકમાં બેસે ત્યારે જ લાભ મલે; અને મહિનો વર્ષ કે જીવનભરની પ્રતિજ્ઞા લઈને કરે ત્યાં પ્રતિજ્ઞાનો સળંગ સતત લાભ મળે એ વધારામાં. 'જાવ મણે હોઈ નિયમસંજુત્તો, છિન્નઈઅસુહંકમ્મં'

સામાયિકમાં મન-વચન-કાયાની પાપ પ્રવૃત્તિ, વિકથા, સામાયિકનું વિસ્મરણ વગેરે ન થાય, એ સાવધાની રાખવી.

**૧૦. દેશાવકાશિક વ્રત—**

આમાં મુખ્યતયા અમુક ભાગ નક્કી કરી એટલાથી બહાર જવું નહિ, અને બહાર સાથે કંઈ વ્યવહાર કરવો નહિ, એની અમુક સમય માટે પ્રતિજ્ઞા હોય છે. એમાં બીજા વ્રતોનો સંક્ષેપ કરાય છે. ચાલુ પ્રણાલિકામાં એવી પ્રતિજ્ઞા કરાય છે કે 'ઓછામાં ઓછું એકાશનનો તપ રાખી દિવસ ભરમાં બે પ્રતિક્રમણ તથા આઠ સામાયિક કરવાનું દેશાવ-કાશિક વ્રત વર્ષમાં અમુક સંખ્યામાં કરીશ.' અલબત્ આ વ્રતના મર્મને પાળવા માટે એ સામાયિકમાંથી બચેલા સમયમાં સાંસારિક પ્રવૃત્તિઓ ન કરતાં જ્ઞાન-ધ્યાન વગેરે ધર્મપ્રવૃત્તિમાં દિવસ પસાર કરવો હિતાવહ છે.

આ વ્રતના યથાર્થ પાલન માટે નક્કી કરેલી મર્યાદા બહારથી કોઇને ન બોલાવવો કે બહાર ન મોકલવો, વગેરે સાવધાની રાખવી.

**૧૧. પૌષધ—**

પૌષધ એટલે દિવસ, રાત્રિ કે અહોરાત્રિ માટે પૂર્ણ સામાયિક સાથે (i) આહાર (ii) શરીર-સત્કાર તથા (iii) વ્યાપારના ત્યાગની અને (iv) બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરી આવશ્યક ક્રિયાઓ તેમજ જ્ઞાનધ્યાનમાં રક્ત રહેવાનું. આ આંતર ધર્મને પોષે છે માટે પોષધ કહેવાય છે. આમાં સમિતિ ગુપ્તિ કે જે આગળ સંવર પ્રકરણમાં કહેવાશે તેનું પાલન કરવાનું હોય છે.

### ૧૨ અતિથિ સંવિભાગ વ્રતઃ—

અતિથિ એટલે કે સાધુ-સાધ્વીને સંવિભાગ(દાન) દેવાનું વ્રત. ચાલુ પ્રવૃત્તિ મુજબ ચોવિહાર કે તિવિહાર ઉપવાસ સાથે અહોરાત્રનો પોષધ કરી પારણે એકાસનમાં મુનિને વહોરાવ્યા પછી વાપરવાનું, એ અતિથિસંવિભાગ વ્રત. વર્ષમાં આવા અતિથિ-સંવિભાગ આટલા....કરીશ એવી પ્રતિજ્ઞા કરવી તે બારમું વ્રત. આના પાલન માટે મુનિને દાન દેવામાં માયા કપટ ન થાય, ભિક્ષા-સમયની બેદરકારી ન થાય, વગેરે સાવધાની રાખવી.

આ બારે વ્રતો પૂરા અગર ઓછા, યાવત્ એક સુધી પણ લઈ શકાય. એમાં અભ્યાસ માટે અમુક અમુક અપવાદ રાખીને પણ તે લઈ શકાય; તેમજ અમુક સમય માટે પણ લેવાય.

---

## ૨૩. ભાવશ્રાવક

શ્રાવકપણાની, બહારથી અર્થાત્ ભાવ વિના કે દેખાવ-કપટ-લાલચ વગેરેથી, ક્રિયા કરનારો તે દ્રવ્યશ્રાવક કહેવાય; અને અંતરના શુદ્ધ ભાવથી ક્રિયા કરનારો તે ભાવશ્રાવક કહેવાય. ભાવશ્રાવક બનવા માટે આચરણામાં ૬ લક્ષણ યાને ૬ ગુણ જરૂરી છે, અને હાર્દિક ભાવમાં ૧૭ લક્ષણો, ૧૭ ગુણ જરૂરી છે.

ભાવશ્રાવકનાં ૬ લક્ષણ ( ૬ ગુણો ) આ પ્રમાણે :—

(૧) કૃત-વ્રતકર્મા, (૨) શીલવાન, (૩) ગુણવાન, (૪) ઋજુવ્યવહારી,

૫ ૬
ગુરુશુશ્રૂષુ, અને પ્રવચનકુશળ. આ દરેક માટે આ પ્રમાણે આચરણ જોઈએ;

(૧)કૃતવ્રતકર્મ=વ્રતકર્મ કરનારો બનવા ૧. ધર્મ-શ્રવણ, ૨. સાંભળીને ધર્મની જાણકારી. ૩. વ્રતધર્મ-સ્વીકાર, અને ૪. વિઘ્નમાં પણ દઢપણે ધર્મપાલન,–આ ચારમાં ઉદ્યમી હોય. (૨) શીલવંત બનવા. ૧. આયતનસેવી = સદાચારી, જ્ઞાની અને સુંદર શ્રાવકધર્મ પાળનારા સાધર્મિક-વાળા સ્થાનને જ સેવવું; ૨. કામ સિવાય બીજાને ઘેર ન જવું, (તેમાંય એકલી સ્ત્રીવાળા પર-ઘેર ન જવું); ૩. કદી ઉદ્ભટ–અણછાજતો વેશ ન પહેરવો ૪. અસભ્ય કે વિકારી વચન ન બોલવું; ૫. બાલક્રીડા-જુગાર, વ્યસન, ચોપાટ વગેરે ન ખેલવી, અને ૬. બીજા પાસેથી મીઠા શબ્દે કામ લેવું. (૩) ગુણવંત બનવા, ૧. વૈરાગ્યવર્ધક શાસ્ત્રસ્વાધ્યાય (અધ્યયન–ચિંતન–પૃચ્છા–વિચારણાદિ)માં ઉદ્યમી રહેવું. ૨. તપ, નિયમ, વંદન વગેરે ક્રિયામાં ઉજમાળ રહેવું. ૩. વડિલ, ગુણવાન વગેરેનો વિનય સાચવવો. (આવે એટલે ઊભા થવું, સામા જવું, આસને બેસાડવા, કુશળ પૂછવું, વળાવવા જવું વગેરે). ૪. સર્વત્ર અભિનિવેશ દુરાગ્રહ ન રાખવો, ને ૫. જિનવાણી–શ્રવણમાં સદા તત્પર રહેવું. (૪) ઋજુવ્યવહારી બનવા, ૧. ખોટું મિશ્ર કે વિસંવાદી ન બોલતાં યથાર્થ બોલવું. ૨. પ્રવૃત્તિ કે વ્યવહાર બીજાને ઠગનારો નહિ પણ નિષ્કપટ કરવો. ૩. ભૂલતા જીવોને ભૂલના અનર્થ બતાવવા, અને ૪. સ્નેહી સંબંધી સાથે

સરળ મૈત્રીભાવ રાખવો. (૫) ગુરુશુશ્રૂષુ બનવા, ૧. ગુરૂને જ્ઞાનધ્યાનમાં વિઘ્ન ન ાય એ રીતે એમની અનુકૂળ સેવા જાતે કરવી, ૨. બીજાને ગુરુના સેવાકારી બનાવવા; ૩. ગુરુઓને જરૂરી વા વગેરેનું સંપાદન કરવું; અને ૪. બહુમાન સાથે ગુરુની ઈચ્છાને અનુસરવું. (૬) પ્રવચનકુશળ બનવા, ૧.-૬. સૂત્ર-અર્થ-ઉત્સર્ગ-અપવાદ-ભાવ અને વ્યવહારમાં કુશળ થવું. અર્થાત્ ૧. શ્રાવક યોગ્ય શાસ્ત્રો ભણવા. ૨. અર્થ સમજવો, ૩.-૪. ધર્મમાં ઉત્સર્ગ એટલે કે મુખ્ય માર્ગ કયો ? કેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવમાં કયારે શો અપવાદ સેવાય, એ જાણવા-આદરવા; ૫. ભાવ અર્થાત્ વિધિપૂર્વક ધર્મ-સાધના કરવામાં કુશળ થવું, અને ૬. શાસ્ત્રજ્ઞ ગુરુએ બતાવેલ ધર્મવ્યવહારમાં દેશ-કાલાદિ અપેક્ષાએ લાભાલાભ સમજવા.

## ભાવશ્રાવકનાં ભાવગત ૧૭ લક્ષણ ગુણ :-

સ્ત્રી-ધન-ઈંદ્રિય-સંસાર-વિષય-આરંભ-ગૃહ-સમકિત-લોકસંજ્ઞા-જિનાગમ-દાનાદિ-ધર્મક્રિયા-અરક્તદ્વિષ્ટ-અનાગ્રહી-અસંબદ્ધ-પરાર્થભોગી-વેશ્યાવત્ ગૃહવાસ વિચારે.

૧. સ્ત્રીને નરકની દૂતી સમજી એમાં લપટાવું નહિ. ૨. ધન એ અનર્થ, કલેશ અને ઝઘડાની ખાણ છે સમજી એનો લોભ ન કરવો. ૩. ઈન્દ્રિયો આત્માની ભાવશત્રુ છે, જીવને દુર્ગતિમાં તાણી જનારી છે, એમ વિચારી એના પર અંકુશ મૂકવો. ૪. સંસાર દુઃખરૂપ, દુઃખદાયી અને દુઃખની પરંપરા દેનારો છે, એ ભાવના કરી એમાંથી

છૂટવા ઉતાવળ રાખવી. ૫. વિષયો શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ એ વિષ(ઝેર)રૂપ છે, એમ ભાવી એમાં રાગ-દ્વેષ ન કરવા. ૬. આરંભો, સાંસારિક કાર્ય જીવઘાતભર્યા છે એ વિચારી બહુ ઓછા આરંભોએ ચલાવવું. ૭. ઘરવાસ ષટ્કાય-જીવ-સંહારમય અને અઢાર પાપસ્થાનકભર્યો છે, એમ ચિંતવી એને જેલવાસ જેવો લેખવો, અને એને દીક્ષાર્થે છોડવા મથવું. ૮. સમ્યક્ત્વને ચિંતામણિ-રત્ન કરતાં અધિક સમજી સતત શુભ ભાવનાથી ને શાસન-સેવા-પ્રભાવનાથી ટકાવવું, નિર્મળ કરતાં રહેવું. એની આગળ મોટા વૈભવ પણ તુચ્છ લેખવા. ૯. લોકસંજ્ઞા યાને ગતાનુગતિક લોકની પ્રવૃત્તિમાં તણાવું નહિ, અને સૂક્ષ્મ બુદ્ધિથી વિચારવું. ૧૦. જિનાગમ સિવાય કોઈ પરલોકહિતનો માર્ગ બતાવનાર નથી એવી દૃઢ શ્રદ્ધાથી જિનાજ્ઞાને પ્રધાન કરવી. ૧૧. દાનાદિધર્મને આત્માની પોતાની પરલોકાનુયાયી વસ્તુ સમજી એમાં યથાશક્તિ આગળ વધવું. ૧૨. અમૂલ્ય દુર્લભ અને એકાન્ત હિતકારી ધર્મક્રિયાનો અહીં સુવર્ણ તક મળી માની એમાં, અજ્ઞાનોની હાંસી(મશ્કરી)ને ય અવગણી, બહુ ઉદ્યત રહેવું. ૧૩. ધન-સ્વજન-આહારાદિને માત્ર શરીર-ટકાવનાં સાધન માની, એમાં રાગ-દ્વેષ ન કરવા, મધ્યસ્થ રહેવું. ૧૪. ઉપશમને જ સુખનો તથા પ્રવચનનો સાર સમજી દુરાગ્રહ ન કરવો. સત્યના આગ્રહી રહેવું. ૧૫. ધન-સ્વજનાદિના સંયોગ નાશવંત સમજી એને પર માનવા, આંતરિક મમતા ન ધરવી. ૧૬. વિરાગી બનીને ભોગોને તૃષ્ણાવર્ધક સમજી એને માત્ર કુટુંબી આદિના દાક્ષિણ્યે

જ ભોગવવા. ૧૭. વેશ્યાની માફક ઘરવાસને વેઠરૂપ માની, આજે છોડું, કાલે છોડું, એવી ભાવનામાં રમવું.

## ૨૪. શ્રાવકની દિનચર્યા

'શ્રાવક તું ઉઠે પ્રભાત, ચાર ઘડી રહે પાછલી રાત.' આત્મહિતાર્થી શ્રાવકે પાછલી રાત ચાર ઘડી અર્થાત્ અંદાજ દોઢ કલાક બાકી રહેતાં નિદ્રામાંથી જાગૃત થઇ જવું. જાગતાં જ 'નમો અરિહંતાણું' યાદ કરવું. પછી પથારીમાંથી બહાર નીકળી મનમાં પંચ પરમેષ્ઠીને નમન કરતાં ૭–૮ વાર નમસ્કાર મંત્ર ભણુવો. હૃદયકમળની કર્ણિકા અને ૮ પાંખડીમાં એ ચિંતવી શકાય. પછી યાદ કરવું કે 'હું કોણ ? કયાંથી આવ્યો? કયાં જવાનો? અહીં શું કર્તવ્ય છે? આ કયા અવસર? કેવા દેવ કેવા ગુરુ મળ્યા છે? અને એને સફળ કરવા માટે શું ઉચિત છે?....

'નવકાર'–નમસ્કાર મહામંત્ર એમાં અરિહંત–સિદ્ધ–આચાર્ય–ઉપાધ્યાય–સાધુ, એ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરાય છે. એ સમસ્ત મંત્રોમાં શિરોમણિ છે; કેમકે (૧) કોઈ પણ મંત્ર સાધતાં કે શાસ્ત્ર ભણુતા પહેલાં નવકાર મંત્ર યાદ કરવાનો છે. (૨) નવકાર એ જિનશાસનનો સાર સાર છે. (૩ સંક્ષેપમાં ચૌદ પૂર્વના ઉદ્ધરણરૂપ છે; કેમકે પરમેષ્ઠી એટલે સામાયિક, અને સામાયિક એ ચૌદ પૂર્વનો સંક્ષેપ છે. ૪) માત્ર અંતકાળે નવકાર પામેલાને પણ સદ્ગતિ મળી છે; અને (૫) અહીં પણ નવકાર યાદ કરનારની આપત્તિઓ મટી છે; સંપત્તિ પ્રાપ્ત થઈ છે. (૬) નવકાર

અંતરાયો દૂર કરે છે, અને શ્રેષ્ઠ મંગળરૂપ બને છે. (૭) એક નવકાર-સ્મરણમાં પાપકર્મની ૫૦૦ સાગરોપમ વર્ષની સ્થિતિ તૂટે છે, તથા (૮) પાંચે પરમેષ્ઠીના સર્વ સુકૃત્યોની અનુમોદનાનો લાભ મળે છે. માટે સૂતાં-જાગતાં-ઊઠતાં-બેસતાં-ભોજન કરતાં, કે ધંધો કરતાં, ઘરમાં પેસતાં કે બહાર નીકળતાં; દરેક કાર્ય-પ્રસંગે નવકારને પહેલો યાદ કરવો.

પ્રભાતે જાગીને નવકાર-સ્મરણ અને આત્મચિંતા કરી ધર્મસ્ફુર્તિ મેળવવી. પછી સામાયિક, પ્રતિક્રમણ કરવું. તે જો શક્ય ન જ હોય તો વિશ્વના સમસ્ત તીર્થો, જિન-મંદિરો, પ્રતિમાઓને સ્થળવાર યાદ કરીને વંદના કરવી. વિચરતા ભગવાન અને શત્રુંજયને વંદના-સ્તુતિ કરવી, તથા મહાન સતા-સતીઓને યાદ કરી જવા, ઉપકારીઓનાં સ્મરણ કરવાં, મત્રી આદિ ભાવના ચિંતવવી. પછી પચ્ચક્ખાણ ધારી લેવું યા આત્મસાક્ષીએ કરી લેવું. પચ્ચક્ખાણ ઓછામાં ઓછું નવકારશીનું કરવાનું, એમાં સૂર્યોદય ઉપર બે ઘડી સુધી મોંમાં પાણીનું ટીપું પણ નહિ નાખવાનું. એક નવકારશીથી ૧૦૦ વર્ષની નરકવેદનાનાં પાપ નાશ પામે. પોરિસીથી ૧૦૦૦ વર્ષની, સાઢ પોરિસીથી ૧૦,૦૦૦ પુરિમઢ્ઢથી ૧ લાખ, એકાશનથી ૧૦ લાખ, લુખી નીવીથી ૧ ક્રોડ, એકાશનદત્તીથી ૧૦ ક્રોડ, એકલઠાણુથી ૧૦૦ ક્રોડ, આંબેલથી ૧૦૦૦ ક્રોડ, ઉપવાસથી ૧૦,૦૦૦ ક્રોડ, છઠ્ઠથી લાખ ક્રોડ અને અઠ્ઠમથી ૧૦ લાખ ક્રોડ વરસની નરકવેદનાનાં પાપ નષ્ટ થાય. પછી જિન મંદિરે જઈ પરમાત્માનાં દર્શન, પ્રણામ અને સ્તુતિ કરવી. પ્રભુદર્શન કરતાં આપણને

ઉચ્ચ મનુષ્ય ભવ, ધર્મ સામગ્રી તથા આવા પ્રભુની પ્રાપ્તિ વગેરે પુણ્યાઈ મળ્યામાં પ્રભુનો જ મહાન ઉપકાર છે, એ યાદ કરી ગદ્દગદ થવું. ચિંતામણિથી ય અધિક દર્શન પ્રભુએ આપ્યું એનો એવો અતિહર્ષ થાય, અને પ્રભુના અનુપમ ઉપકાર ઉપર કૃતજ્ઞભાવ યાદ કરાય, કે રોમાંચ ખડા થાય! આંખ અશ્રુભીની થાય! પછી ધૂપ, દીપ, વાસક્ષેપ વગેરે પૂજા તથા ચૈત્યવંદન–સ્તવના કરી પચ્ચક્ખાણ ઉચ્ચરવું. પછી ઉપાશ્રયે ગુરુ પાસે આવી વંદના કરી સુખશાતા પૂછવી, અને એમની પાસેથી પચ્ચક્ખાણ લેવું. એમને ભાત, પાણી, વસ્ત્ર, પાત્ર, પુસ્તક, ઔષધનો લાભ આપવા વિનંતિ કરવી.

પછી ઘરે આવી જો નવકારશી પચ્ચક્ખાણ હોય તો જયણાપૂર્વક તે કાર્ય પતાવી, ગુરુમહારાજ પાસે આવી આત્મહિતકર અમૂલ્ય જિનવાણી સાંભળવી. કંઈક ને કંઈક વ્રત, નિયમ, અભિગ્રહ કરવો, જેથી સાંભળેલું લેખે લાગે, અને જીવનમાં આગળ વધાય.

**મધ્યાહ્ન ને બપોરે:**– ત્યારબાદ જીવજંતુ ન મરે એ કાળજી રાખી પરિમિત જળથી સ્નાન કરી પરમાત્માની અષ્ટપ્રકારી પૂજા કરવી. પૂજામાં પોતાની શક્તિને ગોપવ્યા વિના પોતાના ઘરના દૂધ, ચંદન, કેસર, પુષ્પ, વરખ, અક્ષત, ફળ, નિવેદ વગેરે દ્રવ્યસામગ્રીનો સદુપયોગ કરવો, કેમકે જિનેશ્વર ભગવાન એ સર્વોત્તમ પાત્ર છે. એમની ભક્તિમાં સમર્પેલી લક્ષ્મી અક્ષય લક્ષ્મી બની જાય છે. દા. ત. જેમ સમુદ્રમાં નાખેલું એક પાણીનું ટીપું પણ અક્ષય બની જાય

છે. દ્રવ્યપૂજા પછી ભાવપૂજામાં ખૂબ ઉલ્લાસથી ગદ્ગદસ્વરે હૈયું રડું રડું થતું હોય એ રીતે ચૈત્યવંદન કરવું. એમાં અંતે 'જયવીયરાય' સૂત્રથી ભવનિર્વેદ, માર્ગાનુસારિતા વગેરે ખાસ લક્ષ રાખી આજીજીપૂર્વક માગવું.

પછી શ્રાવક ઘરે આવી અભક્ષ્ય-ત્યાગ, દ્રવ્યસંકોચ અને વિગઈ(રસ)ના નિયમપૂર્વક ઊનોદરી રાખી ભોજન પતાવી, નમસ્કારમંત્રાદિ ધર્મમંગળ કરીને જીવન-નિર્વાહ માટે અર્થચિંતા કરવા જાય. ધર્મમંગળ એટલા માટે કે ધર્મ-પુરુષાર્થ એજ શ્રેષ્ઠ પુરુષાર્થ છે. તો બીજા પુરુષાર્થના મોખરે એને રાખવો જોઈએ. ધંધામાં જૂઠ, અનીતિ, દંભ, નિર્દયતા વગેરે ન આચરાઈ જાય એની ખૂબ કાળજી રાખવી. લોભ ઓછો કરવો, કમાઈમાંથી અડધો ભાગ ઘરખર્ચમાં, પા ભાગ બચત ખાતે અને પા ભાગ ધાર્મિક કાર્યમાં યોજવો.

સાંજના ભોજન એવી રીતે પતાવવું કે સૂર્યાસ્તની બે ઘડી પહેલાં (યા છેવટે સૂર્યાસ્ત પહેલાં) પાણી વાપરી લઈ રાત્રિ ભોજન-ત્યાગ રૂપ ચોવિહાર પચ્ચક્ખાણ થઈ જાય.

**સાંજે અને રાત્રે :–** પછી જિનમંદિરે ધૂપ, આરતિ, મંગળદીવો, ચૈત્યવંદન કરવું. પછી સાંજનું પ્રતિક્રમણ, એ ન બને તો સ્વાત્મનિરીક્ષણ પાપગર્હા, શાંતિપાઠ કરી ગુરુ-મહારાજની સેવા ઉપાસના કરવી. ઘરે આવી કુટુંબને ધર્મ-શાસ્ત્રો કે તીર્થંકર ભગવાન વગેરે મહાપુરુષનાં ચરિત્ર સંભળાવવા. પછી પોતે કાંઈક ને કાંઈક નવું અધ્યયન કરી તત્ત્વજ્ઞાન વધારવું. પછી અનિત્ય અશરણ વગેરે ભાવના ભાવવી. સ્થૂલભદ્ર, સુદર્શનશેઠ, જંબૂકુમાર, વિજયશેઠ-વિ-

જયા શેઠાણી વગેરેના બ્રહ્મચર્યના પરાક્રમ યાદ કરવા, અનંત સંસારમાં ભટકાવનાર અને કદી તૃપ્ત નહિ થનાર કામ-વાસનાની જુગુપ્સા ચિંતવવી. ઊંઘ આવે ત્યારે નવકારમંત્ર સ્મરણ કરી સૂઈ જવું, અને સૂતાં સૂતાં તીર્થોની યાત્રાનું વિસ્તારથી સ્મરણ કરવું. ઊંઘ્યા પછી જાગી જવાય ત્યારે આ ૧૦ મુદ્દા પર ચિંતવના કરી સંવેગ વધારવો,–સૂક્ષ્મ પદાર્થ, ભવસ્થિતિ, અધિકરણશમન, આયુષ્યહાનિ, અનુચિતચેષ્ટા, ક્ષણલાભદીપન, ધર્મગુણો, બાધકદોષવિપક્ષ, ધર્માચાર્ય અને ઉદ્યત વિહાર. (સંવેગ એટલે દાનાદિ–ક્ષમાદિ ધર્મનો રંગ, મોક્ષતમન્ના, વૈરાગ્ય, દેવ–ગુરુ–સંઘ–શાસ્ત્રભક્તિ વગેરે)

## સંવેગવર્ધક ૧૦ ચિંતવના

. કર્મ, એનાં કારણ તથા વિપાક, આત્માનું શુદ્ધ અને અશુદ્ધ સ્વરૂપ, ષડ્–દ્રવ્ય વગેરે સૂક્ષ્મ પદાર્થોની વિચારણા. ૨. ભવસ્થિતિ એટલે સંસારસ્વરૂપ ચિંતવવું, 'રાજા રંક થાય છે, રંક રાજા થાય છે, બેન પત્ની બને છે, પિતા પુત્ર બને છે, વગેરે જોતાં સંસાર નિર્ગુણ છે....' ૩. 'અધિકરણ એટલે કે કજીયો, અથવા કૃષિ–કર્મ આદિ, તથા પાપસાધનો હું ક્યારે શમાવીશ, અટકાવીશ, એ ભાવના. ૪. પ્રતિક્ષણ આયુષ્ય ક્ષીણ થઈ રહ્યું છે, કાચા ઘડામાંના પાણીની જેમ નષ્ટ થઈ જવાનું છે, તો હું ક્યાં સુધી પ્રમાદમાં રહીશ...' ૫. 'જીવહિંસા, અસત્ય, કૂડ કપટ વગેરે પાપ કાર્યો કેવા બિભત્સ છે, એનાં અહીં અને પરલોકમાં કેવા કેવા કટુ વિપાક આવે છે.' ૬. (i)'માનવ જીવ

નની અલ્પ ક્ષણોના પણ શુભ, અશુભ વિચાર કેવાં મહાન શુભ, અશુભ કર્મ બંધાવે છે.' અથવા (ii) 'દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવથી મોક્ષ-સાધનાનો આ કેટલો સુંદર અવસર મળ્યો છે!' અથવા (iii) 'અંધારે દીવા જેવા કે સમુદ્રમાં દ્વીપ જેવા જિનધર્મનો આ કેવો સુંદર મોકો મળ્યો છે!' ૭. શ્રુત ધર્મનો સાક્ષાત્ શમાનુભાવ ગુણ, અને ચારિત્રધર્મનો મદ-આશા-વિકારાદિના શમન દ્વારા ઇંદ્રાદિથી અધિક સુખાનુભવ ગુણ ચિંતવવો; અથવા ક્ષમાદિ ધર્મનાં કારણ-સ્વરૂપ-અને ફળ વિચારવા. ૮. ધર્માધિકારી જીવ જે જે અર્થરાગ-કામરાગાદિ દોષથી પીડાતો હોય તેનો પ્રતિપક્ષી વિચાર કરવો; દા. ત. 'પૈસા પાછળ કેવા સંકલેશ, અને ધર્મક્ષણની બરબાદી થાય છે!....' વગેરે ૯ 'ધર્મપ્રાપ્તિ-વૃદ્ધિમાં કારણભૂત ગુરુ કેવા નિઃસ્વાર્થી ઉપકારી! કેવા ગુણિયલ ગુરુ! એ ઉપકાર કેવો દુષ્પ્રતિકાર્ય!....' ૧૦. અનિયતવાસ, મધુકરી ભિક્ષા, એકાંતચર્યા, અલ્પ ઉપધિ, પંચાચાર-પાલન, ઉગ્ર વિહાર, વગેરે કેવો સુંદર મુનિવિહાર! હું ક્યારે એ પામીશ!....' આને આને વિસ્તારથી ચિંતવવું.

---

## ૨૫. નવકાર મંત્ર અને પંચપરમેષ્ઠી

નવકારમંત્ર એ પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવાનું સૂત્ર છે. એ સૂત્ર અને સૂત્રથી કરાતો નમસ્કાર મહામંગળરૂપ છે; સકલ વિઘ્નોને દૂર કરે છે અને અચિંત્ય સિદ્ધિઓ કરી આપે છે. એનાથી સદ્‌ગતિ મળે છે. વળી નમસ્કાર કરતી વખતે પરમેષ્ઠીના સુકૃતો તથા ગુણો પ્રત્યે અનુમોદના તથા આકર્ષણ રહે છે. અનુમોદના ઉત્કૃષ્ટ આવડે તો 'કરણ, કરાવણ ને અનુમોદન સરિખાં ફળ નિપજાયો.' આકર્ષણથી સુકૃત તથા ગુણની સિદ્ધિ કરવાની દિશામાં પહેલું પગલું મંડાય છે. કોઈ પણ ધર્મ સિદ્ધ કરવા માટે આ પહેલું પગથિયું છે કે એનું આકર્ષણ ઊભું કરાય. એ ધર્મબીજ છે. બીજ પર વૃક્ષ ઊગી ફળ આવે. પરમેષ્ઠી-નમસ્કારમાં આ આકર્ષણ સક્રિય બને છે. પંચ પરમેષ્ઠીમાં અરિહંત-સિધ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ આવે છે.

(૧) **અરિહંત** એ પહેલા પરમેષ્ઠી છે, વિચરતા દેવાધિદેવ પરમાત્મા છે. અરિહંત એટલે દેવોની પણ પૂજાને જે અર્હ છે, યોગ્ય છે. એમણે જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મના નાશથી ક્રમશઃ અજ્ઞાન, નિદ્રા અને દાનાદિ પાંચના અંતરાય એ ૭; તથા મોહનીય કર્મના નાશથી મિથ્યાત્વ, રાગ, દ્વેષ, અવિરતિ અને કામ એ ૫, તેમજ હાસ્ય, શોક, હર્ષ ઉદ્વેગ, ભય અને જુગુપ્સા (દુગંછા) એ ૬, એમ અઢાર દોષ ત્યજી દીધા છે, એથી એ વીતરાગ બન્યા છે.

આ એમનો 'અપાયાપગમ'–અતિશય છે. (અપાય=દોષ-અનર્થ, ઉપદ્રવ. એ હવે વિચરે ત્યાં ૧૨૫ યોજનમાંથી મારી –મરકી વગેરે ઉપદ્રવ દૂર થાય છે એને પણ અપાયાપગમ–અતિશય કહે છે. વીતરાગ બનવાથી પછી સર્વજ્ઞ બને છે, એ 'જ્ઞાનાતિશય' છે. ત્યાં જઘન્યથી ૧ ક્રોડ દેવતા સાથે રહે, દેવો ઇન્દ્રો પૂજા ભક્તિ કરે, વગેરે 'પૂજાતિશય' છે. પ્રભુ ૩૫ ગુણવાળી દેશના આપે, એ 'વચનાતિશય' છે. આ ૪ મુખ્ય અતિશય છે. સાથે ૮ પ્રાતિહાર્ય ગણતાં અરિહંતના ૧૨ ગુણ કહેવાય છે. કુલ એમનામાં ૩૪ અતિશય (=વિશિષ્ટ વસ્તુ) ઉત્પન્ન થાય છે. એમાંનો એક ભાગ આઠ પ્રાતિહાર્ય, સિંહાસન–ચામર–ભામંડળ–૩છત્ર–અશોકવૃક્ષ–પુષ્પવૃષ્ટિ–દિવ્ય ધ્વનિ–દેવદુંદુભિ છે. આ એમની સાથે રહે છે. આ વિભૂતિ ઉત્પન્ન થવામાં કારણભૂત એમણે પૂર્વભવમાં સાધેલ સમ્યગ્દર્શન વગેરેની ઉચ્ચકોટિની સાધના, તેમજ 'સંસારના કર્મ-પીડિત સર્વજીવોનો હું કેમ ઉદ્ધાર કરું" એવી કરુણા ભાવના છે. અરિહંત બનવાના જીવનમાં પણ મોટમોટી રાજ્યઋદ્ધિ, વૈભવવિલાસ વગેરેને તિલાંજલિ આપી સર્વપાપ–પ્રવૃત્તિના ત્યાગ રૂપે અહિંસાદિના મહાવ્રત સ્વીકારે છે. પછી કઠોર સંયમ, તપસ્યા અને ધ્યાનની સાધના સાથે ઉપસર્ગ–પરિષહને સહન કરે છે. એથી જ્ઞાનાવરણ આદિ ચાર ઘાતી કર્મનો નાશ કરી વીતરાગ સર્વજ્ઞ બને છે. ત્યાં પૂર્વની પ્રચંડ સાધનાથી ઉપાર્જેલ તીર્થંકરપણાનું પુણ્ય પણ ઉદયમાં આવે છે, અને એ અરિહંત બને છે. પછી ધર્મશાસનની સ્થાપના કરે છે. એમાં એ જગતને યથાર્થ તત્ત્વ અને મોક્ષમાર્ગ

આપે છે. તથા સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકા એ ચતુર્વિધ સંઘ સ્થાપે છે. ક્રમશઃ આયુષ્ય સમાપ્ત થતાં બાકીના વેદનીય આદિ અઘાતી કર્મનો ક્ષય કરી મોક્ષે પધારે છે. ત્યારે એ સિદ્ધ બને છે.

૨. **સિદ્ધ** બીજા પરમેષ્ઠી છે. સિદ્ધ એટલે કર્મથી મુક્ત, સંસારથી મુક્ત. અરિહંત ન થઈ શકે એવા આત્મા પણ અરિહંતના ઉપદેશાનુસાર મોક્ષમાર્ગની સાધના કરી આઠેય કર્મોનો નાશ કરીને મોક્ષ પામે છે. એ પછી તદ્દન શુદ્ધ, બુદ્ધ, નિરંજન, નિર્વિકાર, નિરાકાર સ્થિતિ પ્રાપ્ત કરીને લોકના મથાળે સિદ્ધશિલા પર શાશ્વત કાળ માટે સ્થિર થાય છે. એમને સિદ્ધ પરમાત્મા કહે છે. એમનામાં અનંતજ્ઞાન, અનંત દર્શન, વીતરાગતા, અનંત લબ્ધિ, અવ્યાબાધ અનંત સુખ, અક્ષય અજર અમર સ્થિતિ, અરૂપિપણું, ને અગુરુલઘુતા એમ, ૮ કર્મના નાશથી ૮ ગુણ હોય છે.

૩. **આચાર્ય** ત્રીજા પરમેષ્ઠી છે. એ અરિહંત પ્રભુની ગેરહાજરીમાં સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચતુર્વિધ સંઘના અગ્રણી હોય છે. એમણે ઘરવાસ અને સંસારની મોહમાયાના સર્વબંધન ત્યજી દઈ મુનિ બનીને એ અરિહંતે કહેલા મોક્ષમાર્ગની સાધના કરી રહ્યા હોય છે; તથા જિનાગમોનું અધ્યયન કરવા પૂર્વક એ વિશિષ્ટ યોગ્યતા પ્રાપ્ત કરી ગુરુ પાસેથી આચાર્યપદ પામેલા હોય છે. આચાર્ય બની એ જગતમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચાર એ પવિત્ર પંચાચારનો પ્રચાર કરે છે. તેમજ એ

પંચાચાર પાળવા ઉદ્યત બનેલાને શરણું આપી પંચાચારનું નિર્મળ પાલન કરાવે છે. એમનામાં ૫ ઇંદ્રિયનિગ્રહ + ૯ બ્રહ્મચર્યગુપ્તિ (વાડ) + ૪ કષાયત્યાગ + ૫ આચાર + ૫ સમિતિ + ૩ ગુપ્તિ = ૩૬ ગુણો હોય છે.

૪. **ઉપાધ્યાય** એ ચોથા પરમેષ્ઠી છે. એ પણ મુનિ બનેલા હોય છે, અને જિનાગમનો અભ્યાસ કરી ગુરુ પાસેથી ઉપાધ્યાય પદ પામેલા હોય છે. રાજા–તુલ્ય આચાર્યના એ મંત્રી જેવા બની મુનિઓને જિનાગમ(સૂત્ર)નું અધ્યયન કરાવે છે. એમનામાં આચારાંગાદિ ૧૧ અંગ + ૧૪ પૂર્વ (જે બારમા દૃષ્ટિવાદ અંગનો એક મુખ્ય ભાગ છે) = ૨૫ ગુણ હોય છે.

૫. **સાધુ** એ પાંચમા પરમેષ્ઠી છે. એમણે મોહમાયા-ભર્યા સંસારનો ત્યાગ કરી જીવનભર માટે અહિંસાદિ મહાવ્રતો સ્વીકારેલા હોય છે, અને એ પવિત્ર પંચાચારનું પાલન કરે છે. એ પાલનમાં ઉપયોગી શરીરનો ટકાવ મધુકરી ભિક્ષાથી કરે છે. તે પણ સાધુ માટે નહિ બનાવેલ, નહિ ખરીદેલ નિર્દોષ આહાર જ ગ્રહણ કરે છે. એમાં પણ કાચું પાણી, અગ્નિ, વનસ્પતિ વગેરેને દાતાર સાક્ષાત્ કે પરંપરાએ પણ મુદ્દલ ન અડેલ હોય તો જ એની પાસેથી ભિક્ષા લેવાની; ઈત્યાદિ કેટલા ય નિયમો સાચવે છે. સાધુ સંસારત્યાગી હોવાથી એમને ઘરબાર હોતા નથી. એ કંચન–કામિનીના સર્વથા ત્યાગી હોય છે. **એને અડતા સરખા નથી. એટલું ઊંચું અપરિગ્રહ અને બ્રહ્મચર્યવ્રત પાળે છે. એ વાહનમાં કદી**

બેસતા નથી. ગામેગામ પગે ચાલીને વિહાર કરે છે; અને સ્થિરતા કરે ત્યાં સાધુચર્યાની આવશ્યક ક્રિયાઓ અને જ્ઞાન-ધ્યાનમાં દિનરાત મસ્ત રહે છે. દાઢી-મૂંછ-માથાના વાળ પણ હજામતથી ઉતરાવવાના નહિ પણ હાથેથી ઉખેડી નાખે છે. લોકોને જીવ-અજીવ આદિ તત્ત્વ તથા અહિંસા, સત્ય, નીતિ, સદાચાર, દાન, શીલ, તપ, શુભભાવના, પરોપકાર વગેરે ધર્મનો ઉપદેશ કરે છે.

આ પાંચ પરમેષ્ઠી પૈકી દરેક પરમેષ્ઠી એટલા બધા પવિત્ર અને પ્રભાવશાળી છે કે એમના વારંવાર સ્મરણ અને વારંવાર નમસ્કારથી વિઘ્નો દૂર થાય છે, મહામંગળ થાય છે, તથા ચિત્તને અનુપમ સ્વસ્થતા, તૃપ્તિ અને આધ્યાત્મિક બળ મળે છે. પાંચ પરમેષ્ઠીનું સ્મરણ, નમસ્કાર, સ્તુતિ, પ્રશંસા, જાપ, ધ્યાન અને લય સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષપદ આપે છે. અલબત એની સાથે, શ્રાવક હોય ત્યાં સુધી શ્રાવકપણાને અને સાધુ થયા પછી સાધુપણાને ઉચિત અનુષ્ઠાનોનું બરાબર પાલન જોઈએ.

---

## ૨૬. વ્રત-નિયમો

શ્રાવકની દિનચર્યામાં સવારે પચ્ચક્ખાણ નિયમ કરવાની વાત આવી. વ્રત-નિયમ એ જીવનનો અલંકાર છે. એ પાપ-પ્રમાદની વૃત્તિ પર અંકુશ મૂકી જીવનને એવું સુશોભિત કરે છે કે એના પર પુણ્યાઈ અને સદ્ગતિ આકર્ષિત થાય છે. વ્રત-નિયમનો એક એ પ્રભાવ છે કે જ્યાંસુધી એ ચાલુ રહે ત્યાં સુધી પાપક્ષય અને પુણ્યબંધ ચાલે છે.

પૂર્વે જોયું કે પાપ નથી આચરતા છતાં નિયમ નથી તો પાપની અપેક્ષા ઊભી રહેવાથી આત્મા પર કર્મ ચોંટે છે. નિયમ કરવાથી એ અટકે છે, અને મન પણ બંધનમાં આવવાથી ભવિષ્યમાં નિયમ પહોંચે ત્યાં સુધી પાપ સેવવા મન થતું નથી. એમ પાપત્યાગ નિશ્ચિત બનવાથી શુભ ભાવ-શુભ પ્રવૃત્તિના દ્વાર ખુલ્લા થાય છે, એને સારો અવકાશ મળે છે.

નિયમમાં અહીં ત્રણ પ્રકાર જોઈશું,—૧. પચ્ચક્ખાણ, ૨. ચૌદ નિયમ, તથા ૩. ચાતુર્માસિક અને જીવનના નિયમો.

**૧. પચ્ચક્ખાણ**—દિવસ અને રાત્રિના આહારના અન્ન–પાણીના ત્યાગના જુદા જુદા નિયમ, એ અહીં પચ્ચ-ક્ખાણ સમજવાના છે. જીવને આહારની સંજ્ઞા, લત, અનાદિ કાળથી લાગુ છે. એ એવી ખંધી છે કે ધ્યાન ન રાખે તો ઉપવાસના પચ્ચક્ખાણમાં રહે પણ એના વિચાર આવે છે. આહારસંજ્ઞાથી (૧) જન્મે ત્યાં પહેલી વાત ખાવાની ! અને (૨) કેટલાય ધર્મધ્યાન તથા ત્યાગ–તપ ચૂકી જવાય છે. માટે એના પર કાપ મૂકતા રહેવું જોઈએ. તો આગળ વધતાં અંતે આત્માનો સ્વભાવ 'અનાહારીપણું' પ્રગટ થાય.

આહાર ચાર પ્રકારે છે,—અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ. (૧) અશનમાં જેનાથી પેટ ભરાય તે આવે. દા. ત. અન્ન, મિઠાઈ, દૂધ, દહીં વગેરે.... (૨) પાનમાં પાણી આવે. (૩) ખાદિમમાં ફળ, પોંક, ફરસાણ, શેકેલું, ભુંજેલું; (૪) સ્વાદિમમાં મુખવાસ, મસાલા, ઔષધિ આવે. આના અનેક રીતે ત્યાગ કરાય છે.

આ ચાર સિવાય કેટલીક કડવી યા બેસ્વાદ ઔષધિ અથવા ભસ્મ હોય છે; જેને **અનાહારી દ્રવ્ય** કહેવાય છે; અને તે રોગ–પીડાના ખાસ કારણે પચ્ચક્ખાણના કાળમાં ખપે છે; પરંતુ તેની સાથે જો પાણી લેવાય તો આહારરૂપ બની જાય! માટે પચ્ચક્ખાણમાં રહી પાણી વિના એ એકલા જ લેવાય છે. એવી અનાહારી વસ્તુમાં કડુ, કરિયાતુ, ઇંદ્રજવ, કડવો લીમડો, ત્રિફળા, રાખ, ભસ્મ, વગેરે ગણાય છે. આહારનાં પચ્ચક્ખાણ ચાર રીતે,–૧ દિવસનાં, ૨. રાત્રિનાં, તથા ૩. અમુક સંકેતથી યા ઉપદ્રવાદિ પ્રસંગે, અને ૪. અંતકાળે જીવે ત્યાં સુધીનું.

(૧) **દિવસનાં પચ્ચક્ખાણમાં** સૂર્યોદયથી બે ઘડી સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ રાખવા નવકારશી પચ્ચક્ખાણ કરવામાં આવે છે. સૂર્યોદયથી એક પ્રહર (૧/૪ દિનમાન) સુધીનો ત્યાગ પોરસિ પચ્ચક્ખાણથી થાય છે. સાર્દ્ધ–પોરસિ પચ્ચક્ખાણમાં ૧॥ પ્રહર, પુરિમડ્ઢમાં ૨ પ્રહર (૦॥ દિવસ), અવડ્ઢમાં ૩ પ્રહર સુધી ચારે આહારનો ત્યાગ રહે છે. આ પચ્ચક્ખાણ પૂર્ણ થયે મૂઠીવાળી નવકાર ગણીને જ ખાવા પીવાનું કરાય છે; કેમકે એ પચ્ચ૦ સાથે 'મુટ્ઠિ-સહિયં' પચ્ચ૦ હોય છે. મુટ્ઠિસહિયં એટલે જ્યાં સુધી મુટ્ઠિવાળી નવકાર ન ગણું ત્યાં સુધી ચાર આહારનો ત્યાગ. દિવસમાં વારંવાર એકલું આ મુટ્ઠિસહિયં પચ્ચ૦ કરવાથી ય અનશનનો બહુ લાભ મળે છે; એક મહિનામાં કુલ ગણતાં ૨૫ ઉપર ઉપવાસ જેટલો લાભ થાય.

આના ઉપરાંત શુકલ–કૃષ્ણ પક્ષની બીજ, પાંચમ, આઠમ, અગિયારસ, ચૌદસ અને પુનમ તથા અમાવાસ્યા એ બાર તિથિએ ખાસ કરીને બેયાસન ( બેસણું–દ્વયશન ), એકાસન, નીવી, આયંબિલ, ઉપવાસ વગેરે તપ કરવામાં આવે છે. બેઆસનમાં દિવસભરમાં બે બેઠકથી અધિક વાર ભોજન નહિ. બાકીના સમયમાં ચાર આહારના યા પાણી સિવાય ત્રણ આહારના ત્યાગના પચ્ચ૦ હોય છે. એકાસનમાં દિવસે માત્ર એક જ બેઠકે આહાર, બાકી દિવસે અને રાત્રે ત્યાગ. લુખ્ખી નીવી–એકાસનમાં દૂધ–દહીં–ઘી–તેલ–ગોળ (સાકર) અને કઢા (કઢાઈમાં તળેલું વગેરે), એ છ વિગઈનો ત્યાગ, તથા ફળ, મેવા, લીલા શાકનો ત્યાગ. તેમજ આયંબિલમાં તે ઉપરાંત હળદર, મરચું, કોકમ, આમલી, રાઈ, ધાણા, જીરું વગેરે મસાલાનો પણ ત્યાગ; એટલે કે પાણીમાં રાંધેલ લુખ્ખા ભાત, લુખ્ખી રોટલી, દાળ વગેરેથી એકાશન કરવાનું હોય છે. ઉપવાસમાં દિવસ–રાત્રિભર માટે ભોજનનો ત્યાગ, હોય છે. દિવસના કદાચ લેવું હોય તો માત્ર ઉકાળેલું પાણી લઈ શકાય. આ બેસણાથી માંડીને ઉપવાસ સુધીના તપમાં પાણી માત્ર ત્રણ ઉકાળાવાળું જ વાપરી શકાય. અધિક તપ કરવો હોય તો એક સાથે બે ઉપવાસ અર્થાત્ છઠ્ઠ, ત્રણ ઉપવાસ એટલે અઠ્ઠમ, ૪–૫–૬–૭ ઉપવાસ, આઠ ઉપવાસ એટલે અઠ્ઠાઈ વગેરે કરાય છે. એમ વર્ધમાન આંબેલ તપ, નવપદજી ઓળી તપ, વીસસ્થાનક, તપ, જ્ઞાનપંચમી તપ, ૨૪ ભગવાનના એકાશન, પંચ કલ્યાણકનો તપ વગેરે કરવામાં આવે છે.

(૨) રાત્રિના પચ્ચક્ખાણમાં, દિવસના છૂટા હોય તો ચોવિહાર, તિવિહાર વગેરે કરાય છે; ચોવિહાર એટલે સૂર્યાસ્ત પહેલાંથી માંડીને રાત્રિભર ચારે આહારનો ત્યાગ. તિવિહાર એટલે પાણી સિવાય ત્રણ આહારનો ત્યાગ. દુવિહારમાં અશન–ખાદિમ એ બે આહારનો ત્યાગ. બેયાસણ વગેરે તપમાં તો સૂર્યાસ્ત પહેલાંથી પાણહાર પચ્ચ૦ થાય છે; એમાં દિવસના છૂટું રાખેલ પાણી પણ બંધ કરવાનું છે.

## ૧૪. નિયમ

રોજના જીવનમાં જગતની સઘળીય વસ્તુ વાપરવામાં આવતી નથી, છતાં જો એ ન વાપરવાની વસ્તુનો ત્યાગ ન કર્યો હોય અર્થાત્ વિરતિ નહિ, અવિરતિ હોય, તો એના અંગે જીવને પાપનો બંધ ચાલુ રહે છે; ત્યારે વાપરવાની સંભવિત વસ્તુ સિવાય બીજી બધીના ત્યાગનો જો નિયમ કર્યો હોય તો અઢળક કર્મબંધનથી બચાય છે. આ માટે સવારના જ દિવસ પૂરતા અને સાંજના રાત્રિ પૂરતા ૧૪ નિયમ કરી લેવાય છે. આ બાર કલાકનો નિયમ એટલે મુશ્કેલી કાંઈ નથી. નિયમ ધારી લેવામાં અભ્યાસ પડી ગયા પછી ૧–૨ મિનિટનું યા એક પળનું કામ અને ઘણાં પાપથી બહાર નીકળી જવાય છે. અર્થાત્ પળમાં પાપને પેલેપાર પહોંચી જવાય છે. વાપરવાનો સંભવ નથી એવી વસ્તુની અપેક્ષા છોડી દેવાનો મહાન લાભ ૧૪ નિયમમાં મળે છે. નિયમ કરવાથી સત્ત્વ ખીલે છે.

**૧૪. નિયમની ગાથા :—**

સચિત્ત–દવ્વ–વિગઈ, વાણહ–તંબોલ–વત્થ–કુસુમેસુ ।

વાહણુ–સયણુ–વિલેવણુ, બંભ–દિસી–ન્હાણુ ભત્તેસુ ॥

(૧) **સચિત્ત**=સજીવ કાચાં પાણી, કાચાં શાક, લૂણ, દાતણ, લીલાંફળ વગેરે. આમાંથી આજના દિવસે અમુક સંખ્યાથી દા. ત. ૩ થી વધુ નહિ વાપરવું એવો નિયમ. ઉકાળેલું પાણી, ૨ ઘડી પછી સાકરનું પાણી, ત્રિફળાનું પાણી, રંધાઈ સીજાઈગયેલું શાક, પાકું મીઠું બલવણ, તથા કાપેલાં ફળ કે કાઢેલો રસ બે ઘડી પછી અચિત્ત છે, સચિત્ત નહિ.

● (૨) **દવ્વ**=દ્રવ્ય, 'ભિન્ન ભિન્ન નામ અને સ્વાદ-વાળી વસ્તુ આજે ૫ કે ૧૦, ૧૨, ૧૫ વગેરેથી અધિક નહિ ખાઉં.' મસાલા ભેગા રંધાયા એ ૧ દ્રવ્ય; પણ ઉપરથી લે તે મરચું યા ઘી, તેલ આદિ એ જુદું દ્રવ્ય.

● (૩) **વિગઈ**–દૂધ, દહીં, ઘી, તેલ ગોળસાકર, કઢા (કઢાઈ કે લોઢીમાં તળેલું વગેરે ) એ છ વિગઈમાંથી અમુકનો આજે ત્યાગ, એવી પ્રતિજ્ઞા. વિગઈમાં બે ભાગ છે. ૧. **કાચી વિગઈ**. ઠંડું યા ગરમ [૧]દૂધ, [૨]દહીં–છાશ, [૩]ઘી, [૪]તેલ, [૫]ગોળ અને [૬]કટાહ કઢા વિગઇ યાને એક, બે કે ત્રણ ઘાણ-વાળી તળેલી વસ્તુ. ૨. **પાકી વિગઈ** (નીવિયાતું) એ કાચી વિગઈનું રૂપાંતર છે. દા. ત. (૧) દૂધમાં,–દૂધની ચાહ, માવો, દૂધની વસ્તુ, બાસુદી દૂધપાક, ખીર, વગેરે (૨) દહીં છાશમાં,–કઢી, વડાં, દહીવડાં, દહીં છાંટેલ શાક. શીખંડ, રાયતું વગેરે. (૩–૪) ઘી–તેલમાં,–ત્રણ ઘાણ તળાયા પછી વધેલું ઘી તેલ તથા ઘી–તેલમાં વઘારેલું શાક વગેરે. (૫) ગોળની પાકી વિગઈ સાકર, પતાસા, ખાંડ, તથા રસોઈમાં નાખેલ ગોળ

વગેરે. ઘી-ગોળનો પાયો કરી બનાવેલ સુખડી એ તે દિવસે કાચી ઘી-ગોળ વિગઈ, બીજે દિવસે પાકી ગોળ અને પાકી ઘી વિગઈ. પરંતુ ઘીમાં આટો, સૂંઠ વગેરે શેકીને બનાવેલ એ હવે ઘીનું રૂપાંતર થઈ કઢા વિગઈ બની. તેથી એ ઘી વિગઈ નહિ. એવું તળેલી પૂરી વગેરેમાં પણ ઘી વિગઈ કે તેલ વિગઈ નહિ. (૬) પાકી કઢાવિગઈમાં,-ત્રણ ઘાણ ઉપરના ઘાણમાં તળેલ વસ્તુ, પોતું દઈ કરેલ ઢેબરા વગેરે, ઘીમાં આટો શેકી બનાવેલ શીરો, મોહનઠાર, મેસુર વગેરે. બને તેટલી કાચી-પાકી બન્નેય યા અમુકનો ત્યાગ કરી શકાય છે.

● (૪) **વાણહ**-' અમુક ૧-૨ જોડાથી વધુ નહિ વાપરૂં.' ચંપલ, મોજાં આમાં આવે.

● (૫) **તંબોલ**-'પાન-સોપારી-વરિયાળી....' વગેરે અમુક સંખ્યા યા વજનથી વધુ નહિ વાપરૂં.'

● (૬) **વસ્ત્ર**-'આજે અમુક સંખ્યાથી વધુ વસ્ત્ર નહિ પહેરૂં.'

● (૭) **કુસુમ**-એમાં ફુલ, અત્તર, વગેરે સુંઘવાનું પ્રમાણ ધારવાનું ૨, (૮) **વાહન**-૩, ● (૯) **શયન**-પથારી ખાટલા પલંગ વગેરે; ● (૧૦) **વિલેપન**-'સાબુ, વેસેલાઈન, તેલ, વગેરે અમુક પ્રમાણથી વધુ નહિ વાપરૂં.' ● (૧૧) **બ્રહ્મચર્ય**-'કાયાથી દિવસે સંપૂર્ણ પાળીશ.' ● (૧૨) **દિશા**-આજે....માઈલથી બહાર નહિ જાઉં.' ● (૧૩) **ન્હાણ**-દા. ત. 'સંપૂર્ણ સ્નાન ૧, ૨ વારથી વધુ નહિ કરૂં. ● (૧૪) **ભાતપાણી**-દા. ત. '૧૦ રતલથી વધુ નહિ વાપરૂં.'

આ ચૌદ નિયમ સાથે બહારના ઉપયોગમાં આવતી કેટલીક વસ્તુનો નિયમ થાય છે. દા. ત. 'પૃથ્વીકાયમાં માટી, સાબૂ સોડા, ખાસ અમુક પ્રમાણથી વધુ નહિ વાપરૂં. એમ અપ્કાયમાં ૧-૨-૪ બાલટીથી વધુ પાણી, અગ્નિકાયમાં ૧-૨-૩ ચૂલાથી અધિકમાં બનેલ આજની વસ્તુ, વાયુકાયમાં ૧-૨-૩ હિંચકા-પંખાથી અધિક, અને વનસ્પતિકાયમાં લેપ વગેરે માટે કે ખાવામાં ભાજી વગેરે, અમુકથી વધુ નહિ વાપરૂં.

ત્રસકાય,-નિરપરાધી હાલતા ચાલતા જીવને જાણી જોઈને નિરપેક્ષપણે મારીશ નહિ.

અસિમાં ચાકુ, કાતર, સૂડી, સોય વગેરે, મસીમાં ખડિયા લેખન વગેરે, અને કૃષિમાં કોશ, કુહાડા, પાવડા, ખોદવાનું વગેરે. એમાં અમુકથી....વધુ નહિ વાપરૂં.

રાત્રિ માટે સાંજના નિયમ સંકેલી (અર્થાત્ આટઆટલું રાખેલું, આટઆટલું વાપર્યું એમ તપાસી) લઈ નવા નિયમ ધારી લેવાના. દિવસ કરતાં રાત્રિના નિયમમાં વધારે સંકોચ થવાથી વધુ લાભ મળે છે.

---

## બીજા નિયમો.

આખો દિવસ 'મુટ્ઠિસહિયં' પચ્ચક્ખાણ ચાલુ રાખી શકાય. એમાં 'મુટ્ઠિ વાળી નવકાર ન ગણાય ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ' એવું પચ્ચ૦ કરાય છે. એ ચાલુ રાખવાથી, અર્થાત્ એ સવારે લીધું, કંઈ ખાવા પીવાના પ્રસંગે પાર્યું, પાછું વાપરી ઊઠ્યા પછી લીધું, તે ફરી પાણી પીવા પ્રસંગે

પાયું, પીને લઈ લીધું, એમ આખો દિવસ ચાલુ રાખવાથી તેમજ રાત્રે ચોવિહાર હોવાથી કુલ અહોરાત્રિ (૨૪ કલાક) માં ૨૦–૨૨ કલાક જેટલો અનશનનો લાભ મળે છે. મહિને ૨૫–૨૭ ઉપવાસ જેટલો લાભ થાય. અથવા ક્યાંક કામમાં બેઠા કે નવરા બેઠા અગર ચાલ્યા એટલા ટાઇમ માટે ખાવા-પીવાના ત્યાગનો અભિગ્રહ (નિયમ) કર્યો તો તેટલા પ્રસંગ પુરતો અનશનનો લાભ મળે છે.

અભિગ્રહો બીજા પણ પાપત્યાગ તથા સાધના વગેરેના કરી શકાય. દા. ત. ધાર્મિક પુસ્તક વાંચવા બેઠા તો 'આ વાંચું ત્યાંસુધી સાંસારિક કામ બંધ.' ● એમ 'પ્રભુદર્શન ન થાય ત્યાંસુધી મોંમાં પાણી પણ ન નાખું.' ● પૂજા કર્યા વિના ભોજન નહિ કરું.' ● 'આવકમાંથી ૧/૪ (યા ૧/૮ કે ૧/૧૦) ભાગ ધાર્મિક કાર્યમાં ખરચીશ.' ● 'ત્રિકાળ ચૈત્યવંદન ન કરું તો બીજે દિન ઘી નહિ ખાઉં.' ● '૫ (યા ૭ કે ૧૦) વર્ષમાં ૯ લાખ નવકાર ન ગણું તો તે પછી પૂરા ન થાય ત્યાંસુધી દૂધ ત્યાગ,'....વગેરે. ● 'સંયોગ હોય અને ગુરુવંદન, વ્યાખ્યાન-શ્રવણ ન કરું તો અમુક ત્યાગ. ● 'વધુ પડતો ગુસ્સો, અભિમાન, કપટ થઈ જાય તો ઘી ત્યાગ, અગર પાંચથી વધુ દ્રવ્ય નહિ વાપરું.' ● 'જૂઠ બોલાઈ જાય તો શુભ ખાતામાં પાવલી ભરીશ.' ● 'મહિનામાં આટલા બેયાસણ, એકાસણ, આંબેલ, ઉપવાસ કરીશ.' ● 'રોજ (અથવા તિથિએ કે ઘરમાં) ઉકાળેલું જ પાણી પીઈશ.' ● 'વર્ધમાન તપનો પાયો–ઓળી, નવાણું યાત્રા, ઉપધાન વગેરે ન કરું ત્યાંસુધી કાચો ગોળ (કે અમુક) ત્યાગ.'

● 'ચારિત્ર ન લેવાય ત્યાં સુધી અમુક....ત્યાગ. (અગર રોજ 'નમો ચારિત્તસ્સ'ની ૧ નવકાર વાળી ગણીશ.)' ● 'વર્ષમાં ૧ તીર્થયાત્રા, ધાર્મિક ખાતે રૂ....ખર્ચ, અમુક....સામાયિક, અમુક નવકારવાળી ન થાય તો....દંડ.' 'પર્વતિથિએ લીલોતરી, સચિત્ત, ખાંડવું, દળવું, કપડાં ધોવાં, વગેરે ત્યાગ, તથા બ્રહ્મચર્ય.'

**ચોમાસાના નિયમ**:—ચોમાસામાં જીવોત્પત્તિ વધારે, તથા વિકારોની પ્રબળતા હોય, વેપાર ધંધા મંદ હોય, તથા ગુરુમહારાજનો સંયોગ હોય, તેથી ધર્મ કરવાની મોસમ હોય છે. તેથી ચોમાસા માટે ખાસ નિયમો કરાય છે. ૧૮ દેશના રાજા કુમારપાળ ચોમાસામાં રોજ એકાશન, ઘી સિવાય પાંચ વિગઈ ત્યાગ, લીલાં શાક ત્યાગ, ચારે માસ બ્રહ્મચર્ય, પાટણથી બહાર જવું નહિ, વગેરે નિયમ રાખતા. એમ શક્ય રીતે નિયમ કરી લેવા જોઈએ. દા. ત. કોઈના મૃતકાર્ય કે અકસ્માત્ સિવાય બહાર ગામ જવું નહિ. શહેરોમાં પણ રાતના ફરવા તરીકે બહાર જવું નહિ. આટલા....ઉપ૦ આંબેલ વગેરે, પોષધ, પ્રતિક્રમણ, સામાયિક, સંપૂર્ણ યા અમુક દિવસ લીલોતરી ત્યાગ, અહિંસાદિ અણુવ્રતો, આટલી વિગઈ ત્યાગ, વગેરે કરીશ.

**જીવનના નિયમો** :—એવા જીવનભર માટે નિયમ કરાય છે. દા. ત. 'જીવનમાં કદી ખેતી કરું નહિ. મોટાં યંત્રોની ફેક્ટરીના ધંધા કરું નહિ. સાતવ્યસન સેવું નહિ. મિથ્યા દેવ, ગુરુ, ધર્મને માનું પૂજું નહિ. પરસ્ત્રીગમન, ને અમુક ઉંમર પછી અબ્રહ્મ સેવવું નહિ. ઘરે મોટર ગાડી,

પશુ, બંગલા, રેડિયો, શ્રુંગારી ચિત્ર વગેરે રાખું નહિ.' એમ અનેક પ્રકારે ત્યાગના નિયમ કરી શકાય, બારવ્રત લઈ શકાય.

---

## ૨૭. જિનભક્તિ અને ગુરુવંદન

ભગવાન અરિહંત પરમાત્માનો આપણા પર અનંત ઉપકાર છે. (૧) એમના પ્રભાવે જ આવો સુંદર મનુષ્યભવ, ઊંચું કુળ, આર્યપણું વગેરે અનેક પુણ્યાઈ મળી છે. તેમજ (૨) એમણે આપેલ મોક્ષ–માર્ગથી જ તરવાનું છે. તથા (૩) એ જાપ–દર્શન–પૂજા–સાધનાદિમાં ઊંચું આલંબન છે. તો એમની ભક્તિ, દર્શન, પૂજા વગેરે કૃતજ્ઞતા રૂપે પણ કર્યા વિના રહેવાય નહિ. રોજની બીજી પ્રવૃત્તિની જેમ આ પ્રવૃત્તિ પણ અવશ્ય જોઈએ. ભાણા પર માત્ર ભોજનનાં દર્શન કરીને ઊઠી જતા નથી; તો અહીં માત્ર પ્રભુદર્શનથી કેમ પતે? પૂજા પણ અવશ્ય કરવી જોઈએ. એમની ભક્તિમાં કાંઈ ને કાંઈ રોજનો ખર્ચ, રોજ દૂધ–ઘી વગેરેનું સમર્પણ કરવું અતિ જરૂરી છે. રોજ એમના સ્તવન, ગુણગાન, જાપ, ધ્યાન, પ્રાર્થના કરવી જ જોઇએ. શ્રાવકને ખુમારી હોય કે 'હું જૈન છું; મારા અનંત ઉપકારી નાથની ભક્તિ કર્યા વિના જમું નહિ' અર્હદ્ભક્તિનો લાભ અપરંપાર છે. 'દહેરે જાવા મન કર્યે, ચઉત્થ (૧ ઉપવાસ) તણું ફળ હોય.' કુમારપાળ 'પાંચ કોડીના ફૂલડે પામ્યા દેશ અઢાર.' નાગકેતુ પુષ્પ પૂજા કરતાં કેવળ-જ્ઞાન પામ્યા!

**મંદિરની વિધિ:**—દેરાસરમાં દર્શન–પૂજાર્થે જતાં

૩-૩ બાબત ૧૦ પ્રકારે એમ ૧૦ ત્રિક સાચવવાનાં છે.

**૧૦ ત્રિક** :—ખૂબ સુંદર ભાવના સાથે ઘરેથી નીકળી રસ્તામાં નીચે જીવજંતુ ન મરે એ ખ્યાલ રાખી મંદિરે જવું. મંદિરની બહારથી પ્રભુ દેખાતાં અંજલિ મસ્તકે લગાડી 'નમો જિણાણં' બોલવું. પછી મંદિરમાં પેસતાં નિસિહીથી માંડી ચૈત્યવંદન સુધી ૧૦ ત્રિક(૩-૩ વસ્તુ) નું પાલન કરવાનું હોય છે. પેસતાં (૧) નિસિહી; પછી (૨) પ્રદક્ષિણા; પછી (૩) પ્રભુ સામે ઊભા રહી પ્રણામ-સ્તુતિ; પછી (૪) પૂજા; પછી (૫) પ્રભુ સામે ઊભા રહી ભાવના (પ્રભુની અવસ્થાનું ચિંતન) એમ પાંચ. એ પછી ચૈત્યવંદન કરવાના પાંચ;—એમાં પહેલાં તો ભગવાન સિવાયની દિશા જોવાનો ત્યાગ; પછી બેસવાની જમીન પર જીવજંતુ ન મરે માટે ખેસના છેડાથી પ્રમાર્જન; પછી ચિત્તનું આલંબન નક્કી કરવાનું, પછી સમ્યગ્ આસન માટે હાથે વગેરેની મુદ્રા યોજવાની; તથા પાંચમું પ્રણિધાન યાને એકાગ્રતા જમાવવાની અને ચૈત્યવંદન કરવાનું.

**૧૦ ત્રિકની સમજ** :—નિસિહી વગેરે ૧૦ વસ્તુ દરેક ત્રણ-ત્રણ છે. ● (૧) **નિસ્સિહી (-નિષેધ)** ૩-પહેલી, મંદિરમાં પેસતાં સંસારવ્યાપાર છોડવા માટે કહેવાની; બીજી ગભારામાં પેસતી વખતે મંદિરની સાફસુફી-સલાટકાર્ય વગેરેની ભાળ-ભલામણ હવે ન કરવા માટે કહેવાની; અને ત્રીજી ચૈત્યવંદન પહેલાં હવે દ્રવ્યપૂજાનું ધ્યાન બંધ કરવા માટે કહેવાની. ● (૨) **પ્રદક્ષિણા** ૩,-સારી વસ્તુને હમેશાં આપણી જમણી બાજુ રખાય; એટણે વીતરાગ પ્રભુજીના

જમણેથી ડાબે ચારે બાજુ ત્રણ વાર ફરવાનું; જેથી વીત-રાગ બનાય, ભવભ્રમણ મીટે. વીતરાગની આસપાસ ઘુમવાથી વીતરાગતા–ભાવ ઊભો થાય. ભમરી ઘુમીને ઇયળમાં ભમરી–ભાવ ઊભો કરે છે. ત્રણ એટલા માટે કે ભવરોગ મિટાવનાર ઔષધ ત્રણ; દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રાપ્ત થાય. ફરતી વખતે જાણે સમવસરણને પ્રદક્ષિણા દઈએ છીએ એવી ભાવના કર-વાની. ●(૩) **પ્રણામ** ૩,–(i) 'અંજલિબદ્ધ પ્રણામ,' સહેજ નમેલા મસ્તકે અંજલિ લગાડી 'નમો જિણાણં' બોલવાનું,–તે મંદિરે પહેલવહેલા પ્રભુદર્શને. (ii) 'અર્ધાવનત પ્રણામ,'–ગભારાના દ્વારે પ્રભુ સામે ઊભા રહેતાં શરીર અડધું નમાવી અંજલિબદ્ધ પ્રણામ કરવાનો તે. (iii) ત્રીજો 'પંચાંગ પ્રણિ-પાત' પ્રણામ,–ચૈત્યવંદન કરતાં બે ઢીંચણ, બે હાથ અને માથું જમીનને અડાડી કરાતો પ્રણામ (ખમાસમણું). ● (૪) **પૂજા** ૩,–અંગ–પૂજા, અગ્ર–પૂજા અને ભાવ–પૂજા. પ્રભુને અંગે અડાડીને કરાય તે અંગપૂજા. દા. ત. જલ (દૂધ); ચંદન (કેશર આદિ); પુષ્પ (વરખ બાદલું અલંકાર). પ્રભુની આગળ કરાય તે અગ્રપૂજા;–ધૂપ, દીપ, અક્ષત, ફળ તથા નિવેદ. અંગપૂજા ત્રણ અને અગ્રપૂજા પાંચ મળીને અષ્ટ પ્રકારી પૂજા કહેવાય. તે દ્રવ્યપૂજા છે. પછી ચૈત્યવંદન, પ્રભુના ગુણગાન વગેરે ભાવભક્તિ કરાય તે ભાવપૂજા કહેવાય. ● (૫) **અવસ્થા-ચિંતન** ૩,–દ્રવ્યપૂજા કર્યા પછી પ્રભુજીની સામે, પુરુષે પ્રભુની જમણી (અર્થાત્ પોતાની ડાબી) બાજુ, અને સ્ત્રીએ પ્રભુની ડાબી (અર્થાત્ પોતાની જમણી) બાજુ ઊભા રહી પ્રભુની પિંડસ્થ–પદસ્થ–રૂપસ્થ એ ત્રણ અવસ્થા ચિંતવવાની.

(i) '**પિંડસ્થ**'માં પાછી જન્મ અવસ્થા, રાજ્ય અવસ્થા, શ્રમણાવસ્થા,–એમ ત્રણ અવસ્થા ચિંતવવાની. ચિંતવન આ રીતે કરવાનું :—**જન્માવસ્થા** :—'હે નાથ ! આપ તીર્થંકરના ભવમાં જન્મ પામ્યા ત્યારે ૫૬ દિક્કુમારીઓ ને ૬૪ ઇંદ્રોએ આપના જન્માભિષેક ઉત્સવ ઉજવ્યા! જન્મ વખતે પણ આ કેવો આપનો મહિમા! છતાં પ્રભુ! આપે લેશ માત્ર સ્વોત્કર્ષ અભિમાન ન આણ્યું! ધન્ય લઘુતા! ધન્ય ગાંભીર્ય!' **રાજ્યાવસ્થા**:—'હે તારક દેવ! આપને મોટમોટી રાજ્યસંપત્તિ પરિવાર મળ્યા; છતાં આપ એમાં જરા ય રાગ દ્વેષથી લેપાયા નહિ; અનાસક્ત યોગી જેવા રહ્યા! ધન્ય વૈરાગ્ય! **શ્રમણાવસ્થા** :—'હે વીર પ્રભુ! મોટો વૈભવી સંસાર તૃણવત્ ફગાવી દઈ આત્મકલ્યાણ અર્થે આપે સાધુ-જીવન સ્વીકારીને ઘોર પરીસહ અને ઉપસર્ગ સમતાભાવે સહ્યા! સાથે અતુલ ત્યાગ તથા કઠોર તપસ્યા કરી! અને રાતદિ' ખડે પગે ધ્યાન ધર્યાં ! એમ કરી ઘનઘાતી કર્મના ભુક્કા ઉડાવ્યા! ધન્ય સાધના! ધન્ય પરાક્રમ!' (ii) **પદસ્થ અવસ્થા** એટલે કે તીર્થંકરપદ ભોગવવાની અવસ્થા. એને અંગે એ ભાવવાનું કે 'હે નાથ! આપે કેવા ૩૪ અતિશય-ધારી અરિહંત તીર્થંકર બની, (૧) ૩૫ વાણીગુણે ભરી તત્ત્વ-માર્ગ–સિદ્ધાન્તની ધર્મદેશના રેલાવી! તથા (૨) તીર્થ–ચતુર્વિધ સંઘ અને શાસન સ્થાપી, તેમજ (૩) દર્શન–સ્મરણ પૂજા–ધ્યાનાદિમાં આલંબન આપી, જગત ઉપર કેટલો બધો ઉપકાર કર્યો! જગતને આપે જીવ–અજીવ વગેરે સમ્યક્ તત્ત્વ આપ્યા! સમ્યગ્ દર્શન, જ્ઞાન, ચારિત્ર–તપનો મોક્ષમાર્ગ

આપ્યો! અનેકાંતવાદ નયવાદ, વગેરે લોકોત્તર સિદ્ધાન્ત આપ્યા! હે ત્રિભુવનગુરુ! આપ અષ્ટપ્રાતિહાર્યથી સેવાઓ છો! ઇન્દ્રો જેવા પણ આપના ચરણે નમે છે! મહાબુદ્ધિ-નિધાન ગણધરો આપની સેવા કરે છે! કેવો આપનો વાણી પ્રભાવ કે જંગલી પશુ પણ પોતાના શિકાર સાથે મિત્રભાવે બેસી એ સાંભળે છે! અહો, આપ સ્મરણમાત્રથી કે દર્શન-માત્રથી પણ દાસના પાપનો નાશ કરો છો! આપનો કેવો અચિંત્ય અને કેટલો અપરંપાર પ્રભાવભર્યો અનંત ઉપકાર! છતાં પણ બદલામાં આપને કાંઈ જોઈતું નથી. કેવી અકારણ વત્સલતા! આપે તો ઘોર અપકારી–અપરાધીને પણ તારવાનો અદ્ભુત ઉપકાર કર્યો! તો હું આપનાથી જરૂર તરીશ!'

(iii) **રૂપસ્થ** એટલે કે શુદ્ધ સ્વરૂપ અવસ્થા અંગે વિચારવાનું 'હે પરમાત્મન્! આપે સર્વ કર્મનો નિર્મૂળ નાશ કરી અશરીરી અરૂપી શુદ્ધ બુદ્ધ મુક્ત સિદ્ધ અવસ્થા પ્રાપ્ત કરી કેવું અનંત જ્ઞાન અનંત સુખમાં ઝીલવાનું કર્યું! કેવા અનંત ગુણ! કેવી ત્યાં સદા નિષ્કલંક, નિરાકાર, નિર્વિકાર નિરાબાધ સ્થિતિ! કોઇ જ ત્યાં જન્મ, મરણ, રોગ, શોક કે દારિદ્રય વગેરે પીડા જ નહિ. ધન્ય પ્રભુ!'

આ પાંચ ત્રિક થયા. હવે બીજા પાંચ ત્રિક, ● ૬. **દિશાત્યાગ** ૩, હવે ચૈત્યવંદન કરવું છે, તો ત્યાં ચિત્તમાં વંદના-પરિણામ સહેજ પણ ઘવાય નહિ, ને ઠેઠ સુધી અખંડિત ચાલે, એ માટે પહેલાં આપણી બે બાજુ અને પાછળની દિશામાં, અથવા ઉપર, નીચે, અને આજુબાજુ જોવાનું બંધ

કરવાનું, ને ચૈત્યવંદન પૂરું થાય ત્યાંસુધી પ્રભુસામે જ જોવાનું. ● **૭. પ્રમાર્જના** ૩,–બેસતાં ત્રણ વાર ખેસના છેડાથી જગા પ્રમાર્જી લેવી, જેથી બરાબર જીવરક્ષા થાય. ● **૮. આલંબન** ૩, બેસીને મનને ત્રણ આલંબન આપવાના, –૧. પ્રતિમા, ૨. આપણે બોલીએ તે સૂત્ર–શબ્દ, અને ૩. એનો અર્થ. એ ત્રણમાં જ ચિત્ત રાખવાનું. ● **૯. મુદ્રા** ૩,–યોગના 'અંગોમાં ત્રીજું' આસન નામનું અંગ છે. ચૈત્યવંદનનો મહાન યોગ સાધવા એની પણ જરૂર છે. તે શરીરની વિશિષ્ટ મુદ્રાથી સિદ્ધ થાય. એમાં (i) સૂત્રો, સ્તુતિ સ્તવન વગેરે બોલતી વખતે બે કોણી પેટ પર રાખી બે હથેલી એવી રીતે સહેજ પોલી જોડવી કે એક આંગળીના ટેરવાની **પાછળ** સામી આંગળીનું ટેરવું આવે, એ **'યોગમુદ્રા'** કહેવાય. (ii) 'જાવંતિ ચેઈઆઈં,' 'જાવંત કેવિ સાહૂ' અને 'જયવીયરાય'સૂત્ર વખતે ટેરવા **સામસામા** આવે, તથા વચમાં મોતીની છીપની જેમ પોલી રહે, એ રીતે હથેલી જોડવી. એ **'મુક્તાસુક્તિ–મુદ્રા'** કહેવાય; અને (iii) કાયોત્સર્ગ વખતે ઊભા રહી બે પગની વચમાં આગળ ૪ આંગળ અને પાછળ એથી ન્યૂન જગા રહે, હાથ લટકતા રહે, અને દૃષ્ટિ નાસિકા–અગ્રે રહે, એ **'જિનમુદ્રા'** કહેવાય. ● **૧૦. પ્રણિધાન** ૩,–અર્થાત્ ઈન્દ્રિયો સહિત કાયા, વચન અને મનને બીજા ત્રીજા વર્તાવ, વાણી કે વિચારમાં ન જવા દેતાં પ્રસ્તુત ચૈત્યવંદનમાં બરાબર એકાગ્રપણે સ્થાપવા, અને ચૈત્યવંદન કરવું.

## પૂજામાં સાવધાની :–

(૧) 'જિન પડિમાં જિન–સારિખી'–મૂર્તિને 'આ સાક્ષાત્ ભગવાન છે' એમ સમજવાનું. તેથી ધાતુના બિંબ એક સ્થાનેથી બીજે લેવા હોય તો બહુમાન પૂર્વક બે હાથે ઝાલીને લેવાય; વગેરે. (૨) અહીં ધ્યાન રાખવાનું કે દ્રવ્ય-પૂજામાં આપણી શક્તિ અનુસાર પૂજાદ્રવ્યો ઘરેથી લઈ જવા (૩) કેમકે જિન–ચરણરૂપી સમુદ્રમાં અર્પેલ અલ્પ પણ દ્રવ્યરૂપી જળ–બિન્દુ અક્ષય લક્ષ્મી બને છે. પુષ્પની કળિયો તોડાય નહિ, એનો હાર બનાવતા સોયથી વિંધાય નહિ. (૪) પ્રભુના અંગે વાળાકૂંચી વાપરતાં એનો સહેજ પણ અવાજ ન ઊઠે એ રીતે ચિકાશ કાઢવાની તથા દાંતમાં ભરાયેલ કણી સળીથી સાચવીને લઈ લઈએ તેમ, ખૂણે ભરાયેલ કેશર લઈ લેવાનું. બાકી તો મોટા ભીનાં કપડાથી કેસર સાફ કરવાનું; પણ વાળાકૂંચીથી ગોદા મારવાની જેમ ઘસાઘસ નહિ કરવાની. (૫) પ્રભુના અંગે લગાડવાના ફૂલ અંગલૂછણા, વગેરે નીચે ભોંય ન પડવા જોઈએ. પડ્યા હોય તો ન વપરાય. એને ચોકૂખી થાળીમાં રાખવા. કેશર વાટ-વાનું તે મોં બાંધી, હાથ ઓરશિયો વગેરે બરાબર ધોઈને.

ચૈત્યવંદન સ્તુતિ વગેરે એવી રીતે ન બોલાય કે જેથી બીજાને પોતાના ભક્તિયોગમાં વ્યાઘાત થાય. તેમ એ વખતે સાથિયો કે બીજી કોઈ ક્રિયા ન થાય. બહાર નીકળતાં પ્રભુને પૂંઠ ન થાય, વગેરે વગેરે.

## ગુરુવંદન :–

સુગુરુ પંચમહાવ્રતધારી જિનાજ્ઞા પ્રતિબદ્ધ મુનિ-

મહારાજ પાસે જઈને ત્યાં રહીએ ત્યાંસુધી સાંસારિક પ્રવૃત્તિનો મનમાં ત્યાગ ધારી લઇ, અંજલિ જોડી 'મત્થએણ વંદામિ' કહેવાનું. મહાન બ્રહ્મચારી સંયમી મુનિના દર્શન મળવા પર દિલમાં અપૂર્વ આલ્હાદ પ્રગટાવવાનો. બે ખમા૦ (પંચાંગ પ્રણિપાત) દઈ પછી હાથ જોડી 'ઇચ્છકાર સુહરાઈ૦' સૂત્ર બોલી સુખશાતા પૂછવાની, અને ભાતપાણીનો લાભ આપવા વિનંતિ કરવાની. 'ઇચ્છાકારેણ સંદિસહભગ૦ અબ્ભુટ્ઠિઓમિ....ઇચ્છં ખામેમિ રાઇયં' એટલું ઊભા ઊભા હાથ જોડીને બોલી પછી નીચે ઢીંચણિયે પડી બાકીનું અબ્ભુટ્ઠિઓ સૂત્ર જમીન પર માથું, હાથ સ્થાપી બોલવું. એમાં ગુરુની અવજ્ઞા–આશાત-નાનો 'મિચ્છામિ–દુક્કડ' દેવાનો= 'મારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ' એ કહેવાનું પછી પચ્ચક્ખાણ લેવાનું. પચ્ચક્ખાણ કે જ્ઞાન લેવાય તે વંદના કરીને જ લેવાય. વ્યાખ્યાન પણ પહેલા વંદન કરીને જ પછી સાંભળવાનું. ગુરુ આગળ અવિનય ન થાય, એમની બહાર નિંદા ન કરાય, ઘસાતું ન બોલાય. એ અવિનયાદિ મહાન પાપો છે.

## ૨૮. પર્વો અને આરાધના

ચાલુ દિવસ કરતાં પર્વ દિવસોમાં વિશેષ પ્રકારે ધર્મની આરાધના કરવી જોઈએ. કેમકે જેમ વ્યવહારમાં દિવાળી વગેરેના ખાસ દિવસોમાં લોકો વિશિષ્ટ ભોજન અને આનં-દમંગળના કાર્યક્રમ કરે છે, તો સાંસારિક ઉલ્લાસ વધે છે, એવી રીતે પર્વ આરાધના વિશેષ પ્રકારે કરવાથી ધર્મ–ઉલ્લાસ વધે છે.

## પર્વ દિવસોની નોંધ

| | | | |
|---|---|---|---|
| દરેક માસની | કા. સુ. ૫ | વર્ષની જુદી જુદી | ● કારતક– |
| | ૩ ચૌમાસી ચૌદશ | તિથિઓમાં ૨૪ | ફાગણ– |
| ૨ બીજ | | તીર્થંકરોના | –અસાડમાં ૩ |
| | મા. સુ. ૧૧ | ૧૨૦ કલ્યાણક૦ | અઠ્ઠાઈ દિવસો |
| ૨ પાંચમ | =મૌન અગિ૦ | ખાસ કરીને વીર | |
| | | પ્રભુનું ચ્યવન– | ● ચૈત્ર– |
| ૨ અગિયારસ | મા. વ. ૧૦ | ક૦ અસાડ સુદ ૬ | આસોમાં |
| | =પોસ દશમ | | નવપદજીન |
| ૨ ચૌદશ | | જન્મ ક૦ | ઓળીની બે |
| | પો. વ. ૧૩ | ચત્ર સુદ ૧૩, | અઠ્ઠાઈ |
| ૨ { પૂનમ | =મેરુ તેરસ | દીક્ષા ક૦ | |
| અમાસ | | કા૦ વદ ૧૦, | ● પર્યુષણ |
| —— | ફાગણ વ. ૮. | | અઠ્ઠાઈ |
| કુલ ૧૨ તિથિ | વર્ષીતપ– | કેવળજ્ઞાન ક૦ | |
| | પ્રારંભ | વૈ. સુદ ૧૦ | |
| | | મોક્ષ ક૦ દિવાળી | |

**સામાન્ય પર્વ દિવસોમાં** તપસ્યા, અર્હત્ પ્રભુની વિશેષ ભક્તિ, ચૈત્યપરિપાટી (ગામના મંદિરોમાં દર્શન, સમસ્ત સાધુને વંદના, પોષધ, સામાયિક, બ્રહ્મચર્ય તથા બે વાર પ્રતિક્રમણ આદિ કરવું. સચિત્ત જલત્યાગ, વિગઇ–ત્યાગ, લીલોતરી–ત્યાગ, દળવું–ખાંડવું–કપડાંધોવાં–રંગવું– ખોદવું ....વગેરે આરંભ–સમારંભનો ત્યાગ, કલેશકલહનો ત્યાગ કરવો. પ્રાયઃ પરભવનું આયુષ્ય પર્વતિથિએ બંધાય છે, તેથી દિવસ ધર્મમય જાય તો દુર્ગતિનું આયુષ્ય ન બંધાય. દર માસે બીજ વગેરે બાર તિથિ આરાધવી. તે ન બની શકે તો કમમાં

કમ પાંચ તિથિ,–સુદ ૫; બે ૮, બે ૧૪ તો અવશ્ય આરાધવી, બાકી બારમાંની એકાદ એકાદ તિથિ પણ તે તે ઉદ્દેશથી ઉપવાસ વગેરેથી ખાસ આરાધવામાં આવે છે. બધી પર્વતિથિઓ ઉચ્ચ રીતે કદાચ ન આરાધી શકાય, તો પણ શક્ય પ્રમાણમાં કાંઇ ને કાંઈ વિશેષ ત્યાગ, જિનભક્તિ, દાન, પ્રતિક્રમણ, આરંભ-સંકોચ, વગેરે આરાધવું. કલ્યાણક તિથિઓમાં કમમાં કમ તે તે પ્રભુના નામની તે તે કલ્યાણકની નવકારવાળી ગણવી. તેથી અર્હદ્ભક્તિનો ભાવ જાગતો અને વધતો રહે છે.

**ચોમાસી** અગિયારસ અને ચોમાસી ચૌદશે ઉપવાસ, પોષધ, ચોમાસી દેવવંદન વગેરે કરાય છે. આરાધક આત્માએ પક્ખી (પાક્ષિક) ચૌદશે ઉપવાસ, ચોમાસી ચૌદશે છઠ્ઠ (૨ ઉપ૦), અને સંવત્સરીનો અઠ્ઠમ અવશ્ય કરવો જોઈએ. એમાં ૧૪–૧૫ છઠ્ઠની શકિત ન હોય તો અગિયારસ–ચૌદશ બેના છૂટા ઉપવાસ કરવાથી પણ એ ચોમાસી પર્વનો તપ પૂરો થાય.

● **કારતક સુદ ૧** સવારે વર્ષ આખું ય વધતા ધર્મ-રંગ–ધર્મસાધના અને ચિત્ત–સમાધિથી પસાર થાય એ માટે નવસ્મરણ ગૌતમરાસ સાંભળવાનો, પછી ચૈત્ય પરિપાટી, પછી સ્નાત્ર–ઉત્સવ સાથે વિશેષ પ્રભુભકિત.... ● **કારતક સુદ ૫** સૌભાગ્ય પંચમી છે, એ દિવસે જ્ઞાનની આરાધના માટે ઉપવાસ–પોષધ–જ્ઞાનપંચમીના દેવવંદન, 'નમોનાણસ્સ'ની ૨૦ માળાથી ૨૦૦૦ જાપ કરાય છે. ● **માગશર સુદ ૧૧ મૌન અગિયારસ** છે માટે આખો દિવસ–રાત મૌન રાખી ઉપ૦

પોષધ, મૌન ૧૧ ના દેવવંદન તથા તે દિવસે થયેલ ૯૦ ભગવાનના ૧૫૦ કલ્યાણકની ૧૫૦ માળા ગણવાની.... ● **માગશર વદ ૧૦** પાર્શ્વનાથ પ્રભુનું જન્મ કલ્યાણક હોઈ એ દિવસે ખીરનું એકાશન અગર આયંબિલ કરી, પાર્શ્વ-પ્રભુની સ્નાત્રાદિથી ભક્તિ તથા ત્રિકાળ દેવવંદન અને 'ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથ અર્હતે નમઃ'ની ૨૦ માળા ગણાય છે, ● **મેરુ તેરસ પોસ વદ ૧૩**–આ યુગના પ્રથમ ધર્મ-પ્રવર્તક શ્રી ઋષભદેવ તીર્થંકર પ્રભુનો મોક્ષ–ગમન દિવસ છે. આ દિવસે ઉપવાસ કરી પાંચ મેરુની રચના તથા ઘીના દીવા કરી 'શ્રી ઋષભદેવ પારગતાય નમઃ'ના ૨૦૦૦ જાપ કરાય છે..... ● **ફાગણ વદ ૮** ઋષભદેવ પ્રભુના જન્મ અને દીક્ષા-કલ્યાણકનો દિવસ છે. અહીં આગલા દિવસથી છઠ્ઠ યા અઠ્ઠમ કરી **વર્ષીતપ** શરૂ કરાય છે. એમાં એકાંતરે ઉપવાસ-બિયાસણુ સતત ચાલે છે. વચમાં ચૌદશ આવે ત્યાં ઉપવાસ જ કરવો, ચોમાસીનો છઠ્ઠ કરવો. એમ સળંગ ચાલતાં બીજા વર્ષના વૈ. સુ. ૨ સુધી તપ ચાલે છે. ● **વૈશાખ સુદ ૩ અક્ષય તૃતીયા**ના દિવસે માત્ર શેરડીના રસથી પારણું થાય છે, ઋષભદેવ પ્રભુએ તો સળંગ એકલા ચોવિહાર ઉપવાસ લગભગ ૪૦૦ દિવસ કરેલા, અને શ્રેયાંસકુમારે વૈ. સુદ ૩ પારણું કરાવેલું. એનો આ વર્ષીતપ સૂચક છે. ● **વૈશાખ સુદ ૧૧** મહાવીર પ્રભુએ પાવાપુરીમાં શાસનની સ્થાપના કરી. ગણધરદીક્ષા, દ્વાદશાંગી આગમ–રચના ને ચતુર્વિધ સંઘરચના આ દિવસે થયેલ. આની સકલસંઘમાં ખાસ સમૂહ ઉપાસના થવી જોઈએ.... ● **દિવાળીએ** પ્રભુ મહાવીરદેવે આગલા

દિવસે સવારથી ધર્મદેશના શરૂ કરેલી તે સળંગ ઠેઠ દિવાળીની પાછલી રાત સુધી ચાલી, પછી પ્રભુ નિર્વાણ પામ્યા. લોકોએ ભાવદીપક ગયાંની સ્મૃતિરૂપે દીવા કર્યા તેથી દિવાળી–પર્વ ચાલ્યું. નિર્વાણ પછી પ્રભાતે ગૌતમસ્વામીજીને કેવળજ્ઞાન થયું, છઠ્ઠ કરીને દિવાળીની રાત્રે પહેલાં 'શ્રી મહાવીર સ્વામી–સર્વજ્ઞાય નમઃ'ની ૨૦ માળા, પાછલી રાત્રે વીર નિર્વાણનું દેવવંદન તથા 'શ્રી મહા૦ પારગતાય નમઃ'ની ૨૦ માળા, પછી ગૌતમસ્વામીજીના દેવવંદન અને 'શ્રી ગૌતમસ્વામિ સર્વજ્ઞાય નમઃ'ની ૨૦ માળા ગણવાની.... ● **શ્રી મહાવીર ભગવાનના પાંચ કલ્યાણક** દિવસોએ વિશેષમાં વરઘોડો, સમૂહ વીર ગુણ–ગાન, પૂજા–ભાવના અને તપ સાથે ૨૦–૨૦ માળા ગણવાની. વર્ષમાં ક્રમશઃ કારતક વદ ૧૦ દીક્ષા કલ્યાણક 'શ્રી મહાવીરસ્વામિ–નાથાય નમઃ' ચૈત્ર સુદ ૧૩ જન્મ કલ્યાણક 'શ્રી મહાવીરસ્વામિ – અર્હતે નમઃ' વૈ. સુ. ૧૦ કેવળજ્ઞાન૦ 'શ્રી મહાવીરસ્વામિ–સર્વજ્ઞાય નમઃ' અસાડ સુદ ૬ ચ્યવન કલ્યાણક'શ્રી મહાવીરસ્વામિ-પરમેષ્ઠિને નમઃ' દિવાળીએ નિર્વાણ 'શ્રી મહાવીરસ્વામિ–પારગતાય નમઃ' ● **ચોવીશે તીર્થંકર ભગવાનના ૫ કલ્યાણક** દિવસોની તપ, જપ, જિનભક્તિ આદિથી આરાધના કરવામાં અદ્ભુત લાભ છે. તપમાં એક જ દિવસે ૧, ૨, ૩, ૪ યા ૫ કલ્યાણકો હોય તો ક્રમશઃ એકાશન–નીવી–આંબેલ–ઉપવાસ–ઉપવાસ સાથે એકાશન કરવું. પ્રભુના ચરિત્ર વાંચવા. અરિહંત પદ આરાધનાર્થે ૧૨ લોગસ્સનો કાઉસ્સગ્ગ, ૧૨ ખમા૦ ૧૨ સાથિયા, ત્રિકાળ દેવવંદન વગેરે કરવું. બધું શક્ય ન હોય તો ઓછામાં ઓછું,

છેવટે તે તે કલ્યાણકની એક માળા ગણીને પણ કલ્યાણકની સ્મૃતિ કરવી.... ● ૬ **અઠ્ઠાઇ,**–કારતક–ફાગણ–અસાડની ૩ અઠ્ઠાઈ સુદ ૭ થી ૧૪ સુધી, ૨ અઠ્ઠાઇ ચૈત્ર અને આસો સુદ ૭ થી ૧૫ સુધીની શાશ્વતી ઓળીમાં અને એક અઠ્ઠાઈ પર્યુષણાની શ્રા. વદ ૧૨ થી ભા. સુદ ૪ સુધી એમ ૭ અઠ્ઠાઈ પર્વ આરાધવા.

● **શાશ્વતી ઓળીમાં** ખાસ કરીને 'નવપદ' (૫ પરમેષ્ઠી + દર્શન–જ્ઞાન–ચારિત્ર–તપ)ની આરાધના કરાય છે. ૧–૧ દિવસે ૧–૧ પદ. તેમાં નવે દિવસે આયંબિલ કરવાના હોય છે, અને તે તે પદની ૨૦–૨૦ માળા, પદના ગુણની સંખ્યા પ્રમાણે લોગસ્સનો કાયોત્સર્ગ પ્રદક્ષિણા–ખમાસમણાં અને સાથિયા, નવ મંદિરે નવ ચૈત્યવંદન કરવાના.

● **પર્યુષણામાં** અમારી પ્રવર્તન (જીવોને અભય-દાન) સાધર્મિક વાત્સલ્ય, કલ્પસૂત્રનાં શ્રવણ સાથે અઠ્ઠમનો તપ, સર્વ જીવોને ક્ષમાપના, ચૈત્યપરિપાટી અને સાંવત્સરિક પ્રતિક્રમણ, આ ખાસ કરવાનું હોય છે.

---

## ૨૯. ચાતુર્માસિક-વાર્ષિક-જન્મ કર્તવ્યો

શ્રાદ્ધવિધિ શાસ્ત્રમાં શ્રાવકે ચોમાસા, વર્ષ અને જીવન દરમિયાન કરવા યોગ્ય કર્તવ્યોની નોંધ છે.

**ચાતુર્માસિક કર્તવ્યો :–**

શ્રાવકે અષાઢ ચોમાશીમાં વિશેષ પ્રકારે ધર્મની આરાધના કરવાની હોય છે. તેનાં બે પ્રયોજન છે; – ૧. વર્ષાની

ઋતુ હોવાથી જીવોત્પત્તિ તથા વિકાર-સંભવ વિશેષ હોય; તેથી જીવદયા અને વિકાર-નિગ્રહ ખાસ સાચવવા. તથા ૨. વેપાર ધંધા મંદ હોય, તેમજ મુનિઓનો સ્થિરવાસ હોય, એટલે ધર્મ કરવાની મળેલી વિશેષ તક સફળ કરવા. આ માટે શ્રાવકે ચાતુર્માસમાં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારની શુદ્ધિ-વૃદ્ધિ અર્થે અનેક પ્રકારના નિયમો ગ્રહણ કરવાના હોય છે; તેમજ આચાર—અનુષ્ઠાન આદરવાનાં હોય છે. લીધેલાં ૧૨ વ્રત વગેરેમાં સંક્ષેપ-વ્રત લીધાં ન હોય તો વ્રત અને નવા નિયમો કરવા; જેમકે-બે અથવા ત્રણ કાળે જિનપૂજા, પૂજામાં વિશેષ દ્રવ્ય, બૃહત્ દેવવંદન, સ્નાત્ર મહોત્સવ, નવું નવું જ્ઞાન ભણવું-વાંચવું, ધોવું-ખાંડવું-દળવું-પીસવું વગેરેમાં સંકોચ, પાણી ઉકાળેલું પીવું, સચિત્ત વસ્તુનો સર્વથા ત્યાગ, વગેરે. બીજું આંગણા ભીંતો- થાંભલા-ખાટલા-સીકાં, ઘી-તેલ-પાણી વગેરેનાં ભાજનો તથા સ્થાન, તેમજ અનાજ કોલસા-છાણાં, વગેરે સર્વ ચીજોમાં લીલ-ફૂગ કે કીડી, ઇયળ-ધનેરીયાં વગેરે જીવો ઉત્પન્ન ન થાય તે માટે સ્વચ્છતા, ચુનો, રાખ, વગેરેનો ઉપયોગ કરવો. પાણી દિવસમાં બે અથવા ત્રણ વાર ગાળવું. ચૂલો,-પાણિયારૂં, ખાંડણિયો તથા ઘંટી ઉપર, વલોણાના, સુવાના, ન્હાવાના તથા જમવાના સ્થળે તેમજ દેરાસરે અને પૌષધ-શાળાએ એમ દશ સ્થાને ચંદરવા બાંધવા; બ્રહ્મચર્ય પાળવું; અન્ય ગામે જવાનો ત્યાગ; તથા દાતણ, પગરખાં વગેરેનો ત્યાગ રાખવો. ખોદકામ, રંગકામ, ગાડાં ચલાવવાં વગેરે પાપ કાર્યો બંધ કરવા. પાપડ-વડીઓ વગેરે તથા

સુકાં શાક-ભાજી જેમાં ફૂગ-જીવાતનો સંભવ છે તે, નાગરવેલના પાન, ખારેક-ખર્જૂર વગેરેનો ત્યાગ કરવો; પંદર કર્માદાનોનો અને ઘણા આરંભવાળા કઠોર કર્મોનો ત્યાગ કરવો; સ્નાન કરવું, તેલ વગેરે ચોળવા ઇત્યાદિમાં પણ પરિમાણ કરવું. શક્તિ પ્રમાણે ઉપધાન તપ, વર્ધમાન આંબેલતપ, સંસારતારણ તપ, ઉપવાસ વગેરે તપશ્ચર્યા વિશેષતયા કરવી. રાત્રે ચોવિહાર, દુઃખીઓને સહાય, ઈત્યાદિ ચાતુર્માસિક કર્તવ્યો બજાવવાનાં હોય છે.

**વાર્ષિક કર્તવ્યો :-**

| | | | | |
|---|---|---|---|---|
| ૧. સંઘપૂજા | ૩. યાત્રાત્રિક | ૫. દેવદ્રવ્ય-વૃદ્ધિ | ૭. ધર્મજાગરિકા | ૯. ઉદ્યાપન |
| ૨. સાધર્મિક ભક્તિ | ૪. સ્નાત્ર | ૬. મહાપૂજા | ૮. શ્રૂતપૂજા | ૧૦. પ્રભાવના |
| | | | | ૧૧. શુદ્ધિ |

આ ૧૧ કર્તવ્ય શ્રાવકે પ્રતિવર્ષ કરવા જોઈએ એમાં રથયાત્રાદિ કેટલાંક કાર્ય એકલે હાથે ન બને તો સામૂહિકમાં ફાળો આપી કરવાં.

● **(૧) સંઘપૂજા** :-સંપત્તિ અનુસાર સાધુ-સાધ્વીની વસ્ત્ર-પાત્ર-પુસ્તક વગેરેથી તથા શ્રાવક-શ્રાવિકાની પહેરામણી વગેરેથી ભક્તિ-સન્માન કરવું.... ● **(૨) સાધર્મિક ભક્તિ**- શ્રાવક-શ્રાવિકાને આમંત્રણ પૂર્વક ઘરે લાવી સ્વાગત-વિનયાદિ કરી માનપૂર્વક જમાડવા, પહેરામણી પ્રભાવના કરવી, દુઃખી હોય તેનો ધન વગેરેથી ઉદ્ધાર કરવો; ધર્મકર્મની સગવડ દેવી. ધર્મમાં સ્થિર કરવા, ભૂલ કરનારને ઉદાર દિલે

ભૂલથી બચાવવા. સન્માર્ગમાં પ્રોત્સાહિત કરવા. હાર્દિક વાત્સલ્ય ધરવું.... ● (૩) **યાત્રાત્રિક** :— ૧. અષ્ટાહ્નિકા યાત્રા—અઠ્ઠાઈ મહોત્સવ; ગીત-વાજિંત્ર-ઉચિત દાન-વગેરેથી જિનેન્દ્ર ભક્તિ. ૨. રથયાત્રા—ભગવાનને રથમાં પધરાવી ઠાઠથી વરઘોડો. ૩. તીર્થયાત્રા-શત્રુંજયાદિ તીર્થની યાત્રા.... ● (૪) **સ્નાત્ર મહોત્સવ** :-રોજ, કે ન બને તો પર્વ દિવસે, બેસતે મહિને કે છેવટે ભારે ઠાઠથી વર્ષમાં એક વાર પ્રભુનો સ્નાત્ર ઉત્સવ ઉજવવો.... ● (૫) **દેવદ્રવ્ય વૃદ્ધિ** :- બોલી દ્વારા તથા પ્રતિમાજી અર્થે આભૂષણ-પૂજાસાધન-રોકડ દાન,વગેરે દ્વારા દેવદ્રવ્યમાં વૃદ્ધિ કરવી.... ● (૬) **મહાપૂજા**:- પ્રભુની વિશિષ્ટ અંગરચના, આજુબાજુ શણગાર, મંદિર શણગારવું વગેરે.... (૭) **રાત્રિ-જાગરણ** :- ઉત્સવ પ્રસંગે અગર ગુરુનિર્વાણાદિ પ્રસંગે રાત્રિએ ધાર્મિક ગીતગાનાદિથી જાગરણ.... ● (૮) **શ્રુતપૂજા** :— શાસ્ત્રપુસ્તકોની પૂજા ઉત્સવ. શાસ્ત્રો લખાવવા, છપાવવા વગેરે.... ● (૯) **ઉદ્યાપન** :— નવપદજી, વીસસ્થાનક વગેરે તપની પૂર્ણાહુતિ નિમિત્તે અગર બીજો કોઈ પ્રસંગ પામીને જ્ઞાન-દર્શન-ચારિત્રનાં ઉપકરણનું પ્રદર્શન-સમર્પણ....● (૧૦) **તીર્થપ્રભાવના**:—ગુરુના ભવ્ય પ્રવેશ-મહોત્સવાદિ કરવા દ્વારા લોકોમાં જિનશાસનની પ્રભાવના કરવી....● (૧૧) **શુદ્ધિ**:- સામાન્ય રીતે જ્યારે દોષ સેવાય ત્યારે યા દર પખવાડિયે, ચોમાસીએ કે છેવટે વર્ષમાં એક વાર પાપોની શુદ્ધિ કરવી. અર્થાત્ ગુરુ આગળ બાળભાવે યથાશક્તિ જણાવી એનું પ્રાયશ્ચિત માગી લેવું અને તે કરી આપવું.

## જન્મ કર્તવ્યો – તથા ૧૧ પડિમા:—

ગૃહસ્થે આખા જીવનમાં એક વખત પણ આ કર્તવ્ય બજાવવા જેવાં છે. ● (૧) **ચૈત્ય** અર્થાત્ જિનમંદિર બનાવવું. એ **માટે** દ્રવ્યશુદ્ધિ, ભૂમિશુદ્ધિ, શુદ્ધસામગ્રી, કારીગરો સાથે પ્રામાણિકતા, શુદ્ધ આશય અને જયણાનું લક્ષ રાખવું. કારીગરના ભાવ વધારવા વગેરે ● (૨) **વિધિપૂર્વક જિનપ્રતિમા** ભરાવવી. ● (૩) તે જિનબિંબની ઠાઠથી પ્રતિષ્ઠા કરાવવી. ● (૪) પુત્રાદિને આડંબરપૂર્વક દીક્ષા અપાવવી. ● (૫) ગુરુઓની ગણી, પંન્યાસ, આચાર્ય વગેરે પદવીનો ઉત્સવ કરવો. ● (૬) શાસ્ત્રો લખાવવાં, શાસ્ત્રની વાચના કરાવવી. ● (૭) પોષધશાળા બંધાવવી. ● (૮–૧૮) શ્રાવકની ૧૧ પ્રતિમા (પડિમા = વિશેષ અભિગ્રહ)ને વહન કરવી. આમાં સમ્યક્ત્વ વગેરે આ ૧૧ કડક અભિગ્રહનું ક્રમશઃ પાલન કરવાનું હોય છે,—[૧]દર્શન, [૨]વ્રત, [૩]સામાયિક [૪]પોષધ, [૫]પ્રતિમા (કાયોત્સર્ગ), [૬]બ્રહ્મચર્ય, [૭]સચિત્તત્યાગ, [૮]આરંભત્યાગ, [૯]પ્રેષ્ય(નોકર)ત્યાગ, [૧૦]ઉદ્દિષ્ટ (પોતાના નિમિત્તે કરેલ આહારાદિ)ત્યાગ, અને [૧૧]શ્રમણભૂત પ્રતિમા, આ દરેક ક્રમશઃ પહેલી ૧ માસ, બીજી ૨ માસ, ત્રીજી ૩ માસ સુધી; યાવત્ ૧૧મી ૧૧ માસ સુધી આરાધવાની. એમાં ઉત્તરોત્તર પડિમાવહન વખતે પૂર્વની બધી પડિમાનું પાલન પણ હોય. કાર્તિક શેઠે સો વાર આ ૧૧ પડિમા વહી હતી.

શ્રાવકને પૂર્વોક્ત બધી આરાધના ઉપરાંત 'ધર્મબિંદુ' શાસ્ત્રમાં કહેલ અનેક ગુણો અને 'પંચસૂત્ર'માં બીજા સૂત્રમાં

કહેલ વિધાનોનો ખપ કરવાનો હોય છે. તેમજ ચારિત્રને યોગ્ય ૧૬ ગુણો પ્રાપ્ત કરવાના હોય છે. તેથી એ સાધુ ધર્મને યોગ્ય થાય છે.

---

## ૩૦. સાધુધર્મ–સાધ્વાચાર

**પ્રવેશક્રમઃ**—સાચી ધર્મસાધના કરવાના મૂળમાં શું છે ? આ જ કે સંસારના જન્મ-મરણ, ઇષ્ટ વિયોગ, અનિષ્ટ સંયોગ, આધિ–વ્યાધિ–ઉપાધિ અને કર્મની કારમી ગુલામી પર કંટાળો છે, અને એથી છૂટી મોક્ષ પામવાની તમન્ના હોય છે. આ કંટાળો એ વૈરાગ્ય છે. વૈરાગ્ય હોવા છતાં હજી મોહની પરવશતા અને કમતાકાત હોઈ ઘરવાસ રાખીને ધર્મ સાધવાનું બને છે. પરંતુ ઘરવાસમાં રોજીંદા જીવનમાં થતાં ષટ્કાય ( પૂર્વોક્ત પૃથ્વીકાયથી માંડી ત્રસકાય સુધી ) જીવોના સંહાર તથા સત્તર પાપસ્થાનકના સેવન એને ખૂબ ખૂંચે છે. તેથી એ વૈરાગ્યવૃદ્ધિ અને વીર્યોલ્લાસના પ્રયત્નમાં રહે છે. એ વધતાં ઘરવાસ, કુટુંબપરિવાર, માલમિલ્કત અને આરંસમારંભનાં જીવન પ્રત્યેથી અત્યન્ત ઊભગી જઇ એનો ત્યાગ કરી દે છે, અને યોગ્ય સદ્ગુરુના ચરણે પોતાનું જીવન ધરી દે છે, અહિંસા સંયમ અને તપનું કઠોર જીવન જીવવા તૈયાર રહે છે. ગુરુ પણ એને ચકાસી જોઈ અરિહંત પરમાત્માની સાક્ષીએ મુનિદીક્ષા આપી જીવનભરના સાવદ્ય વ્યાપાર ( પાપ પ્રવૃત્તિ )ના ત્યાગરૂપ સામાયિકની પ્રતિજ્ઞા કરાવે છે. હવે એને પૂર્વનું કાંઈ જ યાદ ન આવે માટે એનું નામ પણ નવું સ્થાપિત કરે છે. આ નાની દીક્ષા થઈ, 'સામાયિક ચારિત્ર' થયું. એ પછી એને

સાધ્વાચાર અને પૃથ્વીકાયાદિ ષડ્જીવનિકાયની રક્ષાની સમજ તથા તાલીમ અપાય છે. ત્યાર બાદ એને તપ સાથે સૂત્રના યોગોદ્વહન કરાવાય છે. બાદ યોગ્ય જણાતાં એને હિંસાદિપાપ મન–વચન–કાયાથી કરું નહિ, કરાવું નહિ, ને અનુમોદું નહિ, એવી ત્રિવિધ ત્રિવિધ પ્રતિજ્ઞા કરાવાય છે. આ અહિંસાદિ મહાવ્રતોનું ઉચ્ચારણ એ વડીદીક્ષા કહેવાય છે. એ 'છેદોપસ્થાપનીય ચારિત્ર' છે. એમાં પૂર્વ–સ્ખલિત ચારિત્ર–પર્યાયના છેદ સાથે મહાવ્રતોમાં ઉપસ્થાપન છે.

**સાધુની દિનચર્યામાં,** રાત્રિનો છેલ્લો પહોર શરૂ થતાં નિદ્રા છોડી પંચપરમેષ્ઠિ–સ્મરણ, આત્મનિરીક્ષણ તથા ગુરુચરણે નમસ્કાર કરે છે. પછી કુસ્વપ્નશુદ્ધિનો કાયોત્સર્ગ કરવા પૂર્વક ચૈત્યવંદન કરી સ્વાધ્યાય–ધ્યાન કરે છે, અંતે પ્રતિક્રમણ કરી વસ્ત્ર રજોહરણાદિની પ્રતિલેખના કરે છે એટલે સૂર્યોદય થાય છે. પછી સૂત્રપોરિસીમાં સૂત્રાધ્યયન કરી ૬ ઘડી દિન ચઢ્યે પાત્ર-પ્રતિલેખના કરે છે. પછી મંદિરે દર્શન ચૈત્યવંદન કરી આવી અર્થપોરિસીમાં સૂત્રાર્થનું અધ્યયન કરે છે. ગામમાં ભિક્ષાના અવસરે ગોચરી (ગાય કોઈને કિલામણા ન પહોંચાડતી ચરે એ રીતની ભિક્ષા) લેવા માટે જાય છે. એમાં ૪૨ દોષ ત્યજી અનેક ફરતા ફરતી ઘરોમાંથી ભિક્ષા લાવી ગુરુને દેખાડતાં ગોચરી લીધાની વિગત રજૂ કરે છે. પછી પચ્ચક્ખાણ પારી સજ્ઝાયધ્યાન કરી આચાર્ય બાળ–ગ્લાન તપસ્વી–મેમાન વગેરેની ભક્તિ કરી રાગ–દ્વેષાદિ પાંચ દોષ ટાળીને આહાર વાપરે છે. પછી ગામ બહાર સ્થંડિલ (નિર્જીવ એકાંત ભૂમિએ) શૌચાર્થ જઈ આવી ત્રીજા પહોરના અંતે વસ્ત્ર–પાત્રાદિની

પ્રતિલેખના કરે છે. પછી ચોથો પહોર સ્વાધ્યાય કરી ગુરુવંદન પચ્ચક્ખાણ કરીને રાત્રિના લઘુશંકાદિ અર્થે જવું પડે તેની નિર્જીવ જગા જોઈ કરી પ્રતિક્રમણ કરે છે. ત્યારબાદ ગુરુની ઉપાસના કરી રાત્રિના પ્રથમ પ્રહરે સ્વાધ્યાય કરીને સંથારાપોરિસી ભણાવી શયન કરે છે.

(૧) સાધુજીવનમાં બધું જ ગુરુને પૂછીને કરવાનું હોય છે. (૨) બિમાર મુનિની સેવા પર ખાસ લક્ષ રાખવાનું હોય છે. તે સિવાય (૩) આચાર્યાદિની સેવા તથા ગુર્વાદિકનો વિનય ભક્તિ કરવાની. (૪) દરેક દરેક સ્ખલનાઓનું ગુરુ આગળ બાળભાવે પ્રકાશન પૂર્વક પ્રાયશ્ચિત લેવાનું હોય છે. (૫) શક્યતાએ વિગઈઓનો ત્યાગ, (૬) પર્વ તિથિએ વિશેષ તપ. (૭) વર્ષમાં ત્રણ યા બે વાર કેશનો હાથેથી લોચ. (૮) શેષકાળમાં ગામેગામ વિહાર. (૯) સૂત્ર–અર્થનું ખૂબ ખૂબ પારાયણ....વગેરે કરવાનું હોય છે. પરિગ્રહ અને સ્ત્રીઓથી તદ્દન નિરાળા રહેવાનું, કોઇ પરિચય, વાતોચીતો, નિકટવાસ વગેરે કરાય નહિ. એમ સ્ત્રી, ભોજન, દેશ કે રાજ્ય સંબંધી વાતો કરાય નહિ. ટૂંકમાં મનને આંતરભાવમાંથી બાહ્યભાવમાં લઈ જાય એવી કોઈ પણ વાણી, વિચાર કે વર્તાવ કરવાનો નહિ. માટે જ ગૃહસ્થ પુરુષોનો પણ ખાસ સંસર્ગ નહિ રાખવાનો. સાધુજીવનમાં ઇચ્છાકાર આદિ દશ પ્રકારની સામાચારી, બીજા અનેક પ્રકારના આચાર, અષ્ટ પ્રવચનમાતા ( સમિતિ-ગુપ્તિ ), સંવર, નિર્જરા અને પંચાચારનું પાલન કરવાનું હોય છે.

**૧૦ સામાચારી** :—(૧) ઇચ્છાકાર,–સાધુએ પોતાનું કાર્ય મુખ્યતયા જાતે જ કરવાનું છે, પરંતુ કારણવશ બીજા સાધુ પાસે કરાવવું પડે તો સામાની ઇચ્છા પૂછીને કરાવવું.... (૨) **મિથ્યાકાર**,–ભૂલ થઈ જાય તો તરત ‘મિચ્છામિ દુક્કડં (મારું દુષ્કૃત્ય મિથ્યા થાઓ) કહેવું....(૩) **તથાકાર**,–ગુરુ કાંઈ ફરમાવે કે તરત ‘તહત્તિ’ (તેમ હો) કહેવું....(૪) **આવશ્યકી**,–બહાર જતાં પહેલાં આવશ્યક લઘુશંકા–વડીશંકા પતાવી ‘આવસ્સહી’ કહીને નીકળવું....(૫) **નૈષેધિકી**–મુકામમાં પેસતાં ‘નિસિહી’ કહેવું....(૬) **પૃચ્છના**,–કાંઈ કામ કરતાં પહેલાં ગુરુને પૂછવું....(૭) **પ્રતિપૃચ્છના**–કામ માટે બહાર જવાના અવસરે ગુરુને ફરીથી પૂછવું....(૮) **છંદના**,–આહાર વાપરતાં પહેલાં મુનિઓને છંદ અર્થાત્ ઇચ્છા પૂછવી કે ‘આમાંથી લાભ આપશો ?’....(૯) **નિમંત્રણા** –ભિક્ષા લેવા જતાં પહેલાં મુનિઓને નિમંત્રણા કે ‘આપના માટે હું શું લાવું ?’ (૧૦) **ઉપસંપદા**–તપ, વિનય, શ્રુત, વગેરેની તાલીમ માટે તેને યોગ્ય આચાર્યનું સાંનિધ્ય સ્વીકારવું.

બીજા પણ આવશ્યક, સ્વાધ્યાય, વગેરે આચારો છે. હવે અહીં સંવર, પ્રવચનમાતા, પંચાચાર વગેરેનું વર્ણન કરવામાં આવે છે.

---

## ૩૧. સંવર

સંવરણ એટલે ઢાંકણ. આશ્રવ પર ઢાંકણ કરી જે કર્મ આવતાં અટકાવે, આશ્રવને રોકે તેનું નામ સંવર. એના મુખ્ય આ છ ભેદ છે,–સમિતિ, ગુપ્તિ, પરીસહ, યતિધર્મ,

ભાવના અને ચારિત્ર. આ બધા વાસ્તવિક સંવર તો જ બને કે એ જિનાજ્ઞાને વળગીને સેવાય, તેથી સમ્યક્ત્વ આમાં અનુસ્યૂતવણાયેલું છે, જેના વડે મિથ્યાત્વ આશ્રવ અટકે છે. ચારિત્ર અને યતિધર્મથી અવિરતિ અને ઇન્દ્રિય આશ્રવ અટકે છે; ગુપ્તિ, ભાવના અને યતિધર્મથી કષાય આશ્રવ અટકે છે. સમિતિ–ગુપ્તિ અને પરીસહ વગેરેથી યોગ (ક્રિયા) અને પ્રમાદ આશ્રવ અટકે છે. આમ સંવરથી આશ્રવનિરોધ થાય છે.

**૫ સમિતિ** :–સમિતિ એટલે પ્રવૃત્તિમાં સમ્+ઇતિ=સમ્યગ્ ઉપયોગ,લક્ષ,જાગૃતિ,તકેદારી,સાવધાની. દા.ત. ૧. **ઇર્યાસમિતિ** એટલે ગમનાગમનમાં કોઈ જીવને કિલામણા ન થાય એ માટે ઉપયોગ રાખીને નીચે ધૂંસરા પ્રમાણ દૃષ્ટિ રાખી ચાલવું તે તકેદારી. **૨. ભાષાસમિતિ** એટલે ઉઘાડે મોંઢે અથવા સાવદ્ય (સપાપઃ હિંસાદિપ્રેરક-પ્રશંસક, નિન્દા–વિકથાદિરૂપ) યા અપ્રિય, અવિચારિત, સંદિગ્ધ, જિનાજ્ઞાવિરુદ્ધ, મિથ્યાત્વાદિપ્રેરક, કે સ્વપર–અહિતકારી ન બોલાઈ જાય એ રીતની વાણીમાં સાવધાની. **૩. એષણાસમિતિ** એટલે મુનિને આહાર, વસ્ત્ર, પાત્ર અને વસતિ(મુકામ)ની ગવેષણામાં ક્યાંય આધાકર્મિક (મુનિ માટે બનાવેલું) વગેરે દોષ ન લાગે એ રીતની ગવેષણમાં સાચવણી. **૪. આદાનભંડ–માત્રનિક્ષેપ–સમિતિ** એટલે પાત્ર વગેરે લેવા મૂકવામાં જીવ ન મરે એ માટે જોવા–પ્રમાર્જવાનું લક્ષ. **૫. પારિષ્ઠાપનિકા–સમિતિ** એટલે મળ–મૂત્ર વગેરેને નિર્જીવ નિર્દોષ જગા પર ત્યજવાની તકેદારી.

**૩. ગુપ્તિઃ**–ગુપ્તિ એટલે સંગોપન, સંયમન, એ ત્રણ

રીતે, મન-વચન-કાયાને અશુભ વિષયમાં જતા અટકાવવા અને શુભમાં પ્રવર્તાવવા. તાત્પર્ય, ગુપ્તિ=અકુશળ યોગનો નિરોધ, ને કુશળ યોગનું પ્રવર્તન, અર્થાત્ નરસા વિચાર-વાણી-વર્તાવ અટકાવી શુભ આચરવા તે.

૨૨. **પરીસહ** :-પરીસહ એટલે રત્નત્રયીની નિશ્ચળતા, આત્મસત્ત્વ-વિકાસ અને કર્મનિર્જરાના હેતુએ અસંયમની, ઇચ્છા કર્યા વિના સમતા-સમાધિથી સહન કરાય તે. એમાં (૧ થી ૧૨) ૧ ભૂખ- ૨ તરસ- ૩ ઠંડી- ૪ ગરમી-૫ દંશ (મચ્છરાદિના)-૬ ખાડાખચ્ચાદિવાળી વસતિ(મુકામ)-૭ આક્રોશ અનિષ્ટવચન-૮ લાત વગેરેના પ્રહાર-૯ રોગ-૧૦ દર્ભના સંથારા -૧૧ શરીર પર મેલ-૧૨ અલ્પ જીર્ણ વસ્ત્ર,-આને કર્મક્ષયમાં સહાયક તથા સત્ત્વવર્ધક માની દીન-દુખિયારા ન બનતાં સમ્યક્ સહર્ષ સહન કરવા; એમ ૧૩ ઘર-ઘર ભિક્ષાચર્યામાં શરમ-ગર્વ-દીનતા નહિ-૧૪ આહારાદિ પ્રાપ્ત ન થાય તો અવિકૃત ચિત્તવાળા રહી તપોવૃદ્ધિ માનવી; ૧૫ સ્ત્રી અનિચ્છાએ દેખાઇ જાય તો રાગ, ક્રીડાસ્મરણ વગેરે ન કરતાં નિર્વિકાર આત્મસ્વરૂપ વિચારવું-૧૬. નિષદ્યા,-શ્મશાનાદિમાં કાયોત્સર્ગ વગેરે વખતે નિર્ભીક રહેવું, ને સ્ત્રી-પશુનપુંસક-રહિત સ્થાન સેવવું.-૧૭ અરતિ (ઉદ્વેગ) થઇ જતાં ધર્મધૈર્ય ધારણ કરવું. ૧૮ આહારાદિથી સત્કાર અને ૧૯ વંદન-પ્રશંસાદિથી પુરસ્કાર થતાં રાગ, ગર્વ કે સ્પૃહા ન કરવી; ૨૦ સારી પ્રજ્ઞા (બુદ્ધિ) પર ફૂલાઈ ન જવું, ૨૧ અજ્ઞાન ( ભણતાં ન આવડે તે ) પર દીન ન બનતાં કર્મ-ઉદય વિચારી જ્ઞાનોદ્યમ ચાલુ રાખવો; અને

૨૨, અશ્રદ્ધા, તત્ત્વશંકા કે અતત્ત્વકાંક્ષા ઊઠતાં સર્વજ્ઞે કહેલામાં મીનમેખ ફરક હોય નહિ, એમ વિચારી એને રોકવી.

**૧૦ યતિધર્મ** :–૧ ક્ષમા (સહિષ્ણુતા), ૨ નમ્રતા–લઘુતા, ૩ સરળતા, ૪ નિર્લોભતા, ૫ તપ (બાહ્ય–આભ્યંતર), ૬ સંયમ (પ્રાણિદયા અને ઇન્દ્રિય–નિગ્રહ), ૭ સત્ય (નિરવદ્ય ભાષા), ૮ શૌચ (માનસિક પવિત્રતા; અચૌર્ય,–ધર્મસામગ્રી પર પણ નિર્મોહિતા,) ૯. અપરિગ્રહ અને ૧૦. બ્રહ્મચર્ય. આનું પૂર્ણ પાલન કરવું.

**૧૨ ભાવના** :–વારંવાર ચિંતવીને આત્માને જેનાથી ભાવિત કરાય તે ભાવના. તે આ (૧) **અનિત્ય** :–'સર્વ બાહ્ય આભ્યંતર સંયોગ અનિત્ય છે. વિનશ્વર છે. એના મોહ શા ?" (૨) **અશરણ** :–ભૂખ્યા સિંહ આગળ હરણિયાની જેમ અશાતાદિ પાપના ઉદય, મૃત્યુ કે પરલોક–ગમન વખતે અશરણ-અનાથ જીવને ધન, કુટુંબ વગેરે કોઈ બચાવનાર નથી; માટે ધર્મને જ વળગું.' (૩) **સંસાર**:–'ભવચક્રમાં માતા પત્ની થાય છે, પત્ની માતા, શત્રુ, મિત્ર વગેરે થાય છે ! મિત્ર શત્રુ ! કેવો બેહુંદો સંસાર ! ત્યાં મમતા શી ? અહો જન્મ–જરા-મૃત્યુ, રોગ–શોક, વધ–બંધ, ઇષ્ટ–અનિષ્ટ વગેરેથી દુઃખભર્યો સંસાર !' એમ વૈરાગ્ય વધારવો. (૪) **એકત્વ**:–'હું એકલો છું, એકલો જન્મું–મરૂં છું, એકલો રોગી–દુઃખી થાઉં છું મારાં જ કર્મ–કર્મફળ છે. તો હવે સાવધાન બની રાગદ્વેષ ટાળી નિઃસંગ બનું.' (૫) **અન્યત્વ**:–અનિત્ય–અબુઝ–પ્રત્યક્ષ શરીર જુદું છે, નિત્ય–સજ્ઞાન અદૃશ્ય હું આત્મા તદ્દન જુદો

છું. ધન, કુટુંબ વગેરે ય મારાથી તદ્દન જુદા છે. તો એ બધાની મમતા મૂકું ! (૬) **અશુચિત્વ**:–'આ શરીર ગંદા પદાર્થમાં પેદા થયું, ગંદાથી પોષાયું, વર્તમાનમાં ય અંદર બધે ગંદુ, અને ખાનપાન વિલેપનને ગંદું કરનારૂં છે. એનો મોહ છોડી દમન–ત્યાગ–તપ સાધી લઉં.' (૭) **આશ્રવ**:– 'જેમ નદી ઘાસને તેમ ઇન્દ્રિયાદિ આશ્રવ જીવને ઉન્માર્ગે અને દુર્ગતિમાં તાણી જાય છે. એ કેટકેટલાં કર્મ બંધાવે છે! એને હવે છોડું.' (૮) **સંવર**:–'અહો ! સમિતિગુપ્તિ યતિધર્મ વગેરે કેવા સુંદર આશ્રવ–વિરોધી ! એને સેવી કર્મ–બંધનથી બચું.' (૯) **નિર્જરા**:–'પરાધીનપણે અને અનિચ્છાએ સહાતી પીડાથી બહુ કર્મ નથી ખપતા, બાહ્યઅભ્યંતર તપથી એ ખપે છે. એ અલૌકિક તપ સેવું.' (૧૦) **લોકસ્વભાવ**:–આ ભાવનામાં જીવો–પુદ્ગલો વગેરેથી વ્યાપ્ત લોકનું સ્વરૂપ વિચારે, લોકના ભાવો, ઉત્પત્તિ–સ્થિતિ–નાશ વગેરે વિચારી વિચારી તત્ત્વજ્ઞાન અને વૈરાગ્યને નિર્મળ કરે. (૧૧) **બોધિદુર્લભ**–'ચારે ગતિમાં ભટકતા, અનેક દુઃખોમાં ડૂબતા અને અજ્ઞાન આદિથી પીડાતા જીવને જૈનધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. એ મળી છે તો પ્રમાદ જરાય ન સેવું.' (૧૨) **ધર્મસ્વાખ્યાત**:–'અહો ! સર્વજ્ઞ અરિહંત ભગવાને કેવો સુંદર શ્રુતધર્મ અને ચારિત્ર–ધર્મ ફરમાવ્યો છે ! માટે એમાં ખૂબ ઉદ્યત અને સ્થિર થાઉં.' આ ભાવનાઓ વારંવાર કરવાની. તે તે પ્રસંગે તેવી તેવી ભાવના ઝળકાવવાની. આને અનુપ્રેક્ષા પણ કહે છે.

**ચારિત્ર** :- ૧. **સામાયિક** :- પ્રતિજ્ઞાપૂર્વક સર્વ-સાવદ્ય પ્રવૃત્તિનો જીવનભર ત્યાગ અને પંચાચાર-પાલન દ્વારા સમભાવમાં રમણતા, ૨. **છેદોપસ્થાપનીય** :- સડેલા અંગની જેમ દૂષિત પૂર્વચારિત્ર પર્યાયના છેદ પૂર્વક અહિંસાદિ મહાવ્રતમાં સ્થાપન, મહાવ્રતારોપણ....૩. **પરિહાર-વિશુદ્ધિ** :- નવ સાધુથી ત્રણ વિભાગે ૧૮ માસ સુધી વહન કરાતા પરિહાર નામના તપમાં પળાતું ઉત્કૃષ્ટ ચારિત્ર. ૪. **સૂક્ષ્મસંપરાય**:- ૧૦ મા ગુણસ્થાનકનું અંતિમ અત્યલ્પ રાગવાળું ચારિત્ર. ૫. **યથાખ્યાત** :-વીતરાગ મહર્ષિનું ચારિત્ર.

## પંચાચાર

સાધુજીવનમાં જેમ અહિંસાદિ મહાવ્રતો એ નિવૃત્તિ-માર્ગ છે, એમ જ્ઞાનાદિ ગુણની પ્રાપ્તિ, રક્ષા અને વૃદ્ધિ માટે પંચાચારનું પાલન એ પ્રવૃત્તિમાર્ગ છે. તે આ,—જ્ઞાનાચાર દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારનું પાલન. એથી આત્મામાં જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપગુણ તથા સત્વ વિકસે છે.

૧. **જ્ઞાનાચાર** :—૮ પ્રકારે :-૧. **'કાળ'** બે સંધ્યા, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિ વગેરે અસ્વાધ્યાયનો સમય ટાળીને યોગ્ય કાળે ભણવું. ૨. **વિનય**—ગુરુ-જ્ઞાનિ-જ્ઞાનસાધનોનો વિનય કરવો. ૩. **બહુમાન**—ગુરુ વગેરે પર હૃદયમાં અત્યંત બહુમાન ધરવું. ૪. **ઉપધાન**—સૂત્રના તપ આદિ વાળા ઉપધાન, યોગોદ્વહન કરવા. ૫. **અનિન્હવ**-જ્ઞાનદાતા અને જ્ઞાનનો અપલાપ ન કરવો. ૬-૭-૮. **વ્યંજન-અર્થ**-ઉભય

સૂત્રના અક્ષર–પદ–આલાવા, તેનો અર્થ–ભાવાર્થ–તાત્પર્યાર્થ, અને સૂત્ર–અર્થ બંને યથાસ્થિત શુદ્ધ અને સ્પષ્ટ રીતે ભણવા, યાદ કરવા, એનું ચિંતન–મનન કરવું.

૨. **દર્શનાચાર** ૮ પ્રકારે.... ૧. **નિઃશંકિત**—જિનોક્ત વચન લેશ પણ શંકા રાખ્યા વિના માનવું. ૨. **નિઃકાંક્ષિત**—મિથ્યા ધર્મ, મિથ્યા માર્ગ–તત્ત્વ–પર્વ–ઉત્સવાદિ તરફ જરાય આકર્ષાવું નહિ. ૩. **નિર્વિચિકિત્સ**—ધર્મનાં ફળ પર લેશ પણ સંદેહ ન કરતાં તે સાધવો. ૪. **અમૂઢદૃષ્ટિ**—મિથ્યાદૃષ્ટિના ચમત્કાર–પૂજા–પ્રભાવના દેખી મૂઢ ન બનવું. પણ એમ વિચારવું કે જ્યાં મૂળનાં ઠેકાણાં નથી એની શી કિંમત? ૫ **ઉપબૃંહણા**–સમ્યગ્ દૃષ્ટિ આદિના સમ્યગ્દર્શન વગેરે ગુણ અને તપ આદિ ધર્મની પ્રશંસા–પ્રોત્સાહન કરવા. ૬. **સ્થિરીકરણ**—ધર્મમાં સીદાતાને તન–મન–ધનથી સહાય કરી સ્થિર કરવા. ૭. **વાત્સલ્ય**–સાધર્મિક ઉપર માતા કે બંધુની જેમ હેત ધરવું. ૮. **પ્રભાવના**—જૈન ધર્મની ઈતરોમાં પ્રભાવના પ્રશંસા થાય એવા સુકૃત કરવાં.

૩. **ચારિત્રાચાર** ૮ પ્રકારે— પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિનું પાલન.

૪. **તપાચાર** ૧૨ પ્રકારે, ૬ બાહ્યાતપ + ૬ આભ્યંતર તપ (આનું વર્ણન આગળ 'નિર્જરા' તત્ત્વમાં આવે છે.)

૫. **વીર્યાચાર ૩૬ પ્રકારે**—જ્ઞાનાચારાદિ ચારેયના ૮ + ૮ + ૮ + ૧૨=૩૬ ભેદોના પાલનમાં મન–વચન–કાયાની શક્તિ જરાય ન ગોપવતાં ભરપૂર ઉત્સાહ ઉછરંગની ઉત્તરોત્તર વૃદ્ધિ કરવા સાથે આત્મવીર્ય ફોરવવું.

# ૩૨. નિર્જરા

નિર્જરા એટલે કર્મનું અત્યંત જર્જરિત થઇ જવું. આત્મા પરથી ખરી જવું, તે આંબાની જેમ સ્વતઃ અથવા ઉપાય દ્વારા પાકીને થાય. કર્મ સ્વતઃ ખરી જાય તે અકામનિર્જરા અને ઉપાય દ્વારા ખરી જાય તે સકામનિર્જરા કહેવાય. કર્મ એની સ્થિતિ પાકે એટલે ઉદયમાં આવી ભોગવાઇને ખરી જાય તે સ્વતઃ નિર્જરા થઈ. અને તપના દ્વારા નાશ પામે તે ઉપાય દ્વારા નિર્જરા થઈ. પ્રસ્તુતમાં તપથી નિર્જરાની વાત છે માટે તપને જ નિર્જરા તત્ત્વ તરીકે કહેવામાં આવે છે. (એટલું ધ્યાનમાં રહે કે અનિચ્છાએ ભૂખ-તરસ, મારપીટ વગેરે કષ્ટ સહવામાં આવે અને તેથી કર્મ સ્વતઃ ભોગવાઈ નાશ પામે તેને અકામનિર્જરા કહે છે. ત્યારે કર્મક્ષય તથા સહિષ્ણુતા દ્વારા સત્વ-વિકાસ અને આત્મશુદ્ધિ કરવાની કામનાથી અનશન વગેરે તપ સેવીને જે કર્મક્ષય થાય તેને સકામ નિર્જરા કહે છે.)

**તપ બે પ્રકારે છે.** ૧. બાહ્ય અને ૨. આભ્યન્તર, બાહ્ય એટલે બહારથી કષ્ટરૂપે દેખાય તે, અથવા બહાર લોકમાં ય પ્રસિદ્ધ છે તે; અને આભ્યન્તર એટલે આંતરિક મલિન વૃત્તિઓને કચરવારૂપે કરાય તે, યા જૈનશાસનની જ અંદર બતાવ્યો છે તે. બાહ્ય, અભ્યન્તર, દરેકના ૬-૬ પ્રકાર છે, તેથી તપના અર્થાત્ નિર્જરાના કુલ ૧૨ ભેદ છે.

**બાહ્ય તપના ૬ પ્રકાર,**-અનશન, ઊનોદરિકા, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, કાયક્લેશ, અને સંલીનતા. **આભ્યન્તર**

**તપના ૬ પ્રકાર**, પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ, આ બારેનું સ્વરૂપ આ પ્રમાણે :—

(૧) **અનશન**=આહારનો ત્યાગ, તે ઉપવાસ, એકાસણું, બિયાસણું, ચોવિહાર–તિવિહાર–અભિગ્રહ વગેરેથી થઈ શકે.... (૨) **ઊનોદરિકા**=ભોજન વખતે બે–પાંચ કોળિયા જેટલું ઓછું ખાવામાં આવે તે, **આટલો** ત્યાગ પણ તપ છે....(૩) **વૃત્તિ-સંક્ષેપ**=ભોજનમાં વાપરવાનાં દ્રવ્યો(ચીજો)નો સંકોચ રાખવામાં આવે કે, 'આટલાથી વધુ યા અમુક વસ્તુ નહિ ખાઉં" તે. (૪) **રસત્યાગ**=દૂધ, દહીં વગેરે વિગઈઓ અમુક અથવા બધી ય વાપરવાનો ત્યાગ. (૫) **કાયક્લેશ**=કેશનો લોચ, ઉગ્ર વિહાર, પરીસહ, ઉપસર્ગ વગેરેનાં કષ્ટ સહવા તે. (ઉપસર્ગ= દેવ, મનુષ્ય યા તિર્યંચથી કરાતા ઉપદ્રવ). (૬) **સંલીનતા**= શરીરના અવયવ અને ઈન્દ્રિયો તથા મનની અસત્ પ્રવૃત્તિ અટકાવી એને ગોપવી રાખવા તે. આ બાહ્ય તપના છ પ્રકાર થયા.

**આભ્યન્તર તપના છ પ્રકારનું સ્વરૂપ આ રીતે:–**

(૧) **પ્રાયશ્ચિત્ત**:—

પ્રાય: ચિત્તને વિશુદ્ધ કરનાર અને કર્મનો છેદ કરનાર આલોચન વગેરે ૧૦ પ્રકારનાં પ્રાયશ્ચિત્ત છે. ● ૧. **આલોચન** ગુરુની આગળ પોતાના પાપ યા કરવા ધારેલી પ્રવૃત્તિ પ્રગટ કરવી તે. ● ૨. **પ્રતિક્રમણ**=પાપનો પશ્ચાતાપ પૂર્વક મિથ્યા-દુષ્કૃત કરી પાપની પાછા હઠવું તે. ● ૩. **ઉભય**=આલોચના સહિત પ્રતિક્રમણ. ● ૪. **વિવેક**=બિનજરૂરી યા અકલ્પ્ય

આહાર, ઉપકરણનો ત્યાગ કરવો તે. ● ૫. **વ્યુત્સર્ગ**= સૂત્રાધ્યયનવિધિ યા પ્રતિક્રમણવિધિમાં કે જ્ઞાનાદિ આરાધનાર્થ યા ઉપદ્રવ પ્રસંગે કાયોત્સર્ગ કરાય તે. ● ૬. **તપ**=પાપનાં પ્રાયશ્ચિત્ત રૂપે ગુરુએ કહેલ ઉપવાસ વગેરે તપ કરાય તે. ● ૭. **છેદ**=અતિચાર(વ્રતસ્ખલના)ની શુદ્ધિ અર્થે ચારિત્રપર્યાયમાંથી કાપ મૂકાય તે. ● ૮. **મૂળ**=અનાચાર સેવવાને લીધે મૂળથી સર્વ ચારિત્રપર્યાયનો ઉચ્છેદ કરી ફરીથી મહાવ્રતારોપણ કરવામાં આવે તે. ● ૯. **અનવસ્થાપ્ય**=ગચ્છની સાથેના વાતચીત સુદ્ધાંના વ્યવહાર બંધ કરાવી અમુક સમય ગચ્છમાં જ વિશિષ્ટ મર્યાદાબદ્ધ રખાય તે. (૧૦) **પારાંચિત**=ગચ્છબહાર મુનિવેશ વિના અમુક સમય સંયમમાં જ રખાય તે.

(૨) **વિનય** :—

[૧]બાહ્ય સેવારૂપ ભક્તિ, [૨]આંતર પ્રીતિરૂપ બહુમાન, [૩]*પ્રશંસા*, [૪]*નિંદાનો પ્રતિકાર*, અને [૫]આશાતના ત્યાગ,—એમ સામાન્ય રીતે પાંચ રીતે વિનય કરવામાં આવે તે પણ તપ છે. આ વિનય જ્ઞાન–દર્શન–ચારિત્રનો, મન–વચન–કાયયોગનો અને લોકોપચાર (ઉપચાર) વિનય, એમ સાત પ્રકારે છે. વિશેષ વિનય તરીકે—

**૧. જ્ઞાનવિનયમાં** જ્ઞાન–જ્ઞાનીની ૧. ભક્તિ, ૨. બહુમાન, ૩. સર્વજ્ઞકથિત પદાર્થનું સમ્યગ્ મનન, ૪. યોગ–ઉપધાન આદિ જ્ઞાનાચારોના પાલન પૂર્વક જ્ઞાનગ્રહણ, ને ૫. અભ્યાસ,—એમ પાંચ પ્રકાર છે.

**૨ દર્શનવિનયમાં** સમ્યગ્દર્શન ગુણે અધિકની શુશ્રૂષા

અને અનાશાતના આવે. **શુશ્રુષાવિનય** ૧૦ પ્રકારેઃ– ● ૧. સત્કાર (નમસ્કાર–આવકાર–'પધારો'), ● ૨. અભ્યુત્થાન (આસનેથી ઊભા થવું), ● ૩. સન્માન (હાથમાંની વસ્તુ ઊંચકી લેવી વગેરે), ● ૪. આસન–પરિગ્રહ (એમનાં આસન વગેરે સંભાળી લેવાં). ● ૫. આસનદાન, ● ૬. વંદના ● ૭. અંજલિ જોડવી, ● ૮. એ આવતી વખતે સામે લેવા જવું, ● ૯. બેઠા હોય ત્યારે ઉપાસના, અને ● ૧૦. જતી વખતે વળાવવા જવું. **૨. અનાશાતના વિનય** ૪૫ પ્રકારેઃ [૧]તીર્થંકર, [૨]ધર્મ, [૩]આચાર્ય, [૪]ઉપાધ્યાય, વય–શ્રુત–પર્યાય –[૫]સ્થવિર, કુળ (એક આચાર્યની સંતતિ), [૭]ગણ (અનેક કુલસમૂહ), [૮]સંઘ (અનેક ગણસમૂહ), [૯]સાંભોગિક (જેમની સાથે ગોચરી વગેરે વ્યવહાર ચાલતો હોય તેવા સાધુ), [૧૦]ક્રિયા (પરલોક છે, આત્મા છે, વગેરે પ્રરૂપણા), અને [૧૧–૧૫] મતિજ્ઞાનાદિ પાંચ, એમ પંદરની (૧) આશાતનાનો ત્યાગ, (૨) ભક્તિ–બહુમાન તથા, (૩) સદ્‌ભુત ગુણપ્રશંસા દ્વારા યશોવૃદ્ધિ, કુલ ૧૫ × ૩ = ૪૫.

**૩. ચારિત્ર વિનયમાં** ૧૫ પ્રકાર,–પાંચે પ્રકારના ચારિત્રની [૧]શ્રદ્ધા, [૨]પાલન અને [૩]યથાસ્થિત પ્રરૂપણા.

**૪–૫–૬ ત્રિવિધ યોગ વિનયમાં** આચાર્યાદિની પ્રત્યે અશુભ વાણી–વિચાર–વર્તનનો ત્યાગ અને શુભ વાણી આદિનું પ્રવર્તન.

**૭. લોકોપચાર વિનયમા** ગુર્વાદિ પ્રત્યે લોકમાં પ્રસિદ્ધ એવા ૭ વિનય–પ્રકાર, :—૧ એમની નજીકમાં રહેવું, ૨

એમની ઈચ્છાને અનુસરવું, ૩ એમના ઉપકારનો સારો બદલો વાળવાનો પ્રયત્ન, ૪ જ્ઞાનાદિ ગુણ નિમિત્તે જ એમની આહારાદિથી ભક્તિ. ૫ એમની પીડા-તકલીફની તપાસ રાખવી અને તે નિવારવા પ્રયત્નશીલ રહેવું. ૬ એમની સેવા-ભક્તિમાં ઉચિત દેશ કાળનો ખ્યાલ રાખવો, અને ૭ એમને સર્વ વાતે અનુકૂળ રહેવું.

**(૩) વૈયાવચ્ચ :—**

આચાર્ય – ઉપાધ્યાય-સ્થવિર-તપસ્વી-બિમાર – શૈક્ષક (નૂતન મુનિ)-સાધર્મિક-કુલ-ગણ-સંઘ. એ દસની સેવા-શુશ્રૂષા કરવી એ ૧૦ પ્રકારે વૈયાવચ્ચ છે.

**(૪) સ્વાધ્યાય :—**

સ્વાધ્યાય એટલે જ્ઞાન-ધ્યાનમાં રમણતા. તે પાંચ પ્રકારે, ૧ વાચના = સૂત્ર-અર્થનું અધ્યયન અધ્યાપન, ૨ પૃચ્છા = ન સમજાયેલું અથવા શંકા પડેલી પૂછવી, ૩ પરાવર્તન=ભણેલ સૂત્ર અને અર્થની પુનરાવૃત્તિ કરવી, ૪ અનુપ્રેક્ષા=સૂત્ર-અર્થ ઉપર ચિંતન કરવું, અને ૫ ધર્મકથા=તાત્ત્વિક ચર્ચા-વિચારણા, ઉપદેશ.

**(૫) ધ્યાનઃ**—એ આર્ત-રૌદ્ર-ધર્મ-શુક્લ, એમ ચાર પ્રકાર છે. એનું વર્ણન હવે પછીના પ્રકરણમાં છે.

**(૬) કાર્યોત્સર્ગ :—**

કાર્યોત્સર્ગ એ ઉત્કૃષ્ટ આભ્યન્તર તપ છે. એમાં અન્નત્થ૦ સૂત્ર બોલી કાયાને સ્થાનથી, વાણીને મૌનથી અને મનને

ચોક્કસ કરેલા ધ્યાનથી સ્થિર કરવામાં આવે છે. આમાં અખંડ ધ્યાન ઉપરાંત પ્રતિજ્ઞા-પૂર્વક કાયા અને વાણીને ક્રિયા રહિત -સ્થિર કરવામાં આવે છે, એ વિશેષતા છે. એથી અંતરાયાદિ સર્વપાપ કર્મોનો અપૂર્વ ક્ષય થાય છે. કાર્યોત્સર્ગ એ એક પ્રકારનો વ્યુત્સર્ગ (ત્યાગ) છે.

**વ્યુત્સર્ગ બે પ્રકારે**—૧. દ્રવ્યથી અને ૨. ભાવથી. દ્રવ્યથી વ્યુત્સર્ગ ૪ પ્રકારે—૧. **ગણત્યાગ**=વિશિષ્ટ જ્ઞાન, તપસ્યાદિ અર્થે આચાર્યની અનુજ્ઞાથી એક સમુદાય મૂકી બીજા ગચ્છમાં જવું તે. અથવા જિનકલ્પ આદિ સાધનાર્થે ગણને છોડી જવું તે. ૨. **દેહત્યાગ**=કાર્યોત્સર્ગ, અંતિમ પાદપોપગમન અનશન, યા સજીવ-નિર્જીવનો યોગ્ય સ્થળે ત્યાગ. ૩-૪. ઉપધિઆહાર-ત્યાગ=સદોષ કે અધિક વસ્ત્ર-પાત્ર તથા આહારનો, વિધિ મુજબ, નિર્જીવ એકાંત સ્થળે ત્યાગ

**ભાવવ્યુત્સર્ગ**=કષાયો, કર્મ અને સંસારનો ત્યાગ.

---

## ૩૩ ધ્યાન

ધ્યાન એટલે એક વસ્તુ પર એકાગ્ર ચિત્તે ચિંતન. તે બે પ્રકારે—૧ શુભ ધ્યાન, ૨, અશુભ ધ્યાન. આમાં અશુભ ધ્યાન એ તપ નથી, કર્મનાશક નથી કર્મનો આશ્રવ છે. શુભ ધ્યાન એ તપ છે, અપૂર્વ કર્મનાશ કરે છે. પ્રસંગવશાત્ અશુભ ધ્યાનની પણ વિચારણા કરીશું, જેથી એનાથી બચી શકાય. કેમકે ધ્યાનનું બહુ મહત્વ છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિ એ દુર્ધ્યાનમાં

૭ મી નરકનાં પાપ ભેગાં કરવા સુધી પહોંચેલા ! પણ શુભ ધ્યાનથી એ રદ કરી ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા.

**અશુભધ્યાન** ૨ પ્રકારેઃ—૧ આર્તધ્યાન, ૨ રૌદ્ર ધ્યાન. આ દરેકના ૪–૪ પ્રકાર છે, એને ચાર પાયા પણ કહે છે. આર્તધ્યાનમાં ૧. ઇષ્ટસંયોગ કેમ મળે અથવા ટકે, યાને જાય નહિ, એનું ચિંતન. ૨. **અનિષ્ટવિયોગ** કેમ થાય અગર અનિષ્ટ કેમ ન આવે એનું ચિંતન. ૩. **વેદના**–વ્યાધિના નાશ અને એના ઉપચારનું ચિંતન. ૪. **નિદાન**–અર્થાત્ પૌદ્‌ગલિક સુખની ચોંટભરી આશંસા.

**રૌદ્રધ્યાન**માં–૧–૨–૩.હિંસાનુબંધી–મૃષાનુ૦ સ્તેયાનુ૦ રૌદ્રધ્યાન; અર્થાત હિંસા, જૂઠ અને ચોરી (અનીતિ લૂંટ, વગેરે) કરવા સંબંધી ક્રુર ચિંતન કરવું તે. ૪. સંરક્ષણાનુબંધી–ધન કીર્તિ વગેરેનાં રક્ષણ અર્થે ક્રૂર ચિંતન કરવું તે.

**શુભ ધ્યાન** ૨ પ્રકારેઃ—૧. ધર્મધ્યાન, ૨. શુક્લધ્યાન

**ધર્મધ્યાનના** ૪ પ્રકારમાં આજ્ઞા–અપાય–વિપાક–સંસ્થાન વિચય. ૧. **આજ્ઞાવિચય**=જિનાજ્ઞા, જિનવચન કેટલા બધા અદ્ભુત, લોકોત્તર, અને સર્વજીવ–હિતકર, તથા અનંત કલ્યાણદાયી છે–તેનું ચિંતન. ૨. **અપાયવિચય**=રાગ–દ્વેષ–પ્રમાદ–અજ્ઞાન–અવિરતિ વગેરેના કેવા ભયંકર અનર્થ નીપજે છે તેનું ચિંતન. ૩. **વિપાકવિચય**=સુખ–દુઃખ એ કેવા કેવા પોતાના જ શુભા–શુભ કર્મના વિપાક છે એનું ચિંતન. ૪. **સંસ્થાનવિચય**=૧૪ રાજલોકનું સંસ્થાન યાને ઉર્ધ્વ–અધો–મધ્ય લોકમાંની તે તે પરિસ્થિતિ એકાગ્રતાથી ચિંતવવી તે.

**શુક્લધ્યાનનાં ૪ પ્રકાર–૧. પૃથક્ત્વ વિતર્ક સવિચાર.** **પૃથક્ત્વ**=અન્યાન્ય પદાર્થો પર ધ્યાન જવાથી વિવિધતા. **વિતર્ક**=૧૪ પૂર્વગત શ્રુત. **વિચાર**=પદાર્થ, શબ્દ અને ત્રિવિધ યોગમાં પરસ્પર સંચરણ,-આ ત્રણ ખાસિયતવાળું તે પૃથક્ત્વવિતર્કસવિચાર શુક્લધ્યાન કહેવાય. **૨. એકત્વ-વિતર્ક-અવિચાર** ધ્યાન, આમાં **એકત્વ**=અન્યાન્ય નહિ પણ એક જ પદાર્થનું આલંબન હોય છે. તથા **અવિચાર અર્થાત્** પૂર્વોક્તવિચાર(–સંચરણ)રહિત હોય છે. આ બન્ને ધ્યાન પૂર્વ-ધર મહર્ષિ કરી શકે. ૩. **સૂક્ષ્મક્રિયાઅપ્રતિપાતી અર્થાત્** મોક્ષે જતાં સંસારને અંતે બાદર મન–વચન–કાયયોગના **અને** સૂક્ષ્મ વચનયોગ–મનોયોગના નિરોધ કરનાર અને જેમાં સૂક્ષ્મ કાયયોગ અપ્રતિપાતી એટલે કે નષ્ટ નહિ, ઊભો છે, **એવી** આત્મપ્રક્રિયા. **૪. વ્યુચ્છિન્ન ક્રિયા–અનિવૃત્તિ** ધ્યાન. **અર્થાત્** જેમાં સૂક્ષ્મ કાયયોગ પણ નષ્ટ થઈ ગયો છે એવી **શૈલેશી** અવસ્થા. અહીં સર્વ કર્મનો નાશ થઈ મોક્ષ મળે છે.

---

## ધર્મધ્યાનના દશ પ્રકારો

આવશ્યકસૂત્રના 'ચઉહિં ઝાણેહિં' પદના ભાષ્યમાં ધ્યાનના પ્રસંગમાં વિશેષરૂપે 'ધ્યાનશતક'માં ઉપરોક્ત આર્ત–રૌદ્ર વગેરે ચાર પ્રકારના ધ્યાન પૈકી દરેક ઉપર ૧૦–૧૨ મુદ્દા–ઓના આધારે સુંદર પ્રતિપાદન કરેલું છે. એથી તે તે ધ્યાનના અધિકારી, લિંગ, લક્ષણ, ફળ વગેરે, અને **વિશેષે** કરીને શુભ ધ્યાનનો વિષય, વિસ્તારથી વિચારવામાં **આવેલ**

છે. એથી તે તે અશુભ ધ્યાનના પ્રસંગને કેવી રીતે શુભ ધ્યાનમાં ફેરવી નખાય એ જાણવા મળે છે.

**શ્રી સન્મતિતર્કની** ટીકા, **'શાસ્ત્રવાર્તા'**-ટીકા અને **'અધ્યાત્મસાર'માં** ધર્મધ્યાનને આ દશ પ્રકારે બતાવવામાં આવ્યું છે કે જેમાંનો ઘટતો પ્રકાર લઈ, આર્ત-રૌદ્રના ઉપસ્થિત પ્રકારમાંથી શુભ ધ્યાનમાં જઈ શકાય.

**૧૦ પ્રકાર**

૧-૨ અપાયોપાયા ૩-૪ જીવાજીવ-૫ વિપાક-૬ વિરાગ ૭ ભાવ-૮ સંસ્થાન-૯ આજ્ઞા-૧૦ હેતુવિચય. તે ધ્યાવવા માટે આ રીતે ચિંતવવાનું, ને તે અપાય આદિ પર મન કેન્દ્રિત કરવાનું.

(૧) **અપાયવિચય**-અહો ! અશુભ મન-વચન-કાયા અને ઇન્દ્રિયોની વિશેષ પ્રવૃત્તિઓ અર્થાત્ વિશેષ કોટિના અશુભ વિચાર-વાણી-વર્તાવ અને ઇન્દ્રિય-વિષય-સંપર્કથી નીપજતા ભયંકર અનર્થ હું શા માટે વહોરું ? જેમ કોઈને મોટું રાજ્ય મળ્યું હોય છતાં ભીખ માગવાની બાલિશતા કરે, તેમ મોક્ષ મારા હાથવેંતમાં છતાં સંસારમાં રખડવાની મૂર્ખતા શા માટે કરું ! આવી શુભ વિચારધારાથી દુષ્ટ યોગોના ત્યાગના પરિણામ જાગે છે.... ● (૨) **ઉપાય૦**- 'અહો !' શુભ વિચાર-વાણી-વર્તાવને હું કેમ વિસ્તારું કે જેથી મારા આત્માની મોહપિશાચથી રક્ષા થાય ! આ સંકલ્પધારાથી શુભ પ્રવૃત્તિના સ્વીકારની પરિણતિ જાગે છે. (૩) **જીવવિચયમાં** જીવની અનાદિતા, અસંખ્ય, પ્રદેશ,સાકાર

અનાકાર (જ્ઞાન-દર્શન) ઉપયોગ, કરેલાં કર્મનું ભોગવવાપણું, વગેરે સ્વરૂપનું સ્થિર ચિંતન કરાય છે.-તે જડ કાયાદિ છોડીને માત્ર સ્વાત્મા પર મમત્વ કરાવવામાં ઉપયોગી છે.... ●(૪) **અજીવવિચયમાં** ધર્મ-અધર્મ-આકાશ-કાલ-પુદ્ગલોની ગતિસહાય-સ્થિતિસહાય-અવગાહના-વર્તના-રૂપરસાદિ ગુણો તથા અનંત પર્યાયરૂપતાનું ચિંતન કરવું. એથી શોક, રોગ, વ્યાકુળતા, નિયાણું, દેહાત્મ-અભેદભ્રમ, વગેરે દૂર થાય.... ● (૫) **વિપાકવિચયમાં** કર્મની મૂળ-ઉત્તર પ્રકૃત્તિના મધુર અને કટુ ફળનો વિચાર, શુભ-અશુભ કર્મના વિપાકમાં ઠેઠ અરિહંત પ્રભુની સમવસરણાદિ સંપત્તિથી માંડીને નરકની ઘોર વેદનાઓ નીપજવાનો વિચાર, તથા કર્મનું વિશ્વ ઉપર એકછત્રી સામ્રાજ્ય હોવાનો વિચાર કરવો. તેથી કર્મફળની અભિલાષા દૂર થાય.... ●(૬) **વિરાગવિચયમાં** 'અહો ! આ કેવું કથિરનું શરીર કે જે ગંદા રજરુધિરમાંથી બન્યું ! મળમૂત્રાદિ અશુચિએ ભર્યું ! પાછું દારૂના ઘડાની જેમ એમાં જે નાખો તેને અશુચિ કરનારૂં ! મિષ્ટાન્નને વિષ્ઠા અને પાણીને તો શું પણ અમૃતનેય પેસાબ બનાવનારૂં છે ! આવું ય શરીર પાછું સતત નવ દ્વારોમાંથી અશુચિ વહેવડાવનારૂં છે ! વળી તે વિનશ્વર છે. સ્વયં રક્ષણહીન છે, ને આત્માને ય રક્ષણ રૂપ નથી ! મૃત્યુ કે રોગના હુમલા વખતે માતા-પિતા-ભાઈ બેન-પત્ની-પુત્ર-પૌત્રી, કોઈજ બચાવી શકતું નથી ત્યારે આમાં કોણ મનોહર રહ્યું ? વળી શબ્દ-રૂપ-રસ વગેરે વિષયો જોવા જઈએ તો એના ભોગવટા ઝેરી કિંપાકફળ ખાવા સમાન પરિણામે કટુ છે ! સહજ વિનાશી છે ! પરાધીન છે !

સંતોષરૂપી અમૃતાસ્વાદના વિરોધી છે ! સત્પુરુષો એને એવાં જ ઓળખાવે છે ! વિષયોથી લાગતું સુખ પણ બાળકને લાળ ચાટવામાં લાગતા દૂધના સ્વાદના સુખની જેમ કલ્પિત છે. વિવેકીને આમાં આસ્થા હોય નહિ. વિરતિ જ શ્રેયસ્કરી છે. ઘરવાસ એ તો સળગી ઊઠેલ ઘરના મધ્યભાગ જેવો છે. જ્યાં જાજ્વલ્યમાન ઈન્દ્રિયો પુણ્યરૂપી કાષ્ઠને સળગાવી દે છે ! અને અજ્ઞાન–પરંપરાનો ધુમાડો ફેલાવે છે ! આ આગને ધર્મમેઘ જ બુઝવી શકે. માટે ધર્મમાં જ પ્રયત્ન કરવા યોગ્ય છે.... વગેરે રાગનાં કારણોમાં કલ્યાણવિરોધ હોવાનું ચિંતન કરવું. એથી પરમ આનંદનો અનુભવ થાય છે..... ● (૭) **ભવ-વિચયમાં** 'અહો કેવો દુઃખદ આ સંસાર ! કે જ્યાં સ્વકૃત કર્મનાં ફળ ભોગવવા વારંવાર જન્મવું પડે છે. અરઘટની ઘડીની જેમ, મળમૂત્રાદિ અશુચિભર્યા માતાના પેટના બખોલમાં, કેઈ ગમનાગમન કરવા પડે છે. વળી સ્વકૃત કર્મના દારુણ દુઃખ-ભર્યા ભોગવટામાં કોઈ સહાય કરતું નથી. એમજ સંસારમાં સંબંધો વિચિત્ર બને છે. માતા પત્ની થાય! ને પત્ની માતા થાય ! ધિક્કાર છે આવા સંસાર ભ્રમણને !....'એવાં ચિંતન સંસારખેદ અને સત્પ્રવૃત્તિ ઉત્પન્ન કરે છે.... ● (૮) **સંસ્થાનવિચયમાં** ચૌદરાજલોકની વ્યવસ્થા ચિંતવવાની; એમાં અધોલોક ઊંધી પડેલી બાલટી યા ઊંધી નેતરની બાસ્કેટ જેવો, મધ્યલોક ખંજરી જેવો અને ઉર્ધ્વલોક ઊભો ઢોલક યા શરાવ સંપુટ જેવો છે. અધોલોકમાં પરમાધામી આદિના તીવ્ર ત્રાસભરી સાત નરકપૃથ્વીઓ છે, મધ્યલોકમાં '**મત્સ્યગલાગલ**' ન્યાયના પ્રદર્શનભૂત અસંખ્ય દ્વીપસમુદ્રો

છે, અને ઉર્ધ્વલોકમાં શુભપુદ્ગલોની વિવિધ ઘટનાઓ છે. એનું તથા સકલ વિશ્વમાં રહેલા શાશ્વત–અશાશ્વત અનેકવિધ પદાર્થો વગેરેનું ચિંતન આવે છે. આ ધ્યાનથી ચિત્તને વિષયાન્તરોમાં જતું ને ચંચળ તથા વિહ્વળ થતું અટકાવી શકાય.... ● (૯) **આજ્ઞાવિચયમાં** એ ચિંતવવાનું કે 'અહો ! આ જગતમાં હેતુ–ઉદાહરણ–તર્ક વગેરે હોવા છતાં અમારા જેવા જીવો પાસે બુદ્ધિનો તેવો અતિશય નથી. તેથી આત્માને લાગતો કર્મબંધ, પરલોક, મોક્ષ, ધર્મ, અધર્મ વગેરે અતીન્દ્રિય હોઈ સ્વતઃ જોવા જાણવા સમજવા બહુ મુશ્કેલ પડે છે. છતાં એ આપ્ત પુરુષના વચનથી જાણી શકાય છે. એતો પરમ આપ્ત પુરુષ વીતરાગ સર્વજ્ઞ શ્રીતીર્થંકરભગવાનના વચને કેવો સુંદર પ્રકાશ આપ્યો છે ! એમને જૂઠ બોલવાને હવે કોઇ જ કારણ નથી. તેથી એમનાં વચન સત્ય જ છે, એમનું કહેલું યથાસ્થિત જ છે. અહો ! કેવી કેવી અનંત કલ્યાણ–સાધક, વિદ્વજ્જન–માન્ય, અને સુરાસુર–પૂજિત એમની આજ્ઞા !' આ ચિંતન–અનુચિંતનથી સકલ સત્પ્રવૃત્તિના પ્રાણભૂત શ્રદ્ધાનો પ્રવાહ અખંડ વહેતો રહે છે.... (૧૦) **હેતુવિચયમાં** જ્યાં આગમના હેતુગમ્ય વિષય પદાર્થ પર વિવાદ ખડો થાય ત્યાં કેવા તર્કનું અનુસરણ કરવા દ્વારા સ્યાદ્વાદ–નિરૂપક આગમનો આશ્રય, ને તે પણ કષ–છેદ–તાપની કેવી પરીક્ષા પૂર્વક આશ્રય કરવો લાભદાયી છે, એ ચિંતવવાનું. કોઇપણ શાસ્ત્રની સુવર્ણની જેમ (૧) **કષ–કસોટી પરીક્ષા** એટલે એ જોવાનું કે એમાં યોગ્ય વિધિનિષેધ છે ? તો જિનાગમમાં દા. ત. કહ્યું તપ–સ્વાધ્યાય–ધ્યાન કરવું,

હિંસાદિ પાપ ન કરવાં, (૨) **છેદપરીક્ષા** માટે એ જોવાનું કે એમાં વિધિ નિષેધને જરાય બાધક નહિ પણ સાધક આચાર કહેલા છે? તો જિનાગમમાં દા. ત. કહ્યું સમિતિ–ગુપ્તિ આદિ પંચાચાર પાળવા; તો એમાં લેશમાત્ર હિંસાદિ નથી, અને તપ–ધ્યાનાદિ–વિધિપાલનને અનુકળતા છે.(૩) **તાપ પરીક્ષા** માટે એ જોવું કે એમાં વિધિનિષેધ અને જિનાગમમાં આચારને અનુકૂળ તત્ત્વવ્યવસ્થા છે? તો દા. ત. અનેકાંતવાદની શૈલીએ આત્માદિ દ્રવ્યોની નિત્યા–નિત્યતા, ઉત્પાદ-વ્યય–ધ્રૌવ્ય, દ્રવ્ય–પર્યાયનો ભેદાભેદ વગેરે તત્ત્વવ્યવસ્થા બતાવી, જે વિધિ–નિષેધ તથા આચાર સંગત થાય એવી છે. આ ચિંતનથી વિશિષ્ટ શ્રદ્ધા–સમ્યગ્દર્શનની સંગીન વૃદ્ધિ થાય છે.

---

## ધ્યાનના કેટલાક નમૂના

જૈન ધર્મમાં ધ્યાનનું મહત્ત્વ એ રીતે છે કે દરેક શુભ યોગમાં ધ્યાન વણાયેલું જોઈએ. એ માટે દરેક ક્રિયાપ્રવૃત્તિ પ્રણિધાન પૂર્વક કરવાની છે. પ્રણિધાન એટલે વિશુદ્ધ ભાવનાના બળ સાથે, તે તે ક્રિયાના કે બોલાતા સૂત્રના અર્થમાં સમર્પિત મન. આવું સમર્પિત મન એ ધ્યાન જ છે. માટે સાધુ કે શ્રાવકે પોતપોતાના ઉચિત સર્વયોગો–અનુષ્ઠાનો તો પહેલા બજાવવાના છે. એમાં ધ્યાન અંતર્ગત જ છે. એ બજાવ્યા પછી એકલા ધ્યાનને અવકાશ છે. આ **ધ્યાનના પ્રાથમિક અભ્યાસ માટે** પહેલાં એકાગ્રતા કેળવવા વિવિધ જાતના અભ્યાસ જોઈએ. દા. ત. ● (૧) અષ્ટ પ્રાતિહાર્ય–યુક્ત અરિહંત પ્રભુને મનની સામે લાવી પછી હૃદય – કમળની

કર્ણિકા પર બિરાજમાન કરી 'ૐ હ્રીં અર્હં નમઃ' એ મૃત્યુંજય જપ જપ્યે જવાનો. એમાં એ જોતા રહેવાનું કે વચમાં લેશ પણ બીજો વિચાર આવ્યા વિના કેટલી સંખ્યા અગર કેટલા સમય સુધી જાપ અખંડ ચાલે છે. એવા વારંવાર અભ્યાસથી અખંડ જાપનું પ્રમાણ વધે છે. ● (૨) હૃદય-કમળમાં શ્રી નવકારમંત્રના નવ પદના સફેદ રત્નશા સફેદ ચમકતા અક્ષર વાંચી અખંડ જાપ વધારવાનો. આ અંતર્દર્શનનો પ્રયોગ છે. ● (૩) આંખ બંધ રાખી પહેલાં મોંઢેથી ઉચ્ચારણ (ભાષ્ય જાપ), અને અભ્યાસ વધતાં પછી માનસિક ઉચ્ચારણ (ઉપાંશુ જાપ) કરીને 'ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ....' એમ ૨૪ ભગવાનનાં નામ બોલવાના. એક વાર પૂરા થાય કે તરફ ફરી બીજી વાર, ત્રીજી વાર,....એમ વચમાં બીજો કોઈ જ વિચાર ન આવે અને બોલાતા અક્ષર વાંચવા પર બરાબર લક્ષ રહે એ રીતે આગળ વધતાં માપ જોયા કરવાનું કે અખંડ ૨૫, ૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦,.... નામ ચાલે છે ને? ત્રીજા પ્રકારના માનસ જાપ માટે આંતરિક ઉચ્ચારણ પણ નહિ, કિંતુ અંદરમાં જાણે વિના બોલ્યે અક્ષર શું લખ્યા છે તે સ્પષ્ટ દેખીએ છીએ એ રીતે જાપ કરવાનો. અલબત આમાં ઉતાવળ કામ નહિ લાગે, પરંતુ એકાગ્રતા એવી કેળવાશે કે ધ્યાન કરવાની શક્તિ આવશે. ● (૪) એક પ્રકાર એ છે કે આપણા અંતરમાં જાણે કોઈ આપણને પરિચિત સ્વરવાળા ગુરુ મહારાજ વગેરે બોલી રહ્યા છે, ને આપણને એમના હોઠ હાલતા દેખાય છે અને એમના ઉચ્ચારણ પર બરાબર અંદરમાં આપણે કાન ધરીને સ્ફુટ અક્ષર

સાંભળી રહ્યા છીએ. આ અંતઃશ્રવણનો પ્રયોગ છે. ● (૫) નજર સામે જાણે અનંત સમવસરણ છે. એના પર અનંતા અરિહંતદેવ છે, એમના મસ્તક પર અનંતા સિદ્ધભગવાન છે; ને આગળ અનંતા આચાર્ય, ઉપાધ્યાય, સાધુઓ છે. એ ધારણા કરીને પછી એમને ક્રમસર નમસ્કાર કરતા હોઈએ એ રીતે નમસ્કારમંત્રનો જાપ થઈ શકે. નંબર ૨ એ પદસ્થ જાપનો અને આ રૂપસ્થ જાપ–પદાર્થજાપનો પ્રયોગ છે. પછી જાપમાંથી ધ્યાનમાં જવા માટે સકલાર્હત્૰ વગેરે સ્તુતિઓ તથા સ્તવનોની એકેક ગાથા લઇ એના આધાર પર એના ભાવોને જાણે નજર સામે ચિત્રાત્મક હુબહુ ખડા કરી અરિહંતનું ધ્યાન કરવાનું. ● (૬) ચૈત્યવંદન તથા પ્રતિક્રમણની ક્રિયા વખતે પણ, તે તે સૂત્રની દરેક ગાથાના ભાવનું ચિત્ર જે પહેલાં કલ્પી રાખ્યું હોય, તેને મનમાં નજર સામે લાવવાનું, અને તેના પર હૃદયના ભાવ ગાથા બોલતાં ઉતારવા. દા. ત. 'જે અ અઈયા સિદ્ધા....' ગાથા બોલતાં જાણે ડાબી બાજુએ અનંતા અતીત તીર્થંકર, એમ જમણી બાજુએ અનંતા ભાવી તીર્થંકર, અને સામે વિચરતા વીસ ભગવાન નજર સામે આવે. એમને મન–વચન–કાયાથી નમસ્કાર કરવાનો. ગાથાનો અર્થ ન આવડે ત્યાં મનમાં ઊભા કોલમમાં ઉપરથી નીચે ગાથાની ચાર લીટી લખેલી દેખાય, તે વાંચવાની. આ પાંચમું 'ધ્યાન'-તપ થયું.

# ૩૪. મોક્ષ : માર્ગણામાં સત્પદ આદિ

અહીં સુધી જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર અને નિર્જરા, એમ આઠ તત્ત્વની વિચારણા થઈ. હવે નવમું 'મોક્ષ' તત્ત્વ જોઈએ. સકલ કર્મનો ક્ષય થઈ પ્રગટ થતું આત્માનું સર્વથા શુદ્ધ સ્વરૂપ તે મોક્ષ. ધર્મપુરુષાર્થનું સાધ્ય મોક્ષ-પુરુષાર્થ છે. બધો જ ધર્મ એ માટે કરવાનો છે. મોક્ષ થયો એટલે પછી જન્મ નહિ, શરીર નહિ, કર્મો નહિ, કોઈ વિટંબણા-પરાધીનતા-નાલેશી નહિ.

પ્ર૦-પણ મોક્ષમાં સુખ શું ?

ઉ૦-એકાદ રોગ હટે, શત્રુ મટે, ઈષ્ટ વસ્તુ મળે, કોઈ ઈચ્છા પૂરી થાય, તો સુખ લાગે છે; ત્યારે સર્વ રોગ સર્વ શત્રુ ટળે, સર્વ ઈષ્ટ મળે, સર્વ ઈચ્છા પૂર્ણ થાય તો કેટલો બધો આનંદ? મોક્ષમાં એથી પણ અનંતગુણ આનંદ છે. એ અસંયોગનું સુખ છે. દુન્યવી સંયોગના તુચ્છ સુખમાં ટેવાયેલાને એની ગમ નથી પડતી પરંતુ એ સહજ સુખ અને સુખમય મોક્ષ અવશ્ય છે. એ થવો શકય પણ છે; કેમકે જે કારણોએ સંસાર છે, તેનાથી વિપરીત કારણો સેવતાં સંસારનો અંત આવી શકે છે. જેમ સુવર્ણ અને માટીનાં મૂળથી સંયોગ છતાં ખાર આદિ પ્રયોગથી સુવર્ણ સર્વથા શુદ્ધ થઈ શકે છે; તેમ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનાથી અનાદિ પણ કર્મસંયોગનો નાશ થઈ ભવ્ય આત્મા સર્વથા શુદ્ધ-સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ શકે છે. મુક્ત થયેલાને ફરી કદી કર્મનો સંયોગ થતો નથી, એટલે હવે અક્ષય-અવ્યાબાધ

અનંત સુખ, અનંતજ્ઞાન, અનંતદર્શન, અને અનંતવીર્ય એ ચાર અનંતાની નિત્ય સ્થિતિ હોય છે. એમ તો આઠ કર્મના નાશથી શાશ્વત કાળ માટે મૂળ આઠ ગુણ પ્રગટ થાય છે; અને તેથી હવે કદીય એમને સંસાર નહિ, ગતિભ્રમણ નહિ, શરીર–ઇંદ્રિયાદિ નહિ, શાતા–અશાતા, હર્ષ–ખેદ, યશ–અપયશ વગેરે દ્વન્દ્વો નહિ.

**સત્પદ પ્રરૂપણાદિ :—**

મોક્ષતત્ત્વ અને બીજા પણ તત્ત્વોનો વિસ્તારથી વિચાર કરવો હોય તો એને લઈને સત્પદાદિ નવનો ૬૨ માર્ગણા દ્વારોમાં વિચાર (વ્યાખ્યાન) થઈ શકે છે. 'સત્પદાદિ' એટલે સત્ છે? દ્રવ્ય પ્રમાણ કેટલું ? ક્ષેત્ર કેટલું ?....વગેરે. માર્ગણાદ્વાર એટલે વસ્તુ વિચારવા માટેના મુદ્દા (points). એ કયા છે તે જોતા પહેલાં સત્પદપ્રરૂપણાદિ જોઈએ.

૧. **સત્પદ પ્રરૂપણા**—એટલે તે તે પદ ( =નામ )-વાળી વસ્તુની સત્તાને ગતિ, ઈન્દ્રિય વગેરે માર્ગણાદ્વારો (સ્થાનો)માં પ્રરૂપવી તે. પ્રરૂપણા=કથન, વિચારણા કરાય તે. દા. ત. સમ્યગ્દર્શન નરકગતિમાં છે? પૃથ્વીકાયમાં છે? કાયયોગમાં છે?....

૨. **દ્રવ્યપ્રમાણ** =એ વસ્તુ પ્રમાણમાં કેટલી છે?

૩. **ક્ષેત્ર**=કયી કે કેટલી જગામાં રહી છે?

૪. **સ્પર્શના**=વસ્તુ સાથે કેટલા આકાશ પ્રદેશનો સ્પર્શ છે? પરમાણુનું ક્ષેત્ર એક આકાશપ્રદેશ, સ્પર્શના ૭

આકાશપ્રદેશ. ચાર દિશાના ૪+ઉપર નીચેની બે દિશાના ૨ + ૧ પરમાણુએ ખુદે રોકેલ ૧ પ્રદેશ=૭.

૫. **કાળ**=એની કેટલી સ્થિતિ છે? કેટલો સમય ટકે?

૬. **અંતર**=એ વસ્તુ ફરી બનવામાં વચ્ચે કેટલા કાળનું આંતરું પડી વિરહ પડે?

૭. **ભાગ**=તે વસ્તુ સ્વજાતીયની કે પરની અપેક્ષાએ કેટલામે ભાગે છે?

૮. **ભાવ**=ઔદયિક વગેરે પાંચ ભાવમાંથી કયા ભાવે એ વસ્તુ વર્તે છે?

૯. **અલ્પબહુત્વ**=વસ્તુના પ્રકારોમાં પરસ્પર ન્યૂનાધિકતા બતાવવી.

**ભાવ ૫** :–અહીં ભાવ એટલે કે વસ્તુમાં રહેતો પરિણામ એ પાંચ પ્રકારે છે. ૧. **ઔદયિક**,—કર્મના ઉદયથી થતો પરિણામ. જેમકે અજ્ઞાન, નિદ્રા, ગતિ, શરીર વગેરે, એ ઔદયિક ભાવે છે. ૨. **પારિણામિક**,— અનાદિનો તેવો પરિણામ, દા. ત. જીવત્વ, ભવ્યત્વ, વગેરે. ૩. **ઔપશમિક** ભાવ એટલે કે મોહનીય કર્મના ઉપશમથી થતો દા. ત. સમ્યક્ત્વ અને ચારિત્ર ભાવ. ૪. **ક્ષાયોપશમિક** ભાવ ઘાતી કર્મના ક્ષયોપશમથી થતો ભાવ છે. દા. ત. જ્ઞાનાવરણ આદિ કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતાં જ્ઞાન, દર્શન, ક્ષમા, દાન વગેરે; એ ક્ષાયોપશમિક ભાવે છે. ૫. **ક્ષાયિક**,—કર્મના ક્ષયથી થતો પરિણામ. દા. ત. કેવલજ્ઞાન, સિદ્ધત્વ વગેરે.

'મોક્ષ' શબ્દ એ શુદ્ધ (=એક, અસમાસ્ત) અને વ્યુત્પત્તિસિદ્ધ પદ છે, માટે મોક્ષ સત્ વિદ્યમાન છે, પરંતુ બે પદવાળા 'આકાશપુષ્પ' પદની જેમ એ અસત્ નથી. વ્યુત્પત્તિવાળું એક પદ કોઈ સત્ વસ્તુને જ કહેનારૂં હોય છે. ત્યારે 'આકાશપુષ્પ' પદ આકાશ, પુષ્પ, એ બે પદથી બનેલું છે. અનેક પદથી બનેલનું વાચ્ય સત્ જ હોય યાને એવી કોઈ વસ્તુ હોય જ એવો નિયમ નથી.

૬૨. **માર્ગણાદ્વાર**:—માર્ગણા=શોધન કરવાના મુદ્દા. મોક્ષની વિચારણા ૧૪ માર્ગણા દ્વારોથી થાય છે. એ ૧૪ના ઉત્તર ભેદ ૬૨ છે. ૧૪ **માર્ગણા**—(૧) ગતિ ૪, (૨) ઇન્દ્રિય ૫, (૩) કાય ૬, પૃથ્વીકાયાદિ, (૪) યોગ ૩, (૫) વેદ ૩ સ્ત્રીવેદ–પું૦–નપું૦, (૬) કષાય ૪, (૭) જ્ઞાન–અજ્ઞાન ૮, (૮) સંયમ ૭, (૯) દર્શન ૪, (૧૦) લેશ્યા ૬, (૧૧) ભવ્યત્વ અભવ્યત્વ ૨, (૧૨) સમ્યક્ત્વ ૬, (૧૩) સંજ્ઞી–અસંજ્ઞી ૨, અને (૧૪) આહારક–અનાહારક ૨. (આમાં ૭ સંયમ=સામાયિકાદિ ૫,+ દેશવિરતિ અને અવિરતિ. ત્યારે ૬ સમ્ય૦=ક્ષાયિક, ક્ષાયોપ૦, ઔપ૦, મિશ્રમોહ૦ સાસ્વાદન, અને મિથ્યાત્વ૦; એમ કુલ ૬૨ માર્ગણા. હવે આ દરેકમાં મોક્ષને સત્પદપ્રરૂપણા, દ્રવ્યપ્રમાણ વગેરેથી વિચારીએ.

આમાંથી મનુષ્યગતિ, પંચેન્દ્રિય, ત્રસકાય, ભવ્યત્વ, સંજ્ઞિ, યથાખ્યાત ચારિત્ર, ક્ષાયિક સમ્ય૦, અનાહારક, કેવલજ્ઞાન–કેવળદર્શન,–આટલી માર્ગણાએ મોક્ષ થાય. બાકીમાં નહિ. યોગ, વેદ વગેરે શૈલેશી વખતે છે જ નહિ; માટે એ

માર્ગણાદ્વારોમાં મોક્ષ નથી થતો. આ 'સત્' એટલે મોક્ષ હોવાની વિચારણા થઈ. એ પ્રમાણે ૬૨ માર્ગણાઓમાં દરેકમાં દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર વગેરેની વિચારણા કરવાની; અર્થાત્ કેટલી સંખ્યામાં જીવો મોક્ષે જાય, કેટલા ક્ષેત્રમાં,....વગેરે વિચારવાનું.

(૧) **સત્પદ૦**,–'મોક્ષ'પદ સત્પદ છે; કેમકે અસત્ નહિ, કલ્પિત નહિ, પણ ખરેખર સત્ મોક્ષનું એ વાચક પદ છે. (૨) **દ્રવ્યપ્રમાણ**,–દા. ત. સિદ્ધો અનંતા છે, સર્વજીવથી અનંતમે ભાગે, અને સર્વ અભવ્યોથી અનંતગુણ છે. (૩–૪) **ક્ષેત્ર અને સ્પર્શના**,—એક કે સર્વ સિદ્ધો લોકાકાશક્ષેત્રના અસંખ્યાતમા ભાગની અવગાહના તથા સ્પર્શનાવાળા છે. અવગાહ–ક્ષેત્ર કરતાં સ્પર્શના એ આજુબાજુએ સ્પૃષ્ટ આકાશ પ્રદેશોથી અધિક છે. (૫) **કાળ**,–એક સિદ્ધની અપેક્ષાએ સાદિ અનંત કાળ છે. 'સાદિ' એટલે કોઈ એક જીવની અપેક્ષાએ મોક્ષની શરૂઆત છે; પરંતુ 'અનંત' એટલે પછી એ મોક્ષનો નાશ નથી. સિદ્ધપ્રવાહની અપેક્ષાએ અનાદિ–અનંતકાળ છે. (૬) **અંતર**–સિદ્ધપણામાંથી ચ્યવી, બીજે જઈ આવી, ફરીથી સિદ્ધ થાય, તો વચમાં આંતરું પડ્યું કહેવાય. પણ સિદ્ધને કદી ચ્યવવાનું નથી માટે અંતર નથી. (૭) **ભાગ**,–સિદ્ધો સર્વજીવોના અનંતમે ભાગે છે. (૮) **ભાવ**,–સિદ્ધોનું કેવલજ્ઞાન––દર્શન અને સિદ્ધભાવ ક્ષાયિક ભાવે છે. (૯) **અલ્પબહુત્વ**––સૌથી થોડા નપુંસકપણે થયેલા સિદ્ધ છે, (નપું૦ તે જન્મથી નહિ, પણ કૃત્રિમ, પાછળથી થયેલા). તેથી સંખ્યાતગુણ

સ્ત્રીપણે થયેલા સિદ્ધ છે; અને એના કરતાં સંખ્યાતગુણ પુરુષપણે થયેલા સિદ્ધ છે.

**વધુમાં વધુ કેટલા આત્મા સતત કયાં સુધી સિદ્ધ થાય ?**

| | |
|---|---|
| ૧ થી ૩૨....૮ સમય સુધી | ૭૩ થી ૮૪....૪ સમય સુધી |
| ૩૩ થી ૪૮....૭ ,, ,, | ૮૫ થી ૯૬....૩ ,, ,, |
| ૪૯ થી ૬૦....૫ ,, ,, | ૯૭ થી ૧૦૨....૨ ,, ,, |
| ૬૧ થી ૭૨....૫ ,, ,, | ૧૦૩ થી ૧૦૮....૧ ,, ,, |

એટલા સમય પછી આંતરું પડે, યાને જઘન્ય એક સમય કોઈક મોક્ષે ન જાય.

૪૫ લાખ યોજન પ્રમાણ મનુષ્ય-લોકમાંથી જ (૧) મનુષ્ય જ મોક્ષે જાય. લોકની ટોચે સિદ્ધશિલા પણ તેટલા માપની છે....(૨) ભરત-ઐરવતમાં ૩જા-૪થા આરામાં જ જન્મેલા મોક્ષે જાય. અને મહાવિદેહમાં સદા મોક્ષે જઈ શકે.... (૩) યથાખ્યાત ચારિત્રી કેવળી જ મોક્ષે જાય. (૪) કોઈ સિદ્ધિ પામ્યા પછી વધુમાં વધુ છ માસે તો બીજા આત્માની સિદ્ધિ થાય જ. (૫) જેટલા આત્મા સિદ્ધ થાય તેટલા જીવ અનાદિ નિગોદમાંથી બહાર નીકળે....

હવે બીજી રીતે અલ્પબહુત્વ જોઈએ. કોઈ દેવથી ક્ષેત્રાન્તરમાં સંહરણ કરાઈને સિદ્ધ બનેલા કરતાં જન્મક્ષેત્રે સિદ્ધ, ઉર્ધ્વ કરતાં અધોલોકે, તે કરતાં તિર્ચ્છાલોકે સિદ્ધ, સમુદ્ર કરતાં દ્વીપોમાંથી, ઉત્સર્પિણી-અવસર્પિણી કરતાં મહાવિદેહમાંથી, [ઉત્સ૦ કરતાં અવસ૦માં વિશેષાધિક], તિર્યંચમાંથી આવીને સિદ્ધ થયેલા કરતાં મનુષ્યમાંથી આવીને સિદ્ધ થયેલા, તે

કરતાં નરકમાંથી...., તે કરતાં દેવમાંથી...., અતીર્થસિદ્ધ કરતાં તીર્થસિદ્ધ, અસંખ્યગુણા હોય.

**સિદ્ધના ૧૫ ભેદ:—**

ચરમભવની અપેક્ષાએ સિદ્ધના ૧૫ ભેદ છે. ૧. કોઈ જિનસિદ્ધ (તીર્થંકર થઈને સિદ્ધ). ૨. કોઈ (સંખ્યાતગુણ) અજિનસિદ્ધ, ૩. કોઈ તીર્થસિદ્ધ (તીર્થ સ્થપાયા પછી મોક્ષે ગયેલા), ૪. કોઈ અતીર્થસિદ્ધ (તીર્થ સ્થપાયા પહેલા સિદ્ધ દા. ત. મરુદેવા), અથવા તીર્થ નષ્ટ થયા પછી સિદ્ધ, ૫. ગૃહસ્થલિંગ–સિદ્ધ (ગૃહસ્થવેશે કેવલજ્ઞાન પામેલા, ભરતચક્રી વગેરે), ૬. અન્યલિંગ–સિદ્ધ (તાપસાદિ વલ્કલચીરી), ૭. સ્વલિંગસિદ્ધ (સાધુ વેશે), ૮–૯–૧૦ સ્ત્રી–પુરુષ–નપુંસકલિંગે સિદ્ધ (નપું૦ ગાંગેય), ૧૧. પ્રત્યેકબુદ્ધ સિદ્ધ (વૈરાગ્યજનક નિમિત્ત પામી વિરાગી અને કેવળી થયેલ, કરકંડુ), ૧૨. સ્વયંબુદ્ધ સિદ્ધ (કર્મસ્થિતિ લઘુ થવાથી બુદ્ધ, કપિલ), ૧૩. બુદ્ધબોધિત સિદ્ધ (ગુરુથી ઉપદેશ પામી), ૧૪. એકસિદ્ધ (એક સમયમાં એક જ સિદ્ધ, શ્રી વીરવિભુ), અને ૧૫. અનેક-સિદ્ધ; (એક સમયમાં અનેક સિદ્ધ બનેલા તે.)

૫ મા–૬ ઠ્ઠા અંગે ધ્યાનમાં રાખવું કે પૂર્વભવમાં ચારિત્રની ખૂબ સાધના કરી હોય છે.

**નવતત્ત્વનો પ્રભાવ :—**

જીવ અજીવ વગેરે નવ તત્ત્વોને જાણવાથી સમ્યક્ત્વ–સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. એટલું જ નહિ, પણ નવ તત્ત્વના વિસ્તૃત સ્વરૂપને ન જાણતો છતો 'આ તત્ત્વો જ સાચાં' એવી

ભાવથી શ્રદ્ધા કરનારો પણ સમ્યક્ત્વ પામે છે. કારણકે, સર્વજ્ઞ એવા શ્રીજિનેશ્વરદેવોનાં સર્વ વચન સત્ય જ હોય છે. પણ એકેય વચન મિથ્યા નથી હોતું, આ બુદ્ધિ જેના મનમાં છે, તેનામાં સમ્યક્ત્વ કહ્યું છે. રાગ દ્વેષ કે અજ્ઞાનને લીધે જૂઠું બોલાય, પણ તે તો સર્વજ્ઞમાં છે નહિ, માટે એમનું કોઈ પણ વચન જરાય અસત્ય નહિ, પણ બધું ય સાચું જ છે.

એક અંતમુહૂર્ત પણ જેને સમ્યક્ત્વ સ્પર્શ્યું હોય, તે સંસારમાં અર્ધ પુદ્‌ગલપરાવર્તથી અધિક કાળ ન જ રહે; વધુમાં વધુ એટલા કાળમાં મોક્ષે જાય જ. અનંતા કાળચક્રો = એક પુદ્‌૦- પરાવર્ત થાય. અનંતા પુદ્‌૦- પરાવર્ત= અતીત કાળ.

જૈનદર્શનને વિષે જ્યારે જ્યારે પણ પ્રશ્ન થાય કે અત્યાર સુધીમાં કેટલા જીવ મોક્ષે ગયા ત્યારે ત્યારે એનો ઉત્તર એ છે કે એક નિગોદમાં રહેલા અનંતાનંત જીવોના અનંતમાં ભાગ જેટલી સંખ્યા જ મોક્ષ ગયેલાની છે.

---

## ૩૫. આત્માનો વિકાસક્રમ : ૧૪ ગુણસ્થાનક

પૂર્વે જે મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ-રૂપી આશ્રવો બતાવ્યા, તે આત્માના આભ્યન્તર દોષ છે. એનાથી આત્મા નીચી સ્થિતિમાં રહે છે. એ ઓછા થતા આવે તેમ તેમ ગુણ પ્રગટ થતા જાય છે, આત્મા ગુણસ્થાનકમાં આગળ આગળ વધે છે.

જૈનશાસનમાં ચૌદ ગુણસ્થાનકની યોજના બતાવવામાં આવી છે, તેનાં નામ આ પ્રમાણે :—

| | | |
|---|---|---|
| ૧ મિથ્યાત્વ | ૬ પ્રમત્ત સર્વવિરતિ | ૧૧ ઉપશાંતમોહ |
| ૨ સાસ્વાદન | | ૧૨ ક્ષીણમોહ |
| ૩ મિશ્ર | ૭ અપ્રમત્ત | ૧૩ સયોગીકેવળી |
| ૪ અવિરત-સમ્યગ્દૃષ્ટિ | ૮ અપૂર્વકરણ | ૧૪ અયોગીકેવળી |
| | ૯ અનિવૃત્તિબાદર | |
| ૫ દેશવિરતિ | ૧૦ સૂક્ષ્મસંપરાય | |

આમાં મિથ્યાત્વ અટકાવનારો ૨જે કે ઉપરના ગુણસ્થાનકે હોય, 'અવિરતિ' મૂકનારો ૫ મે અને ઉપર, 'કષાય' સર્વથા રોકનારો ૧૧મે કે ઉપર, 'પ્રમાદ' ટાળનારો ૭મે યા ઉપરના ગુણઠાણે, ને યોગ અટકાવનાર ૧૪મે ચડી મોક્ષ પામે.

૧. **મિથ્યાત્વ** એ દોષરૂપ હોવા છતાં, (૧) ગુણની દૃષ્ટિએ જીવની નીચામાં નીચી કક્ષા બતાવવાની અપેક્ષાએ, તેમજ (૨) મિથ્યાત્વ હ્રાસ પામ્યું હોય ત્યારે પ્રગટ થતા પ્રાથમિક ગુણની અપેક્ષાએ, અહીં મિથ્યાત્વ અવસ્થાને **પહેલું ગુણસ્થાન** તરીકે કહેવામાં આવ્યું છે. આમાં પહેલી અપેક્ષામાં બધા જ એકેન્દ્રિયથી માંડી અસંજ્ઞી પંચેન્દ્રિય સુધીના જીવો તથા ભવાભિનંદી યાને કેવળ પુદ્ગલરસિક સંજ્ઞી પંચેન્દ્રિય જીવો આવે. બીજી અપેક્ષામાં, વીતરાગ સર્વજ્ઞ શ્રીતીર્થંકરભગવાનના વચનની શ્રદ્ધા નહિ પામેલા છતાં જે મોક્ષાભિલાષી, સંસારથી ઉદ્વિગ્ન, માર્ગાનુસારી જીવ હોય, જે અહિંસા-સત્ય વગેરે પાંચ **યમ** અને શૌચ-સંતોષ-ઈશ્વર

પ્રણિધાન–તપ–સ્વાધ્યાયસ્વરૂપ પાંચ **નિયમ** પાળવાવાળા હોય તે આવે.

૨. **સાસ્વાદન ગુણસ્થાનક** એ પહેલા ગુણસ્થાનક કરતાં એટલું વિકાસવાળું છે કે એમાં મિથ્યાત્વદોષ ઉદયમાં નથી. છતાં આ ગુણસ્થાનક પહેલેથી ચઢીને નથી પ્રાપ્ત થતું, કિન્તુ ચોથા ગુણસ્થાનકેથી પડતાં આવે છે. તે આ રીતે કે જીવ જ્યારે સમ્યક્ત્વ–અવસ્થામાં ઢીલો પડે છે અને મિથ્યાત્વ ઉદય પામ્યા પહેલાં એના અનંતાનુબંધી કષાયો ઉદયમાં આવે છે, ત્યારે આ કષાયો ઘાતક હોવાથી એ એનો સમ્યક્ત્વ ગુણ નષ્ટ કરે છે. છતાં હજુ મિથ્યાત્વ ઉદયમાં નથી આવ્યું એટલે જીવ ચોથેથી પડી બીજે સાસ્વાદન ગુણઠાણે આવે છે. અહીં ઉલટી કરી નાખેલા સમ્યક્ત્વનું કંઈક લેશ આસ્વાદન કરે છે તેથી એ સાસ્વાદન કહેવાય છે. આ અવસ્થા અતિ અલ્પ કાળ (વધુમાં વધુ ૬ આવલિકા) ટકે છે, કેમકે ત્યાં અનંતાનુબંધી કષાયનું જોર મિથ્યાત્વને ઝટ ઉદયમાં ખેંચી લાવે છે, એટલે જીવ પહેલા ગુણસ્થાનકે ચાલ્યો જાય છે.

૩. **મિશ્ર ગુણસ્થાનક**—પહેલા ગુણસ્થાનકવાળો જીવ મિથ્યાત્વ અને અનંતાનુબંધી રોકી મિશ્રમોહ વેદે છે ત્યારે આ ગુણસ્થાનક પામે છે. તેમજ ચોથાવાળો પણ સમ્યક્ત્વ ગુમાવીને મિશ્રમોહ અનુભવે છે ત્યારે અહીં આવે છે. મિશ્ર એટલે જેમ નારિયેળી દ્વીપના વાસીને નાળિયેરનો જ ખોરાક હોઈ અન્ન ઉપર રુચિ અરુચિ કાંઈ નથી, તેમ

જીવને તત્ત્વ ઉપર રુચિ, અરુચિ કાંઈ નહિ ને મિથ્યા તત્ત્વ પર પણ રુચિ નહિ, કિન્તુ વચલો મિશ્રભાવ.

૪. ***અવિરતિ સમ્યગ્દૃષ્ટિ***—જીવ ઉપરોક્ત મિથ્યાત્વ-અનંતાનુ૦-મિશ્રમોહને રોકે અને સમ્યક્ત્વ ગુણ પામે પરંતુ વ્રત નહિ, ત્યારે આ ગુણસ્થાનકે આવે છે. સમ્યક્ત્વ ૩ રીતે પમાય છે. ● (૧) મિથ્યાત્વકર્મનો તદ્દન ઉપશમ કરાય, અર્થાત્ વિશિષ્ટ શુભ અધ્યવસાયના બળે અંતર્મુહૂર્ત કાળના એ કર્મનાં દળિયાંને આગળ પાછળ ઉદયવશ કરી દઈ એટલો કાળ મિથ્યાત્વના સર્વથા ઉદય વિનાનો કરી દેવાય, ત્યારે **ઉપશમ સમ્યક્ત્વ** પમાય છે. ● (૨) મિથ્યાત્વ કર્મનાં દળિયાનું સંશોધન કરી અશુદ્ધ અને અર્ધ શુદ્ધ દળિયાનો ઉદય રોકી શુદ્ધ દળિયાનો ઉદય ભોગવાય ત્યારે **ક્ષયોપશમ સમ્યક્ત્વ** પમાય છે. ● (૩) સમસ્ત શુદ્ધ-અર્ધશુદ્ધ-અશુદ્ધ મિથ્યાત્વ-કર્મપુદ્ગલોનો, **અનંતાનુબંધી** કષાયોના નાશપૂર્વક, નાશ કરાય ત્યારે **ક્ષાયિક સમકિત** પમાય છે. ત્રણેયમાં શ્રદ્ધા તો એ જ જિનવચન પર જ હોય છે, જિનોક્ત નવ તત્ત્વ અને મોક્ષમાર્ગ તથા અરિહંતદેવ, નિર્ગ્રન્થ મુનિ ગુરુ, ને જિનોક્ત ધર્મ પર એકમાત્ર શ્રદ્ધા હોય છે. અહીં હિંસાદિ પાપોના ત્યાગની પ્રતિજ્ઞા અર્થાત્ વિરતિ નથી કરી, માટે એ અવિરતિ સમ્યગ્દૃષ્ટિ કહેવાય છે.

૫. **દેશવિરતિ ગુણસ્થાનક** :—સમ્યક્ત્વ પામ્યા પછી જેવી શ્રદ્ધા કરી કે 'હિંસા-જૂઠ વગેરે પાપો ત્યાજ્ય છે,' એ પ્રમાણે એના આંશિક ત્યાગની પ્રતિજ્ઞા કરાય ત્યારે

એ અંશે વિરતિ અર્થાત્ દેશવિરતિ શ્રાવકનું ગુણસ્થાનક પ્રાપ્ત થયું ગણાય.

**૬. પ્રમત્ત (સર્વવિરતિ) ગુણસ્થાનક** :—વૈરાગ્ય ભરપૂર થઈ વીર્યોલ્લાસ વિકસાવતાં હિંસાદિ પાપોનો સર્વથા સૂક્ષ્મ રીતે પણ ત્યાગ પ્રતિજ્ઞાપૂર્વક કરાય ત્યારે સર્વવિરતિ સાધુપણું આવ્યું કહેવાય. અહીં હજી પ્રમાદ નડી જાય છે તેથી પ્રમત્ત અવસ્થા છે, માટે એને પ્રમત્ત ગુણસ્થાનક કહે છે.

**૭ અપ્રમત્ત** ગુણ૦ :–છટ્ઠા ગુણસ્થાનકની અવસ્થામાંથી પ્રમાદનો ત્યાગ કરાય ત્યારે અહીં અવાય છે. પરંતુ વિસ્મૃતિ ભ્રમ, વગેરે પ્રમાદ એવા નાજુક છે કે એને ક્ષણભર ટાળ્યા હોય છતાં પાછા ઊભા થાય છે, એટલે ૭મું ગુણસ્થાનક અંતર્મુહૂર્તથી વધુ સમય ટકવા દેતા નથી, અને જીવને ૬ઠ્ઠે ગુણસ્થાનકે તાણી જાય છે. પરંતુ સાધક આત્માની પ્રમાદની સામે સતત લડાઈ ચાલુ છે એટલે પાછો ઉપર સાતમે ચઢે છે. વળી પડે છે. પાછો ચઢે છે. એમાં જો અધિક વીર્યોલ્લાસ ફોરવે તો ૮ મે ગુણઠાણે ચડી જાય છે.

**૮. અપૂર્વકરણ** ગુણ૦ : મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ અને કષાયની ૩ ચોકડીના ઉદય ટાળવાથી ૭મે ગુણસ્થાનકે અવાયું. હવે સંજ્વલન કષાયનો રસ મંદ કરાય અને પાંચ અપૂર્વ કરવામાં આવે ત્યારે આ આઠમે ગુણસ્થાનકે અવાય છે. અહીં ખાસ કરીને મોહનીય કર્મનો ઉપશમ કરનારી ઉપશમ શ્રેણી અથવા ક્ષય કરનારી ક્ષપકશ્રેણીએ ચઢાવનાર અદ્‌ભુત ધ્યાનમાં લીન બનાય છે, તથા ઉત્કૃષ્ટ શુભ અધ્યવસાયના

બળે ૧. અપૂર્વ સ્થિતિઘાત, ૨. અપૂર્વરસઘાત, ૩. અપૂર્વ ગુણશ્રેણી (અસંખ્યગુણ–અસંખ્યગુણ ક્રમથી કર્મરચના,) એમજ ૪. અપૂર્વ ગુણસંક્રમ (અસંખ્યગુણ વૃદ્ધિએ પ્રાગ્બદ્ધ કર્મનું બંધાતા કર્મમાં સંક્રમણ) અને ૫. અપૂર્વ સ્થિતિબંધ,–એ પાંચ અપૂર્વ સાધવામાં આવે છે.

૯. **અનિવૃત્તિ બાદર ગુણ૦** :–આઠમાને અંતે સૂક્ષ્મ પણ હાસ્યમોહનીય આદિ કર્મને સર્વથા ઉપશાન્ત યા ક્ષીણ કરી દે છે, શુભ ભાવમાં આગળ વધે છે, ત્યારે આ ગુણસ્થાનક પામે છે. અહીં એકસાથે પ્રવેશ કરનાર અનેકના આંતરિક ભાવ આખા ગુણસ્થાનક–કાળમાં એકસરખી ચઢતી કક્ષાએ આગળ વધે છે, પણ તેમાં તફાવત–તરતમતા (નિવૃત્તિ) નથી હોતી, તેથી આને 'અનિવૃત્તિ બાદર ગુણ૦' કહે છે. 'બાદર' એ દૃષ્ટિએ કે હજી અહીં સ્થૂલ કષાય ઉદયમાં છે.

૧૦ **સૂક્ષ્મ સંપરાય ગુણસ્થાનક** :– એ બાદર કષાયને ઉપશમાવી યા ક્ષીણ કરી દઈને હવે સંપરાય એટલે કે કષાય, તે પણ માત્ર લોભ (રાગ) સૂક્ષ્મ કોટિનો ઉદયમાં રહે ત્યારે આ ગુણસ્થાનકે અવાય છે.

૧૧ **ઉપશાન્ત મોહ ગુણ૦** :–ઉક્ત સૂક્ષ્મ લોભને પણ તદ્દન ઉપશાંત કરી દેવાય ત્યારે ઉપશાંત મોહનું આ ગુણસ્થાનક પમાય છે. અહીં જીવ વીતરાગ બને છે. મોહનીય કર્મ ઉપશાંત કર્યા એટલે એનો તત્કાલ ઉદય સર્વથા રોક્યો પરંતુ સિલિકમાં તો એ પડ્યા છે, તેથી અંતર્મુહૂર્તમાં જ એ પાછા ઉદયમાં આવી જીવને નીચેના ગુણસ્થાનકોમાં ઘસડે

છે. એટલે અહીં સર્વથા ઉપશાન્ત થવાથી જે વીતરાગ દશા અને યથાખ્યાત ચારિત્ર મળ્યું હતું તે લુપ્ત થઈ જાય છે.

**૧૨. ક્ષીણમોહ ગુણસ્થાનક** :-જેમણે મોહનીય કર્મની ઉપશમના કરતાં રહેવાનું કર્યું તે તો ૧૧ મું ગુણ૦ પામે છે, પરંતુ જેમણે પહેલેથી જ ક્ષપણા (ક્ષય) કરવા માંડી, તે ૧૦માને અંતે મોહ સર્વથા ક્ષીણ થઈ જતાં તરત ૧૨મે આવી ક્ષીણમોહ વીતરાગ બને છે. હજી અહીં જ્ઞાનાવરણ-દર્શાનાવરણ-અંતરાય નામના ઘાતીકર્મ ઉદયમાં વર્તે છે, તેથી એ સર્વજ્ઞ નથી બન્યા, પણ છદ્મસ્થ વીતરાગ છે.

**૧૩ સયોગી કેવળી** ગુણ૦ :-બારમાને અંતે સમસ્ત ઘાતી કર્મોનો નાશ કરે છે ત્યારે અહીં આવી કેવળજ્ઞાન-દર્શન પામે છે, સર્વજ્ઞ બને છે. એથી લોકાલોકના ત્રણેય કાળના સમસ્ત ભાવોને પ્રત્યક્ષ જુએ છે. હજી અહીં ઉપદેશ, વિહાર, આહારપાણી વગેરે પ્રવૃત્તિ ચાલુ છે, એ વચન-કાયાના યોગ છે, તેથી એ સયોગી કેવળી કહેવાય છે. ૧૧-૧૨-૧૩મે ગુણસ્થાનકે માત્ર યોગ નામનો આશ્રવ બાકી છે, તેથી માત્ર શાતાવેદનીય કર્મ બાંધે છે. પછી મોક્ષે જવાની તૈયારી હોય ત્યારે શુકલધ્યાનના ત્રીજા-ચોથા પ્રકાર વડે બાદર અને સૂક્ષ્મ મન-વચન-કાયાના યોગોને અટકાવે છે.

**૧૪. અયોગી કેવળી ગુણસ્થાનક** :- ૧૩માને અંતે સર્વ યોગોને સર્વથા અટકાવી દે છે ત્યારે આત્મપ્રદેશ જે પૂર્વે યોગથી કંપનશીલ હતા તે હવે સ્થિર શૈલેશ-મેરુ જેવા બની જાય છે. એને શૈલેશીકરણ કહે છે. અહીં અ-

इ–उ–ऋ–ऌ પાંચ હ્રસ્વ સ્વરના ઉચ્ચારણ જેટલો જ કાળ રહે છે. એમાં સમસ્ત અઘાતી કર્મનો નાશ કરી અંતે સર્વકર્મ-રહિત, અરૂપી, શુદ્ધ, અનંત જ્ઞાન–દર્શન–સુખમય બની આત્મા મોક્ષ પામે છે, અને એકજ સમયમાં ૧૪ રાજલોકના મથાળે સિદ્ધશિલાની ઉપર જઈ શાશ્વત કાળ માટે સ્થિર થાય છે.

જૈન શાસનમાં જ આ મિથ્યાત્વાદિ સંસાર–કારણો અને એના બરાબર પ્રતિપક્ષી સમ્યક્ત્વાદિ મોક્ષકારણો તથા એ મોક્ષકારણો સેવવામાં આત્માનું ૧૪ ગુણસ્થાનકની પાયરીએ થતું ઊર્ધ્વીકરણ બતાવ્યું છે.

---

## ૩૬. પ્રમાણો અને જન શાસ્ત્રોના વિભાગ

વસ્તુનો બોધ બે રીતે થાય છે, એક કોઇ અપેક્ષા રાખ્યા વિના વસ્તુને સમગ્ર રૂપે જોવાય તે; અને બીજો, અમુક અપેક્ષાએ અંશે જોવાય તે. આંખ ખોલી, ઘડો જોયો, એ ઘડાનો સમગ્ર રૂપે બોધ થયો કહેવાય. પણ શહેર બહાર ગયા અને યાદ આવ્યું કે 'ઘડો શહેરમાં રહ્યો' એ અંશે બોધ કર્યો ગણાય, કેમકે એમ તો 'ઘડો ઘરમાં રહ્યો છે. પાણિયારામાં રહ્યો છે,....યાવત્ પોતાના અવયવમાં રહ્યો છે.' એવા પણ ઘડામાં અંશો છે, પરંતુ અમુક અપેક્ષા યાને દૃષ્ટિ રાખીને બોધ કર્યો કે 'શહેરમાં રહ્યો,' તેથી એ અંશે બોધ થયો કહેવાય.

સમગ્ર રૂપે થતા બોધને **સકલાદેશ** અર્થાત્ **પ્રમાણ** કહેવાય છે. અંશે થતા બોધને **વિકલાદેશ** અર્થાત્ **'નય'**

કહેવામાં આવે છે. પ્રમાણ અને નય એ જ્ઞાનના જ બે પ્રકાર છે. પ્રમાણજ્ઞાન સમગ્ર રૂપે થતું હોઈ એમાં 'અમુક અપેક્ષાએ આમ છે' એવું નથી. જીભથી સાકર મીઠી જાણી કે શાસ્ત્રથી નિગોદમાં અનંત જીવ જાણ્યા, એમાં કાંઈ વચમાં અપેક્ષા ન આવી; પરંતુ ઘડો રામલાલનો હોવાનું જાણ્યું એમાં અપેક્ષા છે કે માલિકીની દૃષ્ટિએ, અગર બનાવટની દૃષ્ટિએ, યા સંગ્રાહકપણાની દૃષ્ટિએ; અર્થાત્ ઘડો રામલાલ નામના માલિકનો કે બનાવનારનો અથવા સંગ્રાહકનો છે, એવું જ્ઞાન. આ અપેક્ષાએ અંશે થતું જ્ઞાન એ નય છે.

૫. **પ્રમાણ**:–પ્રમાણજ્ઞાન બે પ્રકારે છે. ૧. પ્રત્યક્ષ અને ૨. પરોક્ષ. પ્રત્યક્ષ એટલે 'અક્ષ' (આત્મા)ને 'પ્રતિ' અર્થાત્ સાક્ષાત (બાહ્ય સાધન વિના) થાય તે, પરોક્ષ એટલે આત્માને 'પર' એટલે કે ઇન્દ્રિય વગેરે કોઈ સાધન દ્વારા થાય તે. પરોક્ષજ્ઞાનના બે પ્રકાર છે. ૧. મતિજ્ઞાન અને ૨. શ્રુતજ્ઞાન. પ્રત્યક્ષજ્ઞાનના ત્રણ પ્રકાર છે. ૧. અવધિજ્ઞાન ૨. મનઃપર્યાયજ્ઞાન અને ૩. કેવળજ્ઞાન. આમ પ્રમાણજ્ઞાનના પાંચ પ્રકાર થયા. મતિ૦, શ્રુત૦, અવધિ૦, મનઃપર્યાય૦, અને કેવળજ્ઞાન.

૧. **મતિજ્ઞાન**—મતિજ્ઞાન ઇન્દ્રિયો અને મનથી થાય છે. ચક્ષુથી રૂપી દ્રવ્ય અને રૂપ(વર્ણ), સંખ્યા, આકૃતિ વગેરેનું જ્ઞાન થાય. દા. ત. જોયું–'આ ઘડો છે, લાલ છે, એક જ છે, ગોળ છે,' ઇત્યાદિ. ઘ્રાણેન્દ્રિયથી ગંધનું ભાન થાય,–'આ સુગંધિ ક્યાંથી આવી ?' રસનેન્દ્રિયથી રસનું,–' આમાં મિઠાશ

સારી છે.' સ્પર્શનેંદ્રિયથી સ્પર્શનું,—'આ સુવાળું છે.' શ્રોત્રેન્દ્રિયથી શબ્દનું 'વાહ કેવો મધુર શબ્દ!' ને મનથી ચિંતન, સ્મરણ, અનુમાન, તર્ક વગેરે થાય તે. દા. ત. 'કાલે જઈશ,' 'પેલો માર્ગમાં મળેલો,' 'ધુમાડો દેખાય છે માટે અગ્નિ સળગતો હશે.' વગેરે.

મતિજ્ઞાનમાં ચાર કક્ષા છે.—● પહેલાં 'કંઈક' એવું ભાન થાય છે એ '**અવગ્રહ.**' પછી ● 'આ શું હશે? અમુક નહિ, અમુક સંભવે છે એ '**ઈહા.**' બાદ ● 'અમુક જ છે' એવો નિર્ણય એ '**અપાય.**' અને પછી ● એ ભૂલી ન જવાય એવી ચોકસાઈ એ '**ધારણા.**' આમ મતિજ્ઞાન ચાર પ્રકારે થયું,—અવગ્રહ, ઈહા, અપાય અને **ધારણા.** ● દા. ત. સ્વર કાને આવતાં 'કંઈક વાગે છે,' 'એ અવાજ તબલાનો છે કે ઢોલકનો? વિશેષનાએ ઢોલકનો લાગે છે.' 'બરાબર ઢોલકનો જ છે.' એમ શ્રોત્રેન્દ્રિયથી અવગ્રહ-ઈહા-અપાય મતિજ્ઞાન કર્યાં, પછી મનમાં એ અવાજ ચોકસ ધારી રાખ્યો તે **ધારણા** મતિજ્ઞાન થયું. ● અવગ્રહમાં પણ બે પ્રકાર છે,—એ:, 'કંઈક' એવો ભાસ વ્યક્ત થવા માટે પહેલાં પદાર્થ ઈન્દ્રિયના સંપર્કમાં જોડાતો જાય તે વ્યંજનાવગ્રહ, અને પછી 'કંઈક' એવો પદાર્થનો ભાસ થાય તે અર્થાવગ્રહ કહેવાય. ઉંઘતા માણસને કેટલોક વખત એના નામના શબ્દ કાને અથડાયા કરે છે, પછી એને કંઈક અવાજ ભાસે છે. ત્યાં શબ્દ અથડાવામાં અવ્યક્ત ચેતના જાગ્રત્ થઈ રહી છે, તેથી એને પણ (વ્યંજનાવગ્રહ) જ્ઞાન કહેવામાં આવે

છે. ભીંત પર પણ શબ્દ અથડાય છે, છતાં એને આવું કાંઈ નથી થતું. માટે અજીવને અથડાવાનું જુદું, અને સજીવ ઇન્દ્રિ-ઓને અથડાવાનું જુદું. એ માત્ર સંપર્ક નહિ, કિંતુ અવ્યક્ત ચૈતન્યસ્ફુરણ છે, અવ્યક્ત જ્ઞાન છે. આ વ્યંજનાવગ્રહ ચક્ષુ અને મન સિવાય ચાર ઇન્દ્રિયોને જ હોય છે; કેમકે ચક્ષુ અને મનને પોતાના વિષયનો સંપર્ક થવાની જરૂર નથી; માત્ર યોગ્ય દેશમાં આવેલી વસ્તુને અડ્યા વિના ચક્ષુ પકડી લે છે. એમ મન પણ વિષયને અડ્યા વિના ચિંતવી લે છે.

**મતિજ્ઞાનના રૂપકો** :-(૧) મનથી ભાવિનો વિચાર થાય તે **ચિંતા.** (૨) ભૂતકાળનું યાદ આવે તે **સ્મૃતિ.** (૩) વર્તમાનનો વિચાર આવે તે **મતિ** યા **સંજ્ઞા.** (૪) 'આ એજ માણસ છે.' એમ વર્તમાન સાથે ભૂતકાળનું અનુસંધાન થાય તે **પ્રત્યભિજ્ઞા** (૫) 'અમુક હોય તો અમુક હોવું જ જોઈએ', એવો વિકલ્પ તે **તર્ક.** (૬) હેતુ જોઈને કલ્પના થાય તે **અનુમાન.** દા. ત. નદીમાં પૂર જોઈને લાગે કે 'ઉપર વરસાદ પડ્યો હશે.' (૭) દેખાતી કે સંભળાતી વસ્તુ અમુક વિના ન ઘટે માટે એ અમુકની કલ્પના તે **અર્થાપત્તિ.** દા. ત. કોઈ સશક્ત માણસ છે. તે દિવસે ખાતો નથી એમ જાણ્યા પછી થાય કે જરૂર તે રાત્રે ખાતો હશે.

**૨. શ્રુતજ્ઞાન**–એ ઉપદેશ સાંભળીને કે લખાણ વાંચીને થાય છે. અમુક શબ્દ સાંભળ્યા તે તો શ્રોત્રથી શબ્દનું **મતિજ્ઞાન** થયું. એ તો ભાષા ન જાણતો હોય એને પણ થાય. પરંતુ શબ્દ–શ્રવણ પછી એના પરથી ભાષાના જાણકારને પદાર્થબોધ

થાય, કહેવાની વસ્તુ સમજાય તે **શ્રુતજ્ઞાન** છે. એ શાસ્ત્રથી થાય, કોઈના ઉપદેશથી યા સલાહ કે શિખામણથી પણ થાય. જ્યાં જ્યાં ઉપદેશ આગમ વગેરેને અનુસરીને જ્ઞાન થાય ત્યાં ત્યાં તે શ્રુતજ્ઞાન છે.

શ્રુતજ્ઞાનના ૧૪ ભેદ છે. ● **અક્ષરશ્રુત**, અક્ષરથી બોધ થાય તે. ● **અનક્ષરશ્રુત**–ખુંખારો કે માથું આંગળી આદિની ચેષ્ટા વગેરેથી બોધ થાય તે. ● **સંજ્ઞિશ્રુત**–મન સંજ્ઞાવાળાને થાય તે; ● **અસંજ્ઞિશ્રુત**—એકેન્દ્રિયાદિ જીવોને થાય તે; ● **સમ્યક્શ્રુત**--સમકિતીનો શ્રુતબોધ, ● **મિથ્યાશ્રુત** મિથ્યાત્વીનો શાસ્ત્રબોધ, ● **સાદિશ્રુત**–ભરતાદિ ક્ષેત્રમાં આદિ પામનારું શ્રુત; ● **અનાદિશ્રુત** મહાવિદેહમાં અનાદિથી ચાલ્યું આવતું શ્રુત; ● **સપર્યવસિતશ્રુત** નાશ પામનારું શ્રુતજ્ઞાન; ● **અપર્યવસિતશ્રુત**--અવિનાશી શ્રુતધારા; ● **ગમિકશ્રુત**–સરખા ગમ યાને આલવા(ફકરા)વાળું શ્રુત, ● **અગમિકશ્રુત**–એથી ઊલટું; ● **અંગપ્રવિષ્ટશ્રુત**–આચારાંગથી દૃષ્ટિવાદ સુધીના ૧૨ અંગનું શ્રુત; ● **અનંગપ્રવિષ્ટશ્રુત**–અંગ બહારના 'આવશ્યક' આદિ શાસ્ત્રનું શ્રુત૦

સમ્યક્ શ્રુતમાં જિનાગમો તથા જૈન શાસ્ત્રો આવે, મૂળ એ સર્વજ્ઞ શ્રી તીર્થંકરદેવની વાણીમાંથી પ્રગટેલા છે માટે સમ્યક્ છે.

**૪૫ આગમ** :—તીર્થંકર ભગવાન સંસારવાસ તજી ચારિત્ર અને બાહ્ય–આભ્યંતર તપની સાધના કરીને વીતરાગ સર્વજ્ઞ બને છે,પછી એ ગણધર શિષ્યોને 'ઉપ્પન્નેઈ વા,

'વિગમેઈ વા, ધ્રૂવેઈ વા' એ ત્રણ પદ (ત્રિપદી) આપે છે. ત્યાં એના શ્રવણ ઉપર એમની પૂર્વજન્મની વિશિષ્ટ સાધના, બુદ્ધિવૈશદ્ય, તીર્થંકર ભગવાનનો યોગ, ચારિત્ર વગેરે વિશિષ્ટ કારણો આવી મળવાથી, એ ગણધરદેવોને શ્રુતજ્ઞાનાવરણ કર્મનો અપૂર્વ ક્ષયોપશમ યાને અમુક રીતનો નાશ થાય છે. એથી વિશ્વનાં તત્ત્વનો પ્રકાશ થવાથી એ બાર અંગ (દ્વાદશાંગી) આગમની રચના કરે છે, ને સર્વજ્ઞ પ્રભુ એને પ્રમાણિત કરે છે. તે બાર અંગ આ,—આચારાંગ, સૂત્રકૃતાંગ, સ્થાનાંગ, સમવાયાંગ, ભગવતી (વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ), જ્ઞાતાધર્મકથા, ઉપાસકદશાંગ, અંતકૃતદશાંગ, અનુત્તરોપપાતિકદશાંગ, પ્રશ્નવ્યાકરણ, વિપાકસૂત્ર અને દૃષ્ટિવાદ. આ ૧૨ મા અંગ 'દૃષ્ટિવાદમાં' ૧૪ "પૂર્વ" નામના માહશાસ્ત્રોનો સમાવેશ છે. વીરપ્રભુના નિર્વાણ પછી હજારેક વર્ષે એ દૃષ્ટિવાદ આગમ વિચ્છેદ પામી ગયું છે. એટલે બાકી રહ્યા ૧૧ અંગ. એ ૧૧ + 'ઔપપાતિક' વગેરે ૧૨ ઉપાંગ + બૃહત્કલ્પ વગેરે ૬ છેદસૂત્ર + આવશ્યક, દશવૈકાલિક, ઉત્તરાધ્યયન, ઓઘનિર્યુક્તિ એ ૪ મૂળસૂત્ર + નંદીસૂત્ર અને અનુયોગદ્વાર એ ૨ + ૧૦ પ્રકીર્ણકશાસ્ત્ર (ગચ્છાચાર પયન્નો વગેરે) = એમ કુલ ૪૫ આગમ આજે ઉપલબ્ધ છે.

**પંચાંગી આગમ :–**

દસ આગમસૂત્ર પર શ્રુત કેવલી ચૌદપૂર્વધર આચાર્ય શ્રીભદ્રબાહુસ્વામીએ શ્લોકબદ્ધ ટૂંકી વિવેચના લખી છે, તે **'નિર્યુક્તિ,'** એના પર પૂર્વધર મહર્ષિએ શ્લોકબદ્ધ વધુ વિવેચન કર્યું છે તે **'ભાષ્ય'**, અને ત્રણેયના ઉપર આચાર્ય

ભગવંતોએ પ્રાકૃત-સંસ્કૃત વિવેચન કર્યાં છે તે '**ચૂર્ણિ**' અને '**ટીકા**' કહેવાય છે. એમ સૂત્ર-નિર્યુક્તિ-ભાષ્ય-ચૂર્ણિ ટીકા એ પંચાંગી આગમ કહેવાય છે.

**અન્ય જૈન શાસ્ત્રો :-**

● આ સિવાય તત્ત્વાર્થમહાશાસ્ત્ર, જીવવિચાર, નવતત્ત્વ, દંડક, સંગ્રહણી, ક્ષેત્રસમાસ, છ કર્મગ્રંથ, પંચસંગ્રહ, કર્મ-પ્રકૃતિ દેવવંદનાદિ ભાષ્ય, લોકપ્રકાશ, પ્રવચનસારોદ્ધાર વગેરે અનેકાનેક **પ્રકરણ શાસ્ત્રો** બહુશ્રુત આચાર્યોએ રચ્યા છે. ● **ઉપદેશ-શાસ્ત્રોમાં** ઉપદેશમાળા, ઉપદેશ પદ, પુષ્પમાળા, ભવભાવના, ઉપદેશતરંગિણી, અધ્યાત્મકલ્પદ્રુપ, શાંતસુધારસ, ૩૨ અષ્ટક, ઉપમિતિભવપ્રપંચા કથા વગેરે શાસ્ત્રો છે. ● **આચારગ્રન્થોમાં** શ્રાવકધર્મપ્રજ્ઞપ્તિ, શ્રાદ્ધવિધિ, ધર્મરત્નપ્રકરણ શ્રાદ્ધપ્રતિક્રમણવૃત્તિ, આચારપ્રદીપ, ધર્મબિંદુ, પંચાશક, ૨૦ વીશી, ષોડશક, ધર્મસંગ્રહ, સંઘાચારભાષ્ય, વગેરે છે.

● **યોગગ્રન્થોમાં** ધ્યાનશતક, યોગશતક, યોગબિંદુ, યોગદૃષ્ટિસમુચ્ચય, યોગશાસ્ત્ર, અધ્યાત્મસાર, ૩૨ બત્રીશી, યોગસાર, વગેરે છે.

● **દર્શનશાસ્ત્રોમાં** સન્મતિતર્ક, અનેકાંતવાદ, લલિત-વિસ્તરા, ધર્મસંગ્રહણી, શાસ્ત્રવાર્તાસમુચ્ચય, ષડ્દર્શનસમુચ્ચય, સ્યાદ્વાદ-રત્નાકર. ઉત્પાદાદિસિદ્ધિ, નયોપદેશ, અનેકાંતવ્યવસ્થા, પ્રમાણમિમાંસા, ન્યાયાવતાર, દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ....વગેરે છે.

● **ચરિત્રગ્રન્થોમાં :-** વસુદેવહીંડી, ત્રિષષ્ઠિશલાકાપુરુષ-

ચરિત્ર, કુવલયમાળા, સમરાઇચ્ચકહા; ભવિસયત્તચરિય, તરંગવતી, વગેરે અનેક ચરિત્રો છે.

●**શબ્દશાસ્ત્રમાં** :– સિદ્ધહેમવ્યાકરણ, બુદ્ધિસાગર વ્યા૦, અભિધાન-ચિંતામણિ, અનેકાર્થનામમાલા, કાવ્યાનુશાસન; લિંગાનુશાસન, છંદ પર વૃત્તરત્નાકર, ન્યાયસંગ્રહ, દેશીનામ-માળા વગેરે છે.

●**કાવ્યશાસ્ત્રોમાં** : તિલકમંજરી, દ્વયાશ્રયકાવ્ય, શાલિભદ્રચરિત્ર, હીરસૌભાગ્ય, જૈનમેઘદૂત, ગૌતમીયકાવ્ય, વિજયપ્રશસ્તિ, કુમારપાળ ચરિત૦, શાંતિનાથ મહાકાવ્ય.

●**જ્યોતિષશાસ્ત્રાદિ**:– આરંભસિદ્ધિ, નારચંદ્ર, લગ્ન શુદ્ધિ આ સિવાય વાસ્તુસાર વગેરે શિલ્પશાસ્ત્ર, તથા બીજાં શાસ્ત્રો ગુજરાતી રાસા ઈત્યાદિ અનેકાનેક વિષયોનાં અનેક શાસ્ત્રો છે.

### ૩. અવધિજ્ઞાન :–

અવધિ એટલે મર્યાદા, અર્થાત્ રૂપી દ્રવ્ય પૂરતું, અને ઇન્દ્રિય વગેરેની સહાય વિના આત્માને સીધું જ પ્રત્યક્ષ થાય તે અવધિજ્ઞાન છે, દેવ અને નારકને આ જન્મસિદ્ધ હોય છે, અને મનુષ્ય તિર્યંચને તપ વગેરે ગુણથી પ્રગટે છે. એટલે એક ભવપ્રત્યયિક, બીજું ગુણપ્રત્યયિક. એ કેટલાય દૂર દેશ-કાળના રૂપી પદાર્થ પ્રત્યક્ષ જોઈ શકે છે.

અવધિજ્ઞાન પ્રતિપાતી અપ્રતિપાતી વગેરે છ પ્રકારે છે. અવધિજ્ઞાન કોઇ નાશ પામે છે, અગર કોઈ ટકી રહે છે, તે **પ્રતિપાતી** અને **અપ્રતિપાતી**; વળી કોઈ ઉત્પત્તિક્ષેત્રની

બહાર જીવની સાથે જઈ શકે છે, તો કોઇ નથી જઈ શકતું તે **અનુગામી. અનુગામી** વળી કોઈ વધતું ચાલે છે, તો કોઈ ઘટતું; તે **વર્ધમાન** અને **હીયમાન** એમ છ પ્રકાર છે.

**૪. મનઃપર્યાય જ્ઞાન :—**

અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞીપંચેન્દ્રિય જીવોએ ચિંત્વન માટે મનોવર્ગણામાંથી જે મન બનાવેલ હોય, તે મનનું પ્રત્યક્ષ કરવાનું ખાસ કાર્ય મનઃપર્યાયજ્ઞાન કરે છે. એ અપ્રમાદી મુનિમહર્ષિને થાય છે. એના પ્રકાર છે,–૧. **ઋજુમતિ,** ને ૨. **વિપુલમતિ.** પહેલાથી સામાન્ય રૂપે જુએ છે, દા. ત. 'આ માણસ ઘડો ચિંતવી રહ્યો છે?' ત્યારે બીજાથી વિશેષ જાણે છે, જેમકે આ પાટલીપુત્રનગરનો અને અમુક કાળે તથા અમુકે બનાવેલો ઘડો વિચારી રહ્યો છે.'

**૫. કેવળજ્ઞાન :—**

ત્રણેય કાળના સર્વદ્રવ્યોના સર્વપર્યાયને પ્રત્યક્ષ જોઈ શકે તે કેવળજ્ઞાન. ત્યાં હવે વિશ્વની કોઈ કાળની કોઈજ વસ્તુનું અજ્ઞાન નથી, માત્ર જ્ઞાન જ છે. આત્મા સમ્યક્ત્વ સહિત સર્વવિરતિ ચારિત્ર વગેરે ગુણસ્થાનકે ચઢતો આગળ જઈ શુકલધ્યાનથી સર્વ મોહનીય કર્મનો નાશ કરવા પૂર્વક સર્વ જ્ઞાનાવરણ–દર્શનાવરણ–અંતરાય કર્મનો નાશ કરે ત્યારે કેવળજ્ઞાન પ્રગટ થાય છે. જ્ઞાન નવું કોઈ બહારથી નથી આવતું, આત્માના સ્વરૂપમાં બેઠું જ છે. માત્ર ઉપર આવરણ લાગ્યાં છે, એ જેમ જેમ તૂટે તેમ તેમ જ્ઞાન પ્રગટતું આવે

છે. સર્વ આવરણ નષ્ઠ થયે, સમસ્ત લોકાલોકને પ્રત્યક્ષ કરતું કેવળજ્ઞાન પ્રગટે છે.

**સર્વજ્ઞતા શાથી?** :–આત્મા જડથી જુદો પડે છે તે જ્ઞાન સ્વભાવને લઈને. એના પરનાં આવરણ ખસે તેમ તેમ એ જ્ઞાન પ્રગટ થાય. હવે દર્પણની જેમ જ્ઞાનનો સ્વભાવ જ્ઞેયને પકડવાનો છે, જ્ઞેય પ્રમાણે પરિણમવાનો છે. જો કોઇ જ આવરણ હવે બાકી નથી તો સહજ છે કે એ સર્વ જ્ઞેયને વિષય કરે. 'જ્ઞાન આટલું જ જાણે, વધુ નહિ' એમ જ્ઞાનની લિમિટ બાંધવામાં કોઈ યુક્તિ નથી. મન કેટલું ચિંતવી શકે એની લિમિટ ક્યાં બંધાય છે? માટે કેવળજ્ઞાનમાં સર્વ પ્રત્યક્ષ છે.

આવું સર્વ પ્રત્યક્ષ જ્ઞાન જેને થાય એ જ જગતને સત્ય તત્ત્વ અને સાચો મોક્ષમાર્ગ બતાવી શકે; એ જ પરમ આપ્ત પુરુષ કહેવાય; અને એમનું વચન જ અર્થાત્ 'આગમ' પ્રમાણભૂત હોઈ શકે. પછી એમનાં વચનને બરાબર અનુસરનારા પણ આપ્ત કહી શકાય. દા. ત. ગણધર મહર્ષિ. એમનાં આગમ પ્રમાણ છે.

પાંચે જ્ઞાન એ પ્રમાણ છે. એમાં અવધિજ્ઞાનાદિ ત્રણને પ્રત્યક્ષપ્રમાણમાં અને મતિજ્ઞાન–શ્રુતજ્ઞાનને પરોક્ષ પ્રમાણમાં ગણ્યાં, તે **પારમાર્થિક** દૃષ્ટિએ. વ્યવહારમાં ઇન્દ્રિયથી સાક્ષાત્ થતું જ્ઞાન પ્રત્યક્ષ કહેવાય છે; તે **સાંવ્યવહારિક** પ્રત્યક્ષ છે. મતિ અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, આગમ, અર્થાપત્તિ વગેરે પ્રમાણોનો સમાવેશ થઇ જાય છે. વાદીની

સભામાં મુખ્યત્વે પ્રત્યક્ષ અને અનુમાન એમ બે પ્રમાણનો આશ્રય કરાય છે.

**અનુમાન પ્રમાણમાં** એક પ્રત્યક્ષ દેખાતી યા સંભળાયેલી વસ્તુ યાને હેતુ ઉપરથી બીજી એની સાથે અવશ્ય સંબદ્ધ વસ્તુ હોવાનો નિર્ણય કરવામાં આવે છે. દા. ત. દૂરથી ધજા કે શિખર જોઈ મંદિરનો નિર્ણય થાય એ અનુમાન. (૧) વાદ ચાલે ત્યાં પહેલી સ્થાપના કરાય તે **પ્રતિજ્ઞા-વાક્ય**; જેમકે પર્વત પર અગ્નિ છે. (૨) એને સિદ્ધ કરવા માટે હેતુ આપવામાં આવે છે, દા. ત. કેમકે ત્યાં ધુમાડો દેખાય છે; એ **હેતુવાક્ય**. (૩) પછી વ્યાપ્તિ અને **ઉદાહરણ** બતાવવામાં આવે છે, દા. ત. જ્યાં જ્યાં ધુમાડો હોય ત્યાં ત્યાં અગ્નિ અવશ્ય હોય; જેમકે રસોડામાં અગ્નિ વિના ધુમાડો ન હોઈ શકે, ન ઘટી શકે. અહીં વિના ન હોઈ શકે એ અવિનાભાવી, અન્યથાનુપપન્ન. આમાં વિના = અન્યથા. ન ઘટી શકે = અનુપપન્ન. ધુમાડો અગ્નિની દૃષ્ટિએ અવિનાભાવી છે, અન્યથાનુપપન્ન છે. આ અવિનાભાવ કે અન્યથાનુપપન્નત્વને વ્યાપ્તિ કહે છે. અવિનાભાવીને વ્યાપ્ય અને બીજા સંબંધીને વ્યાપક કહે છે. ધુમાડો વ્યાપ્ય છે, અને અગ્નિ વ્યાપક છે. વ્યાપ્ય–વ્યાપકની વચ્ચે રહેલ વ્યાપ્તિની ખબર હોય તો (૧) વ્યાપ્ય પરથી વ્યાપકનું અનુમાન થઈ શકે; એ અન્વયિ વ્યાપ્તિથી થયું કહેવાય; અને (૨) વ્યાપકના અભાવ પરથી વ્યાપ્યના અભાવનું જ્ઞાન થઈ શકે; એ વ્યતિરેકી વ્યાપ્તિથી થયું ગણાય. (૪) વ્યાપ્તિ ને ઉદાહરણ જાણ્યા

પછી ઉપસંહાર કરાય તેને **ઉપનય** કહેવાય. દા. ત. પર્વતમાં અગ્નિ-વ્યાપ્ય ધુમાડો છે. (૫) પછી નિર્ણય થાય કે પર્વતમાં અગ્નિ છે; એને **નિગમન** કહે છે. આ પ્રતિજ્ઞા, હેતુ, વગેરે પાંચ અવયવ 'પરાર્થ અનુમાન'માં યાને બીજાને અનુમાન કરાવવામાં જરૂરી છે. સ્વાર્થાનુમાન તો હેતુ અને નિગમન બે થી ય થાય.

આત્મા, પરલોક, કર્મ, વગેરે અતીન્દ્રિય પદાર્થોનો નિર્ણય અનુમાન પ્રમાણથી થઈ શકે છે.

બીજાં દર્શનો **પ્રમા**(યથાર્થજ્ઞાન)નાં કરણને પ્રમાણ કહે છે. પરંતુ પ્રામાણ્યની વાત આવે ત્યારે એને પ્રમાનો ધર્મ માને છે! પણ એ કેમ બને? પ્રામાણ્ય તો પ્રમાણનો ધર્મ હોય. માટે પ્રમાણ એ જ્ઞાનકરણ નહિ, પણ ખુદ જ્ઞાન છે. તેથી જૈન દર્શન કહે છે, 'સ્વ-પર-વ્યવસાયિ જ્ઞાનં પ્રમાણં.'

---

## ૩૭. નય અને નિક્ષેપ

વસ્તુમાં અનંત ધર્મ રહેલા છે, એટલે વસ્તુ અનંત ધર્માત્મક છે, કેમકે વસ્તુમાં અનેકાનેક ગુણો અને ખાસિયતો વગેરે પર્યાયો તન્મયભાવે છે. ઉપરાંત એ વસ્તુ જગતના અનંત પદાર્થો સાથે કારણતા-કાર્યતા, સહભાવિતા, વિરોધિતા, સમાનતા-અસમાનતા વગેરેની દૃષ્ટિએ સંબદ્ધ હોઈ તે તે અપેક્ષાએ તેવા તેવા અનેક ધર્મ આ વસ્તુમાં છે. દા. ત. દીવાનો પ્રકાશ; એમાં તેજ (ઝગમગાટ), પીળાશ વગેરે ગુણ છે. દીવો તેલનો, મણિલાલનો, ઘરમાં રહેલો, વગેરે ખાસિયતો એ પર્યાય

છે; તેમ અંધકારની વિરોધિતા, તેલ-વાટની કાર્યતા, વસ્તુદર્શનની કારણતા વગેરે અપરંપાર ધર્મ એનામાં છે. આ **અન્વયી ધર્મો છે;** વસ્તુમાં અસ્તિત્વ સંબંધથી જોડાયેલા એ અન્વયી ધર્મ. એને **સ્વપર્યાય** કહે છે. એમ દીવામાં પાણીની કાર્યતા નથી, શ્યામ રૂપ નથી, શીત કે કઠિન સ્પર્શ નથી,....વગેરે **વ્યતિરેકી ધર્મ** છે. નાસ્તિત્વ સંબંધથી જોડાયેલા, તે વ્યતિરેકી ધર્મ. એને **પર-પર્યાય** કહે છે.

આ ધર્મોમાંથી તેવી અપેક્ષાએ કોઈ ધર્મને-અંશને આગળ કરીને વસ્તુનું જ્ઞાન કરાય તે **નયજ્ઞાન** છે. દા. ત. મનુ અમદાવાદમાં રહે છે. જો કે એ ભારતમાં ય રહે છે, ગુજરાતમાં ય રહે છે, અને અમદાવાદમાં પણ અમુક પોળમાં રહે છે. છતાં અહીં બીજા શહેરોની અપેક્ષાએ ખાસ અમદાવાદનો ઉલ્લેખ કરી જ્ઞાન કર્યું. એમ મનુના બીજા ધર્મો-ઉંમર, ઉંચાઈ આરોગ્ય, ભણતર, વગેરેને પણ અહીં લક્ષમાં ન લીધા, નહિતર એમ કહેવાય કે 'કુમાર મનુ' યા '૧૪ વર્ષનો કે ૧૩ વર્ષ ૬ મહિનાનો મનુ'....ઈત્યાદિ.

વસ્તુમાં અમુક અપેક્ષાએ નિશ્ચિત થતા અંશથી વસ્તુનો થતો બોધ યા શાબ્દિક વ્યવહાર તે નય કહેવાય.

**૭ નય** :—નય જ્યારે વસ્તુનું અંશે જ્ઞાન કરે છે, ત્યારે એ સમજાય એવું છે કે તે તે અંશનું જ્ઞાન કોઈ દૃષ્ટિબિંદુના હિસાબે કરશે, માટે નયને દૃષ્ટિ પણ કહેવામાં આવે છે. આના ભેદ તો જેટલા વચનપ્રકાર તેટલા બની શકે; પરંતુ બહુ પ્રચલિત સંગ્રાહક ભેદ સાત છે,—નૈગમનય, સંગ્રહનય,

વ્યવહારનય, ઋજુસૂત્રનય, શબ્દ( સાંપ્રત )નય, સમભિરૂઢનય અને એવંભૂતનય.

૧. **નૈગમનયઃ**—પ્રમાણ એ વસ્તુને સમગ્રતાએ જુએ છે, તેથી કોઈ અપેક્ષા તરફ એની દૃષ્ટિ નથી. ત્યારે નય વસ્તુને એના અનેક અંશોમાંથી એક અંશ રૂપે જુએ છે, તેથી એને અપેક્ષા તરફ દૃષ્ટિ હોય છે. ભિન્ન ભિન્ન અપેક્ષાએ ભિન્ન ભિન્ન નયજ્ઞાન થાય છે. સ્થૂલ અપેક્ષાથી પ્રારંભના નૈગમાદિનું અને સૂક્ષ્મ સૂક્ષ્મ અપેક્ષાએ પછીના નયોનું જ્ઞાન હોય છે.

વસ્તુમાત્રમાં સામાન્ય અંશ અને વિશેષ અંશ હોય છે. દા. ત. વસ્ત્ર બીજા વસ્ત્રની જેમ વસ્ત્રસામાન્ય છે. પણ એક ડગલા તરીકે એ વસ્ત્ર વિશેષ છે. એમાંય પાછું એ બીજા ડગલાની હારોહાર ડગલો–સામાન્ય છે, અને સફેદ હોઈ, બીજા રંગીન ડગલા કરતાં ડગલોવિશેષ છે.

અથવા રેશમી ડગલા તરીકે ડગલોવિશેષ છે; એમાંય વળી બીજા રેશમી ડગલાના હિસાબે એ સામાન્ય છે, પણ ખાસ સિલાઈવાળા તરીકે વિશેષ છે. આમ વસ્તુમાં કેઈ સામાન્ય વિશેષો છે; ને તે તે અપેક્ષાએ વસ્તુ અનેક સામાન્ય–વિશેષરૂપે જણાય છે. આ કાર્ય નૈગમનય કરે છે. નૈગમ=નૈક ગમ=અનેક બોધ, અનેક સામાન્ય–અનેક વિશેષ રૂપે જ્ઞાન. અલબત્ એક વખતે અમુક સામાન્ય યા અમુક વિશેષરૂપે જ નૈગમનય–જ્ઞાન થવાનું.

૨. **સંગ્રહનય**– વસ્તુને માત્ર સામાન્યરૂપે જાણે છે. દા.

ત. 'મોહ શું કરો છો ? બધું ય અંતે નાશવંત છે.' અહીં સમગ્રને એક સત્ કે નાશવંત સામાન્ય તરીકે જાણ્યું, તે સંગ્રહનય જ્ઞાન. દા. ત. 'જીવ કહો કે અજીવ, બધુંય સત્ છે.' 'તિજોરી શું, કે બંગલા શું, બધુંય નાશવંત છે.' એમ અવાંતર સામાન્યમાં દા. ત. 'વડ કહો કે પીપળા કહો, બધુંય વન છે.' આમ આ નય વિશેષને અગણ્ય ગણે છે.

૩. **વ્યવહારનય** – લોકવ્યવહાર મુજબ વસ્તુને માત્ર વિશેષ રૂપે જાણે છે. એ કહે છે કે એકલા સામાન્ય તરીકે કોઈ વસ્તુ જ નથી, જે વ્યવહારમાં છે, જે ઉપયોગમાં આવે છે, તે વિશેષ જ છે. વડ પીપળો બાવળ વગેરેમાંનું કશું ન હોય એવી વૃક્ષ જેવી કોઈ ચીજ છે ? ના, જે છે તે કાં વડ છે, કાં પીપળો છે. માટે વિશેષ એ જ વસ્તુ છે.

૪. **ઋજુસૂત્રનય** – એથી ઊંડે જઈને ઋજુ એટલે સરળ સૂત્રથી વસ્તુને જાણે છે; અર્થાત્ વર્તમાન અને પોતાની જ વસ્તુ હોય તેને જ વસ્તુ તરીકે જાણે છે. દા. ત. ખોવાઈ-ખેંચાઈ ગયેલું નહિ, કિંતુ હાલમાં મોજુદ હોય તેટલા ધન પર કહેવાય છે કે 'મારી પાસે આટલું ધન છે.' એમ કોઈનું સાચવતો હોય તેના પર નહિ, કિંતુ પોતાની માલિકીનું હોય તેના પર કહેવાય છે કે 'હું હજારપતિ છું,' કે 'લાખપતિ છું,....' વગેરે. આ ઋજુસૂત્ર નયનું જ્ઞાન છે.

૫. **શબ્દ (સાંપ્રત)નય** – એથી ઊંડે જઈને વસ્તુને સમાન લિંગ–વચનવાળી હોય ત્યાં સુધી જ એને એ રૂપે જાણે છે. લિંગ–વચન જુદા પડતાં વસ્તુને જુદી કહે છે. દા.

ત. ઘડો, કળશ, કુંભ એ સમાન વસ્તુ છે. ઘડી, લોટી, ગાગર એ પેલાથી જુદી વસ્તુ છે. પ્રસંગે આ વિવક્ષાથી બોધ કે વ્યવહાર થાય છે તે શબ્દનયના ઘરનો છે, દા. ત. આ પત્ની નથી, દાર છે, કેમકે પુરુષ જેવી છે. એમ, ઘડી એ નાનો ઘડો જ છે. છતાં કહેવાય છે કે 'આ ઘડો શું લાવ્યા ? મારે તો ઘડી જોઈએ છે.'

૬. **સમભિરૂઢનય** –એથી ય ઊંડે જઇ વસ્તુમાં શબ્દાર્થ ઘટે તો જ તેને એ વસ્તુ તરીકે માને., દા. ત. વકિલનો દિકરો 'વકિલ'ની અટકવાળો છતાં કહેવાય છે કે 'આ કાંઈ વકિલ નથી.' એમ, ગોવાળિયાનું નામ ઈન્દ્ર પાડ્યું છે પરંતુ તે કાંઈ ખરેખર ઈન્દ્ર નથી. ખરેખર ઈન્દ્ર તો દેવનો સ્વામી છે, કેમકે ઈન્દ્ર શબ્દનો અર્થ ઈન્દનવાળો એટલે કે ઐશ્વર્યવાળો, તે એમાં જ ઘટે છે. 'ઈન્દ્ર પ્રભુને મેરુ શિખર પર લઈ જાય છે,' આ ઈન્દ્રનું જ્ઞાન કે વ્યવહાર સમભિરૂઢ નયના છે,

૭. **એવંભૂત નય** –એથી પણ ઊંડે જઈને જણાવે છે કે શબ્દાર્થ પણ વર્તમાનમાં ઘટતો હોય તો જ તે વસ્તુ તરીકે તેને સંબોધી શકાય, નહિ કે પૂર્વે ઘટતો હતો તેટલા માત્રથી, દા. ત. 'ઈન્દ્ર ચક્રવર્તી કરતાં ય અધિક વૈભવી સમ્રાટ છે.' આમાં ઈન્દ્રનું જ્ઞાન એવંભૂત નયનું થઈ રહ્યું છે; કેમકે દેવસભામાં સિંહાસન પર ઈન્દ્રપણાના ઐશ્વર્ય સાથે બિરાજમાન દેવરાજાને જ ઈંદ્ર તરીકે સમજી રહ્યો છે. એમ રસોઈ વખતે 'ઘીનો ડબ્બો લાવો' એટલે કે ઘી ભરેલો ડબ્બો લાવો, એમ કહેવાય છે તે એવંભૂત નયથી.

(પૂર્વે ઘી ભરતા હતા પણ અત્યારે ખાલી છે, તે ઘડાનો બોધ જો એમ કરાય કે 'પેલો ઘીનો ઘડો નાનો છે,' તો તે સમભિરૂઢ નયનું જ્ઞાન થયું.)

આમ વસ્તુ એની એ છતાં એનો જુદી જુદી અપેક્ષાએ અમુક અમુક ચોક્કસ પ્રકારે બોધ થાય છે અને એ રીતે વ્યવહાર કરવામાં આવે છે, તે ભિન્ન ભિન્ન નયના ઘરના છે. એમ પદાર્થ ઉપર દ્રવ્ય ઉપર, પર્યાય ઉપર, બાહ્ય વ્યવહાર ઉપર કે આંતરિક ભાવ ઉપર દૃષ્ટિ રાખી ભિન્ન ભિન્ન નયોનું પ્રવર્તન થાય છે. તેથી ઉક્ત સાત નયોનો સંક્ષેપ શબ્દનય–અર્થનય, કે દ્રવ્યાર્થિકનય–પર્યાયાર્થિક નય, યા નિશ્ચનયય–વ્યવહારનય ઇત્યાદિરૂપે થઈ શકે છે.

## નિક્ષેપ

એક જ નામ જુદા જુદા પદાર્થમાં વપરાય છે, દા. ત. કોઈ છોકરાનું નામ રાજાભાઈ પાડ્યું છે, તો તે રાજા તરીકે સંબોધાય છે. એમ [૨]કોઈ રાજાના ચિત્રને પણ રાજા કહેવાય છે. વળી [૩]ક્યારેક રાજપુત્રને રાજા કહેવાય છે, 'આ બાપથી સવાયો રાજા છે,' અને [૪]ખરેખર રાજા પણ રાજા કહેવાય છે. આમ 'રાજા'નું સ્થાપન કેવળ નામમાં કે, આકૃતિમાં, કે કારણી–ભૂત દ્રવ્યમાં પણ થાય છે, અને રાજાપણાના ભાવમાં તો થાય જ છે. જૈન શાસ્ત્રમાં એને નિક્ષેપ કહે છે, ન્યાસ કહે છે. નિક્ષેપ એ વસ્તુના એક જાતના વિભાગ છે.

દરેક વસ્તુના ઓછામાં ઓછા ૪ નિક્ષેપ થાય, ૪ વિભાગ પડે; જેમકે નામનિક્ષેપ, સ્થાપનાનિક્ષેપ, દ્રવ્યનિક્ષેપ,

અને ભાવનિક્ષેપ. ● (૧) **નામનિક્ષેપ** એટલે ખાલી નામથી વસ્તુ, યા નામ; દા. ત. ઇંદ્ર નામનો છોકરો, યા ઇન્દ્ર એવું નામ—એમ જૈનપણાના કોઇ પણ ગુણ વિનાનો નામમાત્રથી જૈન, યા 'જૈન' એવું નામ. ● (૨) **સ્થાપનાનિક્ષેપ** એટલે મૂળ વ્યક્તિની મૂર્તિ, ચિત્ર, ફોટો વગેરે, યા આકૃતિ. એ મૂર્તિ આદિમાં મૂળ વસ્તુની સ્થાપના અર્થાત્ ધારણા કરવામાં આવે છે. દા. ત. મૂર્તિને ઉદ્દેશીને 'આ મહાવીરસ્વામી છે' એમ કહેવાય છે. નકશામાં 'આ ભારત દેશ છે, આ અમેરિકા છે,' વગેરે કહેવાય છે; ● (૩) **દ્રવ્યનિક્ષેપ**—એટલે મૂળ વસ્તુની પૂર્વ ભૂમિકા, કારણ–અવસ્થા, કે ઉત્તર અવસ્થાની વસ્તુ, યા ચિત્તોપયોગ વિનાની ક્રિયા, દા. ત. ભવિષ્યમાં રાજા થનાર રાજપુત્રને અવસરે રાજા કહેવાય છે. તીર્થંકરનો થનાર આત્માને તીર્થંકર થવા પૂર્વે પણ 'મેરુ પર તીર્થંકરનો અભિષેક થાય છે,' ઈત્યાદિ કહેવાય છે; અથવા સમવસરણ પર બેસી તીર્થ નથી પ્રવર્તાવી રહ્યા કિંતુ વિહાર કરી રહ્યા છે ત્યારે પણ એમને તીર્થંકર તરીકે સંબોધવામાં આવે છે. એમ રખડતા ચિત્તે કરાતું પ્રતિક્રમણ એ દ્રવ્ય–પ્રતિક્રમણ દ્રવ્ય–આવશ્યક છે. ● (૪) **ભાવનિક્ષેપ**—તે તે નામનો ભાવ વસ્તુની જે અવસ્થામાં બરાબર લાગુ થાય, તે અવસ્થામાં ભાવ–નિક્ષેપે વસ્તુ કહેવાય. દા. ત. સમવસરણ પર દેશના દેતા હોય ત્યારે તીર્થંકર ભાવ–નિક્ષેપે ગણાય. સાધુતાના ગુણોવાળા સાધુ, દેવસભામાં સિંહાસન પર ઐશ્વર્ય સમૃદ્ધિએ શોભતો ઈન્દ્ર.... વગેરે ભાવ–નિક્ષેપે છે.

અહીં દ્રવ્ય–નિક્ષેપ, જેમ કારણભૂત વસ્તુમાં યોજાય છે

તેમ મુદ્દલ કારણભૂત નહિ કિન્તુ અંશે દેખાવમાં સમાન અને તે નામથી સંબોધાતી, ગુણરહિત ભળતી વસ્તુમાં પણ યોજાય છે. દા ત. અભવ્ય આચાર્ય એ પણ દ્રવ્ય–આચાર્ય છે. સવારે કરાતા દાતણપાણી સ્નાન એ પણ દ્રવ્ય–આવશ્યક છે. ચારે નિક્ષેપા એક જ વ્યક્તિમા પણ ઘટી શકે છે. ત્યાં શબ્દાત્મક નામ એ નામ–નિક્ષેપ, આકૃતિ એ સ્થાપના–નિક્ષેપ, કારણભૂત અવસ્થા એ દ્રવ્ય–નિક્ષેપ, અને તે નામની ભાવ–અવસ્થા એ ભાવ–નિક્ષેપ.

દરેક વસ્તુના ૪ નિક્ષેપ ૪ વિભાગ તો પડે, પણ કેટલીક વસ્તુના વધારે પણ પડે છે. દા. ત. 'લોક'ના ક્ષેત્રલોક, કાળલોક, ભવલોક, વગેરે પણ નિક્ષેપા હોય છે. કહેવાય કે 'જીવ અને જડ લોકમાં રહે છે, અલોકમાં નહિ' ત્યાં લોક ક્ષેત્રલોક. 'જીવ લોકમાં રખડે છે,' ત્યાં લોક એટલે ભવો.

## ૩૮. અનેકાંતવાદ (સ્યાદ્વાદ)–સપ્તભંગા–અનુયોગ

જૈનદર્શન અનેકાંતવાદી દર્શન છે. પણ બીજા દર્શનોની જેમ એકાંતવાદી નહિ. **એકાંત** એટલે વસ્તુમાં જે ધર્મની વાત પ્રસ્તુત હોય, એકલો એ જ ધર્મ હોવાનો નિર્ણય યા સિદ્ધાંત, અને સત્ એવા પણ એના પ્રતિપક્ષી ધર્મનો ઇન્કાર, નિષેધ. **અનેકાંત** એટલે એ ધર્મ હોવાનો અને બીજી અપેક્ષાએ ઘટતો એનો પ્રતિપક્ષી ધર્મ પણ હોવાનો નિર્ણય યા સિદ્ધાન્ત. દા. ત. એકાંત મતે આત્મા નિત્ય છે એટલે કે નિત્ય જ છે, અનિત્ય નહિ જ. અનેકાંત મતે નિત્ય પણ છે, અનિત્ય પણ છે, અર્થાત્ નિત્યાનિત્ય છે. આ અનેકાંતવાદી

પરિસ્થિતિ એ કાંઈ સંશય–અવસ્થા કે અચોક્કસ અવસ્થા નથી, પણ ચોક્કસ અસંદિગ્ધ અવસ્થા જ છે, કેમકે બંને પૈકી નિત્ય છે તે નિશ્ચિતપણે અને ચોક્કસ રૂપે નિત્ય છે જ; એમ અનિત્ય પણ નિશ્ચિત અને ચોક્કસ અનિત્ય છે જ.

પ્ર૦—એની એ વસ્તુ નિત્ય પણ ખરી અને અનિત્ય પણ ખરી એ વિરુદ્ધ નથી? વિરુદ્ધ ધર્મો એક સાથે કેમ રહી શકે ?

ઉ૦—વસ્તુનાં બે રૂપ છે,– ૧. મૂળરૂપ અને ૨. અવસ્થારૂપ. વસ્તુ મૂળરૂપે કાયમ રહે છે, યાને નિત્ય છે, સ્થિર છે, છતાં અવસ્થારૂપે કાયમ નથી, સ્થિર નથી, અનિત્ય છે. દા. ત. સોનું સોનારૂપે કાયમ રહે છે, છતાં લગડીરૂપે કે કડારૂપે કાયમ નથી હોતું,-એ સ્પષ્ટ દેખાય છે. એ અવસ્થારૂપે પરિવર્તન પામ્યા કરે છે, અર્થાત્ અનિત્ય છે. અલબત્ નિત્યત્વ અને અનિત્યત્વ વિરુદ્ધ છે, પણ તે એક જ અપેક્ષાએ વિરુદ્ધ હોઈ સાથે ન રહી શકે; કિંતુ જુદી જુદી અપેક્ષાએ એક જ ઠેકાણે સાથે રહી શકે છે; માટે વિરુદ્ધ નથી. દા. ત. પિતાપણું અને પુત્રપણું આમ વિરુદ્ધ છે. પિતા તે પુત્ર નહિ અર્થાત્ તે પિતૃત્વ–પુત્રત્વ એક જ વ્યક્તિની અપેક્ષાએ સાથે ન હોઈ શકે. પરંતુ ભિન્ન ભિન્ન વ્યક્તિની અપેક્ષાએ તો એ સાથે રહી શકે છે. દા. ત. રામ એકલા દશરથની અપેક્ષાએ પુત્ર અને પિતા બંને નહોતા, પરંતુ દશરથની અપેક્ષાએ તો પુત્ર હતા જ ને? અને લવણ–અંકુશની અપેક્ષાએ પિતા હતા જ ને? એટલે રામમાં પુત્રત્વ–પિતૃત્વ બંને સાથે હતું. એમ સુવર્ણ મૂળ સુવર્ણદ્રવ્યની અપેક્ષાએ નિત્ય

=કાયમ છે, કડાપણું–કંઠીપણું વગેરેની અપેક્ષાએ કાયમ નહિ, પણ અનિત્ય છે.

વસ્તુમાં અમુક અમુક અપેક્ષાએ જ તેવા તેવા ધર્મ રહે છે. તેથી તે તે ધર્મનું દર્શન કે પ્રતિપાદન તે તે અપેક્ષાએ જ સાચું થઈ શકે, પણ તેથી બીજી જ ભળતી અપેક્ષાએ નહિ. બીજી અપેક્ષાએ તો બીજો જ ધર્મ કહેવો પડે. દા. ત. આત્મા એ જીવ તરીકે જ નિત્ય છે, પણ મનુષ્ય તરીકે નિત્ય કાયમ નહિ. મનુષ્ય તરીકે તો એને અસ્થિર, અનિત્ય જ કહેવો પડે. આમ જુદી જુદી અપેક્ષાથી જુદા જુદા ધર્મ એક જ વસ્તુમાં રહી શકે છે; તેમાં પરસ્પર વિરુદ્ધ ધર્મ પણ હોય. દા. ત. પાણીથી અર્ધો ભરેલ ગ્લાસ ભરેલો પણ છે, ને ખાલી પણ છે. ત્રીજી આંગળી નાની ય છે, તેમ મોટી ય છે. એટલે એકાંતે એક જ ધર્મ હોવાનો આગ્રહ રખાય તો તે ખોટું છે,

તાત્પર્ય, વસ્તુ નિત્ય છે, એક છે, વગેરે, તે નિરપેક્ષપણે કે સર્વ અપેક્ષાએ નહિ, પણ કથંચિત્ એટલે કે અમુક અપેક્ષાએ. આ અનેકાંતવાદ સિદ્ધાંતને કથંચિદ્વાદ, સ્યાદ્વાદ પણ કહે છે. સ્યાદ્ એટલે કથંચિદ્ અર્થાત્ અમુક અપેક્ષાએ તે તે ધર્મ યા પરિસ્થિતિનું પ્રતિપાદન એ સ્યાદ્વાદ. એકાંત દૃષ્ટિથી નહિ, પણ અનેકાંત દૃષ્ટિથી જ જોવું કે બોલવું પ્રામાણિક બને છે, માટે અનેકાંતવાદનો જ સિદ્ધાંત પ્રામાણિક છે. જૈન દર્શન અનેકાંતવાદી છે, સ્યાદ્વાદી છે, સાપેક્ષતાનો સિદ્ધાંત ધરાવે છે. આજના વૈજ્ઞાનિક પ્રો. આઈન્સ્ટાઈનને

પણ બહુ તપાસને અંતે Principle of Relativity સાપેક્ષતાનો સિદ્ધાંત અંકિત કરવો પડ્યો છે,

## ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય

વસ્તુમાત્રને સાપેક્ષ રીતે જોઈએ તો જ યથાર્થ દર્શન થાય; કેમકે વસ્તુ અનેકની સાથે સંબંધ ધરાવે છે, તેમ જ એમાં મૂળ સ્વરૂપ અને નવનવી અવસ્થા એટલે કે દ્રવ્યપણું અને પર્યાય, એમ બે સ્થિતિ હોય છે. દ્રવ્યરૂપે એ ધ્રુવ (કાયમ) રહે છે, અને પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે તથા નાશ પામે છે. વસ્ત્રનો પહેલાં તાકો હતો, હવે કોટ-ખમીશ વગેરે કપડાં સીવડાવ્યાં, ત્યાં વસ્ત્ર વસ્ત્રદ્રવ્યરૂપે તો કાયમ રહ્યું, પરંતુ તાકા-પર્યાયરૂપે નાશ પામ્યું અને કોટ-પર્યાય વગેરે રૂપે ઉત્પન્ન થયું. માણસ કારકૂન-પર્યાયરૂપે મટી અમલદાર -પર્યાય રૂપે થયો, ત્યાંય માણસ માનવ દ્રવ્યરૂપે કાયમ રહ્યો, પર્યાયરૂપે ફર્યો. વસ્તુ નવી આ ક્ષણની મટી જૂની અતીત ક્ષણરૂપે થઈ, પણ વસ્તુરૂપે તો રહી જ. આમ વસ્તુમાં પર્યાયરૂપે ઉત્પત્તિ, વિનાશ રહે છે અને દ્રવ્યરૂપે ધ્રૌવ્ય, સ્થૈર્ય રહે છે. આખા વિશ્વમાં આ સ્થિતિ છે. સદાનું કાયમ ગણાતું આકાશ પણ એકાંતે એકલું નિત્ય જ છે એવું નથી; કિન્તુ અનિત્ય પણ છે. દા. ત. ઘટાકાશ, પરબ-આકાશરૂપે અનિત્ય છે. પરબની ઝૂંપડી બનાવી ત્યારે એટલું પરબાકાશ નવું ઉત્પન્ન થયું. વળી એ તૂટી ગઈ ત્યારે એ પરબાકાશ નષ્ટ થયું આ પરબાકશ કાંઈ આકાશથી જુદી ચીજ નથી. માટે આકાશ જ તે રૂપે ઉત્પન્ન અને નષ્ટ થયું કહેવાય; જ્યારે આકાશરૂપે કાયમ છે.

## સપ્તભંગી

વસ્તુદ્રવ્યમાં અનંત પર્યાય, અનંત ધર્મ રહે છે. તેથી વસ્તુ અનંત પર્યાયાત્મક અનંત ધર્માત્મક હોય છે. એમાં તે તે ધર્મ તે તે અપેક્ષાએ હોય છે, અને બીજી અપેક્ષાએ નથી હોતા. આ અપેક્ષા પર સાત જાતના પ્રશ્ન ઊઠે છે, અને તેનું સમાધાન સાત પ્રકારે કરવામાં આવે છે. આ સાત પ્રકારને સપ્તભંગી કહે છે. અહીં પહેલાં વસ્તુનું પોતાનું દળ, સ્થાન, સમય અને ગુણધર્મ એ વિધેય સ્વરૂપ અને એથી વિપરીત નિષેધ્ય સ્વરૂપ જોઈએ. દા. ત.

ઘડો એક વસ્તુ છે. એની સાથે સ્વદ્રવ્ય( ઉપાદાન )–સ્વક્ષેત્ર–સ્વકાળ–-સ્વભાવનો સંબંધ છે, પણ તે દ્રવ્ય સાથે વિધેય રૂપે, અસ્તિત્વ રૂપે,પરસ્પર સંકળાયેલા રૂપે, અનુવૃત્તિ રૂપે, સંબદ્ધ છે. અર્થાત્ એ સ્વદ્રવ્ય માટી વગેરે ઘડામય છે. ત્યારે ઘડા સાથે પરદ્રવ્ય–પરક્ષેત્ર -પરકાળ–પરભાવનો ય સંબંધ છે. પરંતુ તે દ્રવ્ય સાથે નાસ્તિત્વરૂપે, નિષેધ્યરૂપે, જુદાઈરૂપે, વ્યાવૃત્તિરૂપે. અર્થાત્ ઘડાથી એ તદ્દન અલગ છે. કોઈ એક ઘડાનું સ્વદ્રવ્ય માટી છે, સ્વક્ષેત્ર રસોડું છે, સ્વકાળ કારતક માસ છે, સ્વભાવ લાલ, મોટો, કિંમતી વગેરે છે. એથી ઊલટું ઘડાનું પરદ્રવ્ય સૂતર છે, પરક્ષેત્ર અગાશી છે, પરકાળ માગશર માસ છે, પરભાવ કાળો નાનો, સસ્તો વગેરે છે. કેમકે ઘડો માટીમય છે, રસોડામાં છે, કારતક માસમાં મોજુદ છે, અને ઘડો એ પોતે લાલ છે, મોટો છે, વગેરે. આ બધા સ્વદ્રવ્યાદિ વિધેય થયા. ત્યારે ઘડો સુતરનો નથી જ, અગાશીમાં નથી જ, માગશર માસમાં નથી જ, કાળો–નાનો વગેરે નથી જ. આ સુતરાદિ

ઘડાના પરદ્રવ્યાદિ નિષેધ્ય થયા. હવે આ સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિ એ ઘડાના જ, વિધેય અને નિષેધ્ય, સંબંધી ધર્મ બન્યા. એવા બે જાતના સંબંધીઓની અપેક્ષાએ સાત પ્રશ્ન ખડા થાય છે.

૧. ઘડો સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ? તો કહેવાય કે 'અસ્તિ' અર્થાત્ 'સત્.'

૨. ઘડો પરદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ? તો કે 'નાસ્તિ' 'અસત્'.

૩. ઘડો ક્રમશ સ્વદ્રવ્યાદિ અને પરદ્રવ્યાદિની અપેક્ષાએ કેવો ? તો કે અસ્તિ અને નાસ્તિ' 'સદસત્.'

૪. ઘડો એકસાથે બંને અપેક્ષાએ કેવો ?='અવક્તવ્ય' અર્થાત્ ન ઓળખાવી શકાય એવો; કેમકે જો સત્ કહીએ તો તે કાંઈ બંને અપેક્ષાએ સત્ નથી. એજ રીતે અસત્ પણ નથી. તેમ સત્–અસત્ પણ ન કહી શકાય; કેમકે શું સ્વદ્રવ્ય પરદ્રવ્ય બંને અપેક્ષાએ સત્ છે ? ના. અસત્ છે ? ના, અર્થાત્ બંને સંયુક્ત અપેક્ષાએ નથી તો સત્ કે નથી અસત્; તથા એકલા સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ પણ સદસત્ નથી, કે એકલા પરદ્રવ્યાદિની અપેક્ષાએ પણ સદસત્ નથી. એટલે એક સાથે ઉભયની અપેક્ષાએ શું કહેવું, એ વિચારણીય બને છે, તાત્પર્ય અવાચ્ય છે, અવક્તવ્ય છે.

૫. ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો ? તો કહેવાય કે અસ્તિ (સત્) અને અવક્તવ્ય.

૬. ઘડો ક્રમશ પરદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો ? તો કે નાસ્તિ (અસત્) ને અવક્તવ્ય.

૭. ઘડો ક્રમશઃ સ્વદ્રવ્યાદિ, પરદ્રવ્યાદિ અને ઉભય અપેક્ષાએ કેવો? અસ્તિ નાસ્તિ (સત્ અસત્) અને અવક્તવ્ય.

સારાંશ, ઘડામાં અસ્તિત્વ, નાસ્તિત્વ (સત્ત્વ, અસત્ત્વ) બંને ધર્મ રહે છે, પણ જુદી જુદી અપેક્ષાએ રહે છે. જે કાળે સત્ છે તેજ કાળે અસત્ પણ છે, ભલે પ્રસંગવશ એકલો સત્ કહીએ તો પણ તે સમજી મૂકીને કે એ અસત્ પણ છે જ. એનો અર્થ એ, કે સત્ કહીએ છીએ તે અમુક અપેક્ષાએ. આ 'અપેક્ષાએ'નો ભાવ સૂચવવા 'સ્યાત્' પદ વપરાય છે, એટલે કહેવાય કે ઘડો સ્યાત્ સત્ છે, પરંતુ સત્ તો નિશ્ચિત છે જ. એ નિશ્ચિતતા સૂચવવા 'एव' પદ વપરાય છે. ('एव'=જ) એટલે અંતિમ પ્રતિપાદન આ કે 'ઘટઃ સ્યાત્ સત્ એવ'='ઘડો કથંચિત્ (અપેક્ષાએ) સત્ છે જ.' એમ 'ઘટઃ સ્યાત્ અસત્ એવ'='ઘડો કથંચિત્ (અપેક્ષાએ) અસત્ છે જ.' એમ બાકીનાં પ્રતિપાદન થાય. આને સપ્તભંગી કહે છે.

એવી સપ્તભંગી સત્-અસત્ની જેમ 'નિત્ય-અનિત્ય' 'મોટો-નાનો,' 'ઉપયોગી-નિરુપયોગી,' 'કિંમતી-મામુલી' વગેરેને લઈને ય થાય, ત્યાં બધે જુદી જુદી અપેક્ષાઓ કામ કરે છે. ઘડો દ્રવ્યની અપેક્ષાએ નિત્ય, ને પર્યાયની અપેક્ષાએ અનિત્ય છે જ. એમ ઘડીની અપેક્ષાએ મોટો, અને કોઠીની અપેક્ષાએ નાનો છે જ. પાણી ભરવાની અપેક્ષાએ ઉપયોગી, અને ઘી કે દૂધ ભરવાની અપેક્ષાએ નિરુપયોગી છે જ.

અપેક્ષાનો ઉલ્લેખ ન પણ કરીએ તો ય તે અધ્યાહારથી સમજવાની છે. માટે સાપેક્ષ કથન સાચું ઠરે, નિરપેક્ષ

નહિ. કહ્યું છે,–**'વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો વચન સાપેક્ષ વ્યવહાર સાચો'** જિનવચનની પરવા વિનાનો વ્યવહાર, ક્રિયા, એ અસત્ય; જિનવચનની પરવા અપેક્ષા રાખનારો વ્યવહાર, ક્રિયા એ સત્ય. જિનવચન અનેકાંતવાદી છે, માટે અનેકાંતવાદ–સાપેક્ષવાદને અનુસરતું જ કથન સાચું.

## અનુયોગ

અનુયોગ એટલે વ્યાખ્યાન, વર્ણન, નિરૂપણ. જૈન-શાસ્ત્રોમાં અનેક વિષયો પર વ્યાખ્યાન મળે છે. એને ચાર વિભાગમાં વહેંચી શકાય છે; માટે મુખ્ય ચાર પ્રકારના અનુયોગ છે.

૧. **દ્રવ્યાનુયોગ**–અર્થાત્ જેમાં જીવ, પુદ્ગલ વગેરે દ્રવ્યોનું નિરૂપણ છે. દા. ત. કર્મશાસ્ત્રો, સન્મતિતર્ક આદિ દર્શનશાસ્ત્ર, સ્થાનાંગસૂત્ર, લોકપ્રકાશ, પ્રજ્ઞાપનાસૂત્ર, તત્ત્વાર્થ-મહાશાસ્ત્ર, વિશેષાવશ્યક ભાષ્ય, વગેરે.

૨. **ગણિતાનુયોગ**–એટલે કે જેમાં ગણતરીઓ, ભાંગા, માપ; વગેરેનું વર્ણન છે. દા. ત. સૂર્યપ્રજ્ઞપ્તિ, ક્ષેત્રસમાસાદિ.

૩. **ચરણ–કરણાનુયોગ**–અર્થાત્ જેમાં ચારિત્ર અને એના આચાર વિચારનું વર્ણન છે. દા. ત. આચારાગ, નિશીથ, ધર્મબિંદુ–ધર્મસંગ્રહ, શ્રાદ્ધવિધિ, આચારપ્રદીપ, વગેરે.

૪. **ધર્મકથાનુયોગ**–એટલે કે જેમાં ધર્મપ્રેરક કથાઓ દૃષ્ટાન્તોનું વર્ણન છે. દા. ત. જ્ઞાતાધ્યયન–આગમ, સમરાદિત્ય ચરિત્ર, ત્રિષષ્ટીશલાકાપુરુષ–ચરિત્ર, વગેરે.

# પૂ. પંન્યાસશ્રી ભાનુવિજયજી ગણિવર્યનું
## મનનીય સાહિત્ય

૧. યોગદૃષ્ટિ સમુચ્ચય (પીઠિકા) ૨-૦૦
૨. ગંગા પ્રવાહ ૧-૫૦
૩. અરિહંતની ઓળખાણ ૧-૨૫
૪. હચ્ચ પ્રકાશના પંથે (દ્વીતિય આવૃત્તિ) ૪-૦૦
૫. માર્ગાનુસારી જીવન યાને ઉત્થાન ( ,, ) ૦-૬૫
૬. જૈન ધર્મનો સરળ પરિચય ભા. ૧ ( ,, ) ૧-૫૦
૭. જૈન ધર્મનો સરળ પરિચય ભા. ૨ ૨-૫૦
૮. ગુણસેન અગ્નિશર્મા (સમરાદિત્ય ભવ. ૧) ૨-૦૦
૯. સિંહ અને આનંદ ( ,, ભવ. ૨) ૨-૦૦
૧૦. પરમતેજ ભા. ૧
(લલિતવિસ્તરા વિવેચન ગુજરાતી) ૬-૦૦
૧૧. પરમતેજ ભા. ૨ ( ,, ,, ) પ્રેસમાં
૧૨. લલિત વિસ્તરા (હિન્દી વિવેચન) ૮-૦૦
૧૩. લલિત વિસ્તરા (સંસ્કૃત ટીકા, પંજિકા સાથે) ૫-૦૦
૧૪. કલ્યાણમિત્રમદનરેખા અને
અધ્યાત્મરુઢ નમિરાજર્ષિ ૧-૦૦
૧૫. વાર્તા વિહાર ૧-૦
૧૬. ધર્મારાધનાનું મુળ તત્ત્વ (ષોડશક) ૦૦-૭૫

: પ્રાપ્તિસ્થાન :

દિવ્યદર્શન કાર્યાલય
કાળુશીની પોળ,
અમદાવાદ-૧

પ્રકાશ ટી. ડીપો
કાલુપુર પોસ્ટ ઓફિસ સામે.
કાલુપુર, અમદાવાદ-૧